સાપ્તાહિક

# મુંબઈ સમાચાર

૨૦૫ વર્ષ

R.N.I. No. 1689/57

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 39 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ભાદ્રપદ વદ - ૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26

રવિવાર, ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬, (૧૮ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


ઉત્સવ પૂર્તિ ૯ થી ૧૬

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ચૂંટણી પંચ ઝૂક્યુંઃ મતદારો માટે ‘રાહત’ જાહેર કરી




નવી દિલ્હીઃ દેશભરમાં મતદારયાદી સુધારણા પ્રક્રિયા-સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન (‘સર’)ને મુદ્દે થયેલા હોબાળા અને ચૂંટણીના મુખ્ય કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની વિપક્ષોની માગણીને પગલે પંચ ઝૂક્યું હતું અને શનિવારે યોજેલી બેઠકમાં મતદારોની સમસ્યાને ધ્યાનમાં રાખીને વિવિધ ‘રાહત’ અને ‘છૂટછાટ’ જાહેર કરી હતી. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે ‘સર’ હેઠળ જે મતદારોને નોટિસ અપાઈ છે, તેઓએ અપવાદરૂપ કિસ્સા સિવાય વ્યક્તિગત સુનાવણી માટે હાજર રહેવું નહીં પડે. આ ઉપરાંત કોઈ મતદાર યાદીમાંથી બાકાત રહી ન જાય તે માટે બૂથ લેવલ ઑફિસર હવે ઘરે ઘરે જઈને સંબંધિત ફોર્મ્સ ભેગા કરશે.

નવા મતદાતાઓ અથવા જે લોકોના નામ મતદારયાદીમાં સમાવવાના રહી ગયા હોય તેઓ ઇલેક્ટરલ રજિસ્ટ્રેશન ઑફિસર પાસે આવેદન આપી શકશે. આ ઉપરાંત મતદારયાદીમાં બાકાત રહેલા ઉમેદવારો માટે ખાસ અભિયાન હાથ ધરાશે.મતદારયાદીને લગતા દાવા કે વાંધા નોંધાવવા માટે મહારાષ્ટ્રમાંની અંતિમ તારીખ ૧૨ ઑક્ટોબર અને દિલ્હીમાં ૩૦ ઑક્ટોબર કરાઈ છે. ડિસ્ટ્રિક્ટ ઇલેકશન ઑફિસર બેઘર લોકો, મજૂરો અને ગરીબ લોકો મતદરાયાદીમાંથી બાકાત રહી ન જાય તે માટે જરૂરિયાત મુજબ હેલ્પ ડેસ્ક શરૂ કરશે.

તમામ ચૂંટણી અધિકારીઓ પોતાનો વાર્ષિક અહેવાલ દર વર્ષે ૩૧ ડિસેબમ્ર સુધીમાં તૈયાર કરશે. તેઓને વિદેશયાત્રા માટે ચૂંટણી પંચની મંજૂરી લેવાનું હવે જરૂરી બનશે.

ચૂંટણી પંચે શનિવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે ‘સર’ને લગતા હુકમ ત્રણેય ચૂંટણી કમિશનરની પરવાનગીથી બહાર પડાયા હતા અને જે ફોર્મના આધારે મતદારયાદીમાં નામ ઉમેરવામાં આવે છે એમાં કરાયેલા ફેરફારને સર્વોચ્ચ અદાલતે માન્ય રાખ્યા છે.

મુખ્ય કમિશનર જ્ઞાનેશકુમાર અને બીજા બે ચૂંટણી કમિશનર સુખબીરસિંહ સંધુ અને વિવેક જોશી વચ્ચેના મતભેદોના ચાલતા વિવાદ અંગે પંચે કહ્યું હતું કે બે કમિશનરે કેબિનેટ સેક્રેટરીને લખેલા પત્રો પંચની કે આઈટી ડિવિઝનને કોઈ નીતિવિષયક બાબતને લગતા નહીં, પરંતુ ચૂંટણી પંચમાં અધિકારીની કામગીરી અંગે હતા.

બે કમિશનરના આદેશ છતાં લાગતાવળગતા

(જુઓ પાનું ૨) ▸▸

# ભારતને કબડ્ડીએ અપાવ્યા બે ગોલ્ડ મેડલ





જાપાનના તોકાઈ શહેરમાં ગોલ્ડ મેડલ જીત્યા પછી ભારતની મહિલાઓની અને પુરુષોની કબડ્ડી ટીમ. (પીટીઆઇ)

## મહિલાઓ પછી પુરુષોની કબડ્ડી ટીમે પણ ઈરાનને પછડાટ આપી ચૅમ્પિયનપદ મેળવ્યુંઃ ગોળા ફેંકમાં તૂર જીત્યો સિલ્વર

નાગોયા (જાપાન): એશિયન ગેમ્સમાં ભારતનો પર્ફોર્મન્સ આ વખતે સારો નથી, પરંતુ કબડ્ડીના ખેલાડીઓએ ઉપરાઉપરી બે ગોલ્ડ મેડલ અપાવીને દેશને મેડલ-ટેબલમાં ટૉપ-ટેનમાં લાવી દીધું હતું. ગઈ કાલ સાંજ સુધીમાં ભારત ચાર ગોલ્ડ, ૧૨ સિલ્વર, ૧૪ બ્રૉન્ઝ સહિત કુલ ૩૦ મેડલ જીતીને ૧૦મા સ્થાને હતું. ગઈ કાલે સાંજે પુરુષોની ગોળા ફેંક હરીફાઈમાં તેજિન્દરપાલ સિંહ તૂર લોખંડનો ગોળો ૨૦.૬૪ મીટર દૂર ફેંકીને બીજા સ્થાને રહ્યો હતો અને સિલ્વર મેડલ જીત્યો હતો. ઇરાનનો મોહમ્મદરેઝા તયેબીસ ભારતના ટોચના શૉટ પૂટર તૂરનો ૨૦.૭૫ મીટરનો એશિયન રેકૉર્ડ તોડીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. તયેબીસે ગઈ કાલે ગોળો ૨૦.૮૧ મીટર દૂર ફેંક્યો હતો. તૂર અગાઉની બન્ને એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

કબડ્ડીની રમતમાં ભારતના ખેલાડીઓ એશિયામાં છવાઈ ગયા છે, કારણકે ગઈ કાલે મહિલાઓ પછી પુરુષોની કબડ્ડી ટીમે પણ ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. ઇરાન સામેની રોમાંચક ફાઇનલમાં ભારતની મેન્સ

(જુઓ પાનું ૨) ▸▸

## મહારાષ્ટ્રનો ૭૪ ટકા વિસ્તાર દુષ્કાળગ્રસ્ત જાહેર

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે શનિવારે રાજ્યના ૩૫૮ તાલુકાના ૨૬૫ તાલુકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા હતા. સરકારે આ સાથે પાકની લોનના નવઘડતર, જમીનના મહેસૂલમાં છૂટ અને વીજળીના બિલમાં સબસિડી જેવા રાહતના પગલાં જાહેર કર્યા છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જિલ્લા કલેક્ટરને તત્કાળ પાકના નુકસાનની આકરણી કરવાનો આદેશ આપ્યો છે. દેવેન્દ્રે ખાતરી આપી છે કે દુકાળની પરિસ્થિતિમાં સરકારના રાહતના પ્રયાસમાં ખેડૂતો કેન્દ્રસ્થાને રહેશે.

સરકારે શુક્રવારે રાત્રે બહાર પાડેલા ગવર્નમેન્ટ રિસોલ્યુશન પ્રમાણે ૩૨ જિલ્લાના ૨૬૫ તાલુકામાં એટલે કે રાજ્યના ૭૪ ટકા વિસ્તારમાં દુકાળ જેવી પરિસ્થિતિ છે.

નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારે કહ્યું હતું કે જમીન પરની આકરણી પછી ખેડૂતોને હકીકતમાં કેટલી નાણાકીય સહાય કરવી એ નક્કી કરવામાં આવશે.

રાજ્ય સરકારે દુકાળની પરિસ્થિતિ જાહેર કરવા અને રાહતના પગલાં લેવા ડ્રોટ મેનેઝમેન્ટ કોડ ૨૦૧૬ (૨૦૨૦માં

(જુઓ પાનું ૨) ▸▸

## ચારધામ યાત્રા બે દિવસ માટે સ્થગિત

દેહરાદૂનઃ ઉત્તરાખંડના મોટાભાગના જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહીને પગલે ચારધામ યાત્રા બે દિવસ માટે સ્થગિત કરવામાં આવી છે. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

આ સંદર્ભે ગઢવાલના કમિશ્નર આનંદ સ્વરૂપે તમામ જિલ્લા મેજિસ્ટ્રેટને યોગ્ય પગલાં લેવા નિર્દેશ આપ્યો છે. કમિશ્નરે જણાવ્યું કે હવામાન વિભાગની આગાહી મુજબ વરસાદના રેડ એલર્ટને કારણે દેશ અને વિદેશથી આવતા શ્રદ્ધાળુઓની સલામતીને ધ્યાનમાં રાખીને ચારધામ યાત્રાને શનિવાર બપોરથી રવિવાર સુધી સ્થગિત કરવામાં આવી છે.

કમિશ્નરે તમામ જિલ્લા મેજિસ્ટ્રેટ્સને

(જુઓ પાનું ૨) ▸▸

## વૈષ્ણોદેવીમાં નવરાત્રિ માટે સુરક્ષા-વ્યવસ્થાની તૈયારીઓને આખરી ઓપ

જમ્મુઃ માતા વૈષ્ણોદેવી મંદિરના બેઝ કેમ્પ કટરામાં આગામી નવરાત્રિ ઉત્સવ માટે વહીવટીતંત્ર દ્વારા સુરક્ષા અને અન્ય વ્યવસ્થાઓની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. નવ દિવસનો આ ઉત્સવ ૧૧ થી ૧૯ ઓક્ટોબર સુધી યોજાશે. આ દરમિયાન દેશભરમાંથી મોટી સંખ્યામાં ભક્તો અહીં આવી પહોંચે તેવી સંભાવના છે.

શુક્રવારે જમ્મુના ડિવિઝનલ કમિશ્નર રમેશ કુમારની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં તહેવારની તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી

(જુઓ પાનું ૨) ▸▸

## ટ્રમ્પે ઈરાનનો યુદ્ધવિરામનો પ્રસ્તાવ ફગાવ્યો

યુનોઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઈરાન દ્વારા મૂકવામાં આવેલો સાત દિવસનો યુદ્ધવિરામ અને શાંતિનો પ્રસ્તાવ ફગાવી દીધો છે.

અમેરિકાના એક અખબારી અહેવાલ અનુસાર, ટ્રમ્પે તેમના સહાયકોને સંકેત આપ્યા છે કે નવેમ્બરમાં યોજાનારી અમેરિકી મધ્યવર્તી ચૂંટણીઓ બાદ તેઓ ઈરાન પર ફરીથી બૉમ્બમારો અને સૈન્ય કાર્યવાહી શરૂ કરી શકે છે.

સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દરમિયાન ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ કતારના મધ્યસ્થી મારફતે અમેરિકા સમક્ષ

(જુઓ પાનું ૨) ▸▸

## ભારત ૧૦ ટકાથી વધુ આર્થિક વૃદ્ધિ હાંસલ કરી શકે છેઃ સીતારમણ

બેંગલુરુઃ કેન્દ્રીય નાણા પ્રધાન નિર્મલા સીતારમણે શનિવારે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારત ૧૦ ટકાથી વધુ આર્થિક વૃદ્ધિ હાંસલ કરી શકે છે.

તેમણે વિવિધ ક્ષેત્રોમાં ટેક્નોલોજી અને ઇનોવેશનને વધુ પ્રમાણમાં અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

અહીં આઈઆઈટી મદ્રાસ એલ્યુમનાઈ એસોસિએશન દ્વારા આયોજિત એક અનૌપચારિક સંવાદ દરમિયાન બોલતા તેમણે કહ્યું કે, ઉચ્ચ આર્થિક વૃદ્ધિ ભારતની ‘આત્મનિર્ભર ભારત’ અને ‘વિકસિત ભારત’ તરફની યાત્રાને વેગ આપવામાં મદદ કરશે, પરંતુ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ માટે તમામ પક્ષો તરફથી ‘ઘણા વધુ પ્રયાસો’ની જરૂર પડશે.

સીતારમણે કહ્યું હતું કે, ‘૧૦ ટકાથી વધુ વૃદ્ધિ સુધી પહોંચવું શક્ય છે, અને હું આ માત્ર તમારો ઉત્સાહ વધારવા માટે નથી કહી રહી. તે ખરેખર શક્ય છે.’

તેમણે ૨૦૧૫થી સ્ટાર્ટઅપ્સમાં થયેલી વૃદ્ધિનો ઉલ્લેખ કરતા કહ્યું કે તેઓ આગામી વર્ષોમાં અર્થતંત્રમાં નોંધપાત્ર યોગદાન આપી

(જુઓ પાનું ૨) ▸▸

## કોંગોમાં વિમાન તૂટી પડ્યુંઃ લશ્કરી અધિકારીઓ સહિત ૧૭નાં મોત

કિન્શાસાઃ આફ્રિકન દેશ ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં શુક્રવારે એક નાનું વિમાન તૂટી પડ્યું હતું, જેમાં લશ્કરી અધિકારીઓ સહિત ૧૭નાં મોત થયાં હોવાનું જાણવા મળ્યું હતું.

કોંગોના લશ્કરી પ્રવક્તા મેજર જનરલ એફોમી અકેંગેએ જણાવ્યું હતું કે વિમાન દુર્ઘટનામાં મૃતકોમાં લેફ્ટનન્ટ જનરલ મુટોમ્બો કટાલાઈ ટિએન્ડે અને લેફ્ટનન્ટ જનરલ બાકુમી લિકુલિયાનો સમાવેશ થાય છે. ટિએન્ડે લશ્કરી અદાલતના વડા હતા, જ્યારે લિકુલિયા સશસ્ત્ર દળોના ઓડિટર જનરલ હતા.

લશ્કરી પ્રતિનિધિમંડળના અન્ય ઘણા સભ્યો અને વિમાનના ક્રૂ પણ માર્યા ગયા હતા. કોંગો સેનાના જણાવ્યા અનુસાર, વિમાનમાં સવાર તમામ લોકોનાં મોત થયાં છે.

આ અકસ્માત રાજધાની કિન્શાસાથી લગભગ દક્ષિણ પશ્ચિમમાં આવેલા કેંગે શહેરમાં થયો હતો.વિમાન પડોશી ક્વિલુ પ્રાંતના કિક્વિટથી કિન્શાસા પરત ફરી રહ્યું હતું. સૂત્રો અનુસાર, ઉડાન દરમિયાન વિમાનમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી. ત્યારબાદ વિમાને કેંગે ઉપર ઘણી વખત ચક્કર લગાવ્યું અને સુરક્ષિત ઉતરાણ કરવાનો પ્રયાસ કર્યો

(જુઓ પાનું ૨) ▸▸

## રશિયા અને યુક્રેન યુદ્ધઃ વધુ આઠનાં મોત

કિવઃ મોસ્કો અને કિવ વચ્ચે હવાઇ યુદ્ધ વધુ તીવ્ર બની રહ્યું છે ત્યારે શનિવારે રશિયાના હુમલામાં સમગ્ર યુક્રેનમાં ચાર અને યુક્રેનના હુમલામાં રશિયાના ચાર જણનાં મોત થયા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

મોસ્કો દ્વારા યુક્રેન પર સંપૂર્ણ પાયે આક્રમણ શરૂ કર્યાના લગભગ સાડા ચાર વર્ષ બાદ, મોરચા પર પ્રગતિ ધીમી પડી હોવા છતાં, રશિયા ક્રૂઝ અને બેલિસ્ટિક મિસાઇલો, શક્તિશાળી ગ્લાઇડ બોમ્બ અને જેટ-સંચાલિત ડ્રોન વડે યુક્રેન પર સતત હુમલા કરી રહ્યું છે. દરમિયાન, યુક્રેનના લાંબા અંતરના ડ્રોન દ્વારા રશિયાની તેલ રિફાઇનરીઓ અને વ્યાપારી સંસ્થાઓને નિશાન બનાવવામાં આવી છે.

સ્થાનિક અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું કે દક્ષિણ કાસ્નોદર પ્રદેશમાં યુક્રેનિયન ડ્રોન હુમલામાં ત્રણ લોકોનાં મોત થયાં હતાં અને બે લોકો ઘાયલ થયા હતા.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કીએ શનિવારે

(જુઓ પાનું ૨) ▸▸



## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૭-૯-૨૦૨૬ થી તા. ૩-૧૦-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ સમગ્ર સપ્તાહમાં કન્યા રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ કર્ક રાશિમાં મધ્યમ ગતિએ માર્ગી ભ્રમણ કરે છે. માર્ગી બુધ તુલા રાશિમાં મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે. માર્ગી ગુરુ કર્ક રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી શુક્ર તુલા રાશિમાં મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે. તા. ૩જીએ શુક્ર વક્રી થાય છે. મીન રાશિમાં શનિ વક્રી ગતિએ ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે મીન રાશિમાં, તા. ૨૮મીએ મેષ રાશિમાં, તા. ૩૦મીએ વૃષભ રાશિમાં, તા. ૨જીએ મિથુન રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં આ સપ્તાહમાં વધુ પડતા જોખમ ટાળવા જરૂરી છે. નોકરી માટે તા. ૨૯, ૩૦, ૧ શુભ જણાય છે. સપ્તાહમાં ભાગીદાર ઉપયોગી થશે. અકારણ નાણાં ખર્ચ ઉપર સાવધાની દાખવવી જરૂરી છે. મિલકતના નિર્ણયો લઈ શકશો. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે. આ સપ્તાહમાં નવા કામકાજનો પ્રારંભ કરી શકશો. વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસમાં સફળતા મેળવશે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ શક્ય જણાય છે. તા. ૨૮, ૧, ૨ નોકરી માટે શુભ જણાય છે. નોકરીના સ્થળની બદલી પણ શક્ય જણાય છે. વેપારના મિત્રો સાથેનો નાણાં વ્યવહાર પૂર્ણ થશે. આ સપ્તાહમાં નવા કામકાજનો પ્રારંભ થઈ શકશે. મિલકતોના નિર્ણયો પણ સફળ બની રહેશે. મહિલાઓનો પરિવારજનો સાથેનો વિખવાજ દૂર થશે. સંતાનની જવાબદારીમાં રાહત જણાશે. વિદ્યાર્થીઓ સાહસિકતાથી અભ્યાસનો નિર્ણય લઈ શકશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા પ્રકારના કામકાજ લાભદાયી પુરવાર થશે. નોકરી માટે તા. ૨૮, ૨૯ શુભ જણાય છે. વ્યવસાયના મિત્રો સાથેનો નાણાં વ્યવહાર સરળ બની રહેશે. પ્રવાસ દ્વારા ધાર્યા મુજબના કારોબારના કામકાજ સંપન્ન થશે. ભાઈ-બહેનો સાથેના સંબંધોમાં કડવાશ દૂર થશે. પ્રવાસ દ્વારા પરિવારના કામકાજ મહિલાઓને પૂર્ણ કરવામાં સફળતા જણાશે. વડીલોનો સહયોગ મેળવશો. તીર્થયાત્રા સફળ જણાશે. વિદ્યાર્થીઓને અધ્યયનમાં સફળતાનો અનુભવ થાય.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ તથા દૈનિક સાપ્તાહિક વેપાર સફળતા દર્શાવે છે. પ્રવાસ માટે આ સપ્તાહ શુભ જણાય છે. નોકરીમાં સકારાત્મક નિર્ણયો લઈ શકશો. વેપાર વધશે. ખર્ચના સાધનો છતાંય આવક જળવાઈ રહેશે. વ્યવસાય અને અન્ય પ્રવૃત્તિઓમાં સફળતા અને પ્રતિષ્ઠા મેળવશો. મિલકતનો નિર્ણય, કીંમતી ચીજોની ખરીદીનો નિર્ણય મહિલાઓ લઈ શકશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનું જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત થાય.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર તથા વાયદાનો વેપાર પણ સફળ જણાશે. નોકરીમાં તા. ૧, ૨, ૩ શુભ ફળદાયી જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં સંપ જળવાઈ રહેશે. વ્યાપારનો વિકાસ થશે. પરિવારના સ્વજનો નિજી પ્રવૃત્તિમાં પણ ઉપયોગી થશે. મહિલાઓને વડીલોનો સહયોગ પ્રસંગોપાત પ્રાપ્ત થાય તથા સ્વાસ્થ્ય જળવાશે. વિદ્યાર્થીઓને નવા અભ્યાસ માટે સફળ તકો પ્રાપ્ત થતી જણાશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના કામકાજમાં પ્રગતિ અને લાભ જણાશે. તા. ૨૮, ૨, ૩ નોકરીના કામકાજ માટે શુભ જણાય છે. નોકરીમાં છુપા હરીફોની ઓળખ થશે. કિંમતી ચીજો, રત્નો, ધાતુ આદિના વેપારમાં પ્રગતિ જણાય છે. નાણાંની આવક જળવાઈ રહેશે. નોકરીમાં વાક્ચાતુર્યતા વ્યવહારુતાથી પ્રશ્નનો ઉકેલ લાવી શકશો. પ્રવાસમાં મહિલાઓને પરિવારજનોનું પ્રોત્સાહન માર્ગદર્શન પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અભ્યાસમાં નિયમિતતા દાખવી શકશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા પ્રકારના કામકાજ અપનાવી શકશો. નોકરી માટે તા. ૨૯, ૩૦, ૨ શુભ જણાય છે. નોકરીના કાર્યો મંદ ગતિએ છતાંય પૂર્ણ કરી શકશો. વેપારમાં પ્રગતિ જાળવી શકશો. મિલકતના નિર્ણયો લઈ શકશો તથા કાર્યક્ષેત્રે જરૂરી સાધન-સગવડતાઓ મેળવી શકશો. વેપાર લાભદાયી પુરવાર થશે. મહિલાઓને કાર્યક્ષેત્રે જરૂરી સાધનો પ્રાપ્ત થતાં જણાશે. પતિનો સહયોગ મેળવશો. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં ઉચ્ચ અભ્યાસમાં સફળતા મેળવશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણની તક મેળવશો. તા. ૨૭, ૨૯, ૩૦ નોકરી માટે શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરોનું માર્ગદર્શન પણ મેળવશો. જૂનાં અધૂરા કાર્યો પૂર્ણ કરી શકશો. વેપારની નાણાં આવકની વૃદ્ધિ થશે. પ્રવાસમાં જરૂરી માર્ગદર્શન, અનુકૂળતાઓ મેળવશો. નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને આ સપ્તાહમાં પ્રાસંગિક જવાબદારીમાં પરિવારના સભ્યોનું માર્ગદર્શન પ્રાપ્ત થતું જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં સાહસિકતાથી નવા કામકાજની પદ્ધતિ અપનાવશો. નોકરી માટે તા. ૨૯, ૧, ૨ શુભ જણાય છે. નોકરીના મિત્રોથી લાભ મેળવશો. હસ્તગત કામકાજમાં સફળતા મેળવશો. નાણાંની ઉઘરાણીમાં સફળતા મેળવશો. મહિલાઓનો સહપરિવાર પ્રવાસ સફળ જણાય છે. આરોગ્ય જળવાશે. વિદ્યાર્થીઓ અભ્યાસમાં નિયમિતતા દાખવી શકશે તથા વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ પણ સફળ બની રહેશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ જણાશે. નોકરીમાં તા. ૨૮, ૨૯, ૧, ૨ શુભ જણાય છે. નોકરીના મિત્રોથી અધૂરા કાર્યો પૂર્ણ કરવામાં સફળતા મેળવશો. નોકરીની પ્રગતિ જળવાઈ રહેશે. કાર્યક્ષેત્રે ભાગીદાર ઉપયોગી થશે. સ્વાસ્થ્ય જાળવણીના પ્રયત્નમાં સફળ રહેશો. મહિલાઓ આ સપ્તાહમાં પરિવારના પ્રસંગો પૂર્ણ કરવામાં સફળતા અનુભવશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અધ્યયન માટે શિક્ષકનું પ્રોત્સાહન માર્ગદર્શન પ્રાપ્ત થશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. નવું રોકાણ પણ જણાય છે. તા. ૨૯, ૩૦, ૨ નોકરી માટે શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરો અને ઉપરી અધિકારીની પ્રશંસા, સહયોગ પ્રાપ્ત કરશો. આત્મવિશ્વાસ દૃઢ બનશે. વ્યક્તિગત મહત્તા, પ્રસંશા પ્રાપ્ત કરશો. નાણાંની સગવડતા જળવાઈ રહેશે. મહિલાઓને કાર્યક્ષેત્રે સકારાત્મક નિર્ણયો લેવા માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના નિર્ણયો એકંદરે શુભ પુરવાર થશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપારમાં સફળતા જણાશે. જન્મકુંડળીના વાયદાના વેપારમાં શુભ યોગોને પ્રોત્સાહક ગોચર ગ્રહોનું ફળ જણાય છે. નોકરી માટે તા. ૨૯,૧,૨ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરોથી હસ્તગત કામકાજ પૂર્ણ કરી શકશો. મિત્રો કાર્યક્ષેત્રે પણ પ્રોત્સાહક બની રહેશે. કારોબારનો નાણાં વ્યવહાર પૂર્ણ થશે. મહિલાઓને કાર્યક્ષેત્રે સફળતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે માર્ગદર્શન, પ્રોત્સાહન પ્રાપ્ત થતું જણાશે.

## આજનું પંચાંગ

### દક્ષિણાયન - સૌર શરદઋતુ, રવિવાર, તા. ૨૭-૯-૨૦૨૬, પ્રતિપદા શ્રાદ્ધ

ભારતીય દિનાંક ૫, માહે આશ્વિન, શકે ૧૯૪૮

વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ વદ-૧

જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ વદ-૧

પારસી શહેનશાહી રોજ ૧૪મો ગોશ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬

પારસી કદમી રોજ ૧૪મો ગોશ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬

પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫

મુસ્લિમ રોજ ૧૫મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮

મીસરી રોજ ૧૬મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮

નક્ષત્ર ઉત્તરા ભાદ્રપદા સવારે ક. ૧૧-૦૭ સુધી, પછી રેવતી

ચંદ્ર મીનમાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૧, સ્ટા.ટા.,

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ્ટ

ભરતી : બપોરે ક. ૧૨-૦૪, મધ્યરાત્રિ પછી ક. ૦૦-૩૬ (તા. ૨૮) ઓટઃ સાંજે ક. ૧૮-૧૧

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ - પ્રતિપદા. પ્રતિપદા શ્રાદ્ધ, મહાલય આરંભ, સૂર્ય મહાનક્ષત્ર હસ્તમાં બપોરે ક. ૧૩-૨૧. (સંયોગિયું છે.) વાહન ઉંદર, પંચક સમાપ્તિ સવારે ક. ૧૦-૧૫, ઈષ્ટિ.

મુહૂર્ત વિશેષઃ શ્રાદ્ધ પક્ષ હોય આગામી ૧૦ ઓક્ટો. સુધી માંગલિક, સાંસારિક કાર્યો, મુહૂર્ત કાર્યો વર્જ્ય છે. ભગવાન સૂર્યનારાયણનું પૂજન, ગાયત્રી હવન, જાપ, બગીચાના,ખેતીવાડીના નિત્ય થતાં કામકાજ, શ્રાદ્ધ કર્મ નિમિત્તે નવા શ્રાદ્ધ કર્મનાં વસ્રો પહેરી શકાય. નિત્ય થતાં ખેતીવાડીના કામકાજ, અહિર્બુધન્ય દેવતાનું પૂજન, પૂષાદેવતાનું પૂજન, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, ઔષધિ કાર્યો, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.

શ્રાદ્ધ મહિમાઃ ભારતીય સનાતન પરંપરામાં શ્રાદ્ધ પક્ષમાં પૂર્વજો પ્રત્યે શ્રદ્ધા, કૃતઘ્નતા અને તર્પણ અર્પણ કરવાનું વિશેષ મહત્ત્વ છે. પિતૃપક્ષમાં જે તિથિએ પૂર્વજ સ્વજનનું અવસાન થયું હોય તે તિથિએ તેમનું શ્રાદ્ધ કરવામાં આવે છે. શ્રાદ્ધ પર્વ એ નૈમિતિક છે. ફરજિયાત છે. આજે એકમનું શ્રાદ્ધ કરવું. 'શ્રાદ્ધનો સમય બપોરે મધ્યાહન સમય ગણવામાં આવે છે. સવાર અને સાંજનો સમય દેવતાઓના સમય કહેવાય છે. મધ્યાહનનો સમય પિતૃઓનો ગણવામાં આવે છે. આથી શ્રાદ્ધનો સમય ૧૧ વાગ્યા પછી ગણવામાં આવે છે. શ્રાદ્ધપક્ષમાં પિતૃતિથિમાં વૃક્ષારોપણ પછી ગૌદાન, જરૂરતમંદોને દાન, અનાથાલય, વૃદ્ધાશ્રમોમાં દાન આપવું, વિદ્યાર્થીઓને મદદ કરવી. જેમ દેવતાઓના પર્વ ઉત્સવોની ઉજવણી શ્રદ્ધાપૂર્વક કરવામાં આવે છે તેમ પિતૃશ્રાદ્ધ પર્વના નિયમ પાલન અનુસરવા.

આચમનઃ ચંદ્ર-શનિ યુતિ આત્મવિશ્વાસ કેળવવો જરૂરી, ચંદ્ર-ગુરુ ત્રિકોણ મુસાફરીનો શોખ.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ યુતિ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ. સૂર્ય હસ્ત પ્રવેશ

ગ્રહગોચરઃ સૂર્ય- કન્યા, મંગળ-કર્ક માર્ગી બુધ-કન્યા માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૭-૯-૨૦૨૬ થી તા. ૩-૧૦-૨૦૨૬

રવિવાર, ભાદ્રપદ વદ-૧, વિ. સં. ૨૦૮૨, તા. ૨૭મી, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર ઉત્તરા ભાદ્રપદા સવારે ક. ૧૧-૦૭ સુધી, પછી રેવતી. ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. પ્રતિપદા શ્રાદ્ધ, મહાલય આરંભ, સૂર્ય હસ્તમાં બપોરે ક. ૧૩-૨૧, (સંયોગિયું છે.) વાહન ઉંદર, પંચક સમાપ્તિ સવારે ક. ૧૦-૧૫, ઈષ્ટિ.

સોમવાર, ભાદ્રપદ વદ-૨, તા. ૨૮મી, નક્ષત્ર રેવતી સવારે ક. ૧૦-૧૫ સુધી, પછી અશ્વિની. ચંદ્ર મીનમાં સવારે ક. ૧૦-૧૫ સુધી, પછી મેષ રાશિ પર જન્માક્ષર. દ્વિતિયા શ્રાદ્ધ, ગજ ગૌરી વ્રત.

મંગળવાર, ભાદ્રપદ વદ-૩, તા. ૨૯મી, નક્ષત્ર અશ્વિની સવારે ક. ૦૯-૦૩ સુધી, પછી ભરણી. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. તૃતીયા શ્રાદ્ધ, ભરણી શ્રાદ્ધ, સંકષ્ટી અંગારકી ચતુર્થી ચંદ્રોદય રાત્રે ક. ૨૦-૧૩, ભદ્રા સવારે ક. ૦૬-૧૩ થી ૧૭-૧૦.

બુધવાર, ભાદ્રપદ વદ-૪, તા. ૩૦મી નક્ષત્ર ભરણી સવારે ક. ૦૭-૩૬ સુધી, પછી કૃત્તિકા મધ્યરાત્રિ પછી ક. ૩૦-૦૨ સુધી, પછી રોહિણી. ચંદ્ર મેષમાં બપોરે ક. ૧૩-૧૩ સુધી, પછી વૃષભ રાશિ પર જન્માક્ષર. ચતુર્થી શ્રાદ્ધ, પંચમી શ્રાદ્ધ, કૃત્તિકા શ્રાદ્ધ.

ગુરુવાર, ભાદ્રપદ વદ-૫, તા. ૧લી ઑક્ટોબર, ૨૦૨૬, નક્ષત્ર રોહિણી મધ્યરાત્રિ પછી ક. ૨૮-૨૬ સુધી (તા. ૨), પછી મૃગશીર્ષ. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. ષષ્ઠી શ્રાદ્ધ.

શુક્રવાર, ભાદ્રપદ વદ-૬, તા. ૨જી, નક્ષત્ર મૃગશીર્ષ મધ્ધ્રાત્રિ પછી ક. ૨૬-૫૪ સુધી (તા. ૩), પછી આર્દ્રા. ચંદ્ર વૃષભમાં બપોરે ક. ૧૫-૩૯ સુધી, પછી મિથુન રાશિ પર જન્માક્ષર. સપ્તમી શ્રાદ્ધ, મહાત્મા ગાંધી જન્મદિન, ભદ્રા ક. ૧૦.૧૫ થી રાત્રે ક. ૨૧-૦૬

શનિવાર, ભાદ્રપદ વદ-૭, તા. ૩જી, નક્ષત્ર આર્દ્રા મધ્યરાત્રે પછી ક. ૨૫-૨૯ સુધી (તા. ૪), પછી પુનર્વસુ. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. અષ્ટમી શ્રાદ્ધ, કાલાષ્ટમી, અષ્ટમી ક્ષય તિથિ છે. મહાલક્ષ્મી વ્રત સમાપ્ત.

# મધ્ય પ્રદેશમાં ગણેશ પંડાલમાં વીજળીનો તાર પડતાં ચારનાં મોત, ત્રણ ઘાયલ

મંડલા (મધ્ય પ્રદેશ)ઃ મધ્ય પ્રદેશના મંડલા જિલ્લામાં શનિવારે વહેલી સવારે ગણેશ પંડાલની અંદર સૂતેલા યુવકો પર વીજળીનો જીવંત તાર તૂટીને પડતાં ચાર લોકોના વીજ કરંટ લાગવાથી મોત થયા હતાં અને અન્ય ત્રણ લોકો ઘાયલ થયા હતા, તેમ પોલીસે જણાવ્યું હતું.

આ ઘટના જિલ્લા મુખ્યાલયથી લગભગ ૫૦ કિમી દૂર આવેલા નૈનપુરના હીરાપુર ગામમાં બની હતી, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

આયોજક સમિતિના સભ્યો ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરીને પરત ફર્યા હતા અને ત્યારબાદ આઠ યુવક પંડાલમાં સૂઈ ગયા હતા, એમ નૈનપુર સ્ટેશન હાઉસ ઓફિસર માનશારામ વાગેએ જણાવ્યું હતું.

પ્રાથમિક તપાસમાં જણાયું હતું કે શોર્ટ સર્કિટને કારણે તાર તૂટીને પીડિતો પર પડ્યો હતો અને સવારે લગભગ પાંચ વાગ્યે વીજ પુરવઠો ફરી શરૂ થતાં તેમને વીજ કરંટ લાગ્યો હતો.

''ચાર જણના મોત થયા હતા જ્યારે અન્ય લોકો ભાગવામાં સફળ રહ્યા હતા. તેઓ બધા જમીન પર સૂતા હતા, જેના કારણે સ્થિતિ વધુ ગંભીર બની હતી કારણ કે તેનાથી શરીર દ્વારા વીજ પ્રવાહ પસાર થવા માટે સીધો અને ઓછા અવરોધવાળો માર્ગ બની ગયો હતો,'' એમ વાગેએ કહ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે હવામાનને કારણે ત્યાં ભેજ પણ હતો.

મૃતકોની ઓળખ જૈનુ ભાનવરે (૧૯), રવિ ઝરિયા (૨૪), કૃષ્ણ કુમાર ભાનવરે (૧૮) અને વીરેન્દ્ર ભાનવરે (૨૪) તરીકે કરવામાં આવી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે ઘાયલોની હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

# નાગાલેન્ડમાં લઠ્ઠો પીવાથી ૧૯ મોત

મોકોકચુંગઃ નાગાલેન્ડમાં ઝેરી દારૂ પીવાથી ૧૯ લોકોનાં મોત નીપજ્યાં હોવાના અહેવાલ છે. અત્રે નોંધનીય છે કે રાજ્યમાં ૧૯૯૦થી દારૂબંધી લાગૂ હોવાથી પોલીસે ભેળસેળયુક્ત દારૂની સપ્લાય ચેઇનની ભાળ મેળવવા માટે એક ટીમનું ગઠન કર્યું છે.

પોલીસના જણાવ્યા મુજબ ઝેરી દારૂ પીવાથી છેલ્લા બે દિવસમાં મોકોકચુંગ જિલ્લામાં આઠ અને તુએનસાંગ જિલ્લામાં ૧૧ લોકોનાં મોત નીપજ્યાં છે.

વરિષ્ઠ પોલીસ અધિક્ષક(એસએસપી) વેસુપ્રા કેઝોએ જણાવ્યું કે મૃત્યુની તપાસ કરવા અને ઝેરી દારૂના સ્ત્રોત અને સપ્લાય ચેઇનની ભાળ મેળવવા માટે અધિક પોલીસ અધિક્ષક(એએસપી) આઇ. બુંગલાંગ ચાંગના વડપણ હેઠળ એક વિશેષ તપાસ ટીમ (સીટ)ની રચના કરવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે મૃત્યુનું કારણ જાણવા માટે ફોરેન્સિક તપાસ માટે સેમ્પલ ગુવાહાટી મોકલવામાં આવ્યા છે. મૃત્યુ બાદ પોલીસે અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા અને ૧૯ લોકોની ધરપકડ કરી હતી. તેમજ દારૂની લગભગ ૩૦૦૦ બોટલો જપ્ત કરી હતી.

## પહેલા પાનાનું ચાલુ

### મહિલાઓ પછી

ટીમે ૪૦-૩૪થી જીત હાંસલ કરીને આ રમતોત્સવમાં ચૅમ્પિયનપદ જાળવી રાખ્યું હતું. ભારતે મેન્સ કબડ્ડીમાં કુલ નવ સુવર્ણ ચંદ્રક જીત્યા છે. ભારતે એ સાથે કબડ્ડીમાં 'ગોલ્ડન ડબલ' હાંસલ કરીને આ રમતમાં વર્ચસ્વ સાબિત કર્યું હતું. શનિવારે બપોરે મહિલાઓની ભારતીય કબડ્ડી ટીમે ઇરાનને ૩૭-૩૪થી પરાજિત કરી હતી. પુરુષોની કબડ્ડી મૅચ ખૂબ જ રોચક હતી. એક તબક્કે બન્ને ટીમ ૨૦-૨૦ની બરાબરીમાં હતી, પરંતુ ભારતે પકડ જમાવી લીધી હતી અને ધીમે-ધીમે સ્કોરનો તફાવત વધારીને છેવટે મુકાબલો ૪૦-૩૪થી જીતી લીધો હતો.

૨૦૧૮માં જકાર્તા એશિયન ગેમ્સમાં ઇરાને ચૅમ્પિયનપદ મેળવ્યું એ પહેલાં ભારતના કબડ્ડી ખેલાડીઓ લાગલગાટ સાત વખત ગોલ્ડ મેડલ જીત્યા હતા. જોકે ૨૦૨૨ની હાન્ગઝોઉ એશિયાડમાં ભારતે ફરી ટાઇટલ મેળવ્યું અને આ વખતે એ જાળવી રાખ્યું છે. ૨૦૧૮માં ભારતની મહિલા ટીમ પણ ઇરાન સામે ફાઇનલ હારી ગઈ હતી, પરંતુ આ વખતે ઇરાનને જ પરાજિત કરીને વિક્રમજનક ચોથો ગોલ્ડ મેડલ જીતી લીધો છે.

ગઈ કાલે ભારતીયો કબડ્ડીના બે ગોલ્ડ અને તૂરના એક સિલ્વર સહિત કુલ સાત ચંદ્રક જીત્યા હતા. તૂર કેટલીક ઈજામાંથી બહાર આવ્યો હોવાથી અને જાપાનમાં ભેજવાળા હવામાનને કારણે પૂરતી પ્રૅક્ટિસ નહોતો કરી શક્યો.

૪૨.૧૯૫ કિલોમીટરની મૅરથનમાં સાવન બારવાલ બે કલાક, ૧૧ મિનિટ, ૩૭ સેકન્ડના ટાઇમિંગ સાથે બીજા નંબર પર આવીને સિલ્વર મેડલ જીત્યો હતો. તેનો આ નૅશનલ રેકૉર્ડ છે અને ભારત માટે આ ઐતિહાસિક મેડલ છે, કારણકે ૪૪ વર્ષે ભારતને મૅરથનમાં આ ચંદ્રક (અને એ પણ સિલ્વર) મળ્યો છે. ૧૯૮૨માં દિલ્હીના એશિયાડમાં હોસુર કુક્કપ્પા બ્રૉન્ઝ જીત્યા હતા.

સ્ક્વૉશમાં જોશના ચિનપ્પા અને વેલાવન સેન્થિલકુમારની જોડી મિક્સ્ડ-ડબલ્સની સેમિ ફાઇનલ હૉન્ગ કૉન્ગની હરીફ જોડી સામે હારી જતાં માત્ર બ્રૉન્ઝ જીતી શકી હતી. સ્ક્વૉશમાં જ અનાહત સિંહ તથા અભય સિંહે તેમની ફાઇનલમાં પહોંચીને ભારત માટે ઓછામાં ઓછા બે સિલ્વર મેડલ પાક્કા કર્યા હતા. મહિલાઓની ૪૦૦ મીટર દોડમાં પ્રાચી ચૌધરી ૫૩.૨૧ સેકન્ડના ટાઇમિંગ સાથે ત્રીજા નંબરે રહીને બ્રૉન્ઝ જીતી હતી. શૂટિંગમાં મહિલાઓ માટેની ૫૦ મીટર રાઇફલ થ્રી-પી સ્પર્ધામાં ભારતની આશી ચોક્સી, તિલોત્તમા સેન અને વિદર્સા વિનોદની ટીમે સિલ્વર મેડલ જીતી લીધો હતો. ભારતને હજી ઍથ્લેટિક્સમાં તેમ જ હૉકી, બૅડમિન્ટન અને બૉક્સિંગમાં ચંદ્રકો મળી શકશે.

**શૂટિંગમાં ઐતિહાસિક ગોલ્ડ મેળવ્યો વિક્રમ સાથે!:** એશિયન ગેમ્સમાં શુક્રવારે ભારતને બીજો ગોલ્ડ મેડલ નિશાનબાજો કમલજીત સિંહ અને સુરુચિ ઇન્દર સિંહની જોડીએ અપાવ્યો હતો. વધુ નવાઈની વાત એ છે કે એશિયન ગેમ્સના ઈતિહાસમાં ભારતે પહેલી જ વખત ૧૦ મીટર ઍર પિસ્તોલ મિક્સ્ડ ટીમ ઇવેન્ટમાં સુવર્ણચંદ્રક જીતી લીધો છે અને એ પણ વિક્રમજનક સ્કોર સાથે! કમલજીત અને સુરુચિની જોડીએ ૧૦ મીટર ઍર પિસ્તોલ મિક્સ્ડ ટીમ ઇવેન્ટની ફાઇનલમાં ૪૮૪.૬ના હાઈએસ્ટ સ્કોર સાથે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. એશિયન ગેમ્સની આ પ્રકારની શૂટિંગ ઇવેન્ટમાં ભારતીય જોડીનો આ સ્કોર નવો એશિયન વિક્રમ છે. સાઉથ કોરિયાની જોડીએ ૪૭૮.૦૦ના સ્કોર સાથે રજતચંદ્રક અને ઈરાનની જોડીએ ૪૧૫.૦૮ના સ્કોર સાથે કાંસ્યચંદ્રક મેળવ્યો હતો. શુક્રવારે ૫૦ મીટર ૩-પી રાઈફલ શૂટિંગ ટીમ ઇવેન્ટમાં ભારતે સિલ્વર મેડલ જીતી લીધો હતો. ભારતને આ ગૌરવ અપાવનાર શૂટર્સમાં ઐશ્વરી પ્રતાપસિંહ તોમર, નીરજ કુમાર અને રુદ્રાંક્ષ પાટીલનો સમાવેશ હતો.

**ભારત હૉકીની સેમિમાંઃ અન્ય મુકાબલા વિશે પણ જાણો...:** મેન્સ હૉકીમાં ભારતે જાપાનને ૨-૦થી હરાવીને સેમિ ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. અભિષેકે ૧૫મી મિનિટમાં અને કૅપ્ટન હરમનપ્રીત સિંહે ૪૦મી મિનિટમાં ગોલ કર્યો હતો. બૅડમિન્ટનમાં પી. વી. સિંધુએ તાઇપેઇની ચિઉ પિન-ચિઆન સામે બીજા રાઉન્ડની મૅચ ૨૧-૧૯, ૨૧-૧૪થી જીતી ગઈ હતી. જોકે લક્ષ્ય સેનનો પરાજય થયો હતો, પરંતુ આયુષ શેટ્ટી અને ઉન્નતિ હૂડા પોતપોતાની સિંગલ્સની સેકન્ડ રાઉન્ડની મૅચ જીતી ગયા હતા. ટેબલ ટેનિસમાં ભારતના માનુષ શાહ અને યશસ્વિની ઘોરપડેનો સિંગલ્સના ત્રીજા રાઉન્ડના મુકાબલામાં પરાજય થયો હતો.

### વૈષ્ણોદેવીમાં

હતી. આ બેઠકમાં સુરક્ષા, ટ્રાફિક મેનેજમેન્ટ, સ્વચ્છતા, પાણી અને વીજ પુરવઠો, રોડ મેઇન્ટેનન્સ, રોશની, ડેકોરેશન, ફાયર સેફ્ટી, ટ્રાન્સપોર્ટેશન જેવી વ્યવસ્થાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

ડિવિઝનલ કમિશ્નરે જાહેર બાંધકામ વિભાગને તહેવાર શરૂ થાય તે પહેલા કટરાને જોડતા તમામ રસ્તાઓનું જરૂરી સમારકામ અને બ્લેકટોપિંગ પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો હતો. તેમજ શહેરમાં સ્વચ્છતા જાળવવા અને યાત્રાળુઓ માટે ઉત્તમ અને આકર્ષક વાતાવરણ તૈયાર કરવા અંગે ભાર મૂક્યો હતો. રમેશ કુમારે તમામ સંબંધિત વિભાગો અને એજન્સીઓને પરસ્પર શ્રેષ્ઠ સંકલન સાધવાનો નિર્દેશ આપ્યો હતો. અધિકારીઓને તહેવાર દરમિયાન ૨૪ કલાક જરૂરી સેવાઓ અને કર્મચારીઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા કહ્યું હતું. જેથી કરીને કોઇપણ સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ લાવી શકાય.

### મહારાષ્ટ્રનો

સુધારવામાં આવ્યો) હેઠળ ટ્રિગર-વન જાહેર કર્યો છે.

ટ્રિગર-વન એ રાજ્યના દુકાળના માળખાનો પહેલો તબક્કો છે અને ૨૧ દિવસના સુદીર્ઘ સૂકા ગાળાને લીધે રાજ્યમાં વરસાદની ૨૫ ટકાની ખાધ પડી છે. કૃષિના કમિશનરે સુપરત કરેલા અહેવાલ પ્રમાણે વરસાદની ખાધ અને જૂનથી બીજા પરિબળોને લીધે ૩૨ જિલ્લાના ૨૬૫ તાલુકામાં દુકાળ જેવી સ્થિતિ છે. (એજન્સી)

### ચૂંટણી પંચ

અધિકારીએ બહાર પાડેલા કાર્યવિભાજનના હુકમને અમલમાં મૂકવામાં આવ્યો નહોતો. આઈટી ડિવિઝન અંગેની ડેપ્યુટી ઇલેકશન કમિશનર (ડીઈસી)ની ગફલત કદી પાછી ખેંચાઈ નહોતી. ચૂંટણી પંચે દાવો કર્યો હતો કે આ નિવેદન આખા પંચની બહાલીથી બહાર પડાયું નથી.

ચૂંટણી પંચે કહ્યું હતું કે તાજેતરના મહિનાઓમાં 'સર' સહિતના અનેક નિર્ણયો પંચે લીધા છે. પંચની એકમતીથી બિહારમાં અને પછી પશ્ચિમ બંગાળમાં 'સર'ની કવાયત કરાઈ હતી. ત્યાર બાદ તેને આખા દેશમાં લાગુ પડાઈ હતી. સર્વોચ્ચ અદાલતે ૨૭ મે, ૨૦૨૬ના તેના હુકમ વડે આ પ્રક્રિયાને બહાલ રાખી હતી. પંચે સર્વાનુમતે ૨૭ ઑક્ટોબર ૨૦૨૫એ ૧૨ રાજ્યમાં 'સર'નો કાર્યક્રમ બહાર પાડ્યો હતો. ત્યાર બાદ તે ૧૪ મે, ૨૦૨૬ના હુકમ વડે ૧૯ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં 'સર' કવાયત કરાઈ હતી..

બાકીના બાર રાજ્યમાં ત્રીજા તબક્કાની પ્રસિદ્ધિ પછી કુલ મતદાતાની ચોક્કસ સંખ્યા જાણવા મળશે.

ચૂંટણી પંચના ત્રણેય કમિશનર વચ્ચે અનેક મુદ્દે મતભેદ હોવાનો દાવો કરતા એક અખબારી અહેવાલને પગલે અને અનેક મતદારના નામ મતદારયાદીમાંથી નીકળી જતાં ભારે વિવાદ ચાલી રહ્યો છે. વિપક્ષો, કૉક્રોચ જનતા પાર્ટી સહિતના નેતાઓ 'સર'ને મુદ્દે દેશવ્યાપી આંદોલન શરૂ કરવાની ચીમકી આપી રહ્યા છે. તેઓએ ચીમકી આપી હતી કે જો મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર રાજીનામું નહિ આપે, તો દેશભરમાં આંદોલન કરાશે.

કૉક્રોચ જનતા પાર્ટીએ તો 'જંતર મંતર ટૂ' કરવાની પણ ચીમકી આપી હતી અને વિપક્ષોને આગામી બધી ચૂંટણીનો બહિષ્કાર કરવા અનુરોધ કર્યો હતો. (એજન્સી)

### ભારત ૧૦ ટકાથી

શકે છે. સીતારમણે નકારાત્મકતાને દૂર કરવાની અને લોકોને સકારાત્મક વિચારવા તેમજ જમીની સ્તરે થઈ રહેલા વિકાસને ઓળખવા માટે પ્રોત્સાહિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, 'આપણી પાસે એવા ઘણા લોકો છે જે હંમેશાં નકારાત્મક વાત કરે છે. એવા ઘણા લોકો છે જેમને ભારતની નિષ્ફળતામાં આનંદ મળે છે. આપણે ખરેખર આવું પરવડી શકીએ તેમ નથી. આપણે આવા લોકોને સકારાત્મક વિચારવા માટે પ્રોત્સાહિત કરવાની જરૂર છે.'

કૃષિ ક્ષેત્રે ટેક્નોલોજીની ભૂમિકા પર પ્રકાશ પાડતા સીતારમણે કહ્યું કે ટેક્નોલોજીના ઉપયોગથી ઉત્પાદકોને બજારો સાથે જોડવામાં અને ઉત્પાદકતા સુધારવામાં 'અદભુત તફાવત' આવ્યો છે.

તેમણે લણણીની પ્રક્રિયાને ઝડપી બનાવવા અને આગામી પાક માટે જમીન તૈયાર કરવામાં ટેક્નોલોજીના ઉપયોગનો ઉલ્લેખ કર્યો હતો.

સીતારમણે ખાતરના વિતરણમાં પોઈન્ટ-ઓફ-સેલ મશીનોના ઉપયોગને ટેક્નોલોજી દ્વારા થતી ચોરી કે ગેરરીતિ અટકાવવાના ઉદાહરણ તરીકે ટાંક્યું હતું. તેમણે કહ્યું કે ખેડૂતો પાસે ખાતર ખરીદવાનો વિકલ્પ યથાવત રહેશે, જ્યારે ટેક્નોલોજી તેમને તેમના પાક માટે કેટલું ખાતર પૂરતું રહેશે તે અંગે માહિતી પૂરી પાડશે.

સીતારમણે જણાવ્યું હતું કે જંતુનાશકો અને ખાતરોના વધુ પડતા ઉપયોગથી જમીન અને પાણી દૂષિત થઈ રહ્યા છે, અને ટેક્નોલોજી આ સમસ્યાના નિરાકરણમાં મદદ કરી શકે છે. 'તેથી, આ ટેક્નોલોજીઓ જેટલી વહેલી આ ક્ષેત્રો સુધી પહોંચશે, તેટલું ભારત માટે સારું રહેશે. તમે વસ્તુઓનું શ્રેષ્ઠતમ ઉત્પાદન કરી શકશો અને પરિણામે વિકાસમાં યોગદાન આપી શકશો,' તેમ તેમણે ઉમેર્યું હતું.

### ચારધામ યાત્રા

તેમના સંબંધિત જિલ્લાઓમાં જરૂરી પગલાં લેવા અને હવામાન સામાન્ય થયા પછી યાત્રા ફરી શરૂ કરવા જણાવ્યું છે. હવામાન વિભાગે ઉત્તરાખંડના વિવિધ જિલ્લાઓમાં ૨૬ અને ૨૭ સપ્ટેમ્બર માટે વરસાદનું રેડ એલર્ટ અને ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. શનિવારે રાજ્યના પાંચ જિલ્લાઓ-બાગેશ્વર, પિથોરાગઢ, ચંપાવત, નૈનીતાલ અને ઉધમ સિંહ નગરમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ અને દેહરાદૂન, પૌડી, રૂદ્રપ્રયાગ, ચમોલી અને અલ્મોડા માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. તેવી જ રીતે રવિવારે દેહરાદૂન, ટિહરી, પૌડી અને હરિદ્વાર માટે રેડ એલર્ટ અને ઉત્તરકાશી, ચમોલી, નૈનીતાલ અને રૂદ્રપ્રયાગ માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

### ટ્રમ્પે ઈરાનનો

આ દરખાસ્ત મોકલી હતી.

ઈરાને અમેરિકા સામે દરખાસ્ત મૂકી હતી કે જો તેમની શરતો સ્વીકારવામાં આવે, તો તે સાત દિવસની અંદર આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્ત્વપૂર્ણ એવા સ્ટ્રેટ ઓફ હોર્મુઝને વેપાર માટે ફરી ખોલી દેશે અને પોતાના પરમાણુ કાર્યક્રમ અંગે ફરી વાટાઘાટો શરૂ કરશે. તેના બદલામાં ઈરાને મુખ્યત્વે ત્રણ શરત મૂકી હતીઃ

૧. દરિયાઈ નાકાબંધી હટાવવીઃ ઈરાની બંદરો પર અમેરિકા દ્વારા લાદવામાં આવેલી નૌકાદળની નાકાબંધી તાત્કાલિક દૂર કરવામાં આવે.

૨. તેલ નિકાસ પર છૂટછાટઃ ઈરાનના તેલ વેચાણ પરના આર્થિક પ્રતિબંધો હટાવવામાં આવે.

૩. લેબેનોનનો સમાવેશઃ આ યુદ્ધવિરામમાં લેબેનોન સરહદે ચાલતી સૈન્ય પ્રવૃત્તિઓ પર પણ રોક લગાવવામાં આવે.

૪. ફંડ રિલીઝ કરવુંઃ વિદેશી બેંકોમાં ફ્રીઝ કરાયેલા ઈરાનના અંદાજે ૧૨ અબજ ડૉલરના ખાતા ખોલવામાં આવે.

અમેરિકી સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, ટ્રમ્પ વહીવટીતંત્રને ઈરાન પર જરાય ભરોસો નથી. ટ્રમ્પનું માનવું છે કે ઈરાન તેમની કડક શરતો પૂરી નહીં કરે. અમેરિકા ઈરાન પર આર્થિક અને લશ્કરી દબાણ ચાલુ રાખવા માંગે છે જેથી તેને અમેરિકા અને ખાડી દેશોની ઈચ્છા મુજબના વધુ કડક કરાર કરવા માટે મજબૂર કરી શકાય.

આ પ્રસ્તાવ ફગાવ્યા બાદ ટ્રમ્પે પોતાના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશ્યલ પર હોર્મુઝ સ્ટ્રેટનો નકશો શેર કરીને તેને ''ટ્રમ્પ સ્ટ્રેટ'' તરીકે પણ દર્શાવ્યો હતો.

ટ્રમ્પના આ કડક વલણને લીધે પશ્ચિમ એશિયામાં ફરીથી મોટા પાયે યુદ્ધ ભડકવાની અને વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવ વધવાની આશંકા સેવાઈ રહી છે.

### કોંગોમાં

હતો. જોકે, શહેરમાં રનવે ન હોવાને કારણે તે રહેણાક વિસ્તારમાં ક્રેશ થયું હતું.

વિમાનના સંચાલન અંગેના સ્થાનિક અહેવાલોમાં ટ્રેસેપ કંપની અને લેટ એલ-૪૧૦ વિમાનનું નામ આપવામાં આવ્યું હતું.

પ્રાંતીય વહીવટીતંત્રે મૃત્યુઆંક ૧૭ રાખ્યો હતો, જેમાં ૧૩ લશ્કરી કર્મચારી અને ચાર નાગરિકનો સમાવેશ થાય છે.

કોંગોના રાષ્ટ્રપતિ ફેલિક્સ શિસેકેડીએ અકસ્માતમાં માર્યા ગયેલા લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

કોંગોના અધિકારીઓએ અકસ્માતની તપાસ શરૂ કરી છે. ઘટનાસ્થળને સુરક્ષિત કરવામાં આવ્યું છે, અને તકનીકી અને સુરક્ષા એજન્સીઓની ટીમો ક્રેશનું કારણ નક્કી કરવા માટે તપાસ કરી રહી છે. તપાસ પૂર્ણ થયા પછી જ વિમાન દુર્ઘટનાનું ચોક્કસ કારણ જાણી શકાશે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, વિમાનનું બ્લેક બોક્સ હજુ સુધી મળ્યું નથી.

આ અકસ્માત એવા સમયે થયો છે જ્યારે કોંગો પહેલાથી જ ગંભીર સુરક્ષા સંકટનો સામનો કરી રહ્યું છે. દેશની સેના ઘણા સશસ્ત્ર જૂથો સામે લડી રહી છે, ખાસ કરીને પૂર્વીય ક્ષેત્રમાં, જેમાં રવાન્ડા સમર્થિત એમ૨૩ બળવાખોર જૂથનો સમાવેશ થાય છે. ગયા વર્ષથી ચાલી રહેલા સંઘર્ષ દરમિયાન, આ જૂથે પૂર્વીય કોંગોના ઘણાં મુખ્ય શહેરો પર કબજો કર્યો છે, જેનાથી પ્રદેશમાં સુરક્ષા પરિસ્થિતિ વધુ ખરાબ થઈ છે.

### રશિયા અને યુક્રેન

કિવ અને ઝાપોરિઝિયા શહેરો તેમજ ઓડેસા, સુમી અને ખાર્કિવ પ્રદેશોમાં ''રહેણાંક મકાનો પર થયેલા અનેક હુમલાઓ''નો ઉલ્લેખ કર્યો હતો અને વિશ્વના દેશોની મદદ માંગી હતી.

ઝાપોરિઝિયાના પ્રાદેશિક લશ્કરી વહીવટીતંત્રે જણાવ્યું હતું કે, ઝાપોરિઝિયામાં બે મહિલા તેમના નાશ પામેલા ઘરના કાટમાળ નીચે દબાઈ જવાથી મૃત્યુ પામી હતી. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, સુમી શહેર પર થયેલા અન્ય એક રશિયન હુમલામાં પણ બે લોકોનાં મોત થયાં હતાં.

## સાહિલ વાકોડેની આત્મહત્યાની તપાસ માટે નવી સમિતિની માગણી

મુંબઈઃ સાહિલ વાકોડેની કથિત આત્મહત્યાના એક અઠવાડિયા પછી, આઈઆઈટી બોમ્બેના વિદ્યાર્થીઓએ શુક્રવારે રાત્રે મીણબત્તી મોરચો કાઢી વિદ્યાર્થીના મૃત્યુની તપાસ માટે નવી સમિતિની માગણી કરી આરોપ મૂક્યો હતો કે અત્યારની પેનલના કેટલાક સભ્યોએ આરોપી પ્રોફેસર સૂર્યનારાયણ દુલ્લાને સમર્થન આપ્યું હતું. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી બોમ્બેના બોર્ડે આ અઠવાડિયાની શરૂઆતમાં વાકોડેની કથિત આત્મહત્યાની આસપાસના સંજોગોની તપાસ માટે ૧૦ સભ્યની સમિતિ બનાવી હતી. ■

## ઘોડબંદર રોડ પર યુવકે હંગામો મચાવ્યા પછી પેવરબ્લૉક ફટકારતાં પોલીસ અધિકારીનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ થાણે નજીક ઘોડબંદર રોડ પર રાતના સમયે હંગામો મચાવનારા યુવકે પેવરબ્લૉકથી હુમલો કરતાં પોલીસ સબ-ઈન્સ્પેક્ટરનો જીવ ગયો હતો. પોલીસ ટીમે આરોપીને પકડી પાડી તેની વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધ્યો હતો.

ચિતળસર માનપાડા પોલીસના જણાવ્યા મુજબ ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ રાજુ પ્રેમકુમાર વાલ્મિકી (૩૦) તરીકે થઈ હતી. થાણેના પોખરણ રોડ નંબર-બે ખાતેના ગાંધી નગરમાં રહેતા આરોપીની પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે.

સબ-ઈન્સ્પેક્ટર કિસન ભોઈર ટીમ સાથે ગુરુવારની રાતે ૧૧ વાગ્યાની આસપાસ પોખરણ રોડ નંબર-બે પર સુભાષનગર ખાતે પેટ્રોલિંગ પર હતા ત્યારે પાનના એક સ્ટૉલ પાસે લોકોની ભીડ નજરે પડી હતી. વાહન ઊભું રખાવી ભોઈર તપાસ માટે ગયા હતા. નક્કી કરેલી સમયમર્યાદામાં સ્ટૉલ બંધ કરવાનું સ્ટૉલના માલિકને ભોઈરે કહેતાં આરોપી બૂમાબૂમ કરવા લાગ્યો હતો.

પોલીસ સાથે બોલાચાલી કરી હંગામો મચાવનારા આરોપીને પોલીસના વાહનમાં બેસાડવામાં આવ્યો હતો. 'ગાડીમાં શા માટે બેસાડ્યો... પોલીસને એવો કોઈ અધિકાર નથી,' કહીને આરોપીએ ભોઈર પર હુમલો કર્યો હતો. મારપીટ કરી આરોપી વાહનમાંથી કૂદીને ભાગવા લાગ્યો હતો. ■

પરદેશ પાર્સલ સેવા
Special Festival Rates
CHIPS LOGISTICS PVT. LTD
INTERNATIONAL COURIER & CARGO
M.98989 05632
M.76000 65632
Free Pickup & Free Packing | Andheri (E), Mumbai

## એમપીએસસી પેપર લીક કેસઃ સાંગલી અને બુલઢાણાના બે ઉમેદવાર સહિત ચારની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન (એમપીએસસી)ની ડ્રગ ઈન્સ્પેક્ટર પદની પરીક્ષાના પેપર લીક કેસમાં મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે સાંગલી અને બુલઢાણાના બે ઉમેદવાર સહિત વધુ ચાર આરોપીની ધરપકડ કરી હતી.

ક્રાઈમ બ્રાન્ચના પ્રોપર્ટી સેલના અધિકારીઓએ ગુરુવારે પકડી પાડેલા આરોપીઓની ઓળખ બે ઉમેદવાર સાંગલીના સાજિદ સંદે અને બુલઢાણાના વિજય કિંગર તરીકે થઈ હતી. પ્રશ્નપત્ર પહોંચાડવામાં મધ્યસ્થીની ભૂમિકા ભજવનારા સંદીપ ખલાટે અને ભૈરવનાથ કદમની પણ નવી મુંબઈથી ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ કસ્ટડીમાં રહેલા આરોપીઓની પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે.

આ કેસમાં અગાઉ સાત આરોપીની ધરપકડ કરાઈ હતી, જેમાં અપર સેક્રેટરી અભિજિત લેન્ડવે, કૉન્ફિડેન્શિયલ સેક્સમાં કામ કરતા આસિસ્ટન્ટ સેક્શન ઑફિસર વિશ્વેશ્વર નકાતે, આસિસ્ટન્ટ સેક્શન ઑફિસર ગોપાલ મરાઠે, કૌટિલ્ય એકેડમીના ડિરેક્ટર પ્રવીણ પાટીલ, મધ્યસ્થી કરનારા અમૃત પાટીલ અને લોકેશ ઉર્ફે ગૌરવ પાટીલ તેમ જ ઉમેદવાર ઋતુજા પાટીલનો સમાવેશ થાય છે.

ક્રાઈમ બ્રાન્ચે વધુ ચાર આરોપીને પકડી પાડતાં આ કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓની સંખ્યા ૧૧ પર પહોંચી હતી.

એમપીએસસી દ્વારા ૨૨ માર્ચ, ૨૦૨૬ના રોજ રાજ્યનાં છ પરીક્ષા કેન્દ્રમાં ફૂડ ઍન્ડ ડ્રગ એડ્મિનિસ્ટ્રેશન (એફડીએ) હેઠળ ગ્રૂપ-બીના ડ્રગ ઈન્સ્પેક્ટરનાં ૧૫૪ પદ માટે પરીક્ષા લેવાઈ હતી.

તપાસ અનુસાર એમપીએસસી પરીક્ષાની ગુપ્તતા અને નિષ્પક્ષતાનો ભંગ કરીને જનપ્રતિનિધિ તરીકે સોંપવામાં આવેલી સરકારી ફરજનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો. ■



'વાહ! દીપક કાપડીયા'!
Show Must Go On...
નું ઉત્કૃષ્ટ ઉદાહરણ... લાલુભાઈ

ખૂબ જ જાણીતા Music પ્રોગ્રામના organizer દીપક કાપડીયાનો પુત્ર સ્વ. અર્જુનનું અકાળે ઓગસ્ટમાં મૃત્યુ થયું હતું- તેમ છતાં પુત્ર અર્જુનને યાદ કરીને, જે પોતે પણ સંગીતનો ચાહક હતો. દીપકભાઈએ મન મક્કમ કરીને 'Show Must Go On'ના સંકલ્પથી ઓક્ટોબર ૩૦મીના બુધવારે સાંજે ૭ વાગ્યે નહેરુ થિયેટરમાં શો, ભવ્ય રીતે યોજ્યો છે- તેમાં Music Industryના ખૂબ જ જાણીતા ગાયકો, અનીલ બાજપાઈ, ગુલ સકસેના, મુખ્તાર શાહ, શૈલજા સુબ્રમન્યમ તથા આલોક કટગરે- તેઓ ખૂબ જ ભાવપૂર્વક તમારા માનીતા ગીતો રજૂ કરશે- કાર્યક્રમનું સંચાલન ખૂબ જ જાણીતા સંચાલક પ્રશાંત રાવ, તેમ જ કર્ણપ્રિય Musicનું સંચાલન અજય મદન કરશે. આ કાર્યક્રમ જોવાનું ચૂકતા નહીં... લાલુભાઈ.

For Ticket booking- દીપક કાપડીયા 9869000614

## ભુલેશ્વરમાં બિલ્ડિંગના મીટર કેબિનમાં આગઃ સાતનો બચાવ

### એરિયલ લેડર પ્લેટફોર્મની મદદથી સાતનો બચાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં શુક્રવારે મુંબઈગરા પોતાના લાડલા ગણપતિબાપ્પાના વિસર્જનમાં વ્યસ્ત હતા ત્યારે દક્ષિણ મુંબઈના ભુલેશ્વરમાં મુંબાદેવી મંદિર નજીક એક બિલ્ડિંગના મીટર કેબિનમાં બપોરના ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં બિલ્ડિંગના સાત રહેવાસીઓ ફસાઈ ગયા હતા. જોકે ફાયરબ્રિગેડે તમામ રહેવાસીઓને સુરક્ષિત બહાર કાઢ્યા હતા.

ભુલેશ્વરમાં મુંબાદેવી રોડ પર આવેલી ચાર માળની ભૈરુમલ હાઉસ નામની બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોરમાં ઈલેક્ટ્રિક મીટરની કેબિનમાં અને ગ્રાઉન્ડ ફ્લોરમાં રહેલા બે બંધ ગાળામાં બપોરના બે વાગ્યાની આસપાસ અચાનક આગ ફાટી નીકળી હતી. આગની જાણ થતા અમુક રહેવાસીઓ પોતાનો જીવ બચાવવા સુરક્ષિત રીતે બહાર નીકળી ગયા હતા પણ ઉપરના માળે રહેતા રહેવાસીઓ ફસાઈ ગયા હતા. આગની જાણ થતા ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ બિલ્ડિંગ જૂની હોવાની સાથે જ તેમાં લાકડાના દાદરા હોવાથી આગ ઝડપભેર ઉપરના માળા સુધી ફેલાઈ ગઈ હતી અને તેને કારણે ઉપરના માળે રહેતા લોકો નીચે ઊતરી શક્યા નહોતા. ■

## માનખુર્દથી બે વર્ષના બાળકનું અપહરણઃ દંપતીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ માનખુર્દથી બે વર્ષના બાળકનું કથિત અપહરણ કરનારી મહિલા અને તેને મદદ કરનારા પતિની પોલીસે ધરપકડ કરી બાળકને સહીસલામત છોડાવ્યો હતો.

માનખુર્દ પોલીસે પકડી પાડેલા દંપતીની ઓળખ મુસ્કાન ભોલાકુમાર સાહ અને ભોલાકુમાર જગ્ગુ સહા તરીકે થઈ હતી. બન્ને આરોપી માનખુર્દના મહારાષ્ટ્ર નગરમાં દુર્ગામાતા મંદિર ગલીમાં રહેતાં હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસ ફરિયાદ અનુસાર માનખુર્દના માર્કેટ રોડ પરિસરમાં બુધવારની સાંજે છ વાગ્યાની આસપાસ માતા-પિતા સાથે આવેલા બે વર્ષનો બાળક એકાએક ગુમ થઈ ગયો હતો. આસપાસના વિસ્તારમાં શોધખોળ છતાં બાળકની કોઈ ભાળ ન મળતાં પોલીસનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. માનખુર્દ પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બાળકના અપહરણને ગંભીરતાથી લઈ ઝોનના માનખુર્દ, દેવનાર, આરસીએફ અને ટ્રોમ્બે પોલીસ સ્ટેશનના અધિકારીઓની આઠ ટીમ તપાસમાં લાગી હતી. ઘટનાસ્થળ આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસતાં શંકાસ્પદ મહિલા મુસ્કાન બાળકને લઈ જતી નજરે પડી હતી.

મહિલા જે દિશામાં ગઈ તે માર્ગ પરના સીસીટીવીનાં ફૂટેજ તપાસવામાં આવ્યાં હતાં. એ સિવાય રેલવે પરિસરના પણ ફૂટેજ ચકાસાયાં હતાં. લગભગ ૪૦ કલાક બાદ પોલીસ મહિલા સુધી પહોંચી હતી અને બાળકનો સુરક્ષિત છુટકારો કરાવ્યો હતો. અધિકારીએ જણાવ્યું હતું કે મુસ્કાનની પૂછપરછમાં તેના પતિ ભોલાકુમારે પણ બાળકના કથિત અપહરણમાં મદદ કરી હોવાનું જણાયું હતું. પરિણામે મુસ્કાન સહિત તેના પતિની પણ ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ આરોપીઓની વધુ પૂછપરછ કરી રહી છે. ■

## નકલી ઍપ્લિકેશનથી મહિલા પાસેથી એક કરોડ રૂપિયા પડાવ્યા

થાણેઃ શૅર ટ્રેડિંગમાં આકર્ષક વળતરની ખાતરી આપી નકલી મોબાઈલ ઍપ્લિકેશનની મદદથી થાણેની મહિલા સાથે ૧.૧ કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી કરવામાં આવી હતી.

ઘોડબંદર રોડ પર રહેલી ૫૯ વર્ષની મહિલાએ નોંધાવેલી ફરિયાદને આધારે થાણે સાયબર પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને ઈન્ફર્મેશન ટેક્નોલૉજી ઍક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ફરિયાદ અનુસાર કથિત છેતરપિંડી ચોથી ઑગસ્ટથી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન થઈ હતી. સાયબર ઠગ ટોળકીએ સોશિયલ મીડિયાના માધ્યમથી મહિલાનો સંપર્ક સાધ્યો હતો. શૅર ટ્રેડિંગમાં ઊંચા નફાની લાલચ આપી મહિલાને એક ટ્રેડિંગ ઍપ ડાઉનલૉડ કરવાની ફરજ પડાઈ હતી. આ ઍપ માટે મહિલાના મોબાઈલ ફોન પર એક લિંક પણ મોકલવામાં આવી હતી. મહિલાના ઈ-વૉલેટમાં નફો દેખાડી ઠગે સમયાંતરે તેને અલગ અલગ બૅન્ક ખાતાંમાં ૧.૧ કરોડ રૂપિયા જમા કરાવવા લલચાવી હતી. મહિલાએ નફાની રકમ કઢાવવાનો પ્રયાસ કરતાં તેને ૧૩.૬૭ કરોડ રૂપિયાનો નફો થયો હોવાનું દેખાડ્યું હતું. જોકે આ રકમ કઢાવવા અમુક રકમ ચૂકવવાનું મહિલાને કહેવામાં આવ્યું હતું. આખરે પોતે છેતરાઈ હોવાની જાણ થતાં મહિલાએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. મહિલાએ જે બૅન્ક ખાતાઓમાં નાણાં ટ્રાન્સફર કર્યાં હતાં તેની વિગતો મેળવીને ખાતાધારકોની તેમ જ ઍપ ઑપરેટરની શોધ ચલાવાઈ રહી છે. ■

FIRST TIME IN INDIA
સુવાવડ માટેની વિશેષ કિટ
DADI'S SECRET
ESSENCE OF PLANTS
By Neeta Dalal
પ્રસૂતિ પછીના પ્રથમ ૪૦ દિવસ માટે
કિટમાં સમાવિષ્ટ છેઃ
રાબ પ્રીમિક્સ
હળદર પ્રીમિક્સ
સુવા અને ગોળના લાડુ
વાવડિંગ અને વકુંભા
ખમણેલું સૂકું કોપરું
મુખવાસ
શતાવરી
દશમૂલ
હીરાબોલ

Contact : 8879874457
www.dadisecret.com
dadi_secret Dadi Secret

શ્રાધ્ધપક્ષમાં આપણા મૃતાત્માઓની તિથિએ તેમના આત્મશ્રેયાર્થે ૯૫૦+ વિકલાંગ ગૌમાતાઓને ગૌદાન એટલે શ્રેષ્ઠ ગૌદાન. તેમજ તેમની તિથિ યોજનામાં ₹ ૨૧,૦૦૦/-આપવા વિનંતી.

CSR & Income Tax 80G Benefit Available

Donate generously for Disable Cows
IN THE AUSPICIOUS PITRU PAKSH.

ગૌસેવા એ જ પ્રભુસેવા
ગૌદાન એ જ શ્રેષ્ઠદાન
સ્થાપના ૧૯૬૫

છેલ્લાં ૫૯ વર્ષથી કાર્યરત પૂ. પૂંજાબાપુ દ્વારા સ્થાપિત પાંજરાપોળમાં લગભગ ૯૫૦+ વિકલાંગ ગૌમાતાઓ, આંધળી, લંગડી, કેન્સરગ્રસ્ત, દૂધ ન આપતી વસુકી ગયેલી ગૌમાતાઓ તથા અનાથ વાંછરડાઓની સેવા થાય છે. માત્ર દાતાશ્રીઓના ગૌદાનથી ચાલતી આ સંસ્થાને સહાયની જરૂર છે.

શ્રી કલ્યાણકારી સર્વોદય જીવદયા સંઘ - રાજુલા
પૂંજાબાપુ પાંજરાપોળ થોરડી રોડ, રાજુલા (જિલ્લો અમરેલી) ગુજરાત
ઈ ઓફિસઃ • એશિયન સેલ્સ કોર્પોરેશન, ૪ - રંગમહલ, ૨૧૨/૨૧૬, સેમ્યુએલ સ્ટ્રીટ, મસ્જિદ બંદર, મુંબઈ - ૪૦૦૦૦૩.
• દીપક કે વોરા, ૩, સેન્ટ્રલ પેલેસ, વિવિધામ સ્વીટ્સની ઉપર, પંજાબી લેન, બોરીવલી (વે), મુંબઈ-૪૦૦૦૯૨.


એમ્બ્યુલન્સ યોજના
તીથી યોજના
દત્તક યોજના
સારવાર યોજના
આવાસ-શેડ યોજના
ભુમીદાન યોજના
લાપસી/ઘાસચારા યોજના

બીમાર-વિકલાંગ ગૌમાતાઓ હરીફરી શકે જેનાથી તેઓ તંદુરસ્તી મેળવી શકે. એ શુભ ભાવનાથી ગૌચારણ માટે લેવાયેલી ભૂમી માટે "ભૂમીદાન યોજના"માં રૂા. ૫૧,૦૦૦/- + આપનાર દાતાશ્રીઓનું નામ સોનેરી અક્ષરે તક્તિમાં અંકિત કરવામાં આવશે.

વિનેશ મહેતા 98211 10027 | ગોપાલ પારેખ 93240 47909 | અલ્પેશ મહેતા 98922 19804 | દીપકભાઈ વોરા 98694 22935

SHRI KALYANKARI S J SANGH



ગૌદાન માટે સંપર્ક

| | |
|---|---|
| શ્રી વિનેશ મહેતા, ઘાટકોપર | 98211 10027 |
| શ્રી ગોપાલ પારેખ, ચેમ્બુર | 93240 47909 |
| શ્રી અલ્પેશ મહેતા, બોરીવલી (ઈ.) | 98922 19804 |
| શ્રી અનિલ મહેતા, ઘાટકોપર | 76665 29036 |
| શ્રી દિપક વોરા, મસ્જિદ બંદર | 98218 72011 |
| શ્રી કૌશિક ભીખાભાઈ, રાજુલા | 81600 03738 |
| શ્રી ભુપતભાઈ સોની, બોરીવલી | 98190 65347 |
| શ્રી મુકેશભાઈ મહેતા-પોલીસ મિત્ર | 93222 37843 |
| શ્રીમતી દીપિકા મહેતા-પારલા (વે.) | 72088 80002 |
| શ્રી નીતિન દુલાભાઈ સોની, બોરીવલી (વે.) | 82683 27767 |
| શ્રી નરેન્દ્રભાઈ ચિતલીયા-બોરીવલી | 98700 54013 |
| શ્રી ભાવેશ ગાંધી-અંધેરી (વેસ્ટ) | 98335 95599 |
| શ્રી વિલેશભાઈ સંઘવી-થાણા | 93240 24554 |
| શ્રી નગીનભાઈ દોશી, કાંદિવલી | 98694 78297 |
| શ્રી અરવિંદ સંઘવી, કાંદિવલી (વે.) | 79000 09810 |
| શ્રી કમલકુમાર મહેતા (મહાવીર નગર) | 81695 74570 |
| શ્રી નયન મહેતા, મહાવીર નગર | 95949 56424 |
| શ્રી રમેશભાઈ દોશી, માટુંગા | 98200 41283 |
| શ્રી કપિલ સંઘવી, મુળજી જેઠા | 93245 85502 |
| શ્રી પરાગભાઈ મહેતા, મુલુંડ | 92232 44160 |
| શ્રી કીર્તિભાઈ ગોરડિયા, નવી મુંબઈ | 98200 37499 |
| શ્રી પ્રવિણભાઈ સંઘવી, ભાયંદર | 98206 16463 |
| શ્રી જયંતિભાઈ પટેલ, વડોદરા | 94272 44601 |
| શ્રી ભુપતભાઈ મહેતાજી, રાજુલા | 99096 99134 |

આ નામથી ચેક RTGS મોકલવા : SHRI KALYANKARI SARVODAY JEEVDAYA SANGH - RAJULA
સ્ટેટ બેન્ક ઑફ ઈન્ડિયા (રાજુલા) : Saving A/C 56035012625 IFSC Code SBIN0060035
બેન્ક ઓફ બરોડા (રાજુલા) : Saving A/C 95560100009009 MICR 365012022 IFSC Code BARB 0 DBRAJ

સૌજન્ય

સ્વ. શ્રીમતી કુમુદબેન બચુભાઈ ઝવેરી
શ્રીમતી મીનાબેન કીર્તિકુમાર ઝવેરી પરિવાર
KOBE, JAPAN


KHOOSHI CREATIONS 9869000624

છેલ્લા પાનાનું ચાલુ

## મુંબઈમાં વિસર્જન

અહેવાલ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, મુંબઈ પોલીસ કમિશનર અને મુખ્ય સચિવને મોકલ્યો છે. ફાઉન્ડેશનના જણાવ્યા અનુસાર, ૨૫ સપ્ટેમ્બરની રાત્રે બાંદ્રા પશ્ચિમમાં સૌથી વધુ અવાજ નોંધાયો હતો. રાત્રે આશરે ૧૦.૦૩ વાગ્યે અહીં ૯૧થી ૧૦૭.૮ ડેસિબલ વચ્ચે અવાજ નોંધાયો હતો. આ દરમિયાન લાઉડસ્પીકર સાથે બેન્જો વગાડવામાં આવી રહ્યો હતો.

ત્યારબાદ થોડા સમય બાદ વર્લીમાં પણ અવાજનું સ્તર ઘણું ઊંચું નોંધાયું હતું. રાત્રે ૧૦.૨૮ વાગ્યે અહીં ૯૪થી ૧૦૭ ડેસિબલ સુધીની રીડિંગ નોંધાઈ હતી. અહીં લાઉડસ્પીકર વિના ઢોલ-તાશા વગાડવામાં આવી રહ્યા હતા.

અહેવાલ મુજબ, ૨૬ સપ્ટેમ્બરની રાત્રે ૧૨.૦૬ વાગ્યે ઓપેરા હાઉસમાં ૮૪.૯થી ૮૭ ડેસિબલ સુધીનો અવાજ નોંધાયો હતો. તેના આશરે ૧૨ મિનિટ બાદ, રાત્રે ૧૨.૧૮ વાગ્યે ગિરગાંવ ચોપાટી પર ૮૭થી ૯૪ ડેસિબલ વચ્ચે અવાજ નોંધાયો હતો. અહેવાલ મુજબ, અહીં રાજકીય બૂથ પર લાઉડસ્પીકર દ્વારા સંગીત વગાડવામાં આવી રહ્યું હતું. રાત્રે ૧૨.૩૦ વાગ્યે પણ આ જ વિસ્તારમાં ૮૨થી ૯૦ ડેસિબલ સુધીનો અવાજ નોંધાયો હતો અને લાઉડસ્પીકરનો ઉપયોગ ચાલુ હતો. ■

## દુષ્કાળની

વિદ્યાર્થીઓની ફી, ટેન્કરની માગ, વીજ બિલ સહિત તમામ પ્રકારની મદદ કરવામાં આવશે. એક પણ ખેડૂત વંચિત રહેશે નહીં, પરંતુ પ્રત્યક્ષ મદદના વિતરણમાં કેટલીક ટેકનિકલ અડચણો હોવાથી થોડો સમય લાગશે. ■

## ટ્રિગર ૧

૧ એટલે કે પ્રથમ તબક્કાનાં ધોરણો પૂર્ણ કરતા આ તમામ ૨૬૫ તાલુકાઓમાં સૂકા દુષ્કાળની સ્થિતિ માન્ય રાખવામાં આવી છે.

રાજ્ય સરકારે 'ટ્રિગર-૧' હેઠળ દુષ્કાળ જાહેર કર્યા બાદ, મુખ્ય પ્રધાને રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરોને પ્રત્યક્ષ પાકની મોજણી અને પંચનામાની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવાના સ્પષ્ટ નિર્દેશ આપ્યા છે. પંચનામાના અહેવાલ આવ્યા પછી અસરગ્રસ્ત તાલુકાઓમાં નીચે મુજબના ઉપાયો હાથ ધરવામાં આવે છે:

* પીવાના પાણીની અછત દૂર કરવા માટેના ઉપાયો
* પશુઓ માટે ચારા છાવણીઓની સ્થાપના
* 'મનરેગા' હેઠળ રોજગારીના કામો પૂરા પાડવા
* અસરગ્રસ્ત ખેડૂતોને તાત્કાલિક આર્થિક સહાય અને નુકસાનવળતર આપવાનું સરળ બનશે.

સરકારી પ્રક્રિયા અનુસાર, 'ટ્રિગર-૧' નો અમલ થયા બાદ આગામી તબક્કામાં સેટેલાઇટ ઇન્ડેક્સ, જમીનનો ભેજ અને ભૂગર્ભ જળસ્તર જેવા પરિબળોની ચકાસણી કરીને 'ટ્રિગર-૨' ની સમીક્ષા કરવામાં આવે છે. ■

## ચોપાટી પહોંચ્યા

વિસર્જનમાં પાંચ કલાકનો સમય લાગ્યો હતો.

શુક્રવારની સવારે સાતેક વાગ્યે બાપ્પાની સવારી મંડપમાંથી નીકળી હતી અને બપોરે અઢી વાગ્યાની આસપાસ ગિરગામ ચોપાટી પહોંચી હતી. એક તો દરિયામાં ઓટ હોવાથી વિસર્જન મોડું શરૂ થયું હતું તેમાં ચોપાટી પર મૂર્તિની ટ્રૉલી જે સ્થળે લઈ જવાઈ ત્યાં લોખંડની પ્લૅટ્સ પૂરતી નાખવામાં આવી નહોતી. વળી, આ વર્ષે મૂર્તિનું વજન પણ ખાસ્સું વધારે હતું. કહેવાય છે કે મૂર્તિનું વજન આશરે ત્રણ ટન જેટલું હતું.

મંડળના કાર્યકરોના કહેવા મુજબ લોખંડની પ્લૅટ્સ પૂરતી નહોતી એટલે ફૉર્કલિફ્ટ મશીન મગાવવી પડી, જેમાં ઘણો સમય લાગ્યો. એ મશીન પણ રેતીમાં ફસાઈ ગઈ હતી. પોલીસને વિનંતી કરીને ટ્રૉલી લોખંડની પ્લૅટ્સ વધુ હોય એ સ્થળે ખસેડવામાં આવી હતી. પછી લોખંડની મોટી પાઈપ્સ લાવવામાં આવી હતી. આ પાઈપ્સ મૂર્તિ નીચેના પાટલાના હેન્ડલમાં ભેરવવામાં આવી હતી.

મશીનથી મૂર્તિને લિફ્ટ કરીને કાર્યકરો ખભે ઊંચકતા હોય તેમ મૂર્તિ દરિયા તરફ લઈ જવા માંડ્યા, પરંતુ તે જ વખતે લિફ્ટ ફરી અટકી ગઈ હતી. હવે મૂર્તિનું વજન વધુ હોવાથી ઊંચકીને દરિયામાં લઈ જવું શક્ય નહીં બને એવું કાર્યકરોને લાગતાં મૂર્તિ ફરી ટ્રૉલી પર મૂકવામાં આવી. આખરે ટ્રૉલી ખેંચીને બાપ્પાને પાણીમાં લઈ જવાયા અને પછી રાતે આઠેક વાગ્યે વિસર્જન કરાયું હતું.

આ મથામણમાં અન્ય ગણેશ મંડળોએ હાલાકી ભોગવવી પડી અને તેમને ગણેશ વિસર્જનમાં મોડું થયું હતું. પરિણામે સોશિયલ મીડિયા પર અનેક લોકોએ મંડળના કાર્યકરોની ટીકા કરી હતી. જોકે કાર્યકર દ્વારા ચોપાટી પર બનેલી બીનાની જાણકારી આપવામાં આવી હતી. ■

## દરિયામાં

દરિયાનું પાણી કિનારેથી ખૂબ જ દૂર હતું. આવા સમયે ઊંચી મૂર્તિઓ વિસર્જન માટે દરિયામાં લઈ જવી એટલે એક પ્રકારે જોખમ ગણાય. પાણી દૂર હોવાથી કિનારાનો ભાગ લપસણો અને ચીકણો બની જાય છે. એવામાં ગણપતિની ટ્રૉલીનાં ટાયર માટીમાં ખૂંપી જતાં હોવાથી વિસર્જન અટકી ગયું હતું. ખાસ્સી રાહ જોયા પછી દરિયામાં પાણીનું સ્તર વધતાં વિસર્જન શરૂ કરાયું હતું. ઊંચી મૂર્તિઓમાં સૌપ્રથમ કાલાચોકીના મહાગણપતિને તરાપા દરિયામાં ઊંડે સુધી વિસર્જન માટે લઈ જવાયા હતા. ચોપાટી પર વારંવાર દરિયામાં જતાં પહેલાં સાવચેત રહેવાની સૂચના સંબંધી એનાઉન્સમેન્ટ કરવામાં આવતી હતી. ■

## દુકાળ નિવારણના

શુક્રવારે મોડી રાત્રે જારી કરાયેલા સરકારી ઠરાવ મુજબ, રાજ્યના ૭૪ ટકા ભાગ દુષ્કાળની ઝપેટમાં છે. આ તાલુકામાંથી મોટાભાગના સોલાપુર, અહિલ્યાનગર, નાશિક, લાતુર, બીડ, બુલઢાણા, અમરાવતી, યવતમાળ, નાગપુર અને ચંદ્રપુરમાં છે. કૉંગ્રેસ પ્રવક્તા અતુલ લોંઢેએ જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે અગાઉ વિપક્ષ પર દુષ્કાળના મુદ્દાનું રાજકારણ કરવાનો આરોપ મૂક્યો હતો. ■

## એસઆઈઆર

આયોજનમાં આગેવાની લઈ રહ્યા છે, પણ આ મોરચો કોઈ એક પક્ષ સુધી મર્યાદિત ન રહે, સમગ્ર રાજકીય વ્યવસ્થા અને લોકોનો અવાજ બને એની તકેદારી રાખવા અમે આ રેલીમાં ભાગ લેવા માટે તમામ રાજકીય પક્ષો સાથે વાતચીત કરવાના છીએ. આ બંધારણના રક્ષણનો સવાલ છે એ વાત પર ભાર આપી 'મનસે' અધ્યક્ષ રાજ ઠાકરેએ નાગરિકોને મોટી સંખ્યામાં સહભાગી થવા અપીલ કરી હતી.

## કૃત્રિમ તળાવ

ઠેકાણે ૩૮૨થી વધુ કૃત્રિમ તળાવ ઉપલબ્ધ કરી આપવામાં આવ્યા હતા. હાઈ કોર્ટના નિર્દેશ અનુસાર છ ફૂટથી ઊંચી ગણેશમૂર્તિના વિસર્જન કૃત્રિમ તળાવમાં કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ■

## રવિવારે

રવિવારે દિવસે ટ્રેનો સામાન્ય શેડ્યૂલ મુજબ દોડશે. મધ્ય રેલવે પર માટુંગાથી મુલુંડ વચ્ચે અપ-ડાઉન સ્લો લાઈન પર સવારે ૧૧થી સાંજે ૪ વાગ્યા સુધી મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમયગાળા દરમિયાન આ સેક્શનમાં લોકલ સેવાઓ પ્રભાવિત થશે. ટ્રેનોને ધીમા માર્ગ પરથી ફાસ્ટ માર્ગ પર વાળવામાં આવશે, જેના લીધે કેટલીક ટ્રેન ફેરીઓ રદ રહેશે અને ટ્રેનો ૧૫થી ૨૦ મિનિટ મોડી દોડશે. હાર્બર લાઈન પર કુર્લાથી વાશી વચ્ચે અપ-ડાઉન લાઈન પર સવારે ૧૧.૧૦ કલાકથી સાંજે ૪.૧૦ વાગ્યા સુધી મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમયગાળા દરમિયાન સીએસએમટીથી વાશી/બેલાપુર/પનવેલ વચ્ચે અપ અને ડાઉન લોકલ સેવાઓ સંપૂર્ણ બંધ રહેશે. ■

## નાલાસોપારાનો

બનેલી આ ઘટના બાદ સ્થાનિક પોલીસ, અગ્નિશામક દળ (ફાયર બ્રિગેડ) અને લાઈફગાર્ડ્સની ટીમોએ ખાડી અને દરિયાઈ પટ્ટીમાં મોટા પાયે સંયુક્ત સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું છે. જોકે, દરિયામાં ભરતી અને ખાડીના તેજ પ્રવાહને લીધે બચાવ કાર્યમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

કાલંબ બીચ પર સંબંધીઓ સાથે મુલાકાતઃ નાલાસોપારા ઈસ્ટના સંતોષ ભવન વિસ્તાર સ્થિત ગુરુકૃપા એપાર્ટમેન્ટનો રહેવાસી ક્રિષ્ના શુક્રવારે બપોરે આશરે ૧:૦૦ વાગ્યાની આસપાસ પોતાના સંબંધીઓ સાથે ફરવા માટે નાલાસોપારા વેસ્ટના પ્રખ્યાત કાલંબ બીચ પર ગયો હતો.

ક્રિષ્ના સ્થાનિક સ્તરે અને સોશ્યલ મીડિયા પર વિવિધ મનોરંજક વીડિયો તથા શોર્ટ રીલ્સ બનાવવા માટે ખાસ્સો જાણીતો હતો. તેના અચાનક લાપતા થવાના સમાચાર વાયરલ થતાં જ તેના ફોલોઅર્સ, મિત્રો અને સ્થાનિક રહેવાસીઓમાં ઘેરી ચિંતાનું મોજું ફરી વળ્યું છે અને પરિવારજનો આઘાતમાં સરી પડ્યા છે. ■

## મુંબઈમાં

કલાકથી પણ વધુ સમય ચાલ્યું હતું. ગણેશોત્સવના ૧૦ દિવસમાં કુલ ૧,૯૯,૨૧૩ મૂર્તિના વિસર્જન થયા હતા. કોઈ પણ જાતના અનુચિત બનાવ વગર મુંબઈમાં શાંતિપૂર્વક ગણેશવિસર્જન પાર પડતાં મુંબઈ મહાનગરપાલિકા સહિત મુંબઈ પોલીસે રાહત અનુભવી હતી.

શનિવારના બપોરના ત્રણ વાગ્યા સુધીમાં જુદા જુદા વિર્સજન ઘાટ સહિત કૃત્રિમ તળાવમાં ૩૬,૧૨૮ ગણેશમૂર્તિના વિસર્જન થયા હતા, જેમાં ગિરગાંવ ચોપાટી પર શનિવારે સવારના પણ અનેક ગણેશમંડળોની મોટી ગણેશમૂર્તિઓ વિસર્જન માટે લાઈનમાં ઊભી હતી, જેના વિસર્જન થવામાં છેક બપોર થઈ ગઈ હતી. છતાં મોટી સંખ્યામાં ગણેશભક્તોએ ગિરગાંવ ચોપાટી પર ગણપતિબાપ્પા મોર્યા સાથે તેમની વિદાય આપવા માટે કલાકો સુધી બેસી રહ્યા હતા.

### ૧૦ દિવસમાં એક લાખથી વધુ મૂર્તિનું વિસર્જન

ગણેશોત્સવ દરમ્યાન આ વર્ષે કુલ ૧,૯૯,૧૮૫ મૂર્તિના વિસર્જન થયા હતા, જેમાં સાર્વજનિક ગણેશ મંડળોની ૧૦,૪૨૧, ઘરની ૧,૮૨,૦૨૯, ગૌરી-હરતાલિકા ૬,૭૩૪ મૂર્તિનો સમાવેશ થાય છે, જેમાં મુંબઈમાં શુક્રવારથી શનિવાર સાંજ સુધીમાં, ગિરગાંવ, દાદર અને જુહુ ચોપાટી સહિત સમગ્ર શહેરમાં ૭,૦૨૫ સાર્વજનિક મૂર્તિઓ, ૨૮,૬૫૫ ઘરની મૂર્તિ અને ૫૬૦ ગૌરી-હરતાલિકા મૂર્તિ સહિત કુલ ૩૬,૨૪૦ મૂર્તિઓના કૃત્રિમ તળાવો તથા કુદરતી જળાશયોમાં વિસર્જન કરવામાં આવ્યું હતું.

### ૯૩૪.૨૬ મેટ્રિક ટન નિર્માલ્ય જમા

પાલિકાના ઘન કચરા વ્યવસ્થાપન વિભાગે ગણેશોત્સવ દરમિયાન 'નિર્માલ્ય' (ફૂલ અને પૂજા-અર્ચનાની અન્ય સામગ્રી) એકત્રિત કરવા માટે વિશેષ વ્યવસ્થા કરી હતી. પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું કે સાર્વજનિક ગણેશ મંડળો પાસેથી એકત્રિત કરાયેલા નિર્માલ્ય પર યોગ્ય પ્રક્રિયા કરવામાં આવી રહી છે. મુંબઈભરમાં વિવિધ વિસર્જન સ્થળોએ કુલ ૬૧૩ નિર્માલ્ય કળશ (સંગ્રહ પાત્રો) અને ૮૩૮ સમર્પિત નિર્માલ્ય વાહનો તહેનાત કરવામાં આવ્યા હતા. કુલ ૯૩૪.૨૬ મેટ્રિક ટન નિર્માલ્ય એકત્રિત કરવામાં આવ્યું હતું. ■

## સીજેપીના

એક પોસ્ટમાં ઠાકરેએ રજૂઆત કરી હતી કે 'જો જ્ઞાનેશ દૂર નહીં થાય તો મુંબઈના લોકો બીજી ઓક્ટોબર (ગાંધી જયંતી)થી મોટી સંખ્યામાં વોટ ચોરી સામે ઊતરશે.' શુક્રવારે 'એક્સ' પરની એક પોસ્ટમાં સીજેપીના સહ-સ્થાપક અભિજીત દીપકેએ કહ્યું હતું કે તેમનું સંગઠન બીજી ઓક્ટોબરે મુંબઈથી રાષ્ટ્રવ્યાપી વિરોધ શરૂ કરશે અને જો કુમાર રાજીનામું નહીં આપે તો તેને ભારતનાં વિવિધ શહેરોમાં લઈ જશે. દીપકેના નેતૃત્વ હેઠળના સંગઠને 'જંતર મંતર ૨.૦' નામના રાષ્ટ્રવ્યાપી આંદોલનની ચેતવણી પણ આપી છે. (પીટીઆઈ) ■

## પ્રધાનોની

રાજ્યમાં દુષ્કાળની ભયાનક પરિસ્થિતિ છે, પ્રધાનો માત્ર કાજુ-પીસ્તા ખાવામાં મશગૂલ છે. સરકારને જગાડવા માટે તમે રસ્તા રોકવાનું સૂચન કરી રહ્યા છો, પરંતુ એનાથી સામાન્ય જનતાને તકલીફ પડે છે. એના કરતાં પ્રધાનોની ગાડીઓ રોકો. આનાથી પોલીસ વધુમાં વધુ શું કરશે, ધરપકડ કરશે. તેથી જો તેમની ગાડીઓ રસ્તા પર રોકવામાં આવે, તો ખેડૂતો માટે જેલમાં જવા માટે હું તૈયાર છું,'' તેમણે કહ્યું. ■

## દુષ્કાળ જાહેર થવાથી

પાણીના ટેન્કર શરૂ કરાશે

* અછતગ્રસ્ત જાહેર કરાયેલાં ગામોમાં ખેડૂતોના ખેતીપંપના વીજજોડાણ કાપવામાં આવશે નહીં
* ખેતી પર નિર્ભર ખેડૂતો અને ખેતમજૂરોને મફત/અન્નધાન્ય પૂરું પાડવામાં આવશે
* પશુઓ માટે ચારાની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે
* જળ સંચય અને જળ સંરક્ષણનાં કામો મોટા પાયે હાથ ધરાશે
* પીવાના પાણી અને પશુઓના પાણી માટે અગાઉના આદેશ મુજબ જ આયોજન ચાલુ રાખવામાં આવશે
* તમામ જિલ્લા કલેક્ટરોને પંચનામાની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવાના આદેશ
* પાકની સ્થિતિ દર્શાવતા ફોટોગ્રાફ્સ અને જીપીએસ લોકેશન એકત્રિત કરવાના નિર્દેશ. ■

## પ્રભાદેવીમાં

અગ્રવાલ (૨૧)ને તાબામાં લીધો હતો. મળતી માહિતી અનુસાર અનંતચતુર્દશી નિમિત્તે કેજી માર્ગ ચા રાજાનું વિસર્જન સરઘસ નીકળ્યું હતું. ભક્તો ગુલાલને ઉછાળી વાંજિત્રોના તાલ પર નાચવામાં મશગૂલ હતા ત્યારે એકાએક કાર સરઘસ તરફ ધસી આવી હતી. કહેવાય છે કે વળાંક લેતી વખતે અગ્રવાલે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેને પગલે કાર ભક્તો પર ધસી ગઈ હતી. મહિલા સહિત ચાર જણને કારણે અડફેટે લેતાં ગભરાટની સાથે લોકોમાં રોષ ફેલાયો હતો. ઉશ્કેરાયેલા લોકોએ કારની તોડફોડ કરી હતી. દરમિયાન બંદોબસ્તમાં હાજર દાદર પોલીસની ટીમે તાત્કાલિક તરત જ આરોપી ડ્રાઈવરને તાબામાં લીધો હતો. ■

## બીચ સાફ કરવા

એકઠો કર્યો હતો. પાલિકા કમિશનર અશ્વિની ભીડેએ જણાવ્યું હતું કે સમુદ્ર મુંબઈની મહાન સંપત્તિ છે. જો આપણે કચરો કે પ્લાસ્ટિક ફેંકીએ તો સમુદ્ર અને દરિયા કિનારા ગંદા થઈ જાય છે. પાલિકા શહેર અને દરિયા કિનારાને સ્વચ્છ રાખવા માટે અથાક મહેનત કરે છે. ગણપતિબાપ્પાને વિદાય આપી છે પરંતુ હવે શહેરને સ્વચ્છ રાખવાની આપણી જવાબદારી છે. તેમણે નાગરિકોને અપીલ કરી હતી કે તેઓ તહેવાર પછી પણ સ્વચ્છતાની આ ભાવના જાળવી રાખે અને જાહેર સ્થળોએ કચરો ન નાખે અને દરિયા કિનારાને સ્વચ્છ રાખવામાં વહીવટીતંત્રને સહયોગ આપે. ■

## ૨૮ સપ્ટેમ્બરે

આવ્યા છે, જેમાં મહારાષ્ટ્રના ત્રણ કરોડથી વધુ મતદારોનો સમાવેશ થાય છે.

કોંગ્રેસે જણાવ્યું છે કે નિષ્પક્ષ અને પારદર્શક ચૂંટણી માટે ચૂંટણી પંચની કામગીરી અંગે જવાબદારી નક્કી થવી જરૂરી છે. આ માંગ સાથે ૨૮ સપ્ટેમ્બરે રાજ્યના તમામ જિલ્લાઓમાં વિરોધ પ્રદર્શન યોજાશે. ■

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મેરીયાણા સાવરકુંડલા નિવાસી હાલ મુલુંડ શરદભાઇ તલકચંદભાઇ શાહ (ઉં. વ. ૮૨) તે તા. ૧૯-૯-૨૬ના અવસાન પામેલ છે. તે સ્વ. લિનાબેનના પતિ. મેહુલભાઇ તથા ચિરાગભાઇના પિતાશ્રી. પ્રિતીબેન તથા કાજલબેનના સસરા. મહેક, જાનવી, યશ અને યશ્વીના દાદા. તે જયસુખભાઇ, મનહરભાઇ, અનીલભાઇ, રંજનબેન જયંતીલાલ સંઘવીના ભાઇ. સસુર પક્ષે પીઠવડીવાળા હાલ સુરત અમૃતલાલ રામચંદભાઇ શેઠના જમાઇ. સાદડી તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લાઠી નિવાસી હાલ ભાયંદર કાંતિલાલ વીરચંદ શાહ (તુરખીયા)ના પુત્રવધૂ નિલેશના ધર્મપત્ની સંગીતા (ઉં. વ. ૫૮) તે રોમિલ તથા ફોરમ વિકીભાઇ જટાણીયાના માતુશ્રી તા. ૨૬-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે રાજચરાળી નિવાસી હાલ મલાડ સૌભાગ્યચંદ તલકચંદ શાહના દિકરી. અક્ષયભાઇ તથા નિલેશભાઇના બહેન. શૈલાબેન તથા દિપ્તીબેનના નણંદ. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

સરસઈ નિવાસી હાલ દહિસર, રમેશભાઈ જગજીવનદાસ ગોડા (ઉં. વ. ૮૪) તે લીલમબેનના પતિ. પિન્ટુ, ચેતન, વિપુલ, તોરલના પિતા. ભાવના, અંજલિ, વિપુલભાઈ પાતાણીના સસરા. સ્વ. હકીમચંદ હરજીવન પંચમીયા વિસાવદરના જમાઈ. ૨૩/૯/૨૬ના અરિહંતશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૭/૯/૨૬ના રોજ ૩ થી ૫ ક. પાવનધામ, બી સી સીઆઈ ગ્રાઉન્ડની સામે, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

**હરસોલ સત્તાવીસ વિશા શ્રીમાળી જ્ઞાતિ જૈન**

આગિયોલ નિવાસી હાલ મલાડ, માતુશ્રી ગજરાબેન નગીનદાસ શાહ સુપુત્ર નરેન્દ્રકુમાર શાહ (ઉં. વ. ૭૨) ગુરુવાર તા. ૨૪/૦૯/૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તે નિકુંજ-અર્ચના, તેજલ પ્રણયકુમારના પિતા, વસંતભાઈ - ભારતીબેન, કલાબેન ચીમનલાલ, સૂર્યાબેન અરવિંદલાલ, દમયંતીબેન મહેશકુમાર, અરુણાબેન નરેશકુમાર, નયનાબેન કમલેશકુમાર, ચેતનાબેન લલિતકુમારના ભાઈ. હર્ષ, ધ્રુવ, ભવ્ય, જૈનમ, ચાર્વી, શ્લોક, ટીશા, જીયા, જીયાનના દાદા. પિયરપક્ષે ચાપલાનેર નિવાસી સુધાબેન કાંતિલાલ નાથાલાલ ગાંધીના જમાઈ, ભાવયાત્રા રવિવારે તા. ૨૭/૦૯/૨૦૨૬ના બપોરે ૨ થી ૪ ક. સ્થળઃ પોદાર સ્કૂલ, અપર ગોવિંદ નગર, મલાડ પૂર્વ.

**ઝાલાવાડી વિશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રામપુરા (વઢવાણ) નિવાસી હાલ કાંદીવલી વેસ્ટ, સ્વ. હસમુખલાલ મંગળજીભાઈ શાહના ધર્મપત્ની લતાબેન (લીલીબેન) (ઉં.વ.૮૩) તા. ૨૬-૯-૨૬ને શનિવારના રોજ અરિહંતશરણ થયેલ છે. તે સ્વ. લીલીબેન છબીલદાસ સંઘવી, સ્વ. ત્રંબકલાલ, સ્વ.વસંતલાલ, તથા પ્રવિણચંદ્રના ભાઈના પત્ની. કલ્પેશ તથા સુહાસના માતુશ્રી. પાયલ તથા બિંદુના સાસુ. નાગનેશ નિવાસી હાલ મલાડ સ્વ. મણીલાલ ઓઘડભાઇ શાહના દીકરી, મનન તથા આદીના દાદી, પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ મહાજન જૈન**

કોડાય હાલે થાણાના ચંદ્રેશ વેલજી શાહ (લાલન) (ઉં.વ. ૬૦) તા. ૨૩-૦૯-૨૬ના અવસાન પામેલ છે. સ્વ. માતુશ્રી હીરબાઇ ઓભાયાના પૌત્ર. સ્વ. માતુશ્રી ભાનુમતી વેલજીના સુપુત્ર. નવીન, નિલમ, મધુ (મીના)ના ભાઇ. કોડાયના સ્વ. માતુશ્રી સોનબાઇ ભવાનજી ગોગરીના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. ઠે. નવીન વેલજી શાહ, નવસદન બિલ્ડીંગ, પહેલે માળે, મલાબાર જ્વેલર્સની બાજુમાં, ગોખલે રોડ, નવપાડા, થાણે (વે.) ૪૦૦૬૦૨.

ગોધરાના ભારતી રમેશ રાંભિયા (ઉં. વ. ૬૫) તા. ૨૫/૯/૨૬ના અવસાન પામેલ છે. માતુશ્રી ઝવેરબેન હંસરાજના પુત્રવધુ. રમેશના ધર્મપત્ની. અવની, હાર્દિકના માતુશ્રી. વિમળાબેન વશનજીના સુપુત્રી. અશ્વિન, નિતેષના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. હાર્દિક રમેશ રાંભીયા ઇ-૯૦૫, ગુરૂ આત્મન, યોગી ધામ, કલ્યાણ વેસ્ટ.

નાની તુંબડીના માતુશ્રી લીલાવંતીબેન જેઠલાલ ખુથીયા (ઉં. વ.૭૮) તા. ૨૫-૯-૨૬ના દેહત્યાગ કરેલ છે. માતુશ્રી જેવુબેન પુનશી ખીમરાજ ખુથીયાના પુત્રવધૂ. સ્વ. જેઠાલાલ પુનશીના પત્ની. હિરેન, મનીષના માતુશ્રી. કપાયાના માતુશ્રી લક્ષ્મીબેન ઝવેરીલાલ પૂંજા ગાલાના સુપુત્રી. હેમંત, જયવંતી પ્રેમજી, બિદડાના દમયંતી પ્રેમજી, વાંકીના પ્રભાબેન હીરજી, ડોણના રંજન મણીલાલ, મેરાઉના ભારતી કાંતીલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. મનીષ જેઠાલાલ, બી-૧૦૧, ભૂમિ ઉત્સવ, એમ.જી.રોડ, કાંદિવલી (વે), મું. ૬૭.

પત્રીના નવીન નાનજી ધરોડ (ઉં. વ. ૭૯) તા.૨૪-૯-૨૬ના દેહ પરિવર્તન કરેલ છે. માતુશ્રી રતનબેન નાનજીના સુપુત્ર. નિલમ (કેસરબાઇ)ના પતિ. મેહુલના પિતા. સતીષ, હેમા, અરૂણા ચેતનાના ભાઈ. પત્રીના માતુશ્રી લધીબાઈ કુંવરજી ભારમલ દેઢિયાના જમાઈ. પ્રા. રવિવાર તા. ૨૭-૯-૨૬, સ્થળઃ શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રા. સં. કરસન લઘુ નિસર હોલ દાદર (વે). ટા. ૪ થી ૫:૩૦. ઠે - નવીન ધરોડ, ૫/૪૬, મંગલ ભુવન, મંગલવાડી, ગિરગામ મું-૦૪.

નાની તુંબડીના પ્રવિણ ઉમરશી બૌઆ (ઉં. વ.૮૩) તા.૨૪-૯-૨૬ ના અવસાન પામેલ છે. મણીબેન ઉમરશીના પુત્ર. પ્રભાવતીના પતિ. ભાવીનના પિતા. મહેન્દ્ર, મોટી ખાખર ધનવંતી કાંતિલાલ, મંજલ રેલડીયા પ્રભા જયંત, બિદડા રંજન મુલચંદ, મુંદ્રા અમૃત સુરેશ, ભુજપુર જ્યોતિ ચાંપશીના ભાઈ. હીરબાઈ મીઠુના જમાઈ. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. પ્રવિણ બૌઆ. ૧૫ એ, આશિષ. વી.પી.રોડ, અંધેરી કો.ઓપ.હા.સોસાયટી, અંધેરી (વે), મું.

## કોર્ટના નિયમનું

ફટાકડા, આતિશબાજી, ગુલાલની સાથે ડીજેનો ઘોંઘાટ રહ્યો હતો. પ્રદૂષણને મુદ્દે મુંબઈ હાઈ કોર્ટે ગણેશોત્સવ સહિત તમામ ધર્મના ઉત્સવોને અને શોભાયાત્રામાં ધ્વનિ અને વાયુ પ્રદૂષણરોકવા માટે સાર્વજનિક ઠેકાણે સહિત રસ્તા પર ફટાકડા, ડીજે, લેઝર લાઈટ, બીમ્સ વગેરેના વપરાશ પર પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો હતો. છતાં મુંબઈમાં અનેક જગ્યાએ આ નિયમોનું ઉલ્લંઘન થયું હોવાનું જણાઈ આવ્યું હતું. ■

## હિન્દુ મરણ

**હાલાઇ લોહાણા**

મનીષકુમાર ગોકલદાસ ગાડીત (ઉં. વ. ૬૮) તે સ્વ. ધનલક્ષ્મી ગોકલદાસ રામજી ગાડીત ગામ જામખંભાળીયા હાલ બોરીવલીના સુપુત્ર તે મમતાના પતિ. વિશેષના પિતાશ્રી. તે લીલાવંતી તેજપાલ મુલજી કારીઆ ગામ કચ્છ કોટેશ્વર હાલે માટુંગાના નાના જમાઇ ગુરૂવાર, તા. ૨૪-૯-૨૬ના પરમધામ સિધાવેલ છે. તે સ્વ. મંજુલા જયંત ગોકલદાસ ગાડીતના નાનાભાઇ. તે લતાબેન પ્રવીણભાઇ ચંદન, જયોતીબેન ધરમશી કારીઆ, માયાબેન જગદીશ સચદે, કલ્પના ભરત કારીઆના બનેવી. પ્રાર્થનાસભા-બેસણાની પ્રથા રાખેલ નથી, સર્વે લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે.

**સત્યાવીસ કાંઠા જૂથ નાયી સમાજ**

ઇલોલ હાલ મલાડ નિવાસી જયંતીલાલ પુંજીરામ લિમ્બચીયા (ઉં. વ. ૬૫) તા. ૨૩-૯-૨૬ના ઝાંબિયા આફ્રિકા ખાતે દેવલોક પામ્યા છે. તે વિજયાબેનના પતિ. નચિકેત અને રચનાના પિતાશ્રી. પૂનમ અને રોહિતકુમારના સસરા. શ્રીયાના દાદા પ્રાર્થનાસભા તા. ૨૮-૯-૨૬ના બપોરે ૪થી ૫. ઠે. રૂઇયા હોલ, માલાલ (પ.), ઇલોલ ખાતે સવારે ૧૦થી બપોરે ૧૨.૩૦ કલાકે નાયી વાસમાં રાખેલ છે.

**કચ્છી લોહાણા**

અ. સૌ. ચંદ્રાબેન રમેશભાઇ ઠક્કર (હાલ મુંબઇ) (ઉં.વ.૭૬) તા. ૨૪-૯-૨૬ ગુરૂવારના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. કલ્યાણજીભાઇ માવજીભાઇ ઠક્કરના પુત્રવધૂ. સ્વ. કરસનદાસભાઇ જેઠાભાઇ રૂપારેલની સુપુત્રી. રમેશભાઇ ઠક્કરના પત્ની. ગીતા, સંદીપના માતુશ્રી. સમીરભાઇ, તેજલબેનના સાસુ. મેહેર, આદિત્યના નાની. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**પંચાલ (લુહાર)**

દોણજા નિવાસી હાલ મલાડ સ્વ. જયસુખલાલ જગજીવનદાસ પંચાલના ધર્મપત્ની ગં. સ્વ. ચંદ્રીકાબેન (ઉં. વ. ૭૪) મંગળવાર, તા. ૨૨-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે ફાલ્ગુની, અજય, પુનીતાના માતા. તે નીતીન, ભાવેશ, જીનના સાસુ. આરનવની દાદી. તે રુષભ, વિરેનના નાની. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૮-૯-૨૬ સોમવારના ૪થી ૬. ઠે. સિલ્વર ઓક, બી-૨, અગ્રવાલ સેન્ટર, ડિમોન્ટિક લેન, મલાડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ ભાટિયા**

કુમારી મીતા (ઉં. વ. ૬૪) તે પુષ્પા પદમશી ઉદેશીના પુત્રી. જયાબેન જીવણદાસના ભત્રીજી. અશોક, પરેશ, કિશોરી (લીલીબેન) અશ્વિન ઉદેશીના બેન. તે જેસલ, ચેતન, દિવ્યા, હર્ષ (આનંદ)ના ફઇસાસુ. શીતલ હર્ષદ સંપટ અને અંકિતના માસી તા. ૨૪-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા પોરવાડ વણિક**

સ્વ. પ્રિયવદન મણિલાલ દાણીના ધર્મપત્ની ગં. સ્વ. ઝરણાબેન દાણી (ઉં. વ. ૭૭) તે મૂળ માલવણ નિવાસી હાલ મુંબઈ, નીરવ, નીલમ તથા પૂર્વીના માતુશ્રી. અર્ચના, હિતેશકુમાર તથા મેહુલકુમારના સાસુ. કવિશ તથા સાર્થક અને જીવિકાના બા. પિયરપક્ષે કપડવંજ નિવાસી સ્વ. લલીતાબેન રમણલાલ શાહના દીકરી. તા. ૨૪/૯/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૮/૯/૨૬ના રોજ ૪ થી ૬ ક. પાવનધામ મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ.

**ઝાલાવાડી સઇ સુતાર જ્ઞાતિ**

મઢાદ નિવાસી હાલ વિરાર, સ્વ. કિર્તીકુમાર જાધવજીભાઈ સોલંકી (ઉં. વ. ૮૨) ૨૪/૯/૨૬ના અક્ષરનિવાસી થયેલ છે. તે સ્વ. રૂક્ષ્મણીબેન તથા સ્વ. જાધવજીભાઈ સોલંકીના પુત્ર. સ્વ. કુસુમબેનના પતિ સ્વ. અતુલ તથા જેનીલાના પિતા. જયેશકુમાર પ્રભુદાસ પરમારના સસરા. સ્વ. શિવલાલ પીઠા ગોહિલના જમાઈ. તેમની પ્રાર્થનાસભા ૨૭/૯/૨૬ના રોજ ૪ થી ૬ ક. તેરાપંથ ભવન, અહિંસા માર્ગ, વિરાર વેસ્ટ.

**બ્રહ્મ ભટ્ટ બારોટ**

કેશોદ નિવાસી હાલ મુંબઈ, સ્વ. ધનકુંવરબેન રામલાલ રેણુકાના પુત્ર વિષ્ણુપ્રસાદ રેણુકા (ઉં. વ. ૭૬) ૨૩/૯/૨૬ના કૈલાશવાસી થયેલ છે. તે જયશ્રીબેનના પતિ. હિરલ તથા મિથિલના પિતા. ધારીણીના સસરા. રાજકોટ નિવાસી સ્વ. વિમળાબેન નૌતમલાલ બારોટના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વીરપુર દશાનિમા વણિક**

હાલ મુંબઈ, કાંદીવલી, તૃપ્તિબેન (ઉં. વ. ૬૫) તે ગિરીશભાઈ મણિલાલ દેસાઈના ધર્મપત્ની, સ્વ. મુકુંદલાલ તથા સ્વ.સુભદ્રાબેનના પુત્રી. વિરલ તથા જીમીશની માતા, સ્નેહાબેન તથા અસ્મિતાબેનના સાસુ. જયશ્રીબેન, ઈન્દ્રવદનભાઈ તથા સ્વ. પ્રેરણાબેનની બેન. શુક્રવાર તા. ૨૫-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રવિવાર તા. ૨૭-૯-૨૬ની સાંજે ૫ થી ૭. પ્રાર્થનાસભા સ્થળ- શ્રી વાંઝા વાડી, મથુરાદાસ રોડ એક્સટેન્શન, કાંદિવલી વેસ્ટ.

**ઘોઘારી લોહાણા**

મૂળગામ કોટડા પીઠા નિવાસી હાલ બોરીવલી, સ્વ. નંદલાલભાઈ રતનશીભાઈ વસાણીના ધર્મપત્ની તથા પિયરપક્ષે સ્વ. કેશવજીભાઈ ગાદેસાના સુપુત્રી, ગં.સ્વ. કંચનગૌરી (ઉં.વ.૮૭) ૨૫/૯/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે રમેશભાઈ તથા રેખાબેન વસાણીના ભાભી, સુધીરભાઈ, વરૂણભાઈ, જ્યોતીબેન ભરતકુમાર મગદાણી, નીતાબેન વસંતકુમાર માણેક, છાયાબેન ચેતનકુમાર મશરૂ, રિદ્ધિબેન કલ્પેશકુમાર તન્નાના માતુશ્રી, શિલ્પાબેન તથા લીપીબેનના સાસુ, ઉર્જા વત્સલ વસાણીના દાદીસાસુ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદીચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ**

રાજકોટ નિવાસી, સ્વ.પ્રશાંતભાઇ (ઉં. વ. ૫૨) તે સ્વ.જશવંતરાઇ ભાઇશંકર પંડ્યાના સુપુત્ર. દીયાના પિતાશ્રી તા. ૨૪-૦૯-૨૬, ગુરૂવારના રોજ અવસાન પામેલ છે. બેસણું તા. ૨૮-૦૯-૨૬, સોમવારના રોજ સાંજે ૪ થી ૬. તેમના નિવાસ સ્થાન : સ્વામી વિવેકાનંદ ટાઉનશીપ, અ- વિંગ, ૬૦૧, સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાછળ, રાજકોટ.

**કપોળ**

ચલાલા નિવાસી હાલ કાંદિવલી, સ્વ. અજીતરાય નરભેરામ મહેતાના ધર્મપત્ની મંગળાબેન (ઉં. વ. ૮૮) તે કિરણ, સોનલ, નવીન, વર્ષા, ભાવનાના માતુશ્રી. કુશળના દાદી, દિનેશકુમાર ગાંધી, રાજેન્દ્રકુમાર સંઘવી, અ.સૌ. ગીતાબેન, મનીષકુમાર પટેલ, અતુલકુમાર વોરાના સાસુ, ડેડાણવાળા સ્વ. શામજી હરજીવન ગોરડીયાની દિકરી, શૈલી, વિરાજ, વૈભવ, જય, વિરાલી, કૃપેશ, સાક્ષી, દિશાંત, રોમીતના નાની. શુક્રવાર તા. ૨૫.૦૯.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી મોઢ વણિક**

અમરેલી નિવાસી હાલ ઘાટકોપર, ગં.સ્વ. સરલાબેન દિનેશચંદ્ર પરીખ (ઉં. વ. ૮૮) તે સ્વ. હિંમતલાલ ઓધવજી પરીખના પુત્રવધૂ, સ્વ. જયંતીલાલ પારેખના દિકરી, કિરણભાઈ તથા હિમાંશુભાઈ પરીખના માતુશ્રી, નયનાબેનના સાસુ. ઇશિતા, દર્શિત, હનીના દાદી, સ્વ. ભાનુબેન મુકુન્દરાય મણિયાર, શરદભાઈ પારેખ, કિર્તીભાઇ પારેખના બહેન, ગુરુવાર તા. ૨૪-૯-૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર તા. ૨૭.૯.૨૬ના રોજ સાંજે ૫ થી ૭. સ્થળઃ પરમ કેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર પશ્ચિમ.

**કચ્છી લોહાણા**

સ્વ. મોતીરામ ચત્રભુજ ચોથાણી, કચ્છ ગઢશીશા, હાલ બોરીવલીના પુત્ર, સ્વ. દિનેશભાઈના ધર્મપત્ની કુસુમબેન (ઉં. વ. ૭૬) તે સ્વ. ગોદાવરીબેન સુંદરજીભાઈ ખટાઉ, નલિયાના પુત્રી, ધર્મેશ, જિગ્નાના માતુશ્રી, મીતાબેન, શૈલેષભાઈના સાસુજી, જયશ્રીબેન, હીરક, જતનના દાદીમા, શ્લોકના નાનીમા, તા. ૨૪-૯-૨૦૨૬, ગુરુવારના રામશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર તા. ૨૭-૯-૨૦૨૬ના સાંજે ૫થી ૬.૩૦. લોહાણા બાલાશ્રમ હોલ, મથુરાદાસ રોડ, અતુલ ટાવરની બાજુમાં, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**નાઘેર દશા મોઢ માંડલિયા વણિક**

સનકડા વાસી, હાલ ઘાટકોપર, સ્વ. દિલીપભાઈ ગુલાબરાય દામાણી તા. ૨૪-૯-૨૬, ગુરુવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ઈન્દુબેન ગુલાબરાય ગોવિંદજીના સુપુત્ર, ઈન્દિરાબેનના પતિ. સ્વ. કુમનદાસ જેઠાભાઈ શાહના જમાઈ નિમિષા, દર્શન તથા વ્યોમા મેહુલના પિતાશ્રી અને પ્રશમ તથા વેદિકાના દાદાશ્રી. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**વિસા સોરઠીયા વણિક**

ઉંબરીવાળા, હાલ બોરિવલી, ભારતી નરેશચંદ્ર શાહ (ઉં. વ. ૭૧) તા. ૨૪/૯/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. સવિતા જમનાદાસ પુરૂષોત્તમ શાહના પુત્રવધૂ. ડૉ. નરેશચંદ્ર શાહના પત્ની. પિતૃપક્ષે કડી કલોલવાળા, સ્વ. શારદાબેન કનુભાઈ ડાહ્યાલાલ વ્યાસના પુત્રી, ઈશા રોનક પરિખ અને રીચા હાર્દીક ભીડેના માતુશ્રી. સ્વ. મૃદુલા નરેન્દ્ર શાહ, અંજુ ઈન્દ્રવદન શાહ, અને અજીત જમનાદાસના ભાભી. માલા અજીત શાહના જેઠાણી. લૌકિક ક્રીયા બંધ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

દિવ્યા ચિંતન દવે (ઉં. વ. ૩૯) ચિંતન દવેના પત્ની. મેહર અને મૌર્યના માતુશ્રી. હિના અને કમલેશ દવેની પુત્રવધૂ. યામિની અને વિમલ ભોજક (કલકતાવાળા)ની દીકરી હર્ષલતા દવેના પૌત્રવધૂ. હંસા શર્માની દૌહીત્રી. તા. ૨૩/૦૯/૨૬ના રામશરણ પામ્યા છે.

**ભીતરા ખેડાવળા બ્રાહ્મણ**

મોટાભાઇ/કાકા સ્વ. જનકકુમાર નરેન્દ્રભાઇ દવે તા. ૨૪/૦૯/૨૬ને ગુરૂવારના રોજ અવસાન થયું છે. પ્રાર્થનાસભા તા. ૨૭/૦૯/૨૬ને રવિવાર સાંજે ૫ થી ૭. સ્થળઃ માધવબાગ, સી.પી.ટેંક મુંબઈ ૪૦૦૦૦૪. અ.સૌ.ભારતી કર્દમ દવે (ભાભી) કર્દમ નરેન્દ્ર દવે.(ભાઇ) અ.સૌ. માનસી જયદેવ દવે.(ભ.વહુ) જયદેવ કર્દમ દવે.(ભત્રીજો) અ.સૌ. અવનિ કરણ શાહ (ભત્રીજી) કરણ વિજય શાહ (જમાઈ).

## પાયદસ્ત

**ઓસ્ટ્રેલિયા**

કુમી કેકી પટેલ તે કેકી મીનોચેર પટેલના ધનીયાની. તે મરહુમો તેહમીના હોરમઝજી મહેતાના દીકરી. તે ડો. મીનુંના માતાજી. તે નીલુફરના સાસુ. તે ખુશરૂ તથા મરહુમ દીનશાના બહેન. તે શેરઝાદે ને જરીયાનના બપયજી. (ઉં. વ. ૮૭) રે. ઠે. યુનીટ ૧૨, ૩૨-૪૨, લારચ, કેરસત માઉન્ટ વાવેરલી, વિક્ટોરિયા ૩૧૪૯, મેલબોન ઓસ્ટ્રેલિયા. પાયદસ્ત ઓસ્ટ્રેલિયામાં રાખેલ છે. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૭-૯-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે એમ. જે. વાડીયા અગિયારીમાં છેજી લાલબાગમાં.

## પારસી મરણ

દેઝ જહાંગીર ઇરાની તે જહાંગીરના ધનીયાની. તે મરહુમો શીરીન જમશેદ ઇરાનીના દીકરી. તે પેરીન, યાસમીન, મરહુમ ફરીદાના બહેન. (ઉં. વ.૬૪) રે. ઠે. તારાચંદ બિલ્ડિંગ નં.૧૭, ૧લે માળે, રૂમ. નં. ૪, ગામડીયા કોલોની, મુંબઇ-૪૦૦૦૦૭.

વીલુ જાલ બેકસ્તર તે મરહુમો રોશન જાલ બેકસ્તરના દીકરી. તે મરહુમો મીનું ને આરનીના બહેન. (ઉં. વ. ૭૪) રે. ઠે. પારુખ ધરમશાલા, ખરેઘાટ કોલોની, ૩૪ હ્યુજીસ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭.

ઝીનોબીયા દોસી દારૂવાલા તે હોસીના ધનીયાની. તે મરહુમો ગુલ સોહરાબ કોરખાવના દીકરી. તે જેસમીન ને મેહેનદોશ દારૂવાલાના માતાજી. તે દીલનવાઝના સાસુજી. તે ફરાદના મમઇજી. (ઉં.વ. ૭૮) રે. ઠે. ૮૨-ડી, નીયામત, ત્રીજે માળે, અલમેદા રોડ, બાંદ્રા, (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦.

મરઝબાન દીનશા રાગીના તે મરહુમ ફ્રેનીના ધની. તે મરહુમો તેહમીના દિનશા રાગીનાના દીકરા. તે ફિરદોશ ને પરલના પપા. તે મહાઝરીન ને મેહરવાનના સસરા. તે ખોરશેદ તથા મરહુમ જાલના ભાઇ. કયરા, ઇયાનાદના બપાવા. (ઉં. વ. ૯૧) રે. ઠે. ૩૦, ભરૂચા બંગલો, ૧લે માળે, ખેતવાડી ૧૧મી ગલી, ગીરગામ, મુંબઇ-૪૦૦૦૦૪.

રોશની અસપી દવીયરવાલા તે અસપીના ધનીયાની. તે મરહુમો ધન મેરવાનજી પુનાવાલાના દીકરી. તે શીરોયના માતાજી. તે મેહરનોશ, ફેરમીન, હોશંગ, વીલી ને પરસીર મરહુમ સરોશના બહેન. તે ગુલશનના નણંદ. તે ખુશરુના બનેવી. (ઉં. વ. ૬૮) રે. ઠે. બ્લોક નં.૧૦, રૂમ.નં.૧, વાડીયા બ્લોક્સ, માલકમ બાગ, એસ. વી. રોડ, જોગેશ્વરી રોડ, મુંબઇ-૪૦૦૧૦૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૭-૯-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે માલકમ બાગ અગિયારીમાં છે.

મેહરુ દીનશાજી થાનેવાલા તે મરહુમો ધનમાય દીનશાજી થાનેવાલાના દીકરી. તે જેહાન, ગુલ ને મરહુમ પેરીન જીનાના બહેન. તે હોમી, કેટી ને મરહુમ દીનશાના માસી. તે રશના, આવાના ફૂઇ. (ઉં. વ. ૯૫) રે. ઠે. બિલ્ડિંગ ૬૧૮, એ બ્લોક, ચોથે માળે, ભીવંડીવાલા ટેરેસ, જે.એસ.એસ.રોડ, કાલબાદેવી, મુંબઇ-૪૦૦૦૦૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૭-૯-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે, કરાની અગિયારીમાં.




**આ વર્ષના** 'વર્લ્ડ હાર્ટ ડે' (વિશ્વ હૃદય દિવસ) નિમિત્તે તબીબી જગતે 'એક પણ ધબકારો ચૂકવો ન જોઈએ' (*Don't Miss a Beat*) એવો અત્યંત મહત્ત્વનો સંદેશ આપ્યો છે. મુંબઈના વરિષ્ઠ કાર્ડિયાક સર્જન ડૉ. પવન કુમાર જણાવે છે કે, છાતીમાં થતી સામાન્ય અસ્વસ્થતા, વગર કારણે શ્વાસ ચડવો કે અતિશય થાક લાગવા જેવા લક્ષણોને ક્યારેય અવગણશો નહીં. ઘણીવાર લોકો બીમારીના ડરથી ડોક્ટર પાસે જવાનું ટાળે છે. તેમાં પણ જો 'ઓપન હાર્ટ સર્જરી'ની જરૂરિયાત હોવાનું કહેવામાં આવે, તો દર્દી અને તેના પરિવારના પગ નીચેથી જમીન સરકી જાય છે. આવા સમયે મૂંઝાયા વગર, યોગ્ય નિર્ણય લેવા માટે નિષ્ણાતોનો 'બીજો અભિપ્રાય' (*Second Opinion*) લેવો કેટલો જરૂરી છે, તેના પર પ્રકાશ પાડવો અનિવાર્ય બન્યો છે.

મારા ૩૬ વર્ષના કાર્યકાળ અને ૧૫,૦૦૦ થી વધુ સફળ હાર્ટ સર્જરીના અનુભવ પરથી મેં તબીબી ક્ષેત્રે આવેલી અદ્‌ભુત તકનીકી ક્રાંતિ ખૂબ નજીકથી જોઈ છે. છેલ્લા બે-ત્રણ દાયકામાં હૃદયરોગ વિજ્ઞાને જેટલી પ્રગતિ કરી છે, તેટલી અગાઉ ક્યારેય થઈ નહોતી. ડૉ. પવન કુમારના જણાવ્યા મુજબ, આ ટેકનોલોજી દર્દીઓ માટે વરદાન સાબિત થઈ રહી હોવા છતાં, તેના કારણે સારવારના વિકલ્પો અત્યંત જટિલ બની ગયા છે. સામાન્ય દર્દી કે તેમના ફેમિલી ડૉક્ટર માટે પણ આ તમામ વિકલ્પોનો ઊંડો અભ્યાસ કરવો મુશ્કેલ બને છે. બરાબર આવા જ સમયે એક સ્વતંત્ર અને અનુભવી નિષ્ણાતનો 'સેકન્ડ ઓપિનિયન' જીવનદાતા સાબિત થઈ શકે છે.

### હાર્ટ ફેલ્યોર અને અદ્યતન સારવાર

હૃદયરોગની સારવાર હવે માત્ર સ્ટેન્ટ કે વાલ્વ પૂરતી મર્યાદિત નથી રહી. 'એડવાન્સ્ડ હાર્ટ ફેલ્યોર' (હૃદય નબળું પડવું) ના દર્દીઓ માટે આધુનિક દવાઓ ઉપલબ્ધ છે, જેમ કે Sacubitril/Valsartan (ARNI) અને Gliflozins (SGLT2 Inhibitors). આ ઉપરાંત પ્રોસિજરમાં 'હાર્ટ આસિસ્ટ ડિવાઇસ' અને અદ્યતન પેસમેકર (CRT-P/CRT-D) ઉપલબ્ધ છે. ડો. પવન કુમારના જણાવ્યા મુજબ, જ્યારે તમારા પ્રાથમિક ડોક્ટર સારવારના અનેક વિકલ્પો સામે રાખે છે, ત્યારે તેમાંથી યોગ્ય અને સુરક્ષિત માર્ગ પસંદ કરવા માટે બીજા નિષ્ણાતનો અભિપ્રાય અત્યંત મૂલ્યવાન સાબિત થાય છે.

# સારવારના ગૂંચવતા વિકલ્પો વચ્ચે સાચો રસ્તો બતાવશે 'સેકન્ડ ઓપિનિયન'

### એન્જિયોપ્લાસ્ટી કે બાયપાસ?

હૃદયરોગમાં સૌથી સામાન્ય જોવા મળતી બીમારી એટલે 'કોરોનરી આર્ટરી ડિસીઝ' (ધમનીઓમાં બ્લોકેજ હોવું). જ્યારે કોઈ દર્દીને ગંભીર બ્લોકેજ હોવાનું નિદાન થાય છે, ત્યારે એન્જિયોપ્લાસ્ટી કરાવવી કે બાયપાસ સર્જરી (CABG), તેને લઈને મોટી મૂંઝવણ ઊભી થાય છે.

આજે એન્જિયોપ્લાસ્ટીમાં પણ IVUS (ઇન્ટ્રા વેસ્ક્યુલર અલ્ટ્રા સાઉન્ડ) જેવી આધુનિક પદ્ધતિ ઉપલબ્ધ છે, જે હૃદયની રક્તવાહિનીઓની અંદરથી તપાસ કરે છે. તેમજ OCT (ઓપ્ટિકલ કોહરન્સ ટોમોગ્રાફી) પણ ઉપલબ્ધ છે, જેનાથી ડૉક્ટરોને બ્લોકેજ કેટલું કઠણ કે જૂનું છે તેનો સચોટ ખ્યાલ આવે છે. ડૉ. પવન કુમાર સમજાવે છે કે, સારવારમાં પણ ડ્રગ કોટેડ સ્ટેન્ટ્સ (Drug Coated Stents), ડ્રગ એલ્યુટિંગ બલૂન્સ (Drug Eluting Balloons), કટિંગ બલૂન્સ મેથડ (Cutting Balloons) અને 'રોટાબ્લેશન' (Rotablation) અથવા લેસરથી બ્લોકેજ વેપોરાઇઝ (ઓગાળી નાખતી) કરનારી ટેક્નોલોજી જેવી અત્યાધુનિક પદ્ધતિઓ આવી ગઈ છે. તમારા બ્લોકેજનું સ્વરૂપ જોઈને આમાંથી કઈ પદ્ધતિ યોગ્ય છે તે નક્કી કરવા માટે વિશેષ કૌશલ્યની જરૂર પડે છે.

બીજી તરફ, બાયપાસ સર્જરીમાં પણ હવે 'બીટિંગ હાર્ટ સર્જરી' (ચાલુ હૃદયે થતી સર્જરી), મિનિમલી ઇન્વેસિવ સર્જરી (નાના ચેકાવાળી સર્જરી) અને રોબોટિક સર્જરી જેવા અદ્યતન વિકલ્પો ઉપલબ્ધ છે. કોઈ એક હૉસ્પિટલ સાથે બંધાયેલા ન હોય તેવા તટસ્થ નિષ્ણાતનો સેકન્ડ ઓપિનિયન તમને ન્યૂનતમ જોખમ અને લાંબા ગાળાના ફાયદાનો સાચો માર્ગ બતાવી શકે છે.

### હૃદયના વાલ્વની બીમારી અને આધુનિક વિકલ્પો

અગાઉ હૃદયનો વાલ્વ ખરાબ થાય ત્યારે ઓપન હાર્ટ સર્જરી એ જ એકમાત્ર વિકલ્પ હતો. પરંતુ, ડૉ. પવન કુમાર કહે છે કે હવે 'એઓર્ટિક વાલ્વ'ની બીમારી માટે સર્જરી વગર માત્ર કેથેટરની મદદથી વાલ્વ બદલવાની 'ટાવી' (TAVI / TAVR) પદ્ધતિ ઉપલબ્ધ છે. તમારી ઉંમર, બીમારીની ગંભીરતા અને આર્થિક ક્ષમતાને ધ્યાનમાં રાખીને 'ટાવી' પદ્ધતિ યોગ્ય રહેશે કે પરંપરાગત સર્જરી, તેનું યોગ્ય વિશ્લેષણ એક નિષ્પક્ષ નિષ્ણાત જ કરી શકે છે.

આવી જ પરિસ્થિતિ 'માઇટ્રલ વાલ્વ'ની બીમારીમાં પણ જોવા મળે છે. વાલ્વ પર માત્ર દવાઓથી સારવાર કરવી કે સર્જરી? જો સર્જરી કરવી હોય તો વાલ્વ દુરસ્ત (Repair) કરવો, સંપૂર્ણ બદલવો (Replace) કે TMVR કરવું? હાલમાં ભારતમાં વાલ્વ લીકેજ માટે 'માઇટ્રાક્લિપ' (MitraClip) જેવી અત્યંત મોંઘી પરંતુ અસરકારક પદ્ધતિ ઉપલબ્ધ છે. સેકન્ડ ઓપિનિયન લેવાથી આ ખર્ચાળ સારવારના ફાયદા-ગેરફાયદા સમજીને યોગ્ય નિર્ણય લઈ શકાય છે.



હૃદયની સારવારમાં સચોટ નિર્ણય માટે 'સેકન્ડ ઓપિનિયન' એક મહત્ત્વપૂર્ણ વિકલ્પ
- ડૉ. પવન કુમાર (વરિષ્ઠ કાર્ડિયાક સર્જન, મુંબઈ)

### નિષ્પક્ષ દ્રષ્ટિકોણ કેમ જરૂરી છે?

તબીબી ક્ષેત્રમાં કોઈ એક નિશ્ચિત માળખું હોતું નથી. દરેક વ્યક્તિની શારીરિક રચના અને બીમારીનું સ્વરૂપ અલગ-અલગ હોય છે. જટિલ કેસોમાં ડૉક્ટરો પોતે પણ પોતાના સાથી ડૉક્ટરો સાથે ચર્ચા કરતા હોય છે. હોસ્પિટલની બહારના સ્વતંત્ર કાર્ડિયોલોજિસ્ટ અથવા સર્જન કોઈપણ પૂર્વગ્રહ વિના, સંપૂર્ણ નિષ્પક્ષ રીતે દર્દીની ફેમિલી હિસ્ટ્રી, ઉંમર, ડાયાબિટીસ કે કિડનીની બીમારી અને આર્થિક પરિસ્થિતિનો વિચાર કરીને એક સુરક્ષિત અને વ્યાજબી માર્ગ સૂચવી શકે છે.

કટોકટીની સ્થિતિમાં પણ લેવાયેલી એક ઝડપી અને નિષ્ણાત સલાહ દર્દીનો જીવ બચાવી શકે છે, હોસ્પિટલનું બિનજરૂરી મોટું બિલ અટકાવી શકે છે અને સર્જરી પછીની જટિલતાઓને ટાળી શકે છે. ડૉ. પવન કુમાર અંતમાં સંદેશ આપતા કહે છે કે, બીજા અભિપ્રાય માટે થતો સામાન્ય ખર્ચ તમને અને તમારા પરિવારને માનસિક શાંતિ અને સારવારની સાચી દિશા આપે છે. આ વિશ્વ હૃદય દિવસે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત બનો, મનની શંકાઓ દૂર કરો અને હૃદયની બાબતમાં 'સેકન્ડ ઓપિનિયન' લઈને સંપૂર્ણ ખાતરી કરી લો.

### Bullet Points (મહત્ત્વના મુદ્દાઓ)

★ **લક્ષણો છુપાવશો નહીં:** છાતીમાં બેચેની, અકારણ શ્વાસ ફૂલવો અથવા અતિશય થાક લાગવા જેવા સંકેતોને ક્યારેય પણ અવગણશો નહીં.

★ **વધતી જતી તકનીકી જટિલતા:** છેલ્લા ત્રણ દાયકામાં કાર્ડિયોલોજી (હૃદયરોગ વિજ્ઞાન) માં ભારે પ્રગતિ થઈ છે, જેના કારણે સારવારના આધુનિક વિકલ્પો અત્યંત જટિલ બની ગયા છે.

★ **એન્જિયોપ્લાસ્ટી વિરુદ્ધ બાયપાસ:** IVUS, OCT ટેક્નિક અને રોબોટિક કે બીટિંગ હાર્ટ સર્જરી જેવા વિકલ્પોમાંથી સાચી પસંદગી કરવા માટે નિષ્ણાતની સલાહ જરૂરી છે.

★ **સર્જરી વગર વાલ્વ રિપ્લેસમેન્ટ:** 'એઓર્ટિક વાલ્વ' (Aortic Valve) ની બીમારી માટે હવે કોઈ પણ ચીર-ફાડ વગર, માત્ર કેથેટરની મદદથી 'TAVI/TAVR' પદ્ધતિ ઉપલબ્ધ છે.

★ **નિષ્પક્ષ દ્રષ્ટિકોણ:** એક સ્વતંત્ર ડૉક્ટર તમારી ઉંમર, ફેમિલી હિસ્ટ્રી અને આર્થિક સ્થિતિ અનુસાર કોઈપણ પૂર્વગ્રહ વિના તમને સાચો અને કરકસરભર્યો રસ્તો બતાવી શકે છે.

★ **પૈસા અને જીવ બચશે:** કટોકટીની (ઇમરજન્સી) સ્થિતિમાં પણ ઝડપથી લેવાયેલો સેકન્ડ ઓપિનિયન દર્દીનો જીવ બચાવી શકે છે અને હોસ્પિટલના બિનજરૂરી મોટા બિલમાંથી રાહત અપાવી શકે છે.

**Contact**
**Dr. Pavan Kumar (Senior Heart Surgeon.)**
■ Gleneagles Hospital ■ BSES Hospital
■ Sevenhills Reliance Foundation Hospital.
Contact : 9820160600 ■ 9820086580
Website : www.drpavankumar.in

## ૨૦૨૭નો વર્લ્ડ કપ છેલ્લો, બધુ દાવ પર લગાવી દઈશઃ કોહલી

તિરુવનન્તપુરમઃ ભારતના બૅટિંગ સુપરસ્ટાર વિરાટ કોહલીએ કહ્યું છે કે આવતા વર્ષે રમનારો વન-ડે વર્લ્ડ કપ તેનો છેલ્લો હશે અને એની ટ્રૉફી જીતવા માટે તે બધુ દાવ પર લગાવી દેશે. ઉલ્લેખનીય છે કે ૨૦૨૭નો વિશ્વ કપ સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયામાં સંયુક્ત રીતે યોજાશે. વિરાટે આવું કહીને સ્પષ્ટ સંકેત આપી દીધો છે કે તે ઑક્ટોબર, ૨૦૨૭ના વર્લ્ડ કપ સુધી ભારત વતી રમતો રહેવાનો છે. બીજી રીતે કહીએ તો વિરાટ એક વર્ષ સુધી ફૉર્મમાં હોય કે ન હોય, તે ૨૦૨૭નો વર્લ્ડ કપ રમવાનો જ છે અને કોઈ પણ સિલેક્ટર તેને એ ટૂર્નામેન્ટની ટીમની બહાર રાખવાની હિંમત નહીં કરે.

૩૭ વર્ષનો કિંગ કોહલી હવે ભારત વતી માત્ર વન-ડે ફૉર્મેટમાં જ રમે છે. તેણે રવિવારે અહીં વેસ્ટ ઇન્ડિઝ સામે શરૂ થતી વન-ડે સિરીઝની પૂર્વસંધ્યાએ એક જાણીતી ઍપ સાથે ઘણી વાતચીત કરી હતી. તેણે પત્રકારને કહ્યું, '૨૦૨૭નો વન-ડે વર્લ્ડ કપ મારો અંતિમ હશે. એ જ મારા માટે ટાઇટલ જીતવા માટેનું સૌથી મોટું પ્રોત્સાહન છે. હું બનતું બધુ કરી છૂટીશ. બધુ દાવ પર લગાવી દઈશ. એ માટે હું તૈયાર છું. મારો એકમાત્ર ધ્યેય વર્લ્ડ કપની ટ્રૉફી જીતવાનો છે.'

જોકે વિરાટ અગાઉ એક વન-ડે વર્લ્ડ ચૅમ્પિયનપદનો હિસ્સો રહી ચૂક્યો છે. ૨૦૧૧માં એમએસ ધોનીની કૅપ્ટન્સીમાં ભારતે જે વન-ડે વર્લ્ડ કપ જીતી લીધો હતો એની ટીમમાં વિરાટ હતો. નવેમ્બરમાં વિરાટ ૩૮ વર્ષનો થશે. તેણે વધુમાં કહ્યું, 'હવે તો ટી-૨૦ના સ્તર જેવી તીવ્રતાવાળી લગભગ ૧૦ વન-ડે મૅચ મોટી ટૂર્નામેન્ટમાં રમાતી હોય છે. અઢી ટી-૨૦ મૅચ બરાબર એક વન-ડે થાય. એ જોતાં ૧૦ વન-ડે રમવી એ બહુ મોટી વાત કહેવાય અને એ પણ વિદેશી પિચો પર!'

૩૯ વર્ષનો રોહિત શર્મા પણ આ ઇન્ટરવ્યૂમાં હતો અને તેણે વર્લ્ડ કપ બાબતમાં પૂછાતાં કહ્યું, 'વર્લ્ડ કપનો પડકાર કંઈક જુદો જ હોય છે. એ અલગ જગ્યાએ અલગ હરીફો સામે રમાતો હોય છે. હું વર્લ્ડ કપ બાબતમાં ઉત્સુક અને એક્સાઇટેડ છું.' ■



Deepak Somaiya



KAAJAL ADS






KAAJAL ADS

## ભારતે કબડ્ડીમાં કમાલ કરી, પણ આઠ દિવસમાં માત્ર ચાર ગોલ્ડ હાથ લાગ્યાં

### ચીન ૧૦૭ ગોલ્ડ સહિત ૧૭૬ ચંદ્રક સાથે મોખરે, જાપાન ૩૧ સુવર્ણ સહિત ૧૨૯ મેડલ સાથે બીજા નંબરે

નાગોયા (જાપાન): ૨૦મી એશિયન ગેમ્સમાં ભારતનો પર્ફોર્મન્સ સારો નથી. આઠ દિવસ થઈ ગયા છે, ચોથી ઑક્ટોબર સુધીના આ રમતોત્સવમાં હવે માત્ર આઠ દિવસ બાકી રહ્યા છે અને ગઈ કાલ સાંજ સુધીમાં ભારતીયોની ઝોળીમાં માત્ર ચાર ગોલ્ડ મેડલ આવ્યા હતા. નવાઈની વાત એ છે કે ૨૦૨૨ની ૧૯મી એશિયન ગેમ્સમાં ૨૮ ગોલ્ડ મેડલ, ૩૮ સિલ્વર, ૪૦ બ્રૉન્ઝ સહિત કુલ ૧૦૬ ચંદ્રક સાથે ચોથા નંબર પર હતું, જ્યારે શનિવારે સાંજે ભારતીયો છેક દસમા સ્થાને હતા. એક વાતની ખુશી એ છે કે કબડ્ડીના ખેલાડીઓએ ઉપરાઉપરી બે ગોલ્ડ મેડલ અપાવીને દેશને મેડલ-ટેબલમાં ટૉપ-ટેનમાં લાવી દીધું હતું. શનિવાર સાંજ સુધીમાં ભારત ચાર ગોલ્ડ, ૧૨ સિલ્વર, ૧૪ બ્રૉન્ઝ સહિત કુલ ૩૦ મેડલ જીતીને ૧૦મા સ્થાને હતું.



ગઈ કાલે મેન્સ કબડ્ડીમાં એક તબક્કે કૅપ્ટન સુનીલ કુમારે ઇરાનના ડેન્જરસ ખેલાડી અમીરમોહમ્મદને ટેકલ કર્યો હતો. ભારતે પછીથી ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. મહિલાઓની ફાઇનલમાં એક રેઇડ દરમ્યાન સંજુ દેવીએ ઇરાનની ખેલાડીઓને થકવી નાખી હતી. મહિલાઓની ૫૦ મીટર ટીમ શૂટિંગમાં તિલોત્તમા સેન, વિદર્સા વિનોદ અને આશી ચોક્સીની ત્રિપુટીએ સિલ્વર મેડલ જીતી લીધો હતો. ગોળાફેંકમાં ભારતનો તેજિન્દરપાલ સિંહ તૂર લોખંડનો ગોળો ૨૦.૬૪ મીટર દૂર ફેંકીને સિલ્વર મેડલ જીત્યો હતો. (પીટીઆઇ)

## રોહિત-કોહલી શો જોવા આજે તૈયાર થઈ જાઓ

### બપોરે ૨.૦૦ વાગ્યાથી પ્રથમ વન-ડે

તિરુવનન્તપુરમઃ ભારત અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે આજે અહીં સિરીઝની પ્રથમ વન-ડે (બપોરે ૨.૦૦ વાગ્યાથી) રમાશે અને એ સાથે થોડા દિવસ માટે ક્રિકેટપ્રેમીઓને ફરી એક વખત રો-કો તરીકે જાણીતા રોહિત-કોહલીની આતશબાજીનો શૉ જોવાનો મોકો મળશે.

જોકે શાઇ હોપની કૅરિબિયન ટીમ સામે હાર્દિક, બુમરાહ અને શ્રેયસ વગરની આ સિરીઝમાં રમનારા ખેલાડીઓમાં ખાસ કરીને કૅપ્ટન શુભમન ગિલ ઉપરાંત યશસ્વી, ગાયકવાડ, રાહુલ, જાડેજા, જુરેલ, નીતીશ રેડ્ડી, નમન ધીર, ગુરનૂર બ્રાર, આકિબ નબી, કુલદીપ, ક્રિષ્ના અને સિરાજનો સમાવેશ છે. ■

## વિનોદ કાંબળી હવે વૃદ્ધાશ્રમમાં રહે છે?

થાણેઃ એક સમયે ભારતના ટોચના બૅટ્સમેનોમાં ગણાતો અને સચિન તેન્ડુલકરનો ખાસ મિત્ર વિનોદ કાંબળી થાણેના એક વૃદ્ધાશ્રમમાં રહે છે એવો અહેવાલ ચર્ચાસ્પદ થયો છે. તે વૃદ્ધાશ્રમમાં પલંગ પર બેસીને ઇન્ટરવ્યૂ આપી રહ્યો હોય એવો વીડિયો અને ફોટો સોશ્યલ મીડિયામાં વાઇરલ થયા છે.

એક અહેવાલ અનુસાર કાંબળીના મિત્ર અને પ્રથમ કક્ષાની ક્રિકેટના ભૂતપૂર્વ અમ્પાયર માર્કસ કૉઉટોએ એક મુલાકાતમાં કાંબળીના સ્વાસ્થ્ય વિશે વિગતો આપી હતી. તેમના જણાવ્યા મુજબ કાંબળી મગજમાં લોહીનો ગઠ્ઠો જામ્યા બાદ યાદશક્તિને લગતી બીમારીથી પીડાય છે, તેને બહુ ઓછું યાદ રહે છે. અમુક વાતો તે યાદ રાખી શકે છે, પણ પછી ભૂલી જાય છે. તે વૃદ્ધાશ્રમમાં રહે છે એ જાણીને તેના અનેક ચાહકોને તેના સ્વાસ્થ્ય બાબતમાં ચિંતા થઈ રહી છે. કાંબળીએ દારૂ પીવાનું બંધ કરી દીધું છે, પરંતુ ક્યારેક સ્મોકિંગ કરે છે એવું એક અહેવાલ પરથી જાણવા મળ્યું છે. જોકે ડૉક્ટરે તેને બ્રેઇન સ્ટ્રૉકની સંભાવના બતાવીને સ્મોકિંગ સદંતર બંધ કરી દેવાની અગાઉ જ સલાહ આપી હતી.



કાંબળીએ તાજેતરના એક ઇન્ટરવ્યૂમાં વૃદ્ધાશ્રમ ખાતેની સુવિધાઓ તથા સ્વાસ્થ્ય સંબંધી સગવડો વિશે વાત કરી હતી અને કહ્યું હતું કે તેને આ વૃદ્ધાશ્રમમાં ઘરમાં રહ્યા જેવો જ આનંદ આવે છે અને તેની બહુ સારી કાળજી રાખવામાં આવે છે. જોકે પત્ની ઍન્ડ્રિયા હ્યુઇટે કાંબળીના સ્વાસ્થ્ય વિશેના અહેવાલોને નકારતા એક જાણીતી વેબસાઇટને જણાવ્યું છે કે 'ઈશ્વરની કૃપાથી વિનોદની તબિયત સારી છે. કોણ જાણે તેના સ્વાસ્થ્ય બાબતમાં કોણ અફવા ફેલાવી રહ્યું છે.' ■

# નો યુપીઆઈ ડેઃ ગુજરાતના ૬૦૦ વેપારી એસોસિયેશન બીજી ઑક્ટોબરે કરશે શાંતિપૂર્ણ વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતભરના ૬૦૦ થી વધુ વેપાર સંગઠનો ૨ ઓક્ટોબરના રોજ રાજ્યવ્યાપી 'નો યુપીઆઈ ડે'ની જાહેરાત કરવામાં આવી છે, જેમાં ગ્રાહકોને યુપીઆઈને બદલે રોકડ અથવા કાર્ડ દ્વારા ચુકવણી કરવા વિનંતી કરવામાં આવશે.

ગાંધી જયંતી પર આયોજિત આ એક દિવસીય વિરોધ પ્રદર્શન દ્વારા વેપારી સંગઠનો નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (એનપીસીઆઈ) ના નવા નિયમનો વિરોધ કરી રહ્યા છે. ૨,૦૦૦ રૂપિયાથી વધુના યુપીઆઈ વ્યવહારો પર ૦.૪% મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ નાખવામાં આવ્યો છે, તેનો વિરોધ કરવા આ સાંકેતિક વિરોધ પ્રદર્શન કરવામાં આવશે, તેવી માહિતી અહેવાલો દ્વારા મળી હતી.

વેપારી જૂથોએ જણાવ્યું હતું કે પ્રસ્તાવિત એમડીઆર નાના અને મધ્યમ કદના વ્યવસાયો માટે પહેલાથી જ ઓછા માર્જિન વધુ ઘટાડશે અને આખરે આ બોજ ગ્રાહકો પર નાખવામાં આવશે. જે વેપારીઓ આ વિરોધમાં જોડાયા છે, તેઓ તેમના યુપીઆઈ ક્યુઆર કોડને કાળા કપડાથી ઢાંકી દેશે, જેથી ગ્રાહકોએ રોકડ અથવા કાર્ડથી જ પેમેન્ટ કરવાનું રહેશે.

આ વિરોધમાં દરેક ક્ષેત્રના વેપારી એસોસિયેશન જોડાયેલા છે. નાના ગામડાથી માંડી તમામ શહેરોના વેપારીઓ સહિત ૬૦૦ જેટલા અલગ અલગ એસોસિયેશન બીજી ઑક્ટોબરે નો યુપીઆઈ ડે મનાવશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

આ સાથે વેપારી એસોસિયેશનો જો આ ચાર્જ પાછો ન ખેંચાય તો આગળ શું કરવું તે અંગે પણ વિચારવિમર્શ કરી રહ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

ગુજરાત ટ્રેડર્સ ફેડરેશનાના પ્રમુખ જયેન્દ્ર તન્નાએ જણાવ્યું કે યુપીઆઈ ભારતની ગૌરવપૂર્ણ ડિજિટલ સિદ્ધિ છે અને વેપારી સમુદાયે તેના વ્યાપક સ્વીકારમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. પરંતુ કરોડો વેપારીઓ પાસેથી લાખો-કરોડો નાના વ્યવહારો પર એમડીઆર વસૂલવાથી માત્ર નાણાકીય બોજ જ નહીં, પરંતુ ટ્રાન્ઝેક્શન-વાઇઝ કપાત, હિસાબ, રિકન્સિલિયેશન, રિવર્સલ અને ફરિયાદો માટે વિશાળ વહીવટી વ્યવસ્થા ઊભી કરવી પડશે.

# એશિયન ગેમ્સ ૨૦૩૮ની યજમાની માટે સત્તાવાર અરજી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર અને ભારત સરકારે અમદાવાદમાં ૨૦૩૮ની એશિયન ગેમ્સનું આયોજન કરવા માટે ઓલિમ્પિક કાઉન્સિલ ઓફ એશિયાને ઔપચારિક એક્પ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ રજૂ કર્યું હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. એશિયન ગેમ્સ કતારના દોહા ખાતે યોજાશે, જ્યારે ૨૦૩૪ની એશિયન ગેમ્સનું આયોજન સાઉદી અરેબિયાના રિયાધ ખાતે કરવામાં આવશે.

રાજ્ય સરકારના અધિકારીઓ - શહેરી વિકાસ વિભાગના મુખ્ય સચિવ એમ થેન્નારાસન અને રમતગમત વિભાગના સચિવ રાહુલ કુમાર જાપાનના આઈચી-નાગોયા ખાતે ચાલી રહેલી એશિયન ગેમ્સમાં ભારત સરકારની ટીમનો ભાગ છે, જ્યાં તેઓ રમતોના આયોજનના વિવિધ પાસાઓનો અભ્યાસ કરી રહ્યા છે. રાજ્ય સરકારને આશા છે કે ૨૦૩૮ એશિયન ગેમ્સ માટેની યજમાની અમદાવાદ શહેરને મળશે. કારણ કે શહેરમાં પહેલાથી જ મજબૂત માળખાગત સુવિધા અને આંતરરાષ્ટ્રીય મલ્ટિ-સ્પોર્ટ ઇવેન્ટ્સનું આયોજન કરવા માટે લોજિસ્ટિક્સ ક્ષમતાઓ બંને હશે. અમદાવાદ પહેલાથી જ કેટલીક આંતરરાષ્ટ્રીય રમતગમતની ઘટનાઓનું આયોજન કરી ચૂક્યું છે. ૨૦૩૦ માં, શહેર કોમનવેલ્થ ગેમ્સનું પણ આયોજન કરશે અને ભારતે ૨૦૩૬ ઓલિમ્પિકનું આયોજન કરવા માટે ઔપચારિક બોલી લગાવી દીધી છે. રાજ્ય સરકાર ૨૦૩૮ ની એશિયન ગેમ્સનું આયોજન અમદાવાદમાં થાય તે માટે સંપૂર્ણ પ્રયાસ કરી રહી હોવાનુ સૂત્રોએ જણાવ્યું હતું.

# મકરબા રેલવે ઓવરબ્રીજ ખૂલો મૂકાતા જ વાહનચાલકોની સમસ્યા વધી હોવાની ફરિયાદો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુરુવારે મકરબા રેલવે ઓવરબ્રિજ ખૂલ્યાના થોડા કલાકોમાં જ કોર્પોરેટ રોડ પાસે ટ્રાફિક જેમ થઈ ગયો હતો અને શુક્રવારે ટ્રાફિક પોલીસે ડાયવર્ઝન શરૂ કર્યું હતું જેના કારણે વાહનચાલકોને લાંબાએ પર યુ-ટર્ન લેવાની ફરજ પડી પડતા તેઓ પરેશાન થયા હતા. પ્રહલાદનગર ગાર્ડન સર્કલથી કોર્પોરેટ રોડ પર મુસાફરી કરતા લોકોને ખાસ અસર પડી હતી, તેવી ફરિયાદો મળી રહી હતી.

શુક્રવારે સાંજે પુલ નીચેનો રેલ્વે ક્રોસિંગ બંધ કરી દેવામાં આવ્યો હતો. જે મુસાફરો દરરોજ આ પટ્ટાનો ઉપયોગ કરે છે તેમણે વધારાનું અંતર કાપવું પડ્યું હતું.

નવા ટ્રાફિક લેઆઉટ હેઠળ, કોર્પોરેટ રોડથી પ્રહલાદનગર તરફ જતા વાહનોએ ડાબે વળવું પડશે અને આગળ યુ-ટર્ન લેવો પડશે. પ્રહલાદનગરથી કોર્પોરેટ રોડ તરફ જતા વાહનોને પુલ નીચે આવા જ ડાયવર્ઝનનો સામનો કરવો પડશે.

વાહનચાલકોના જણાવ્યા અનુસાર તેઓ પ્રહલાદનગર અને ઔડા હાઉસિંગ સોસાયટી સર્વિસ રોડ પર જઈ શકતા નથી કારણ કે ક્રોસિંગ બંધ છે. તેથી કોર્પોરેટ રોડ અથવા રિવેરા બ્લૂઝ સોસાયટી રોડ તરફ લાંબો વળાંક લેવો પડે છે, જે બંને નવા ટ્રાફિક મેનેજમેન્ટને કારણે વ્યસ્ત હોય છે.

રહેવાસીઓનું કહેવું છે કે પુલ ખુલ્યો તે પહેલાં આ જંક્શન પર ભીડ હતી. જુહાપુરા, સરખેજ, પ્રહલાદનગર, કોર્પોરેટ રોડ અને એસજી હાઇવેનો ટ્રાફિક આ પટ્ટની આસપાસ ભેગા થાય છે. આ પુલને કારણે હવે વધુ વાહનો આ દિશામાં જોડાઈ રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રૂ. ૯૮ કરોડની કિંમતે બનેલા આ પુલનું ઉદ્‌ઘાટન ગુરુવારે મુખ્ય પ્રધાનના હસ્તે થયું હતું.

# સુરતમાં બાળકોને રસીકરણ બાદ ખોટી દવા આપનારી મહિલા હેલ્થ વર્કર સસ્પેન્ડ

અમદાવાદઃ સુરત જિલ્લાના પલસાણા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કણાવ હેઠળના સબ સેન્ટર પલસાણા-૦૧ ખાતે યોજાયેલા મમતા દિવસ રસીકરણ કાર્યક્રમ દરમિયાન થયેલી ગંભીર બેદરકારીના બનાવ બાદ આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરિયાના માર્ગદર્શન હેઠળ સમગ્ર ઘટનાની તાત્કાલિક તપાસ હાથ ધરી જવાબદાર મહિલા હેલ્થ વર્કર સામે સસ્પેન્શનની કાર્યવાહી કરવામાં આવી હોવાની માહિતી રાજ્ય સરકારે આપી હતી.

માહિતી અનુસાર મમતા દ્વારા દિવસ દરમિયાન કુલ સાત બાળકને નિયમિત રસીકરણ આપવામાં આવ્યું હતું. રસીકરણ બાદ બાળકોને પેરાસિટામોલ કિડ ટેબ્લેટ આપવાની પ્રક્રિયા દરમિયાન ભૂલવશ પેરાસિટામોલના બદલે ગ્લાઇમિપિરાઇડ-૨ એમ.જી.ની ટેબ્લેટ પાંચ બાળકને આપવામાં આવી હતી.

દવાની આડઅસરનાં લક્ષણો જણાતા સંબંધિત પાંચ બાળકોને તાત્કાલિક સારવાર માટે વિવિધ હૉસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા.

દરમિયાન તમામ બાળકોની સ્થિતિ સ્થિર હોવાનું તબીબોએ જણાવ્યું હતું. આ મામલે આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, બાળકોના આરોગ્ય અને સુરક્ષા સાથે કોઈપણ પ્રકારની બેદરકારી સહન કરવામાં આવશે નહીં.

રાજ્ય સરકાર દર્દી સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. સમગ્ર ઘટનાની ગંભીરતાપૂર્વક તપાસ કરી જવાબદાર વ્યક્તિઓ સામે નિયમો મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ જ આવી ઘટના ભવિષ્યમાં ન બને તે માટે જરૂરી સુધારાત્મક પગલાં લેવામાં આવશે.

આ સાથે સુરતમાં રેસિડેન્ટ ડોક્ટરની આત્મહત્યાના બનાવની તપાસના આદેશો આપવામાં આવ્યા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે સુરતની નવી સિવિલ હૉસ્પિટલમાં દોઢ મહિનામાં બે રેસિડેન્ટ ડૉક્ટરે આત્મહત્યા કર્યાના બનાવ નોંધાયા છે.

# યુએસ સિટીઝનને ટાર્ગેટ કરી ₹ ૬૦ કરોડ ભેગા કરનાર અમદાવાદના અંકિત પાંડેની સીબીઆઇ દ્વારા ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિલ્હી સીબીઆઇના અધિકારીઓએ સાઇબર ફ્રોડના માસ્ટર માઈન્ડ અમદાવાદના અંકિત સતીશચંદ્ર પાંડેની ધરપકડ કરીને પાંચથી સાત સ્થળે દરોડા પાડીને મોટી માત્રામાં ડિજિટલ ડિવાઇસ કોમ્પ્યુટર અમેરિકન સિટીઝનના ડેટા વગેરે જપ્ત કર્યા હોવાની માહિતી મળી હતી. અંકિત પાંડે અને તેની સાથે સંકળાયેલા આઠ જેટલા અમદાવાદના શખસે બોગસ કોલ સેન્ટર બનાવીને અમેરિકામાં રહેતા સિનિયર સિટીઝન નાગરિકો પાસેથી ૭.૨૧ મિલિયન એટલે કે અંદાજે રૂ. ૬૦ કરોડથી વધારેની રકમ પડાવી લીધી હતી. સીબીઆઇના સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે અમદાવાદમાં ૨૦૨૪થી અંકિત પાંડે કોલ સેન્ટર ચલાવતો હતો અને તેની સાથે અનેક બીજા શખ્સો પણ સંકળાયેલા હતા અને તેઓ અમેરિકામાં રહેતા સિનિયર સિટિઝનોને વોઇસ ઓવર ઇન્ટરનેટ પ્રોટોકોલના માધ્યમથી કોલ કરીને ડરાવી ધમકાવીને ગોલ્ડ કાર્ડ અથવા ગિફ્ટ કાર્ડ આપવાની લાલચમાં તેમની પાસેથી મોટી રકમ વીડ્રો કરાવતા હતા.

આ રકમ તેમણે બતાવેલા બૅંક ખાતાઓમાં જમા કરાવતા હતા. અંકિત પાંડે અને તેની ટોળકીના માણસો યુએસ ફેડરલ એજન્ટ, યુએસ ફેડરલ એજન્સી અને યુએસ ફેડરલ ટ્રેડ કમિશન જેવી જુદી જુદી યુએસની સિક્યુરિટી એજન્સીઓના અધિકારીઓ અને એજન્ટો હોવાનું કહીને ત્યાંના સિનિયર સિટિઝનોને ડરાવી ધમકાવીને તેમના કોમ્પ્યુટરમાં પોપ-અપ મેસેજ મૂકીને મેસેજ ખોલવાનું કહેતા હતા અને આવા મેસેજ ઓપન કરવામાં આવે એટલે રેડ સિગ્નલ સાથે નો મેસેજ સિનિયર સિટિઝનોને દેખાડતા હતા.

૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સીબીઆઈ દ્વારા એફઆઇઆર દાખલ કરવામાં આવી હતી અને યુએસની જુદી જુદી ફેડરલ એજન્સીઓની મદદથી એવી હકીકત બહાર આવી હતી કે સૌથી મોટો માસ્ટર માઈન્ડ અમદાવાદનો અંકિત સતીશચંદ્ર પાંડે છે અને ૨૦૨૪થી અમદાવાદમાં કોલ સેન્ટર ચલાવે છે.

૨૦ યુએસ સિટીઝન પાસેથી રૂ. ૬૦ કરોડ તેણે ભારતમાં જુદા જુદા બૅંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા છે. આ રકમ કયા કયા બૅન્ક એકાઉન્ટમાં ગઈ તેની પણ હજુ તપાસ ચાલી રહી છે. સીબીઆઇ પાસે યુએસમાં રહેતા સિનિયર સિટિઝન્સની માહિતી પણ આવી ગઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ગણેશ વિસર્જનમાં દસ જણનાં ડૂબવાથી મોત

અમદાવાદઃ ગુજરાતમાં શુક્રવારે ગણેશ વિસર્જન દરમિયાન છ જણ ડૂબ્યાનાં અહેવાલો મળ્યા હતા. આ સાથે એક જ પરિવારના ચાર જણ પણ ડૂબ્યા હોવાની માહિતી મળી હતી. અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ચાંચબંદર દરિયાકાંઠે ગણેશ મૂર્તિના વિસર્જન વખતે એક દુર્ઘટના ઘટી હતી, જેમાં ચાર યુવક દરિયાના પાણીમાં ડૂબી ગયા હતા. સ્થાનિક લોકોની મદદથી ત્રણ યુવકને બચાવી લેવામાં આવ્યા હતા, જ્યારે લાપતા યુવકની શોધખોળ માટે સ્થાનિક તરવૈયાની મદદ લેવામાં આવી હતી. સાત કલાકની શોધખોળ બાદ એકનો મૃતદેહ મળ્યો હતો.

અન્ય એક બનાવમાં વડોદરાના કરજણના પિંગલવાળા ગામે ગણેશ વિસર્જન ઢાઢર નદીમાં વિસર્જન કરવા ગયેલા ત્રણ યુવાન અચાનક ઊંડા પાણીમાં ડૂબી ગયા હતા. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા, જેના પરિણામે સદ્‌નસીબે બે યુવાનનો બચાવ થયો હતો. જો કે, એક યુવક પાણીમાં ગરકાવ થઈ ગયો હોવાની માહિતી મળી હતી.

અમદાવાદના બાવળાના બગોદરા શિયાળ રોડ પર આવેલા તળાવમાં ગણપતી પધરાવી નહાવા પડેલા બે કિશોર ડૂબ્યા હતા. કિશોર ડૂબ્યાની જાણ થતાં એસડીઆરએફની ટીમ અને સ્થાનિક પોલિસ ઘટનાસ્થળે પહોંચીને બચાવ કામગીરી હાથ ધરી હતી. ડૂબવાની ઘટનામાં એક કિશોરને તરતા આવડતું હોવાથી તેનો આબાદ બચાવ થયો હતો, જ્યારે બીજો પાણીમાં ગરકાવ થયાની માહિતી મળી હતી. સુરતના કામરેજ તાલુકાના ધોરણ પારડી ગામે ગણેશ વિસર્જન દરમિયાન નાવ ડૂબવાથી યુવકોના મોત થયા હતા. તાપી નદીમાં ગણેશજીની મૂર્તિના વિસર્જન માટે જઈ રહેલી નાવ ડૂબી જતાં ત્રણ યુવકનાં મોત થયાં હતાં. ત્રણેય મૃતકો કામરેજના ખોલવડ ગામના હતા. કામરેજના ધોરણ પારડી ગામે ગણેશ વિસર્જન માટે યુવકો તાપી નદી તરફ ગયા હતા. મંગલમૂર્તિનું વિસર્જન કરવા માટે નાવમાં સવાર થઈ તેઓ નદીમાં જઈ રહ્યા હતા.

# મોરને દાણા ખવડાવવા માટે જાણીતા નિવૃત્ત સરકારી કર્મચારીની ગાંધીનગરમાં હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગરના ચરેડીમાં એક નિર્જન સરકારી પ્લોટમાં રાજ્ય સચિવાલયના નિવૃત્ત કર્મચારીની તીક્ષ્ણ હથિયારથી હત્યા કરવામાં આવી હતી. મૃતકની ઓળખ સેક્ટર ૨૬ ના રહેવાસી રમેશ પટેલ તરીકે થઈ છે. પ્રાથમિક માહિતી અનુસાર રમેશ પટેલ નિયમિત રીતે અહીં મોરને દાણા ખવડાવવા આવતા હતા અને આ ફોટા અને વીડિયો તેઓ સોશ્યલ મીડિયામાં પોસ્ટ કરતા અને આસપાસમાં જાણીતા પણ હતા.

શુક્રવારે પટેલ ખુરશી પર બેઠા હતા અને પક્ષીઓને ખવડાવી રહ્યા હતા ત્યારે એક અજાણ્યા હુમલાખોરે તેમના પર તીક્ષ્ણ, દાતરડા જેવા હથિયારથી હુમલો કર્યો હતો. તેમને અનેક ઇજાઓ થઈ હતી અને તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું.

સેક્ટર-૨૧ પોલીસને જાણ થતાં જ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને પટેલના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોલીસે તપાસના ભાગરૂપે પૂછપરછ માટે પરિસરમાં ધ્યાન રાખવા માટે રાખેલા ચોકીદારની અટકાયત કરી હતી.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે પટેલ ચોકીદારના પુત્રને શિક્ષણમાં આર્થિક મદદ કરતા હતા. આથી બન્ને વચ્ચે પૈસાની બાબતે કોઈ રકઝક થઈ હોવાનું અનુમાન પોલીસ લગાવી રહી છે અને પૂછપરછ કરી રહી છે. આ સાથે ચોકીદારનો કોઈ ગુનાહિત ઈતિહાસ છે કે નહીં તે પણ ચકાસવામાં આવી રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

મળતી વિગતો અનુસાર પટેલના સંતાનો ઓસ્ટ્રેલિયામાં રહે છે. તેમની આ રીતે હત્યા પાછળનું કારણ પોલીસ શોધી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# અમદાવાદમાં સ્ટીલ કોનેક્ટ ઇન્ડિયા કંપનીની ૪.૫૩ કરોડની મિલકત ઈડીએ ટાંચમાં લીધી

અમદાવાદઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની અમદાવાદ ઝોનલ ઑફિસના અધિકારીઓએ સીબીઆઇની ફરિયાદ બાદ અમદાવાદમાં હાથીજણ સર્કલ નજીક આવેલી સ્ટીલ કોનેક્ટ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડના રૂ. ૮૦ કરોડના બેંક લોનના કથિત કૌભાંડમાં અમદાવાદમાં રૂ. ૪.૫૩ કરોડની મિલકત એટેચ કરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ઈડીના ટોચના સૂત્રોએ જણાવ્યું હતું કે કંપનીના ડિરેક્ટરો એક જ પરિવારના છે અને બેંકમાંથી રૂ. ૮૦ કરોડની લોન મેળવી હતી અને આ લોનના રૂપિયા અન્ય સહભાગી કંપનીઓમાં ડાઈવર્ટ કર્યા હતા. હકીકતમાં સહભાગી કંપનીઓનો કોઈ બિઝનેસ પણ નથી અને કંપનીઓ વચ્ચે એવા કોઈ બિઝનેસ ટ્રાન્જેક્શન કે ખરીદ વેચાણ પણ થયા નથી તેમ છતાં બૅંકના નાણાં ખોટી રીતે ડાયવર્ટ કરીને બેંકને કથિત આર્થિક નુકસાન કરાવ્યું હતું અને બૅન્ક દ્વારા સીબીઆઇમાં ફરિયાદ પણ દાખલ કરવામાં આવી હતી. સીબીઆઇની કાર્યવાહી બાદ ઈડી, અમદાવાદ ઝોનલ ઑફિસ દ્વારા પ્રિવેશન ઑફ મની લોન્ડરિંગ ઍક્ટ ૨૦૦૨ મુજબ ગુનો દાખલ કરીને કંપનીની રીંગરોડ હાંસોલ સર્કલ પાસે આવેલી કોર્પોરેટ ઑફિસ સહિત અન્ય કંપનીઓમાં દરોડા પાડીને મોટી માત્રામાં બૅંક લોન અંગેના દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. તપાસ કર્યા બાદ બૅંકના નાણાનો દુરુપયોગ થયો હોવાનું બહાર આવતા કેટલીક મિલકતો શોધી કાઢવામાં આવી હતી અને ડાયવર્ટ કરેલા રૂપિયામાંથી આ મિલકત ખરીદી કરી હોવાનું બહાર આવતા લંબાણપૂર્વકની તપાસ બાદ આ ચાર મિલકતો એટેચ કરવામાં આવી હતી. આ અંગે હજુ તપાસ ચાલુ છે, તેવી માહિતી પણ સૂત્રોએ આપી હતી.

# પ્રાકૃતિક ખેતીથી હળદરની ઉપજ બમણી થઇ હોવાનો રાજ્ય સરકારનો દાવો

અમદાવાદઃ ભારતમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિને વધુ મજબૂત વૈજ્ઞાનિક આધાર પૂરો પાડવાના હેતુથી હાથ ધરાયેલા બાયોટેકનોલોજી આધારિત સંશોધન કાર્યક્રમમાં ગુજરાતમાં હળદરની પ્રાકૃતિક ખેતીમાં મહત્ત્વપૂર્ણ સફળતા મળી છે.

ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર અને સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ દ્વારા સંયુક્ત રીતે હળદરની ખેતીમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિનાં ફિલ્ડ ટ્રાયલ કરવામાં આવ્યાં હતા. આ પ્રયોગોમાં જાણવા મળ્યું કે, રાસાયણિક ખેતીની સરખામણીમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી હળદરની ખેતી કરવાથી ઉત્પાદન બમણાથી પણ વધુ થાય છે. આ પ્રયોગ વિશે શોધ-નિંબધ પણ તાજેતરમાં એક પ્રસિદ્ધ જર્નલમાં પ્રકાશિત થયો છે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી.

વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રધાન અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, બીએમસી પ્લાન્ટ બાયોલોજી જર્નલમાં પ્રકાશિત થયેલા આ અભ્યાસમાં, પરંપરાગત રાસાયણિક ખેતીની તુલના પ્રાકૃતિક ખેતીની નવ અલગ-અલગ ટ્રીટમેન્ટ કોમ્બિનેશન સાથે કરવામાં આવી હતી. પ્રાકૃતિક ખેતી પદ્ધતિ હેઠળ હેક્ટરદીઠ ૪૦ ટનથી વધુ હળદરની ઉપજ થઇ, જ્યારે પરંપરાગત ખેતીમાં હેક્ટરદીઠ ૧૯.૩ ટન ઉપજ મળી. અભ્યાસનાં આ તારણો ખેડૂતો-કૃષિ વૈજ્ઞાનકો માટે પ્રાકૃતિક ખેતી તરફ વૈજ્ઞાનિક પદ્ધતિથી આગળ વધવાની પ્રેરણા આપશે. અત્રે ઉલ્લેખનીય છે કે હળદર 'ગોલ્ડન સ્પાઇસ' તરીકે ઓળખાય છે અને ભારતમાં ખાદ્ય, ફાર્માસ્યુટિકલ તથા પરંપરાગત ઔષધ ક્ષેત્રમાં તેનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. તેમાં રહેલું સક્રિય ઘટક કરક્યુમિન સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય બજારમાં તેની વધતી માગનું પણ મહત્ત્વનું કારણ છે.

# વાગડમાં વહીવટી તંત્રની ખનિજ માફિયાઓ પર તવાઈઃ ત્રણ સ્થળેથી ₹ ચાર કરોડનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વાગડ પંથકમાં બેરોકટોક ધમધમતી ગેરકાયદે ખનિજચોરી સામે વહીવટી તંત્ર અને ખાણ-ખનિજ વિભાગે સંયુક્ત દરોડા પાડ્યા હતા. ભચાઉ અને રાપર તાલુકામાં હાથ ધરાયેલી આ સઘન કાર્યવાહી દરમિયાન ગેરકાયદેસર વ્હાઇટ માટી અને રેતીના ખનન-પરિવહન સામે પગલાં ભરી અંદાજે રૂ. ૪ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

જિલ્લા કલેક્ટરની સીધી સૂચનાથી ભચાઉ આસિસ્ટન્ટ કલેક્ટર અભિષેક ટાલે, મામલતદાર એમ.કે. રાજપૂત તથા ખાણ-ખનિજ વિભાગની સંયુક્ત ટુકડીએ શુક્રવાર રાત્રિથી કાર્યવાહી આદરી હતી. ભચાઉ તાલુકાના લોધેશ્વરથી ખારોઈ માર્ગ, ભરત હૉટેલ (ઘરણા પાટિયા) અને શિકારપુર તેમ જ રાપર તાલુકાના ગાગોદર પંથકમાંથી રોયલ્ટી પાસ વગર ખનિજ વહન કરતી આઠ ટ્રક ઝડપી લેવાઈ હતી. ઉપરાંત, ગાગોદર ખાતે સ્થળ પર ગેરકાયદેસર ખનન કરતા એક હિટાચી મશીન અને ડમ્પરને સીઝ કરાયાં હતાં.

તંત્ર દ્વારા તમામ વાહનો અને સાધનો જપ્ત કરી 'ગુજરાત મિનરલ્સ પ્રિવેન્શન ઓફ ઇલ્લીગલ માઇનિંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ રૂલ્સ-૨૦૧૭' હેઠળ કાયદેસરનો દંડ વસૂલવા વાહનો સ્થાનિક પોલીસ મથકને સોંપાયાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, વાગડમાં ભૂતકાળમાં ખનિજચોરીના ઝડપાયેલા વાહનો માથાભારે તત્ત્વો બળજબરીથી છોડાવી ગયા હોવાના તેમ જ અધિકારીઓ પર હુમલા અને રેકીના ગંભીર બનાવો નોંધાઈ ચૂક્યા છે, ત્યારે તંત્રની આ આકરી કાર્યવાહીથી ખનિજ માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# ગાંધીધામ ખાતે દેશના પ્રથમ ઇ-મિથેનોલ પ્લાન્ટનો શિલાન્યાસઃ કેન્દ્રીય શિપિંગ મંત્રી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ દીનદયાલ પોર્ટ ઓથોરિટી (ડીપીએ) અને આસામ પેટ્રો કેમિકલ્સના સંયુક્ત ઉપક્રમે ગાંધીધામ ખાતે દેશના સર્વપ્રથમ ઇ-મિથેનોલ પ્લાન્ટનું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. રૂ. ૨,૩૦૦ કરોડના તોતિંગ ખર્ચે નિર્માણ પામનારા આ અત્યાધુનિક પ્રોજેક્ટથી કંડલા સંકુલ સહિત સમગ્ર કચ્છના ઔદ્યોગિક ક્ષેત્રને મોટો વેગ સાંપડશે.

આ ઐતિહાસિક શિલાન્યાસ સમારોહ કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્વાનંદ સોનોવાલ, ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ તેમજ આસામના મુખ્ય પ્રધાન હિમંત બિસ્વા સરમાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો.

ભૂપેન્દ્ર પટેલે શિલાન્યાસ પ્રસંગે જણાવ્યું હતું કે આજે કચ્છની ધરતી પર દીનદયાળ પોર્ટ ખાતે દેશની ગ્રીન એનર્જી ટ્રાન્ઝિશન અને ગ્રીન શિપિંગને નવી દિશા આપતા પ્રોજેક્ટનો શિલાન્યાસ થઈ રહ્યો છે. આ પ્રોજેક્ટ ગુજરાતની મેરિટાઈમ સ્ટ્રેન્થ અને આસામની ઈન્ડસ્ટ્રીયલ કેપિસિટીનું સંયોજન છે અને તે એક ભારત શ્રેષ્ઠ ભારતના વડા પ્રધાનના વિઝનને પ્રતિબિંબિત કરે છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે આ પ્રોજેક્ટનું સૌથી મોટું મહત્ત્વ માત્ર તેના રોકાણમાં નહિ, પરંતુ તેની પાછળ રહેલા પર્યાવરણીય સંકલ્પમાં છે. આસામના મુખ્ય પ્રધાન ડો. હિમંત બિસ્વા સરમાએ બંને રાજ્યોના ઔદ્યોગિક સમન્વય પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, આ ઈ-મિથેનોલ પ્રોજેક્ટને દેશ માટે એક ખૂબ મહત્ત્વપૂર્ણ અને મોટી ઉપલબ્ધિ છે. આ પ્રોજેક્ટ આવનારા દિવસોમાં વધુ વિસ્તરિત થશે અને દેશ વિદેશના જહાજો માટે જરૂરી ઈંધણ અને ઊર્જાને ગ્રીન મિથેનોલમાં રૂપાંતરિત કરવામાં મદદ કરશે.

# કચ્છની ધરા ફરી ધ્રૂજીઃ દુધઈ નજીક ૨.૬ની તીવ્રતાનું માઇક્રોટ્રેમર નોંધાયું

ભુજઃ ભૂકંપની દૃષ્ટિએ અતિ સંવેદનશીલ ઝોન-૫માં સમાવિષ્ટ કચ્છ જિલ્લામાં, વિશેષ કરીને પૂર્વ કચ્છની વાગડ ફોલ્ટલાઇન વિસ્તારમાં અવારનવાર નોંધાતા ભૂકંપના આંચકાઓને પગલે લોકોમાં ઉચાટની લાગણી જોવા મળી રહી છે.

હજુ થોડા દિવસો પૂર્વે ભચાઉ પંથકમાં ૪ની તીવ્રતાના ભૂકંપ બાદ, ગત મોડી રાત્રે ૧ કલાક અને ૩૪ મિનિટે વધુ એક હળવું કંપન અનુભવાયું હતું. સિસ્મોલોજી વિભાગના જણાવ્યા અનુસાર, રિક્ટર સ્કેલ પર ૨.૬ની તીવ્રતા ધરાવતા આ માઇક્રોટ્રેમરનું કેન્દ્રબિંદુ ભચાઉ-અંજાર પંથકના દુધઈથી ઉત્તર-પૂર્વ દિશામાં ૧૧ કિલોમીટર દૂર નોંધાયું હતું. તીવ્રતા સાવ ઓછી હોવાથી મોટાભાગના લોકોને આ કંપનનો અનુભવ થયો ન હતો અને કોઈ જાનમાલનું નુકસાન નોંધાયું નથી. છેલ્લા કેટલાક સમયથી માત્ર કચ્છ જ નહીં પરંતુ સૌરાષ્ટ્રના તલાળા, જામનગર, ઉના તેમ જ ઉત્તર ગુજરાતના પાલનપુર પંથકમાં પણ સમયાંતરે ભૂગર્ભીય હલચલ જોવા મળી રહી છે. એશિયન પ્લેટોનિક ઝોનમાં આવતા પાડોશી દેશ પાકિસ્તાન સહિત ઈરાન, ઇન્ડોનેશિયા, તુર્કીયે અને ફિલિપાઇન્સમાં પણ સતત ધરતીકંપના આંચકા નોંધાઈ રહ્યા હોવાથી ભૂસ્તરશાસ્ત્રીઓ હિલચાલ પર નજર રાખી રહ્યા છે.

# કેન્દ્ર સરકારે જાહેર કરેલાં ચાર મેગા પોર્ટમાં કચ્છનો દબદબોઃ ₹ ૫૭ હજાર કરોડના ખર્ચે કંડલાનો વોટર ફ્રન્ટ વિકસાવાશે

ભુજઃ આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપારક્ષેત્રે ભારતમાં 'મેગા પોર્ટ'ના નવા યુગનો પ્રારંભ થયો છે. કેન્દ્ર સરકાર દ્વારા દેશભરમાં જાહેર કરાયેલાં ચાર મેગા પોર્ટ્સ પૈકી કચ્છનાં બે અગ્રણી બંદરો દીનદયાળ પોર્ટ ઓથોરિટી (કંડલા) અને મુંદરા અદાણી પોર્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે. દેશના મહત્તમ આયાત-નિકાસનું સંચાલન કરતાં કચ્છનાં આ બંને બંદરોને મળેલી આ નવી ઓળખથી સીમાવર્તી પંથકના ઔદ્યોગિક વિકાસને અભૂતપૂર્વ વેગ સાંપડશે. કેન્દ્રીય શિપિંગ પ્રધાન સર્વાનંદ સોનોવાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર આ મહત્ત્વપૂર્ણ નિર્ણયની વિગતો જાહેર કરતાં જણાવ્યું હતું કે, ભારતીય દરિયાકાંઠો હવે વૈશ્વિક વેપારનું સફળતાપૂર્વક વહન કરવા સુસજ્જ છે અને આર્થિક વિકાસના નવા દોરને ગતિ આપવાની પ્રચંડ તાકાત ધરાવે છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, ઇન્ડિયન પોર્ટ્સ એક્ટની જોગવાઈઓ હેઠળ બંદરને મેગા પોર્ટ તરીકે વર્ગીકૃત કરવા મંત્રાલયે નિર્ધારિત કરેલા કડક માપદંડો કંડલા, ન્હાવા શેવા (મહારાષ્ટ્ર), પારાદીપ (ઓડિશા) તેમજ મુંદરા બંદરે પરિપૂર્ણ કર્યા છે. આ માપદંડોના આધારે કેન્દ્ર સરકારે ગેઝેટ નોટિફિકેશન બહાર પાડી આ ચારેય બંદરોને મેગા પોર્ટ જાહેર કર્યાં છે.

આઝાદી બાદ કરાચી બંદરની અવેજીમાં નિર્માણ પામેલું કંડલા પોર્ટ વર્ષ ૧૯૬૨માં મહાબંદર તરીકે ઘોષિત થયું હતું. તત્કાલીન રાજવી કાળની એક નાની જેટીથી શરૂ થયેલી વિકાસયાત્રા આજે ૧૬ કાર્ગો જેટી અને ૮ ઓઇલ જેટી સુધી પહોંચી છે. છેલ્લાં ૧૬ વર્ષથી દેશનાં પ્રમુખ બંદરોમાં કાર્ગો હેન્ડલિંગમાં પ્રથમ ક્રમે રહેલું કંડલા પોર્ટ હવે ૧૭૦ મિલિયન મેટ્રિક ટનના લક્ષ્યાંક તરફ આગળ વધી રહ્યું છે. તાજેતરમાં ડીપીએ ખાતે ૬ કિલોમીટરના વોટર ફ્રન્ટ વિસ્તારમાં અંદાજે રૂ. ૫૭,૦૦૦ કરોડના તોતિંગ ખર્ચે મેગા પોર્ટ સંકુલના નિર્માણનો સંકલ્પ વ્યક્ત કરાયો હતો. કેન્દ્રની સત્તાવાર મંજૂરી બાદ ભાતીગળ પ્રદેશ કચ્છ, સમગ્ર વિશ્વના શિપિંગ નકશા પર અગ્રેસર સ્થાન હાંસલ કરશે.

# તમારા ઘરઆંગણે પધારેલા લાડકા બાપ્પાની દિવ્ય છબી હવે શોભશે

## ‘મુંબઈ સમાચાર’ના પાને... ચાલો, આ ગણેશોત્સવની ભક્તિ અને ઉલ્લાસ આખા મુંબઈ સાથે વહેંચીએ...



મૌલિક પંડ્યા
ચીકુવાડી બોરીવલી વેસ્ટ

ઉન્નતી અને નમન
શ્રીવાસ્તવ રાહેજા મલાડ પૂર્વ

વરીજા સંજય ત્રિવેદી
કાંદિવલી વેસ્ટ

સિંધી બી.કે. ગણેશ મંડળ
કાંદિવલી વેસ્ટ

પાટકર ફેમિલી
ભાયંદર

હિમાંશુ સંપટ
કાંદિવલી વેસ્ટ

આરવ હેમાંગ મહેતા
વિલેપાર્લા વેસ્ટ




સુનીલદત્તા સલદાર
સાયન ઈસ્ટ

દેવ્યાંશ કે.

મહશેભાઈ (અતુલભાઈ) પટેલ
જોગેશ્વરી ઈસ્ટ

સુંદરલાલ ભટ્ટ
અંધેરી ઈસ્ટ

તપન ધર્મરાજ ભોઈર
પુણે

ઉદય એમ. ભાટિયા
ફોર્ટ

વૈભવી ભરત બાંદે
મુલુન્ડ ઈસ્ટ



વંશ રેશમવાલા

વર્ષા દેવેશ વાલિયા
કાંદિવલી વેસ્ટ

આત્મારામ
દહીંસર વેસ્ટ

અદિતી સાહુ
કાંદિવલી વેસ્ટ

આદિત્ય યાદવ
ભાયંદર વેસ્ટ

અક્ષય સિંઘ
મલાડ ઈસ્ટ

અમરિષ વૈદ્ય
બોરીવલી વેસ્ટ



અશોક પટેલ
કાંદિવલી

બક્ષી પરિવાર
રાહેજા કોમ્પ્લેક્ષ

ઈશા ત્રુપેન મોદી
વિલેપાર્લા

જ્યુપીટર એપાર્ટમેન્ટ
કફ પરેડ

જ્યોતિ મહેશ દાહેરકર
ભાંડુપ

કરણ કુંજ
પ્રાર્થના સમાજ

કૃણાલ માથુરે
દાદર



મોક્ષ ભૂષણ ઠકર

મૃગેન અધિકારી
માટુંગા વેસ્ટ

મુરલીધર ભૂસારે
થાણે

પ્રેમનગર ગણેશ
મંડળ - ૨૦૨૬

રાહુલ ગણેશ ૨૦૨૬
બોરીવલી

રશ્મિ આથાવાલા
ચેમ્બુર

રવિ ભાટિયા
મુંબઈ




રેયાંશ સંપટ
બોરીવલી ઈસ્ટ

રુચી સાગર સાંઘાણી
ઘાટકોપર ઈસ્ટ

રૂપા મુકેશ પારેખ
કાંદિવલી વેસ્ટ

શિતલ પંકજ થોમ્બ્રે
ઘાટકોપર ઈસ્ટ

શોભના શાહ
કાંદિવલી ઈસ્ટ

શ્રી સાંઈ દર્શન મિત્ર મંડળ
મલાડ વેસ્ટ

સુહાસ જિનેન્દ્ર કોઠારી
ઘાટકોપર ઈસ્ટ

## ૪. ધાર્મિક સંબંધી

**ભાગવત કથા**

ધર્મપ્રેમીને લાભ લેવા નિમંત્રણ, પિતૃપક્ષ તા. 2 થી 10 ઓક્ટોબર. 2026 વિશ્વકર્મા એ.સી. હોલ, બજાજ રોડ, વિલેપાર્લે (પશ્ચિમ) ખાતે સમદર્શન સેવા પરીવાર દ્વારા અંધજનોની માનવસેવા, આદિવાસી વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રોજેક્ટનાં લાભાર્થે, ભાગવત કથા, પોથીજીપૂજન, વિષ્ણુસહસ્ત્રનામ પ્રવચન સંપર્ક - 9324250850, 9076308117. (૧૪૦૧-સી)

## ૫. અંગત

**શ્રાદ્ધમાં અન્નદાન**

બોરીવલીના માટું ઘર વૃદ્ધાશ્રમ દ્વારા બોરીવલી કાંદિવલી મલાડમાં દરરોજ ૧૫૦ ગરીબોને રૂપીયા ૧૧માં ભરપેટ નાસ્તો આપવામાં આવશે. દાતાઓ સંપર્ક દિલીપભાઈ 9323725870 પ્રીતીબહેન 9867266949. (બી-૧૮૧૪૪)

**"પ્રાર્થનાસભા"-"શ્રદ્ધાંજલી" - "મરણ નોંધ" - "પબ્લીક નોટીસની" "જાહેરાતો" "Discount સાથે" આપવા "Whatsapp કરો" - 9920694381. (૫૫૫/એ)**

## ૬. પરચુરણ

**આર્ટ સેન્ટર**

**જુની ઝરીની સાડી, નોટના 1, 2, 5, 10, 50, 100ના બંડલ લેનાર, જુના કોઈન્સ, કોપર, નીકલ કોઈન્સ, 1000 પર Kg લેનાર, જુના મોબાઈલ લેનાર, જુના ઘડિયાળ, પેન, એન્ડ સિલ્વર કોઈન્સ ઓલ એન્ટીક આઈટમ લેનાર Mo.: 9920663443, 9107866786. (૩૬૪)**

## ૮. શુભ પ્રસંગો માટે

BHANUSHALI BANQUETS GHATKOPAR (EAST)
1st & 2nd FLOOR BANQUET HALL AVAILABLE
SEPTEMBER
OCTOBER
NOVEMBER
LIMITED DATES LEFT
SPACIOUS PILLARLESS HALLS | AMPLE PARKING | PRIME LOCATION | DEDICATED EVENT TEAM
+91 9456577577
(B-18133)

## ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.). (૧૪૧૪-સી)

**જૈન યુવક**

૧૯૮૦ બોર્ન ૫'-૬" બીકોમ, ધંધો કરતાં, યુવતી આવકાર્ય - 7506639937. (દહેજ નહીં). (બી-૧૮૦૪૩)

■ લોઅરપરેલમાં કન્યા 1984 CA, LLB, ડિવોર્સી રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૮૧૪૯)

**સમૂહ જનોઈ**

બ્રાહ્મણ સેવાસમાજ (50મું વર્ષ) રવિવાર તા. 13/12/2026, કાંદિવલી ખાતે. સંપર્ક - અલકેશભાઈ વ્યાસ - 9819673665. (દહેજ નહીં). (૧૩૮૨-સી)

## ૧૨. યાત્રા સહેલગાહ

**ચિરાગ/ મથુરામાં**

ભાઈબીજ સ્નાન - જતીપુરા વ્રજની 84 કોસની પરિક્રમા ચારધામ 7303560200. (૧૩૬૪-સી)

Sejal Tour & Travels હેલિકોપ્ટર સાથે ચારધામ • બે ધામ
ચારધામ યાત્રા (મસુરી, ગંગોત્રી, કેદારનાથ, બદ્રીનાથ)
શિખરજી યાત્રા, પંજાબ પંચતીર્થી
જૈન / વૈષ્ણવ તીર્થ નું આયોજન
આસામ, અરુણાચલ, મેઘાલય, સિક્કિમ, ગંગાસાગર (પ્રસ્થાન ૨૦ ડિસેમ્બર) દોહનાથ
બનારસ, અયોધ્યા, ચિત્રકૂટ
દ્વારકા, સોમનાથ, કેરળ, મદુરાઈ, રામેશ્વર, કન્યાકુમારી
સ્પીતિ વેલી
શ્રીલંકા, વિયેતનામ, બાલી
લેહ લદાખ, કચ્છ રણોત્સવ
જૈન / વૈષ્ણવ ફૂડ અમારા મહારાજ સાથે
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ 99678 79167
(બી-૧૮૧૨૦)

**શ્રીનાથજીમાં/ જતીપુરામાં**

ચંપારણ્યમાં શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરી આપશું 9833009445. (૧૩૬૪-ઈ)

## ૧૪. નોકરી ખાલી છે

**આવક વધારો**

(વય: 25-65), પાર્ટ/ ફુલટાઈમ, આકર્ષક આવકની સંધી, તાલીમ/ સંપૂર્ણ માર્ગદર્શન:- 9920062154. (૧૩૫૧-એ)

**OPPORTUNITY**

Retired Bankers, Professionals, Housewives, Good Pay + Incentives, Flexible Hours:- 9867621481. (1396-A)

**REAL ESTATE**

**Sales Wanted 10 Male Candidates to Work at a Reputed Real Estate Company at Juhu Scheme earn 10 Lacs annually, on Commission basis. Field Job 10 am to 7 pm Profile - Site Visits, Inspections, Meetings Whatsapp CV 9819554066. (1368-A)**

## ૧૭. જગ્યા આપવી છે

■ **સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૧૪૪૫/સી)**

Goregaon (East)
RESALE DEALS
PERFECT PROPERTIES
OBEROI ELYSIAN
3 BHK FLATS 8.5 Cr. to 12.5 Cr.
4 BHK FLATS 16 Cr. to 22 Cr.
3 BHK JODI FLATS 18 Cr. to 24 Cr.
4 BHK JODI FLATS 42 Cr. to 55 Cr.
MULTIPLE OPTIONS AVAILABLE
DINESH HASWANI
99309 06999
86930 33369
(B-18131)

**અંધેરી - બોરીવલી**

1/ 2/ 3/ 4 બીએચકે ફ્લેટ્સ/ દુકાન/ ઓફિસ રેડી પઝેશન/ બંધાતામાં ખરીદવા/ વેચવા/ ભાડેથી લેવા/ આપવા માટે. સંપર્ક રાજ : 8459614981. (બી-૧૮૦૪૬)

**જુહુ**

3 બેડરૂમ, 1475', નવી બિલ્ડિંગ, હાયર ફ્લોર, 6.5 કરોડ, જિમ, સ્વિમિંગ પૂલ, ગાર્ડન સાથે. 9820442089. (૧૪૦૬-એ)

**બાન્દ્રા (વેસ્ટ)**

ટર્નર રોડ, લીલાવાયસન્સ, 3 BHK, 2 બાથ, બ્યુટી ફુલ્લી ફર્નિશ, ભાડું ૧,૫૦,૦૦૦/=, પાર્કિંગ નથી/ 2 BHK ફર્નિશ, ૧,૧૦,૦૦૦/=, તુરંત કબજો. સંપર્ક: 9820296693. 'કટારીયા' એજન્ટ. (બી-૧૮૧૨૯)

**અંધેરી (વેસ્ટ)**

લલ્લુભાઈ પાર્ક, 2 બેડ - 700 કારપેટ, 3 બેડ 1050 - 1400 કારપેટ, 4 બેડ 1300 - 2400 કારપેટ સ્ટેશન દેરાસર નજીક, પઝેશન જલ્દી, સ્વીમીંગ પૂલ, જીમ, ફૂડ ટોપ ગાર્ડન, બેંક્વેટ હોલ, બધી એમીનીટીઝ સાથે, વિવિધ પ્રોજેક્ટ્સ, બ્રોકરેજ નહીં, શ્રેષ્ઠ ખાતરીપૂર્વક સોદાઓ માટે - Vasant - 9821968441. (૧૩૩૨-એ)

**કાંદિવલી (વેસ્ટ)**

1 બેડરૂમ વેચાણથી 15 કરોડ નીઓશિયેબલ Blue Empire Complex, હાયર ફ્લોર, 400' + કારપેટ, પાર્કિંગ, વાસ્તુ પ્રમાણે રેડી પઝેશનથી લેવા. પ્રાઈમ રેલિએટર્સ. 9664199001 - 9820120420. (જેપી/૪૫૮૦-ઈ)

**ખાર (વેસ્ટ)**

લક્ષ્મીનગર સોસાયટી - માત્ર ગુજરાતીઓ માટે - ૨ બેડરૂમ એરીયા ૮૬૫' કારપેટ, ૩ બાથરૂમ સાથે, ૩ બેડરૂમ એરીયા ૧૧૫૦' કારપેટ, તદ્દન નવા બિલ્ડિંગમાં, વ્યવસ્થિત પાર્કિંગ, જીમ, એરકન્ડિશન લોબી, તુરંત વેચવાના. ઓનર:- ૯૮૨૦૧૫૬૧૩૩. (બી-૧૮૧૧૧)

**પાર્લા (વેસ્ટ)**

એક બેડરૂમ હોલ કિચન, ૫૭૫ કારપેટ, બીજે માળે હવા ઉજાસવાળો જુના ભાડાનો ફ્લેટ ટ્રાન્સફર સાથે, સ્કૂલ, એન્જિનિયરીંગ, સાયન્સ આર્ટ્સ અને કોમર્સ કોલેજ તથા ફ્રુપર હોસ્પિટલ અને મેટ્રો સ્ટેશનની નજીકમાં ઈરલા સોસાયટી રોડ આલ્ફા ને. ૩ની બાજુમાં ૧.૩૦માં આપવાનો છે. સંપર્ક: 9820028347. (૩૬૨)

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી - બોરીવલી**

બોરીવલીથી અંધેરી વિસ્તારમાં 1/2/3/4 બીએચકે ફ્લેટ્સ/ દુકાન/ ઓફિસ રેડીપઝેશન/ બંધાતામાં લેવા/ વેચવા અથવા ભાડેથી લેવા/ આપવા. સંપર્ક રાજ 8459614981. (બી-૧૮૧૩૪)

**બોરીવલી (વેસ્ટ)**

**દિગંબર જૈન મંદિરને લાગીને, બંધાતામાં 2 બેડરૂમ, 594' 1.78/- 2 બેડરૂમ જોડી શક્ય, પઝેશન ડિસેમ્બર 2026. બિલ્ડર 8291699699. (૧૪૦૪-સી)**

**જે વી પી ડી ગુલમોહર**

**4/5 બેડરૂમ 2000/ 2500/ 2850/ 3200/ 3700 કાર્પેટ તૈયાર કબજો/ અન્ડર કન્સ્ટ્રક્શન હાયર ફ્લોર બધી સુવિધાઓ પૂલ, બેન્ક્વેટ, જીમ, મીની થિયેટર, પિકલ બોલ કોર્ટ - ઓપન વ્યૂ - 50000 થી 75000 psf "MIHIR" 7021919015. (૧૩૬૭-એ)**

**વિલેપાર્લે (ઈસ્ટ)**

**3/ 4/ 5/ 6 બેડ 1000'/ 1500/ 2000/ 2500' જૈન મંદિર પાસે સ્વિમિંગ પૂલ સાથે, જીમ, બેન્ક્વેટ, ગાર્ડન, 45,000 psf (નિગોશિએબલ) "MIHIR" 7021919015. (૧૩૬૭-બી)**

SATSANG SHARANYA
MALAD WEST
NEW CONSTRUCTION | NEARING POSSESSION
1 RK ₹67 LAKHS ONWARDS*
1 BHK ₹94 LAKHS ONWARDS*
LIMITED OPTIONS
Somwar Bazar, Dadiseth Road
Sandeep Thakur +91 79776 40320
(B-18105)

**જુહુ સર્કલ**

**ડી એન નગર @ પ્રોજેક્ટ્સ સાથે ઈન્ફિનિટી પૂલ, જીમ, ટેરેસ, ગાર્ડન, બેન્ક્વેટ, ઈન્ડોર ગેમ્સ, મીની થિયેટર, ક્રિકેટ ટર્ફ, 3 બેડ 1100/ 1200 4 બેડ 1600/ 2000 5/ 6 બેડ 2200 થી 2500 @ 42000 psf. 12-18 મહિનામાં કબજો "MIHIR" 7021919015. (૧૩૬૭-સી)**

**સાન્તાક્રુઝ/ ખાર**

**લક્ઝરી પ્રોજેક્ટ્સ 3/ 4/ 5/ 6 બેડ/ પેન્ટહાઉસ, ઈન્ફિનિટી પૂલ, જીમ, બેન્ક્વેટ, મીની થિયેટર, ટેરેસ ગાર્ડન, 2000 થી 6000 કાર્પેટ, મધુપાર્ક પાસે, લિંકરોડની સામે, સી વ્યૂ, એમ્પલ સરફેસ પાર્કિંગ. બજેટ 10-30 કરોડ. "MIHIR" 7021919015. (૧૩૬૭-ડી)**

**સી ટચ ફ્લેટો**

**એક્સક્લુઝિવ સી ફેસિંગ ૧૮૦ ડિગ્રી સમુદ્રનો નજારો સાથેના પ્રોજેક્ટ્સ. પ્રાઈમ લોકેશન્સ: જુહુ, વર્સોવા, કાર્ટર રોડ, બેન્ડસ્ટેન્ડ, પાલી હિલ, પ્રભાદેવી, વર્લી ૩૦૦૦ થી ૧૦,૦૦૦ કાર્પેટ સિંગલ ફ્લોર પર. ૨૦+ સુવિધાઓ: બેન્ક્વેટ, ઈન્ફિનિટી પૂલ, જીમ, ગેમઝોન, બજેટ ૨૫-૧૦૦. માત્ર સાચા ખરીદદારો "MIHIR" 7021919015. (૧૩૬૭-ઈ)**

**RUSTOMJEE ELEMENTS**

**જુહુ સર્કલ પાસે સુવિધાઓ સાથે 3 એકર, 5 BHK 3800' @ 42 કરોડ, 4 BHK, 2350' @ 21 કરોડ. "MIHIR" 7021919015. (૧૩૬૭-એફ)**

**KALPATARU SOLITAIRE**

**જુહુ સ્કીમ સુવિધાઓ સાથે 1 એકર, 3600' ડુપ્લેક્સ 32 કરોડ, 3 BHK 1900' 13 કરોડ, "MIHIR" 7021919015. (૧૩૬૭-જી)**

**વિલે પાર્લે (વેસ્ટ)**

**તૈયાર કબજો સંપૂર્ણપણે સજ્જ 3 BHK 1300' 6 કરોડ, 3.5 BHK 1400' 6.5 કરોડ, 4 BHK 1700' 8.5 કરોડ, જૈન 2000/ 2200/ 2500/ 3000' પૂલ, જીમ, ટેરેસ, ગાર્ડન, ઈન્ડોર ગેમ્સ સાથેના પ્રોજેક્ટ્સમાં કબજો 1 વર્ષ. "MIHIR" 7021919015. (૧૩૬૭-એચ)**

**ઈન્ડિયાબુલ્સ પ્રભાદેવી**

**સ્કાઈ ફોરેસ્ટ, 4.5 બેડરૂમ, 2450' કાર્પેટ, મિડલ ફ્લોર, સુપર્બ કરેલ, રેડી ટુ મુવ ઈન, બધી સુવિધાઓ - એમેનિટીઝ, આકર્ષક ભવ્ય લોબી, 16.50 કરોડ. ફોટો વિડિયો - ઉપલબ્ધ, સુભાષ શાહ 9833312345 /8422012345. (૧૩૪૮-એ)**

**બોરીવલી (વેસ્ટ)**

બંધાતામાં, SVP રોડ, 3 બેડરૂમ 731' 2.39, પઝેશન ડિસેમ્બર 2026 બિલ્ડર 8291699699. (૧૪૦૪-બી)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**૩ કરોડ**

1 બેડરૂમ હોલ કિચન + 1 બેડરૂમ હોલ કિચનની જોડી, 1200' કાર્પેટ, વેચાણથી જુનું બિલ્ડિંગ, રિડેવલપમેન્ટનો ફાયદો. સુનિલ ભુપતરાય શાહ ચશ્મુદાનનાં પ્રણેતા 9821134251. (૧૪૦૨-એ)

**બોરીવલી (ઈસ્ટ)**

સ્ટેશન નજીક, નવા બાંધકામમાં 1/2/3.5 બેડ, હોલ કીચન, Full IOD / CC સાથે, 21 ફ્લોરના બિલ્ડિંગમાં, 0% બ્રોકરેજ, ડાયરેક્ટ બિલ્ડર પાસેથી, "Sample Flat" જોવા સંપર્ક: વિરાગ ઘરોડ - 8080145045 / 7070965659. Maharera No. PR1180002500660. (૧૩૪૮-બી)

## ૧૭. જગ્યા આપવી છે

**જુહુ લેન:**

**3 BHK ગ્રીન કોર્ટ: 4 Cr. વિલેપાર્લે (પશ્ચિમ): 1 RK 1.20 Cr., 2 BHK: 5 Cr., અંધેરી - પાર્લે - જુહુ: લેવા - વેચવા - ભાડેથી. "ગૌતમ જોશી" 9322236433 - 9821069632. (૧૪૦૮-એ)**

**વાલ્કેશ્વર**

પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટ / કોમર્શીયલ લેવા / વેચવા અને લીવલાયસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૫૨૫)

**LODHAPARK**

4 BHK Marqees 10.5 Kiara 3 BHK 8.75. Trump Fully Furnished. 4 BHK on Rent. Shradha 9920655056. (1413-A)

**REQUIRED**

4 BHK Outright Purchase in Marquis / Trumptower, Lodha Park, Lowerparel at Market Rate Owner Prefer. Lodha Specialist SFRC. 9920655056 / 9821036552. (1414-A)

**DADAR WEST**

Sale 1 BHK: 475' - 2 Cr., Negotiable. 9869229610. (1408-C)

**JUHU - GULMOHAR**

**3 BHK -1240/ 1458/ 1537/ 1626 Carpet area Exclusive Ready Possession with OC and All Amenities - 50 k to 60 k psf negotiable Prices Mihir - 7021919015. (1367-I)**

**OUTRIGHT INDIABULLS - PRABHADEVI**

**Sky Forest, 4.5 BHK - 2450 Carpet, Middle Floor, All Amenities, Grand Lobby, 4 Parking. 16.5 Cr., Pics available. Subhash 9833312345. (1373-A)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399, જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૨૯૨-સી)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000' ભાડેથી/ વેચાણથી. મધુરભાઈ - 9821147578/ 9987254333. (૯૮૦-સી)

**વર્સોવા**

યારી રોડ 585 કમર્શીયલ જગ્યા વેચવાની છે 9820613128. (એસડીબી-૩૫૩૮)

**CHURCHGATE**

**One Offices for Sale Rent 60000 Carpet 230 Fully Furnished Jolly Bhavan No. 1 New Marine Lines Whatsup 70218 31500. (B-18118)**

**OFFICE**

In Unique Ind Estate Twin Tower Lane. Parking 350" and 495" Fully Furnished Rental. 70K and 110 K. Call Pooja 7506997241. (1413-B)

**BORIVALI (EAST)**

**Daulat Nagar, Ground Floor, Commercial for Lease 500' to 3500' sft. Best for Banks. Contact 9769267750. (1410-C)**

**JUHU/VILEPARLE/ ANDHERI**

**Exclusive Commercial, High End Glass Facade Bldg. with Ramp and Terrace Garden Choice of Over 10 RERA Registered Projects Offices 500 to 8000 sqft, Retail Showroom 5000 to 20000 sqft Mihir 9819554066. (1368-D)**

## ૨૧. હોટલ

THE KINARA VILLAGE
LONAVALA



DELICIOUS FOOD | HERITAGE AMBIENCE
HERITAGE ROOMS AVAILABLE
Add.: Old Mumbai - Pune Highway, Vaksai Naka, Varsoli, Lonavala - 410401
Call : 9859639639
www.thekinaravillage.com
(B-18069)

# દિંડોશીથી ફિલ્મસિટી જવાનું બનશે સુપરફાસ્ટ! આ તારીખથી શરૂ થઈ શકે નવો ફ્લાયઓવર

મુંબઈ: દિંડોશીથી ફિલ્મ સિટી જતાં વાહનચાલકો માટે રાહતના સમાચાર છે. ગોરેગાંવ-મુલુંડ લિંક રોડ (જીએમએલઆર) પ્રોજેક્ટ હેઠળ દિંડોશી કોર્ટથી ફિલ્મ સિટી સુધીનો આશરે ૧.૩ કિલોમીટર લાંબો ફ્લાયઓવર હવે ટૂંક સમયમાં વાહનવ્યવહાર માટે શરૂ કરવાની યોજના છે. પાલિકા આ ફ્લાયઓવરને ૧૫ ઓક્ટોબર સુધીમાં સામાન્ય લોકો માટે શરૂ કરવાની તૈયારી કરી રહી છે. આ ફ્લાયઓવર શરૂ થયા બાદ દિંડોશીથી ફિલ્મ સિટી તરફ જતાં વાહનચાલકોને હાલના ટ્રાફિક અને જંક્શનના કારણે થતી મુશ્કેલીમાંથી મોટી રાહત મળી શકે છે. ફ્લાયઓવર દિંડોશી કોર્ટથી શરૂ થઈ રત્નાગિરી જંક્શન નજીકથી પસાર થઈ ફિલ્મ સિટી તરફ નીચે ઉતરશે. ફ્લાયઓવરનું મોટા ભાગનું મુખ્ય કામ પૂર્ણ થઈ ગયું છે.

તેના તમામ ૩૧ પિયર અને ૩૦ સ્પાનનું બાંધકામ પૂર્ણ થઈ ચૂક્યું છે. ગર્ડર લગાવવાનું કામ, ડેક સ્લેબનું કાસ્ટિંગ તેમ જ બંને તરફના એપ્રોચ રોડનું કામ પણ પૂર્ણ થઈ ગયું છે. હવે ફ્લાયઓવરને વાહનવ્યવહાર માટે તૈયાર કરવા માટે ફિનિશિંગ સહિતના કેટલાક કામ બાકી છે.

હાલમાં રોડ માર્કિંગ, સાઈનેજ, ઈલેક્ટ્રિકલ પોલ અને નોઈઝ બેરિયર લગાવવાનું કામ ચાલી રહ્યું છે. ફ્લાયઓવર સાથે જોડાયેલા ૭.૫ મીટર પહોળા સ્લિપ રોડનું કામ પણ પૂર્ણ કરવાનું બાકી છે.

ઓક્ટોબરના બીજા સપ્તાહમાં ફ્લાયઓવરની સુરક્ષા અને ક્ષમતા ચકાસવા માટે લોડ ટેસ્ટ કરવામાં આવશે. બીએમસીના અધિકારીઓએ ફ્લાયઓવરનું નિરીક્ષણ કરીને બાકી રહેલા કામને ઝડપથી પૂર્ણ કરવા સૂચના આપી છે. ફ્લાયઓવર શરૂ થયા બાદ ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ટ્રાફિક પોલીસ સાથે સંકલન પણ કરવામાં આવશે. આ ફ્લાયઓવર ૧૨.૨ કિલોમીટર લાંબા જીએમએલઆર પ્રોજેક્ટનો મહત્ત્વનો ભાગ છે. સમગ્ર પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ મુંબઈના પશ્ચિમ અને પૂર્વના પરાંઓ વચ્ચેની કનેક્ટિવિટી વધુ ઝડપી બનવાની અપેક્ષા છે. હાલમાં આશરે ૭૫ મિનિટ લાગતો પ્રવાસનો સમય ઘટીને લગભગ ૨૫ મિનિટ સુધી આવવાની અપેક્ષા છે. એટલે દિંડોશીથી ફિલ્મ સિટી સુધીનો રસ્તો પણ ફ્લાયઓવર શરૂ થયા બાદ વધુ ઝડપી અને સરળ બનવાની આશા છે. ■

## ૨૩. મનોરંજન

**ભજેટથી પ્રાર્થનાસભા**

સાંજી, ભજન - સંગીત સંધ્યા, લગ્નગીત, નવરાત્રી, Anniversary, Baby Shower. મનસુખભાઈ 9326801860, 8169552801. (૧૪૧૦-ઈ)

## ૨૭. ઔષધ ઉપચાર

■ "ડાયાબીટીસ જડમૂળથી" કંટ્રોલમાં રહેશે જ વનસ્પતિનાં કેપસ્યુલથી / પાવડરથી / નાભિનાં ડ્રોપથી 9137725086. (બી-૧૮૦૫૮)

■ "શરાબ/ ગુટખાં/ સિગારેટ (કોઈપણ વ્યસન) અર્જન્ટ છોડાવો. એવેરશાઈન ક્લિનિક 9137725086. (બી-૧૮૦૫૬)

## ૩૧. નાણાંકીય

■ "બેંકથી સેટલમેન્ટ" ઈન્સ્ટોલમેન્ટ એક્સટેન્શન (કોઈપણ લોન/ મેટર) (એડવોકેટ મારફત). 9137725086. (બી-૧૮૦૫૯)

## ૩૨. જમીન - મિલ્કત

**CONSULTANCY**

One Time Charges for Properties Consultancy, 10000/- Rajubhai Lilyan House, Bhandar Lane, Mahim. "9821559743". (B-18145)

LAND CAN'T BE CREATED Anymore - Claim Yours today! Own your dream farmland in nature's lap at Varap - Nagothane. Enjoy peaceful Farm Life Starting at Just Rs. 18 Lakhs Onwards, with 100% Title Clear Farm Land. Close to Atal Setu, Navi Mumbai Airport & Mumbai 3.0 just 6 mins from Mumbai - Goa Highway and 2 hrs from Thane / Mumbai. Call: 8779713556. (B-18112)

KIND ATTENTION TO
BUILDERS AND DEVELOPER
WE ARE LOOKING FOR
CONSTRUCTION CONTRACT
RCC, FINISHING, LOCK N KEY AND LABOUR CONTRACT.
PROJECT MANAGEMENT CONSULTANT (PMC)
Email ID: ascendengineers@gmail.com
ASCEND CONSULTANTS & ASSOCIATES
+91 8080002400
+91 9323344345
(SEND MESSAGE ON WHATSAPP)
(1359-A)

**PLOTS REQUIRED**

**Budget 100-500 Cr for A+ Category Developer minimum 2500 sqr mtr Prime Location within Bandra to Borivali and South Mumbai only Mihir 9819554066. (1368-C)**

## ૩૩. ધંધાદારી

**દિવાળી ગિફ્ટ**

દિવાળી તથા લગ્ન નિમિત્તે આપવા ગિફ્ટ આર્ટીકલ્સ હોલસેલ ભાવે- 9892930331. (બી-૧૮૧૪૬)

**પાણીની ટાંકીઓ**

મશીનથી ફુવા - સોસાયટીની -ઘરની ટાંકીઓની સફાઈ. યોગી એન્ટરપ્રાઈઝ:- 9820776583/ 9892298963. (૧૩૯૬-સી)

**"પ્રતાપ પેકર્સ-મુવર્સ"**

53 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (બી-૧૮૦૬૩)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**HEART HIDDEN SECRETS**

રેકી માસ્ટર / ટેરોટ કાર્ડ / ફેસ, ઓરા એનર્જી રીડર / ન્યૂમરોલોજી પ્રેમ પૈસા પરિવાર સંબંધો કારકિર્દી નજરદોષ નકારાત્મક ઉર્જા એનર્જી બેલેન્સ હાર્ટ હીલિંગ Reena - 9833454753. (જેપી-૪૫૭૯-ઈ)

સચોટ જ્યોતિષ
તમારી જન્મ તારીખ-સમય-સ્થાન જણાવી વોટ્સઅપ કરો.
લગ્નયોગ ક્યારે ?
ભાગ્યોદય ક્યારે ?
ફી લેવામાં આવતી નથી.
7304586200
(બી-૧૮૧૨૮)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

આજેજ બોલાવો
રાજશ્રી પેસ્ટ કન્ટ્રોલ
(જુનું અને જાણીતું વિશ્વસનીય નામ)
અમારુ ઈન્જેક્શન પ્રોસેસથી સત્વરે ઉધઈનું નિયંત્રણ કરાવે છે.
વાંદા તેમજ માંકડ માટે સ્પે. ટ્રીટમેન્ટ.
ફોન 9869336650 / 9969871385 22626396 / 22622348
(બી-૧૮૧૪૩)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યૂઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, મેડિસીન બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેંડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૮૧૪૭)


**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા આગાઉ કે તકીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનમાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


# મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝ્ડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

**MIRA ROAD**
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722

**DAHISAR**
KENIA AD AGENCY
Mobile: 9870155993

**BORIVALI**
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.

**KANDIVALI**
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055818/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel.: 28645005.
Fax: 28644004.

**MALAD**
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 8169644470/9820735565 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.

**GOREGAON**
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899

**JOGESHWARI**
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.

**ANDHERI**
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960

**VILE PARLE**
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941

**SANTACRUZ**
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.

**KHAR**
KIRTI AGENCIES
Tel: 26047542. Tel. Fax: 26053675

**MAHIM**
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.

**MATUNGA (C.R.)**
PREVIEW ADS & DESIGNS
Mobile: 9820809477

**DADAR**
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.

**TARDEO**
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032

**OPERA HOUSE**
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769

**GIRGAON**
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470

**BHULESHWAR**
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.

**BYCULLA**
COLOR SPOT
Mobile: 8369834661
Tel: 40032511
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.

**ABDUL REHMAN ST.**
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.

**C. S. M. T.**
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22070250

**KALBADEVI**
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755

**NARIMAN POINT**
FCA COMMUNICATION
Tel: 22824213.

**MARINE DRIVE**
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070

**THANE**
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269

**MULUND**
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105

**GHATKOPAR**
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116

**VIDYAVIHAR**
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.

**CHEMBUR**
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2

**BHAYANDER (EAST)**
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986

**NALLASOPARA (EAST)**
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com



# મુખ્ય ચૂંટણી કમિશનર શાસક પક્ષને કેમ કહી રહ્યા છેઃ 'યસ સર'?!

**મતદારોની યાદીનું પુનઃ મૂલ્યાંકન 'સર'ના નામે રાજ્યોની ચૂંટણીઓ વખતે આડેધડ નામ બાદ કરીને નવા મતદારોનાં નામ ઉમેરવાની ચૂંટણી પંચના મુખ્ય કમિશનર જ્ઞાનેશ કુમારની મનમાની નીતિ-રીતિ વિરુદ્ધ એમના ખુદના બે સહયોગી કમિશનર સહિત વિપક્ષોએ જબરો ઊહાપોહ મચાવ્યો છે અને મહારાષ્ટ્ર, બંગાળ સહિત ચાર રાજ્યમાં ફરી ચૂંટણી યોજવાની માગણી કરી છે. ભારેલા અગ્નિ જેવા આ મામલામાં અંદરખાને શું બફાઈ ગયું એનું સ્ફોટક પૃથક્કરણ**

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ૧ ઑગસ્ટ ૨૦૨૫ના દિવસે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં મોટા પાયે 'મત ચોરી' કરીને ભાજપને જીતાડાયો હોવાના આક્ષેપ કર્યા ત્યારથી ભારતમાં 'મત ચોરી'નો મુદ્દો ગાજે છે. રાહુલે પત્રકાર પરિષદ ભરીને દાવો કરેલો કે કૉંગ્રેસ પાસે ૨૦૨૪ની લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ભારે ગેરરીતિ કરાઈ હોવાના પુરાવા છે. રાહુલે એવો આક્ષેપ પણ કરેલો કે ચૂંટણીપંચ આ 'મત ચોરી'માં સામેલ છે અને પંચે જ ભાજપ સાથેની સાંઠગાંઠમાં કારસો રચીને આ 'મત ચોરી' કરી છે.

રાહુલે ૭ ઑગસ્ટે કર્ણાટકની મહાદેવપુરા વિધાનસભા મતવિસ્તારમાં ભારતના ચૂંટણીપંચે તૈયાર કરેલી મતદાર યાદીઓમાં રહેલી કહેવાતી ગેરરીતિના કહેવાતા પુરાવા પણ રજૂ કરીને મતદાર યાદીમાં રહેલી વિસંગતતાઓ તરફ ધ્યાન દોરીને ફરી ચૂંટણી પંચ અને ભાજપ સામેના 'મત ચોરી'ના આક્ષેપોને દોહરાવ્યા હતા, પણ પંચ અને ભાજપ બંનેએ આ વાતોને હારેલા નેતાની હતાશા અને બકવાસ ગણાવીને નકારી કાઢી હતી. ચૂંટણીપંચે તો એ પછી બિહાર વિધાનસભાની ચૂંટણીઓથી સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઇઆર-SIR)ની શરૂઆત કરીને નવો વિવાદ છેડી દીધો હતો.

એસઆઈઆર-SIRના બહાને ભાજપવિરોધી મતદારોનાં નામ મતદાર યાદીમાંથી કાઢીને ભાજપને જિતાડવાના કારસા થતા હોવાના આક્ષેપો કરીને વિપક્ષોએ દેકારો મચાવી દીધો હતો. બિહારમાં મોટા પાયે મુસ્લિમ મતદારોનાં નામ કમી કરી દેવામાં આવેલા તેથી મામલો સુપ્રીમ કોર્ટમાં પણ પહોંચેલો, પણ સુપ્રીમ કોર્ટે પહેલાં આકરા તેવર બતાવ્યા પછી ન જાણે કેમ SIRને લીલી ઝંડી આપતા દેશનાં બીજાં રાજ્યોમાં પણ આ પ્રક્રિયા હાથ ધરાઈ, પણ આ પ્રક્રિયા નિષ્પક્ષ રીતે હાથ ધરાતી નથી એવા આક્ષેપો સતત ચાલ્યા જ કરે છે.

બિહારથી શરૂ થયેલી એસઆઈઆર-SIRની પ્રક્રિયા હેઠળ અત્યાર સુધીમાં અલગ અલગ રાજ્યોની મતદાર યાદીમાંથી ૧૩ કરોડથી વધુ નામ હટાવવામાં આવ્યાં છે ને તેમાંથી મોટા ભાગના ભાજપવિરોધી મતદારો છે એવા આક્ષેપો થયા જ કરે છે. મોદી સરકાર ચૂંટણીપંચના માધ્યમથી પોતાની ઇચ્છા પ્રમાણેની મતદાર યાદીઓ તૈયાર કરાવીને ચૂંટણી જીતી રહી છે એવો વિપક્ષોનો દાવો છે.

ભાજપ અને ચૂંટણીપંચ બંને આ આક્ષેપોને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખતાં હતાં કેમ કે રાજકીય પક્ષો દ્વારા આક્ષેપો થતા હતા. હવે અચાનક આ મામલામાં નવો ટ્વિસ્ટ આવ્યો છે. ઇન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમ માટે જાણીતા અતિ પ્રતિષ્ઠિત અંગ્રેજી અખબારે સ્ફોટક રિપોર્ટ આપ્યો છે કે દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર SIRની પ્રક્રિયામાં મનમાની કરતા રહ્યા છે અને બાકીના બે ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુ અને વિવેક જોષીને પણ ઘોળીને પી ગયા છે. આ સંધુ અને જોશીએ છેલ્લા ૧૦ મહિનામાં ઓછામાં ઓછી ૧૪ વખત સત્તાવાર રીતે ચૂંટણીપંચની કામગીરી અંગે વાંધો નોંધાવ્યો છે, પણ જ્ઞાનેશ કુમારે આ વાંધાઓને કાને ધર્યા નહી ત્યારે સંધુ અને જોશીએ સત્તાવાર નોંધ કરી છે કે, ચૂંટણીપંચે ઘણા નિર્ણયો અને આદેશો અમને બન્નેને જાણ કર્યા વિના જ લીધા તથા તેને લગતા આદેશો પણ બહાર પાડી દીધા હતા.!

બંધારણીય જોગવાઈ પ્રમાણે ચૂંટણીપંચે કોઈ પણ નિર્ણય બહુમતીથી લેવાનો હોય છે. મતલબ કે બે કમિશનર સહમત થાય એ નિર્ણય માન્ય ગણાય, પણ જ્ઞાનેશ કુમાર તો બાકીના બે કમિશનરને પૂછવાની તસદી સુધ્ધાં નહોતા લેતા અને સરમુખત્યારની જેમ વર્તતા હતા.

આ આક્ષેપ અત્યંત ગંભીર છે, પણ તેનાથી મોટો ધડાકો આ રિપોર્ટમાં એ છે કે જ્ઞાનેશ કુમારે રાજ્યના ચૂંટણી અધિકારીઓ મતદાર યાદીમાં નામ ઉમેરવાની, દૂર કરવાની કે સુધારવાની કામગીરી ના કરી શકે એવો ફતવો બહાર પાડ્યો હતો. બંધારણીય રીતે કોઈ પણ રાજ્યની મતદાર યાદીમાં સુધારો કરવાનો અધિકાર રાજ્યના અધિકારીઓને હોય છે, પણ જ્ઞાનેશ કુમારે સરમુખત્યારી વલણ બતાવીને આ અધિકારો છિનવી લીધા હતા અને સર્વાધિકાર પોતાના હસ્તક રાખ્યા હતા.

જ્ઞાનેશ કુમારે આ અધિકારોનો ઉપયોગ શાસક પક્ષને ફાયદો થાય એવી મતદાર યાદીઓ બનાવવા માટે કર્યો એવો દાવો આડકતરી રીતે કરવામાં આવ્યો છે. જ્ઞાનેશ કુમારે આ માટે 'ઈસીઆઈનેટ' સૉફ્ટવેરનો ઉપયોગ કરેલો. ચૂંટણીપંચે ૨૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ દેશના લગભગ ૧૦૦ કરોડ મતદારો માટે ઈસીઆઈનેટ (ECINet) નામની નવી ડિજિટલ સિસ્ટમ લૉન્ચ કરી હતી. એની હેઠળ ચૂંટણીપંચની ૪૦થી વધુ ઍપ્સ અને પોર્ટલને એક જ છત્ર હેઠળ આવરી લેવામાં આવ્યાં હતાં.

હકીકતમાં આ સિસ્ટમનો ઉપયોગ રાજ્યોના અધિકારીઓએ કરવાનો હતો, પણ જ્ઞાનેશ કુમારે રાજ્યોમાં કામ કરતા ચૂંટણી અધિકારીઓ માટે આ સિસ્ટમ બ્લૉક કરાવી દીધી હતી. દેશના કાયદા (પ્રતિનિધિત્વ અધિનિયમ) મુજબ મતદાર યાદીની જવાબદારી જિલ્લા અને સ્થાનિક અધિકારીઓની હોય છે. લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ અને મતદાર નોંધણી નિયમો, ૧૯૬૦ મુજબ, દરેક વિધાનસભા બેઠકની મતદાર યાદીની સંપૂર્ણ જવાબદારી 'ઇલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઑફિસર' (ERO)ની છે. સામાન્ય રીતે જિલ્લાના એસડીએમ અથવા તેના સમકક્ષ અધિકારી 'ઇલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઑફિસર' હોય છે અને આ અધિકારી જ નવા મતદારોનાં નામ ઉમેરે છે, ફરિયાદો સાંભળે છે અને કોના નામ રહેશે અને કોના હટાવવામાં આવશે એ નક્કી કરે છે.



જ્ઞાનેશ કુમાર

કાગળ પર હજુ આ સિસ્ટમ છે, પણ વાસ્તવમાં રાજ્યોમાં કામ કરતા 'ઇલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઑફિસર' પાસે નવું સૉફ્ટવેર વાપરવાના અધિકાર જ નથી. અધિકારીઓ સૉફ્ટવેરમાં શું કરી શકે છે અને શું ન કરી શકે તેનું સંપૂર્ણ નિયંત્રણ દિલ્હીમાં આઇટી વિભાગ પાસે છે. ચૂંટણીપંચનાં આઈટી ડિરેક્ટર સીમા ખન્નાની ટીમે જ્ઞાનેશ કુમારના ઇશારે અધિકારો છિનવ્યા પછી ખન્નાની ટીમ જ કોનાં નામ મતદાર યાદીમાં રાખવાં ને કોનાં કાઢી નાખવાં એ નક્કી કરે છે. સીમા ખન્નાને ખાસ આ મિશન માટે જ લાવવામાં આવેલાં એવો પેલા મૅગેઝિન રિપોર્ટમાં દાવો છે.

ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધુ અને વિવેક જોષીએ તેની સામે પણ વાંધો લીધેલો અને કેબિનેટ સેક્રેટરીને ફરિયાદ સુધ્ધાં કરેલી પણ એનું પરિણામ શૂન્ય આવેલું. આ ફરિયાદમાં બંને ચૂંટણી કમિશનરોએ એ મુદ્દો પણ ઉઠાવેલો કે નવા મતદારોને ઉમેરવા અને મતદાર યાદીમાંથી નામ હટાવવા જેવા નિર્ણયો અંગે પણ તેમને અંધારામાં રાખવામાં આવ્યા હતા. સંધુએ ફરિયાદ કરી હતી કે ચૂંટણીપંચે બે ચૂંટણી કમિશનરોની લેખિત સલાહ વિરુદ્ધ કાર્યવાહી કરી છે.

બંનેએ નવા મતદારો ઉમેરવા સંબંધિત કેટલાંક પગલાંને 'અનધિકૃત અને ગેરકાયદે' ગણાવીને ચેતવણી આપેલી કે મતદાર ડેટાબેઝ માત્ર દિલ્હીમાં જ હોય અને રાજ્ય અધિકારીઓને કોઈ અધિકાર ના હોય તો તેના કારણે પંચની વિશ્વસનિયતા ધોવાઈ જશે. બંનેએ ઈસીઆઈનેટ સૉફ્ટવેરની વિશ્વસનીયતા અંગે પણ સવાલ કરેલા પણ કશું ના થયું. તેમણે પોતાના વાંધાઓની નકલો મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને મોકલેલી અને કેટલાક વાંધાઓને લગતી નોંધ સંબંધિત કાર્યની દેખરેખ રાખતા નાયબ ચૂંટણી કમિશનરોને પણ મોકલી હતી, પણ એ બધું કચરાટોપલીને સ્વહા કરી દેવામાં આવ્યું!

બીજી તરફ, ચૂંટણીપંચે આ અહેવાલ પછી આઠ મુદ્દાઓની સ્પષ્ટતા કરી તેમાં પંચમાં બધું સર્વસંમતિથી ચાલતું હોવાના દાવો કર્યો છે, પણ એમની આ સ્પષ્ટતા ગળે ઊતરતી નથી. રિપોર્ટના આક્ષેપો અતિ ગંભીર છે અને એ સાચા હોય તો દેશમાં લોકશાહી ખતમ થઈ ગઈ છે એવું કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. ચૂંટણી પંચ ચોક્કસ પાર્ટીને જીતાડવા માટે મનમાની કરીને દેશના ચૂંટણીપંચને બદલે કોઈ પાર્ટીના નોકરિયાતની જેમ વર્તે એ અક્ષમ્ય છે. સુપ્રીમ કોર્ટે આ વાતની સુઓ મોટો લઈને સામેથી કાર્યવાહી કરવી જોઈએ કેમ કે બીજા કોઈને તો આ બધા ગાંઠવાના જ નથી. ■

## વિરોધ કરનારાને રવાના કરી દેવામાં આવ્યા...

ચૂંટણીપંચની કામગીરી સામે સવાલો કરતા રિપોર્ટના કારણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને ચૂંટણીપંચનાં આઈટી ડિરેક્ટર સીમા ખન્ના શંકાના દાયરામાં આવી ગયાં છે. ૨૦૨૫માં નૅશનલ ઇન્ફર્મેટિક્સ સેન્ટરમાંથી ચૂંટણીપંચમાં લાવવામાં આવેલાં ડૉ. સીમા ખન્નાએ લેવા માંડેલાં પગલાં સામે આઈટી વિભાગની દેખરેખ રાખતા વરિષ્ઠ આઈએએસ અધિકારી અને નાયબ ચૂંટણી કમિશનર સંજય કુમારે વાંધા ઉઠાવતાં પત્ર જ્ઞાનેશ કુમારને લખેલા પણ જ્ઞાનેશ કુમારે કોઈ પગલાં ના લીધાં. ઊલટાના સંજય કુમારને જ દૂર કરી દેવાયા હતા.



સીમા ખન્ના

સંજયકુમારે ૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સીમા ખન્ના અને વરિષ્ઠ અધિકારીઓને પત્ર લખીને સાફ કહેલું કે ઈઆરઓ અને જિલ્લા અધિકારીઓના કાયદાકીય અધિકારોમાં ઘટાડો નહીં થાય અને આઇટી સિસ્ટમને કાયદા અનુસાર જ ચલાવવી પડશે. ૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદી સુધારવાની કામગીરી ચાલી રહી હતી ત્યારે સંજય કુમારે ફરીથી પત્ર લખેલો કે રાજ્યોના અધિકારીઓના અધિકારો જળવાવા જોઈએ પણ તેને અવગણીને ઈસીઆઈનેટ લૉન્ચ કરીને અધિકારો છિનવી લેવામાં આવ્યા.

---

હેં... ખરેખર!
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# હરિહરેશ્વર મંદિર એટલે શ્રદ્ધા-સૌંદર્ય-સ્વાસ્થ્ય ને શક્તિનો સાક્ષાત્કાર...

મહારાષ્ટ્રના રાયગડ સ્થિત શ્રીવર્ધન તાલુકામાં હરિહરેશ્વર મંદિર સાથે જોડાયેલી પૌરાણિક કથા ખરેખર જાણવા લાયક છે. હરિહરેશ્વરની પૌરાણિક કથા મુખ્યત્વે ભગવાન શિવ, બ્રહ્મા, વિષ્ણુ અને કાળભૈરવ સાથે જોડાયેલી છે.

પૌરાણિક કથા મુજબ એક વાર ત્રણેય દેવતાઓ એટલે કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ હરિહરેશ્વરના પવિત્ર પ્રદેશમાં આવ્યા હતા. આ સ્થાન ખૂબ પવિત્ર હોવાથી અહીં દેવતાઓએ તપ અને આરાધના શરૂ કરી દીધા. અન્ય એક માન્યતા પ્રમાણે, અહીં વિષ્ણુ અને શિવનું એકરૂપ સ્વરૂપ પ્રગટ થયું. તેથી આ સ્થાનનું નામ પડ્યું હરિહરેશ્વરઃ હરિ = વિષ્ણુ, હર = શિવ અને ઈશ્વર = પરમેશ્વર. આનો અર્થ એ કે અહીં શિવ અને વિષ્ણુના તત્ત્વનું ઐક્ય છે.

હવે કાળભૈરવની કથા. આ હરિહરેશ્વર ક્ષેત્રમાં કાળભૈરવને ક્ષેત્રપાળ છે. એટલે કે તેમને આ ક્ષેત્રના રક્ષક દેવ માનવામાં આવે છે. કાળભૈરવની પાછી અલગ કથા છે.

પૌરાણિક પરંપરા પ્રમાણે ભગવાન મહાદેવે પોતાના એક ઉગ્ર સ્વરૂપ તરીકે કાળભૈરવને પ્રગટ કર્યા. આ કાળભૈરવનું કાર્ય પવિત્ર ક્ષેત્રનું રક્ષણ કરવાનું અને અધર્મનો નાશ કરવાનું હતું. આ કારણસર હરિહરેશ્વરની યાત્રામાં કાળભૈરવના દર્શનને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. સ્થાનિક ધાર્મિક પરંપરા પ્રમાણે તો સૌ પ્રથમ કાળભૈરવને વંદન કર્યા બાદ જ હરિહરેશ્વરના મુખ્ય મંદિરમાં દર્શન કરવાની માન્યતા છે.

આની સાથે સાવિત્રી અને હરિહરેશ્વરની કથા પણ વણાયેલી છે. બ્રહ્મા અને સાવિત્રીનો સંબંધ મહારાષ્ટ્રના કોંકણ પ્રદેશની અનેક ધાર્મિક પરંપરાઓમાં જોવા મળે છે. એ પ્રમાણે પ્રાચીન સમયમાં બ્રહ્મદેવે મહાયજ્ઞનું આયોજન કર્યું હતું. આ યજ્ઞ માટે તેમની પત્ની સાવિત્રીની હાજરી જરૂરી હતી. પરંતુ સાવિત્રી સમયસર પહોંચી ન શક્યાં. પરિણામે યજ્ઞનો શુભ સમય વીતી રહ્યો હતો. આથી બ્રહ્મદેવે બીજી સ્ત્રી સાથે વિધિ પૂર્ણ કરી દીધી. આ વાતની જાણ થતા સાવિત્રી એકદમ ક્રોધિત થઈ ગયાં. તેમણે શ્રાપ આપતાં બ્રહ્મદેવની ઉપાસના પૃથ્વી પર સાવ અત્યંત મર્યાદિત રહી ગઈ. ત્યાર બાદ સાવિત્રીનું જળસ્વરૂપ પ્રગટ થયું અને તેઓ નદી બનીને વહેવા લાગ્યાં. અત્યારે જે સાવિત્રી નદી અરબી સમુદ્રને મળે છે, તેની સાથે આ પૌરાણિક પરંપરા જોડાયેલી છે.

આ અનોખા યાત્રાધામ હરિહરેશ્વરનું એક વિશેષ ધાર્મિક રહસ્ય તેની ભૌગોલિક રચના સાથે જોડાયેલું છે. મંદિરની આસપાસના પર્વત અને સમુદ્ર-કિનારાને દેવતાઓના પવિત્ર નિવાસ સાથે સાંકળવામાં આવે છે. માન્યતા તો એવી પણ છે કે અહીં અનેક તીર્થો અને પવિત્ર સ્થળો વસેલા છે.

આ જ કારણોસર અહીંની પર્વત-દરિયાની આસપાસની પ્રદક્ષિણા સામાન્ય પ્રદક્ષિણાથી અતિ મહત્ત્વની માનવામાં આવે છે. ભક્તો તે શ્રદ્ધાપૂર્વક પૂર્ણ કરીને પુણ્ય પ્રાપ્ત કર્યાનો સંતોષ પામે છે.

જોકે હરિહરેશ્વરની પૌરાણિક કથાઓની વિવિધ સ્થાનિક આવૃત્તિઓ પણ છે. અલબત્ત, આ બધી કથા ધાર્મિક પરંપરા અને લોકમાન્યતાઓના આધારે છે તે સ્વાભાવિક છે.

આ રીતે અહીં પર્વત, નદી અને સમુદ્ર ત્રણેનું ધાર્મિક મિલન



જોવા મળે છે. ભક્તો માને છે કે હરિહરેશ્વરના દર્શન તથા પવિત્ર પ્રદક્ષિણા થકી પાપ, ક્ષય અને આધ્યાત્મિક પુણ્ય પ્રાપ્ત થાય છે.

હરિહરેશ્વર, હર્ષિણાચલ, બ્રહ્માદ્રિ અને પુષ્પાદ્રિ જેવા પર્વતોને ધાર્મિક મહત્ત્વ આપવામાં આવે છે. શ્રદ્ધા એવી છે કે આ પર્વતોની આસપાસ પગપાળા ફરવાથી ભગવાન શિવની પ્રદક્ષિણા સમાન પુણ્ય મળે છે. તેથી દરિયાકિનારે ખડકો વચ્ચેની આ મુશ્કેલ પરિક્રમા ફક્ત એક કુદરતી ટ્રેક નથી, પરંતુ ધાર્મિક પ્રદક્ષિણા બની ગઈ છે.

હરિહરેશ્વર મંદિર આસપાસનો પ્રદક્ષિણા પર્વત માત્ર એક પર્વત નથી, પરંતુ દરિયાકિનારે આવેલા ખડકાળ ટેકરા અને શિલાનો સમૂહ છે. ભૂગર્ભશાસ્ત્રીય રીતે આ પર્વતો કેવી રીતે બન્યા હશે?

હરિહરેશ્વર હરિહરેશ્વર મંદિર કોંકણના પશ્ચિમ કિનારે આવેલું છે. આ સમગ્ર વિસ્તાર સહ્યાદ્રી પર્વતમાળા અને અરબી સમુદ્ર વચ્ચેના પ્રાચીન ભૂસ્તરીય પ્રદેશનો ભાગ છે.

અહીં મુખ્યત્વે પ્રાચીન બેસાલ્ટિક જ્વાળામુખી ખડકો જોવા મળે છે. કરોડો વર્ષ પહેલાં ડેક્કન ટ્રેપ્સની વિશાળ જ્વાળામુખી પ્રવૃત્તિ દરમિયાન લાવાના અનેક સ્તરો ઠરીને આવા ખડકો બન્યા હતા.

પછી લાંબા સમય દરમિયાન વરસાદ અને પવનથી ખડકોનું ધોવાણ થતું રહ્યું. સાથોસાથ સમુદ્રના મોજાંએ દરિયાકિનારાના ખડકોને સતત કોતર્યે રાખ્યા. આમાં નરમ ભાગો ઝડપથી ઘસાઈ ગયા અને કઠણ ખડકના ભાગો ઊંચા રહી ગયા. આ રીતે ખડકાળ ટેકરીઓ, દરિયાઈ કિનારા અને કુદરતી શિલારચનાઓ આપમેળે વિકસતી ગઈ. આ રીતે આજે દેખાતા પર્વત કે ઊંચો ખડકાળ પ્રદેશ લાખો વર્ષના ધોવાણનું પરિણામ છે.

આ રીતે હરિહરેશ્વરની પ્રદક્ષિણા એટલે એક સાથે સમુદ્ર, પર્વત, ખડકો અને પુરાણનો એક સાથે અનુભવ. ભક્તજનો માટે તો શ્રદ્ધા, સૌંદર્ય, સ્વાસ્થ્ય (પગપાળા ચાલવાનો પ્રસાદ) અને શક્તિનો સાક્ષાત્કાર. ■

---

## ફુ ક્કોક વગર વિયેતનામની સફર અધૂરી લાગે છે



ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

વિયેતનામ એક એવો દેશ છે, જ્યાં તમે એક કુદરતી દૃશ્યને મનભરીને માણો એ પહેલાં જ સામેનું દૃશ્ય બદલાઈ જાય છે. એક ક્ષણે ધુમ્મસથી ઢંકાયેલા પહાડોની વચ્ચે હોવાનો અનુભવ થાય છે, તો બીજી જ ક્ષણે સદીઓ જૂની ગલીઓમાં ફરતા હોઈએ છીએ. ક્યાંક સુંદર દરિયાકિનારે આરામની પળો મળે છે, તો ક્યાંક ખુલ્લા આકાશ નીચે ભવ્ય શો જોવાનો અવસર મળે છે, પરંતુ વિયેતનામની આ સુંદર સફરમાં એક એવો મુકામ છે, જે સમગ્ર પ્રવાસને જાણે પૂર્ણતા આપે છે અને તે છે ફુ ક્કોક.

વિયેતનામનો મુખ્ય જીયોગ્રાફિકલ વિસ્તાર સંસ્કૃતિ, ઇતિહાસ, પહાડો અને શહેરજીવનનો અનુભવ કરાવે છે, જ્યારે ફુ ક્કોક સ્વચ્છ નિલમ જેવા ક્લિયર સમુદ્ર, સુંદર સૂર્યાસ્ત, આઇલેન્ડના અનુભવો અને તદ્દન અલગ પ્રકારના વેકેશનનો માહોલ આપે છે. બંનેને એકસાથે માણીએ તો વિયેતનામની સફર દરેક પેઢી માટે યાદગાર બની જાય છે.

**★ સાપાઃ જ્યાં વિયેતનામ પહાડોને મળે છે**

વિયેતનામના ઉત્તર ભાગમાં આવેલું સાપા એવું સ્થળ છે, જ્યાં શહેરની ધમાલ પાછળ રહી જાય છે અને કુદરત કેન્દ્રસ્થાને આવે છે. ઊંચા પહાડો, લીલીછમ ખીણો અને પરંપરાગત ગામડાંઓથી ઘેરાયેલું સાપા પ્રવાસીઓને વિયેતનામનું એક તદ્દન અલગ સ્વરૂપ બતાવે છે. વાતાવરણમા રહેલી ઠંડક અને આસપાસનું શાંત વાતાવરણ સાપાને ખાસ કરીને એવા પ્રવાસીઓ માટે આકર્ષક બનાવે છે, જેઓ વિયેતનામનો એક અલગ અને શાંત અનુભવ કરવા માગે છે.




**★ હનોઈઃ કથાઓથી ભરેલું શહેર**

હનોઈને સમજવાનો સૌથી સુંદર રસ્તો છે તેની ગલીઓમાં પગપાળા લટાર મારવી. જૂની ગલીઓ, તળાવો, મંદિરો, કૅફે અને લોકલ લાઇફનો જીવંત માહોલ અહીં જૂના અને નવા વિયેતનામનું સુંદર મિશ્રણ રજૂ કરે છે. હનોઈ માત્ર ફરવા માટેનું શહેર નથી. અહીં તમારે થોડું ધીમું પડીને આસપાસના જીવનને જોવાનું છે અને શહેરને અનુભવવાનું છે.

**★ દા નાંગઃ પહાડો, દરિયાકિનારા અને સુંદર સાંજ**

દા નાંગ પહોંચતાં જ સફરનો માહોલ ફરી બદલાઈ જાય છે. સુંદર દરિયાકિનારા, પહાડો અને આધુનિક શહેરજીવન અહીં એકસાથે જોવા મળે છે. બા ના હિલ્સ ખાતે આવેલો ભવ્ય ગોલ્ડન બ્રિજ એના વિશાળ પથ્થર જેવા હાથનાં મોન્યુમેન્ટ માટે વિશ્વભરમાં જાણીતો છે. પરિવારો અને કપલ્સ માટે દા નાંગ ફરવાલાયક સ્થળો અને આરામદાયક બીચ ટાઇમનું સુંદર સંયોજન આપે છે.

**★ અને પછી આવે છે ફુ ક્કોક...**

આ ટાપુનો દક્ષિણ વિસ્તાર, ખાસ કરીને સનસેટ ટાઉન, અહીંના સૌથી આકર્ષક ફરવાનાં સ્થળોમાંનું એક બની ગયું છે. મેડિટેરેનિયન શૈલીની ગલીઓ, સમુદ્રના નજારા ધરાવતાં કેફે અને સાંજના સમયે જીવંત બનતું વાતાવરણ આ સ્થળને સમુદ્રકિનારે વસેલા કોઈ નાનકડા યુરોપિયન શહેર જેવો અનુભવ કરાવે છે.

સમુદ્રની ઉપર લગભગ એકબીજાને મળતાં બે અર્ધવર્તુળાકાર આકાર ધરાવતો કિસ બ્રિજ સૂર્યાસ્ત સમયે ખૂબ સુંદર લાગે છે. સૂર્યાસ્ત બાદ અહીં યોજાતો કિસ ઑફ ધ સી શો સમગ્ર વોટરફ્રન્ટને સંગીત, વોટર સ્ક્રીન, લેસર, ફુવારા, પરફોર્મન્સ અને ફટાકડાથી જીવંત બનાવી દે છે અને પછી આવે છે હોન થોમ કેબલ કાર. ફિરોઝી રંગના સમુદ્ર, નાના નાના ટાપુઓ અને દરિયામાં જોવા મળતી માછીમારીની હોડીઓની ઉપરથી પસાર થતી આ કેબલ કાર રાઇડ પોતાનામાં જ એક અદ્ભુત અનુભવ છે.

આવો અનુભવ છે જેમાં બાળકો હોય, માતા પિતા હોય કે દાદા દાદી, દરેક વ્યક્તિ કેબલ કારની બારીમાંથી બહાર જોતી વખતે એ અદભુત નજારો જોઈને આશ્ચર્યચકિત થઈ જાય છે.

**★ ભારતીય પ્રવાસીઓ માટે ઘર જેવો સ્વાદ**

ઑરોરા ટ્રાવેલ્સ સાથે પ્રવાસ કરતા ગ્રૂપની સાથે રાજસ્થાની મહારાજ પણ પ્રવાસ કરે છે, જે હોટેલમાં જ તાજું શાકાહારી અને જૈન ભોજન તૈયાર કરે છે અને પીરસે છે. એટલે કોઈ બીજા દેશમાં જઈને ભોજનની સમસ્યા થશે એની ચિંતા તો કરવાની જ નથી.

આ સુવિધાને કારણે પ્રવાસીઓ વિયેતનામની નવી જગ્યાઓ, નવા અનુભવો અને સ્થાનિક આકર્ષણોનો આનંદ માણવાની સાથે પોતાના પરિચિત ભોજન અને ઘર જેવા સ્વાદનો આનંદ પણ લઈ શકે છે અને નિશ્ચિંત થઈને મુસાફરી કરી શકે છે.

**★ કમ્પલિટ વિયેતનામ એક્સપિરિયન્સ**

કદાચ આ જ કારણ છે કે ફુ ક્કોક સાથેની વિયેતનામની સફર ખાસ બની જાય છે. સાપા તમને પહાડોનો અનુભવ કરાવે છે. હનોઈ તમને ઇતિહાસ અને કથાઓ સાથે જોડે છે. દા નાંગ દરિયાકિનારા અને સંસ્કૃતિનું સુંદર સંયોજન આપે છે અને ફુ ક્કોક તમારી સફરમાં સૂર્યપ્રકાશ, સમુદ્ર, સુંદર સૂર્યાસ્ત અને ભવ્ય મનોરંજનની અંતિમ યાદ ઉમેરે છે.

બાળકો હોય, કપલ્સ હોય, પરિવારો હોય કે સિનિયર સિટીઝન્સ, પ્રવાસના દરેક પડાવમાં દરેક માટે કંઈક જુદો અનુભવ અને એક નવી યાદ છુપાયેલી છે.

અને જ્યારે આ બધી યાદો એકસાથે જોડાય છે, જેમ કે ઠંડા પહાડી સાપાથી લઈને હનોઈની જીવંત ગલીઓ સુધી, દા નાંગના સુંદર દરિયાકિનારાથી લઈને ફુ ક્કોકના જાદુઈ સૂર્યાસ્ત સુધી, ત્યારે ઘરે પરત ફરતી વખતે તમે માત્ર એટલું નથી કહેતા કે,

''અમે વિયેતનામની મુલાકાત લીધી.''

તમે કહો છો, ''અમે વિયેતનામને ખરેખર અનુભવ્યું.''

**ઑરોરા ટ્રાવેલ્સ ટુર્સ પ્રા. લી. : ઓફિસ નંબર : ૭૦૨, ૭મે માળે, મહાલક્ષ્મી ચેમ્બર્સ, ભૂલાભાઈ દેસાઈ માર્ગ, તિરુપતી અપાર્ટમેન્ટની સામે મુંબઈ-૨૬, મહારાષ્ટ્ર. ફોન : +912223519710/11/12 - 91376 01052**

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# કોણે ધર્મ બજાવ્યો/લજાવ્યો? કેટલો?

નઝીર અકબરાબાદી પાસે ધર્મથી ઉપરવટનો નીરક્ષીર વિવેક હતો, જે જગતમાં બહુ ઓછા, ભલે ભારે જ્ઞાની હોય, વિચાર-વાણી સમૃદ્ધોમાં નીરખવા મળે છે. ભારોભાર, છલોછલ ઈસ્લામિયતમાં ઉછરેલા આ મહાકવિ કૃષ્ણથી સમગ્ર રુપેણ અંજાયેલા જીવનભર રહ્યા અને કેવા રહ્યા! ૧૭૩૫થી ૧૮૩૦ સુધીનો ૯૫ વર્ષનો દીર્ઘ આયુષ્યકાળ ભોગવનાર કવિએ ક મા મુનશી અને હરીન્દ્ર દવે સાથે ઊભા રહી શકે એવું સુદીર્ઘ કાવ્ય (નઝ્મ) કૃષ્ણ ઉપર મૂક્યું છે એના માત્ર અંશ આ રહ્યા.

*યારો સૂનો! દધિ કે લુટૈયા કા બાલપન*
*ઔર મધુપુરી નગર કે બસૈયા કા બાલપન*
*મોહન સરુપ નૃત્ય કરૈયા કા બાલપન*
*બન બન કે ગ્વાલ ગૌએં ચરૈયા કા બાલપન*
*ઐસા થા બાંસુરી કે બજૈયા કા બાલપન*
*ક્યા ક્યા કહું મૈ ક્રિશ્નકનૈયા કા બાલપન*

*ક્યા ઘુંટનિયોં કા ઉનકે મૈ ચલના બયાં કરું!*
*યા મીઠી બાતેં મુંહસે નિકલના બયાં કરું!*
*યા બાલકોંકી તરહસે પલના બયાં કરું!*
*યા ગોદીયોંમેં ઉનકા મચલના બયાં કરું!... યારો સૂનો!*

*થી ઉનકી ચાલ કી તો અજબ યારો ચાલ ઢાલ*
*પાંવોમેં ઘુંઘરુ બાજતે, સર પર ઝુંડલે બાલ*
*ચલતે ઠુમક ઠુમક કે જો વો ઝગમગાતી ચાલ*
*થામેં કભી જસોદા કભી નંદ લે સંભાલ... યારોં સૂનો!*
*મખ્ખનકી ચોરી કરતે, ગ્વાલિન આ ગઈ વહાં*
*ઔર ઉસને આ પકડ લિયા તો ઉસ સે બોલે: હાં...*
*મૈ તો તેરે દહીંકી ઉડાતા થા મખ્ખિયાં*
*ખાતા નહીં મેં ઉસકી નિકાલે થા ચૂંટીયાં... યારોં સૂનો!*

*એક રોઝ મુહમેં કાનને માખન ઝુકા દિયા*
*પૂછા જશોદાને તો વહીં મુંહ બના દિયા*
*મુંહ ખોલ તીનોં લોગ કા આલમ દિખા દિયા*
*એક આનમેં દિખા દિયા ઔર ફિર ભૂલા દિયા... યારોં સૂનો!*

૧૯૭૯ની હિરો સાઈકલ્સની ડાયરીમાં અમે એક શબનમ નામની શાઈરાનો શેર વાંચેલો એ સ્મરણમાંથી તમારા સુધી પહોંચવા થનગની રહ્યો છે...

*મૈં ભી રાધા સે કોઈ કમ તો નહીં હું 'શબનમ'!*
*સાંવલે રંગ કા ઈક શખ્સ મુઝે પ્યારા હૈ!!!*

ઓશોના પૂર્વગ્રહ પણ એમની સર્વોત્તમ વાણી જેટલા જ કડક. શ્રીરામ અને ગાંધીજી વિષેના ખાસ. શ્રીરામને અને તુલસીદાસને સાવ જ અલગ દૃષ્ટિથી અથવા એમને જોતી વખતે અલગ ચશ્માં પહેરી જોયા હોય એવું બની શકે. મને પોતાને હંમેશાં લાગ્યું છે કે જે માણસો સૂંઢીયા કિલ્લા જેવી અન્યને બિરદાવ્યા વિનાની જિંદગી જીવતા હોય એ બધા માણસ તરીકે ખૂબ ઓછા છે. મને આજે રાજા અકબરના દરબારના એક સંતની કક્ષાના શ્રીમંત રહીમ અને સંત તુલસીદાસ વચ્ચેનો અદ્ભુત સંવાદ યાદ આવે છે. એક બાજુ છે છંદશાસ્ત્રપ્રવીણ તુલસીદાસ અને બીજી બાજુ છે અજબ ગજબના સખાવતી શ્રીમંત દોહાપ્રવીણ રહીમ. રહીમનો રોજ સવારે આગલા દિવસે જે કાંઈ બચ્યું હો એ દાનમાં આપી નવા દિવસે નવું કમાવાનો નિયમ. તુલસીદાસ લટારે નીકળતાં સવારે રહીમના આવાસ બહાર મોટી ગીર્દી જુએ છે, ઊભા રહી જાય છે, દાનની પ્રક્રિયા જુએ છે, આંખમાં તો હર્ષાશ્રુ માતા નથી. દાન પ્રક્રિયા પૂરી થયા બાદ, તુલસીદાસ રહીમ નજીક સરે છે. રહીમ તુલસીને જોઈ ઉલ્લાસમાં આવી જાય છે, ચરણોમાં પડે છે, તુલસી રહીમને બેઠા કરે છે અને રહીમની આંખમાં આંખ પરોવી એટલું જ કહે છે:

*'ઐસી દેની દેન જ્યૂં, કિત સીખે હો સેન?*
*જ્યોં જ્યાં કર ઊંચે કરો, ત્યોં ત્યોં નીચે નૈન...'*

(આવી આપવાની અદ્ભુત રસમ ક્યાંથી શીખ્યા સેન રહીમ! કે જેમ જેમ આપતાં તમારો હાથ ઊંચે જાય છે એમ એમ નયન નીચે ને નીચે જાય છે!) રહીમ જવાબ આપે છે.

*દેનહાર કોઈ ઔર હૈ, દેવત હૈ દિન રૈન*
*લોગ ભરમ હમ પર કરેં, યાતે નીચે નૈન*

(આપવાવાળો તો કોઈ ઔર છે જે દિવસરાત મોકલ્યા જ કરે છે, આ બધા લોકો શ્રેય મને આપે છે કે હું આપું છું એટલે મારી આંખો શરમની મારી નીચી નમી જાય છે)

***આવા તુલસીદાસનું અથવા એમની નજીક પહોંચતા સિવાયનું હિંદુત્વ અને આવા રહીમનું અથવા એમની નજીક પહોંચતા સિવાયનું મુસલમાનત્વ મારે શા કામનું?***

આજે આટલું જ... ■


તુલસીદાસ


અકબર


રહીમ


નઝીર અકબરાબાદી





વલો કચ્છ

ગિરિરાજ
feedback@bombaysamachar.com

# ઈતિહાસના ઝરૂખેથી ભવિષ્યની ભવ્યતા તરફ કચ્છની અર્થવ્યવસ્થા...

**સ્વ. દાદાસાહેબ** માવલંકર જેવી વિભૂતિના નામ સાથે જોડાયેલી પ્રવચનમાળામાં કચ્છ જેવા અનોખા પ્રદેશની આર્થિક સફર વિશે વાત કરવી એ એક ગૌરવની બાબત છે. મે ૧૯૬૦માં ગુજરાત રાજ્યના શાસનનો ભાગ બનેલું કચ્છ, ભૌગોલિક રીતે રણ અને સમુદ્રથી ઘેરાયેલું હોવાને કારણે સદીઓ સુધી એક ટાપુની જેમ અલગ-થલગ રહ્યું છે. ઇતિહાસકાર સર રશબ્રૂક વિલિયમ્સે પણ કચ્છને ભારતના પશ્ચિમ કિનારે આવેલો એક વિશિષ્ટ ટાપુ ગણાવ્યો છે. ભૌગોલિક એકલતાને કારણે લોકો કચ્છ એટલે માત્ર 'રણ' એટલું જ જાણતા આવ્યા છે, પરંતુ વાસ્તવિકતા તેનાથી તદ્દન અલગ છે.

વિસ્તારની દૃષ્ટિએ ગુજરાતનો આ સૌથી મોટો જિલ્લો છે, જેનું કુલ ક્ષેત્રફળ (રણ સહિત) ૧૬,૬૦૮ ચોરસ માઈલ છે, જેમાં મુખ્ય ભૂમિભાગ આશરે ૮,૦૦૦ ચોરસ માઈલનો છે. કચ્છની ભૌગોલિક સંરચના મુખ્યત્વે ત્રણ ભાગમાં વહેંચાયેલી છેઃ ૧. રણ અને બન્ની પ્રદેશની અતિ વિશાળ સપાટ જમીન, ૨. પૂર્વથી પશ્ચિમ સુધી ફેલાયેલો પહાડી પ્રદેશ (મુખ્ય ભૂમિ), ૩. ૨૧૦ માઈલ લાંબો વિશાળ દરિયા કિનારો.




કચ્છમાં વરસાદ સરેરાશ માત્ર ૧૨ ઇંચ જેટલો જ પડે છે, જે ગુજરાતમાં સૌથી ઓછો છે. વરસાદ અનિયમિત અને અસમાન છે; એક જ વર્ષે કોઈ એક તાલુકામાં ૩૪ ઇંચ વરસાદ પડે તો પડોશી તાલુકામાં માંડ ૯ ઇંચ નોંધાય છે. ચોમાસાની મુખ્ય પટ્ટી બહાર હોવાને કારણે અહીં કોઈ બારમાસી નદી નથી. બધી જ નદીઓ કે વોકળા ચોમાસા બાદ સૂકાઈ જાય છે. આ જ કારણે કચ્છ સદીઓથી અછત અને દુષ્કાળનો સામનો કરતું આવ્યું છે.

૧લી જૂન ૧૯૪૮ના રોજ આ વંશના અંતિમ શાસક મહારાવ મદનસિંહજીએ રાજ્યની સત્તા ભારત સરકારને સોંપી હતી. કચ્છની પોતાની આગવી બોલી 'કચ્છી' છે, જે સિંધી ભાષાને મળતી આવે છે પરંતુ તેના પર ગુજરાતીનો વ્યાપક પ્રભાવ છે. રસપ્રદ વાત એ છે કે કચ્છી ભાષાની પોતાની કોઈ લિપિ ન હોવાથી, સદીઓથી અહીં વહીવટી અને સાહિત્યિક ભાષા તરીકે ગુજરાતીનો જ ઉપયોગ થતો આવ્યો છે. ઈ.સ. ૧૮૯૦માં કવિ નર્મદે પણ નોંધ્યું હતું કે, ભલે કચ્છ દૂર છે પણ ત્યાં ગુજરાતી ભાષાના પ્રસાર સાથે કચ્છીઓનું આપણી સાથે ઐક્ય વધી રહ્યું છે.

કચ્છની વસ્તીમાં વિવિધતા છે. ગુજરાતમાંથી આવેલા પાટીદાર ખેડૂતો, સૌરાષ્ટ્રના આહીરો, સિંધના માલધારીઓ અને લોહાણા, ભાટિયા, વાણિયા તથા ભાનુશાલી કોમના લોકોએ અહીં આવીને એક સંયુક્ત અને પ્રગતિશીલ સમાજની રચના કરી છે. ૧૮મી સદીના અંતમાં થયેલા 'ઝારાના યુદ્ધ'માં કચ્છે પોતાની યુવા પેઢી ગુમાવી દીધી હતી, જેની અહીંની ખેતી અને અર્થતંત્ર પર લાંબા સમય સુધી નકારાત્મક અસર રહી હતી.

૧. ઈ.સ. ૧૮૧૯ પહેલાનો સમૃદ્ધિનો કાળઃ આ સમયમાં સિંધુ નદીનું વહેણ કચ્છમાંથી પસાર થતું હોવાથી લખપત અને આસપાસના વિસ્તારોમાં ચોખાનો મબલખ પાક થતો. વહાણવટું, હસ્તકલા અને પશુપાલન ચરમસીમાએ હતા. રામસિંહ માલમ નામના કલાકાર ડચ કળાઓ શીખીને આવ્યા બાદ તેમણે કાચકામ, ચાંદીકામ અને મીનાકારી જેવી હસ્તકલાઓનો પાયો નાખ્યો, જે આજે પણ 'કચ્છી કલા' તરીકે પ્રખ્યાત છે. પ્રખ્યાત 'આયના મહેલ' તેની જ દેન છે.

૨. ૧૮૧૯ થી ૧૮૯૯નો સંક્રાંતિકાળઃ ૧૮૧૯ના ભયાનક ધરતીકંપે કચ્છની ભૂગોળ બદલી નાખી. ભૂકંપને કારણે રણની જમીન ઊંચી થઈ ગઈ, જેને 'અલ્લાહ-બંધ' તરીકે ઓળખવામાં આવે છે. આ ભૌગોલિક ફેરફારને કારણે સિંધુ નદીનું વહેણ ફંટાઈ ગયું અને કચ્છની હરિયાળી લુપ્ત થઈ ગઈ. ત્યારબાદ કરાચી અને મુંબઈના વિકાસને કારણે સ્થાનિક વ્યાપારીઓ મુંબઈ અને વિદેશો તરફ સ્થળાંતર કરવા લાગ્યા. ૧૮૯૯ના કપરા દુષ્કાળે આ સ્થળાંતરને વધુ વેગ આપ્યો.

૩. ૧૯૦૦ થી ૧૯૪૭નો 'મનીઑર્ડર' અર્થતંત્રનો કાળઃ દુષ્કાળ અને કડક જકાત નીતિઓને કારણે સ્થાનિક ઉત્પાદન મોંઘું બન્યું. હજારો લોકો રોજગારીની શોધમાં મુંબઈ, આફ્રિકા અને કલકત્તા સ્થાયી થયા. તેઓ બહાર કમાઈને જે નાણાં મોકલતા તેના પર જ કચ્છના પરિવારોનો નિર્વાહ થતો, જેને કારણે કચ્છ 'મનીઑર્ડર અર્થતંત્ર' તરીકે ઓળખાવા લાગ્યું. બીજા વિશ્વયુદ્ધ બાદ મોંઘવારી વધતાં આ વ્યવસ્થા પણ નબળી પડી અને ૧૯૪૮માં જ્યારે ભારત સરકારે કચ્છનો વહીવટ સંભાળ્યો ત્યારે અહીંનું અર્થતંત્ર લગભગ ભાંગી પડ્યું હતું.

સ્વાતંત્ર્ય બાદ કચ્છના વિકાસને નવી પાંખો મળી. કંડલા-ડીસા રેલવે લાઇનના નિર્માણથી કચ્છ દેશના મુખ્ય ભૂમિભાગ સાથે જોડાયું. આ એક જ પરિબળે કચ્છના વ્યાપારમાં નવો પ્રાણ ફૂંક્યો.

દેશના ભાગલા પછી કરાચી બંદર ગુમાવ્યા બાદ, ભારત સરકારે કંડલાને મહાબંદર તરીકે વિકસાવવાનો ઐતિહાસિક નિર્ણય લીધો. કચ્છના પેટાળમાં લિગ્નાઈટ (કોલસો), બોક્સાઈટ અને જીપ્સમ જેવા મૂલ્યવાન ખનીજોનો વિપુલ ભંડાર છે. આ ખનીજો આધારિત ઉદ્યોગો સ્થપાવાથી ખેતી પરનું ભારણ ઘટશે.

૧૯૪૮ પહેલાં પોતાની એકલતામાં જીવતું કચ્છ આજે ભારતના મુખ્ય પ્રવાહમાં ભળી ચૂક્યું છે. હવે કચ્છના પ્રશ્નો એ માત્ર કચ્છના નથી, પણ સમગ્ર ગુજરાતના પ્રશ્નો છે. ગુજરાતના વિકાસની સાથે કચ્છ પણ આર્થિક ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. પ્રવાસન અને ઉદ્યોગોની ગતિએ કચ્છને આજે સમૃદ્ધ જિલ્લો બનાવી દીધો છે. ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




**પોલીસ** પાગલ અજમલને ભગાડી રહી હતી ત્યારે ઝૈનાબ દૂરથી જોઇ રહી હતી એ જ સમયે ટોળામાં ઊભેલો અમરબાબુ અજમલને જોતો હતો.....અજમલની નજર એની પર પડી.

'શંકર શંભો....' અજમલ બોલ્યો. સાંભળીને અમરબાબુ ટોળામાંથી સરકીને જતો રહ્યો....ઝૈનાબ એના બોલવાનો મતલબ ન સમજી, પણ અમરબાબુ સમજી ગયો.

એ જ રાતે શંકરના મંદિરના પાછળના ભાગમાં અજમલનું પાગલપન ભડભડ બળતું હતું. અજમલે પાગલના કપડાં ઉતારીને તાપણામાં ફેંકી દીધા હતાં. સામે બેઠેલા અમરબાબુ અને અજમલના વિચારો તપી રહ્યા હતા. તાપણાંની રહીસહી આગ પર આડેધડ ફુટતા તણખા ઊડીને ખાખ થઇ રહ્યા હતા. અજમલ અસલી કપડામાં અને અસલી મિજાજમાં આવી ગયો હતો. અમરબાબુએ લાવેલા કપડાં પહેરી લીધા હતા. એના ચહેરા પરની બરછટ દાઢી સફાચટ થઇ ગઇ હતી. રીમ ગ્લાસના ચશ્માંમાં એ ફરી ડોક્ટરબાબુ બની ગયો હતો. અમરબાબુએ અસ્ત્રો અને દાઢીનો સામાન પોતાની બેગમાં મૂક્યા. અજમલ દિવસ દરમિયાનની ઘટનાથી દુઃખી હતો......એ પાગલ બની રહીને જ પોતાના કામને અંજામ આપવા માગતો હતો, પણ અમરબાબુએ શંકરના મંદિરે પહોંચીને એને પાગલપણું કાઢી નાખવા કહ્યું હતું. ઝૈનાબને જોઇ લીધી એ વાતની તસલ્લી થઇ હતી, પણ બેકરારી વધી ગઇ હતી.

'મૈંને જિસ લડકી કે બારે મેં બતાયા થા વો આ ચુકી હૈ.....' અજમલે મૌન તોડ્યું.

'વો કામ ખતમ કર પાયેગી.....?' અમરબાબુ બોલ્યો.

'ઉસે કરના હોગા....ઉસકા બાપ ભી મેરા કામ કરતા થા.' અજમલ બોલ્યો.

અમરબાબુએ બેગમાંથી નાનકડું ઓજાર કાઢ્યું. ઊઠીને તાપણાંથી દૂર ગયો.

ઓજારથી જમીન ખોદવા લાગ્યો. અજમલ જોતો રહ્યો. થોડીવારમાં અમરબાબુએ બે રિવોલ્વર અને એક મશીનગન, મેગેઝીન બહાર કાઢીને બતાવ્યા. અજમલ ખંધું હસ્યો. એણે મશીનગન ઊંચકીને અમરબાબુ સામે તાકી પછી ખુન્નસથી ચારે બાજુ ગોળીઓ વરસાવતો હોય એમ મશીનગન ફેરવી.

'ડોક્ટરબાબુ, ઇસ મેં નકલી દવાઇ કી પુડિયાં નહીં, અસલી ગોલિયાં હૈ,' અમરબાબુએ મશીનગન પાછી લેતાં કહ્યું. અજમલે રિવોલ્વર ઉઠાવી. લાંબા શર્ટની પાછળ પેન્ટમાં ભરાવી. અમરબાબુએ બાકીનો મોતનો સામાન પોતાની બેગમાં મૂક્યો. અજમલે ખાડામાં માટી નાખીને એને સમથળ કર્યો. બંને જણ મંદિરમાંથી નીકળ્યા ત્યારે આગ બૂઝાવા આવી હતી.

*******************

રાધા એની રૂમમાં મીરાંનો વેશ ધારણ કરી રહી હતી. ઝૈનાબ સામે બેસીને જોઇ રહી હતી.

'મેં અજમલને જોયો,' એણે કહ્યું. રાધાની આંગળી એકતારાના તારને અનાયાસે અડી ગઇ.....એક બેસૂરો અવાજ આવ્યો.

'તેં અજમલને જોયો....?' રાધાએ પૂછ્યું.

'હા, એ ગાંડો બનીને ફરે છે.....'

'એટલે જ એ મારા ધ્યાનમાં ન આવ્યો....' રાધા બોલી.

'હા, પોલીસ એને ભગાડી રહી હતી...એ મારી સામે તાકીને જોતો હતો....એણે મને ઓળખી લીધી, મને ઓળખતા વાર લાગી....' ઝૈનાબે કહ્યું.

'તું એની પાછળ કેમ ન ગઇ....?' રાધાએ પૂછ્યું.

'મને સૂઝ્યું નહીં....' ઝૈનાબે કહ્યું.

'એ વેશપલટો કરીને પાછો જરૂર આવશે, પણ કયા વેશમાં અને ક્યાં ઊતરશે એ કહેવાય નહીં'.' રાધાએ આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું.

***********************

રાતે અમરબાબુ અને અજમલ લોજમાં પ્રવેશ્યા. કાઉન્ટર પાસે જઇને અમરબાબુએ મેનેજરને મોટું સ્માઇલ આપતાં કહ્યુઃ 'મેરા મિત્ર હૈ.....'

અજમલે રીમ ગ્લાસના ચશ્માંની દાંડીને તર્જનીથી ઠીક કરતાં કહ્યુંઃ 'જય ગોપાલા.'

*********************

રાધાએ પલંગ નીચેથી બેગ કાઢીને એમાંથી બોક્સ કાઢ્યું....એ જ બોક્સ જે ઝૈનાબ લાવેલી.

'આમાં શું છે.....?' ઝૈનાબને પૂછવાનો મોકો મળી ગયો.

'મોતનો સામાન.....' રાધાએ એકતારો વગાડ્યો. એ જ વખતે દરવાજા પર બે ટકોરા પડ્યા.

રાધાએ ઝૈનાબને દરવાજો ખોલવા ઇશારો કરીને મોતનો સામાન નીચે સરકાવી દીધો. ઝૈનાબે દરવાજો ખોલ્યો. સામે જગદીશ હતો. આ વખતે જગદીશની નજર ઝૈનાબ પર નહીં, સીધી રાધા પર પડી....

'મીરાંબાઇ કા સાજશણગાર ઉદયપુર સે મંગવાયા હૈ...સાડી કા રોજ કા સો રૂપિયા, બ્લાઉઝ કા પચાસ રૂપિયા...પેટીકોટ કા....'

'બસ, બસ, આગે મત બોલો...રોજ કા કિતના સિર્ફ ઇતના બતાઓ...' રાધા બોલી...ઝૈનાબ હસી પડી....

'પાંચસો રોજ કા.....પહેચાન હૈ ઇસલિયે એડવાન્સ નહીં લિયા...' જગદીશે કહ્યું.

'યે લો...દો હજાર રખો....' રાધાએ કહ્યું.

'સબ સાથ મે દેના...'

'કલ કા ક્યા ભરોસા....' રાધા બોલી.

'એ...એ....એસા કભી નહીં બોલને કા હં.....' જગદીશે રાધાના હોઠ પર આંગળી મૂકી દીધી. 'બોલના હૈ તો જય ગોપાલા બોલો'...એટલું બોલીને એ નીકળી ગયો.

જગદીશના ગયા પછી રૂમમાં થોડીવાર ગમગીની પથરાયેલી રહી.

'બોક્સ.....' ઝૈનાબે પલંગ નીચે ઇશારો કરતાં કહ્યું. રાધાએ બોક્સ કાઢીને ખોલ્યું. રાધા એના વિશે સમજણ આપતી હતી ત્યારે ઝૈનાબની આંખો બોક્સમાં ખોડાયેલી હતી.

**************************

ગુલાબ કુંજના વિશાળ દરવાજાથી થોડે દૂર રાધા ગાઇ રહી હતી....'મેરે તો ગીરધર ગોપાલ દૂસરો ના કોઇ......' ભક્તોની આવનજાવન અને ભારે ભીડ વચ્ચે રાધાની નજર અજમલને શોધી રહી હતી. એની આંખો સતત સાધુ, સંત, બાવા, ભિખારીઓને બારીકીથી ચકાસતી રહેતી. કાશ અજમલ આમાંનો કોઇ એક નીકળે......અચાનક એની નજર સામેથી અજમલ પસાર થયો....એને પોતાની આંખો પર વિશ્વાસ ન બેઠો....એણે બે વાર આંખો પટપટાવીને જોયું...એ જ હતો.

> **રાતે શંકરના મંદિરના પાછળના ભાગમાં અજમલનું પાગલપન ભડભડ બળતું હતું**

એણે અજમલ પર આંખો સ્થિર રાખી....એની હિલચાલ જોવા....સિંહણ શિકાર પર સતત નજર ખોડીને રાખે એમ. અજમલ ઝીણી નજરે ઝૈનાબને શોધી રહ્યો હતો. રાધા એનો પીછો કરવા ઊભી થઇ...એવામાં અજમલે ઝૈનાબને જોઇ.....એ ચિત્તાની ઝડપે આગળ ગયો. અજમલ ઝૈનાબની સામે જઇને ઊભો રહી ગયો.. રાધા અટકી ગઇ. ખભા પર દૂધનો ઘડો લઇને ફરતા રાઘવે રાધાને જોઇ....એને કંઇક ગરબડ લાગતા એ રાધા પાસે ગયો....રાધાની આંખો અજમલ અને ઝૈનાબ પર હતી.....

'રાધા, શું થયું?' રાઘવે ધીમેથી પૂછ્યું.

'શ.....શ.....' રાધા બોલી....રાઘવે રાધાની દિશામાં નજર કરી...એ ઝૈનાબને ઓળખી ગયો.....

'આ છોકરીને મેં જોઇ છે...' રાઘવે કહ્યું.

'તું એની પર નજર રાખ....' રાધા બોલી.

'મેરે પીછે પીછે આઓ....' અજમલ બોલીને આગળ ચાલવા માંડ્યો. ઝૈનાબ પણ એની પાછળ જવા લાગી. રાધા બેસી ગઇ. રાઘવને કંઇ સમજાયું નહીં પણ, એ પણ એની સામે બેસી ગયો.

'શું થયું, કોણ છે...?' એણે પૂછ્યું....

'અજમલ....' એ માત્ર એટલું જ બોલી.

'છોકરીને મેં ગઇકાલે જ જોયેલી.....મને શંકા હતી જ એ પણ ટેરરીસ્ટ છે. હું એની પાછળ જાઉં છું...' રાઘવ ઉઠ્યો.

'ના....પાછળ જવાની જરૂર નથી...છોકરી આપણી ટીમની છે....'

'આપણી ટીમની....કોણ છે?, ક્યાંથી આવી.....?'

'એ આપણું જ કામ કરી રહી છે...તું અત્યારે બસ આટલું સમજ...'

****************

'દેવીપ્રસાદજી, હું તમને ઓળખું છું...એટલે વિનંતી કરું છું કે રાધા અને એની ફ્રેન્ડને જતા રહેવાનું કહી દો....' યમુના ધરમશાળાના કર્તાધર્તા વિશ્વનાથજીએ દેવીપ્રસાદજીને હાથ જોડતાં કહ્યું.

'હું પણ આપને હાથ જોડીને વિનંતી કરું છું કે એમની પર કોઇ શંકા કરવાનું કારણ નથી...વધુમાં વધુ બે દિવસ આપો. શ્યામ ઘટાના દર્શન કરીને એ લોકો જતાં રહેશે...' દેવીપ્રસાદજી બોલ્યા. વિશ્વનાથજીએ થોડી નારાજગી સાથે સહમત થયા.

*********************

'મને ઝૈનાબની ચિંતા થાય છે.....' રાઘવ બોલ્યો. રાધા ધરમશાળાની બારીમાંથી નીચે ઝૈનાબની રાહ જોઇ રહી હતી.

'રાઘવ, ચિંતા કરવાની કોઇ જરૂર નથી. ઝૈનાબે એના મા-બાપનો બદલો લેવો છે...'

'અજમલને ઝૈનાબ પર શંકા જશે તો એને ખતમ કરી નાખશે..'

'શંકા નહીં જાય....ઝૈનાબ પહોંચી વળશે....' રાધા હજી નીચે જોઇ રહી હતી.

'આવું પગલું ભરીને તું શું કરવા માગે છે, રાધા?'

'આપણે અજમલનો પ્લાન જાણવો છે....' રાધા બોલી.

*********************

અજમલ અને ઝૈનાબ શંકરના મંદિરમાં પ્રવેશ્યાં. ઝૈનાબે અજમલના ત્રણ રૂપ જોયા હતા. અબુએ ભોળાભાળા ડો. અજમલની ઓળખાણ કરાવી ત્યારે....બેજલમેડમાં ગાંડાની જેમ ફરતા જોયો ત્યારે અને અત્યારે એક સજ્જન બનીને સામે ઊભો છે ત્યારે...

'તૂ યહાં આઇ હો ઇસ બાત કા કિસકો પતા હૈ ?' અજમલે પૂછ્યું.

'કિસી કો ભી નહીં પતા.....'

'યહાં કહાં રહ રહી હો.....'

'યમુના ધરમશાલા મેં.....'

'તુમ તુમ્હારે અબ્બુ-અમ્મી કી મૌત કા બદલા લેના હૈ....સચ મેં....?'

'હાં, આપકો કોઇ શક હૈ....?' ઝૈનાબે પૂછ્યું. એ જ વખતે અજમલના મોબાઇલની રીંગ વાગી. અજમલે મોબાઇલના સ્ક્રીન જોઇને હેલો કહ્યું. સામેનો અવાજ સાંભળીને એ શંકાથી ઝૈનાબની સામે જોતો રહ્યો. ફોન પત્યા પછી એણે પાછળ ભરાવેલી રિવોલ્વર કાઢીને ઝૈનાબની સામે તાકી. ઝૈનાબ ભયથી થથરી ગઇ.

'તુમ્હારે ભાઇજાન સમંદર ખાન કા ફોન થા. બદલા લેને કા વક્ત આ ચૂકા હૈ...કોઇ ચલાકી નહીં ચાહિયે....' અજમલે રિવોલ્વર હટાવતાં કહ્યું.

'કામ બતાઓ...ક્યા કરના હૈ?' ઝૈનાબે કરડાકીભર્યા અવાજે કહ્યું.

(ક્રમશઃ) ■



નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# ચેરીથી પણ પ્રિય?

ચેરી બ્લૉસમ્સને દુનિયાભરમાં મળતું ધ્યાન જાપાનની બીજી કોઈ ઋતુને કદાચ મળતું નથી. પરંતુ ઘણા જાપાનીઝ પ્રવાસીઓને પૂછો કે ચેરી બ્લૉસમ્સ સિવાયની કઈ ઋતુ પસંદ કરશે, તો ઑટમ ઘણી વાર આગળ આવે છે. સપ્ટેમ્બરના મધ્યથી ડિસેમ્બરની શરૂઆત સુધી જાપાન કોયો અથવા મોમિજિ, એટલે કે ઑટમના પાંદડાં બદલાવાની એક ધીમી, મનમોહક અને વધુ ભવ્ય ઋતુનો અનુભવ કરે છે. વસંતમાં ચેરી બ્લૉસમ્સનું સૌંદર્ય માત્ર થોડા અઠવાડિયાં માટે ખીલે છે, જ્યારે ઑટમના રંગો ધીમે ધીમે આખા દેશને પોતાની રંગછટાઓમાં રંગતા જાય છે. જાણે આ કુદરતી ઉજવણી સ્ટેપ બાય સ્ટેપ આખા જાપાનમાં ફેલાતી જાય છે. દરેક ડેસ્ટિનેશન આ રંગોને પોતાની રીતે ધારણ કરે છે, એટલે એક જ સીઝનમાં જાપાનના કેટલાય સાવ અલગ ચહેરા જોવા અને અનુભવવા મળે છે, અને દિલથી.

આ રંગોની શરૂઆત હોક્કાઈડોથી થાય છે અને પછીના અઠવાડિયાંમાં ધીમે ધીમે દક્ષિણ તરફ આગળ વધે છે. જાપાનીઝ મેપલનાં પાંદડાં ચમકતા લાલ બની જાય છે. જિન્કો વૃક્ષો ગાઢ સોનેરી રંગ ધારણ કરે છે, જ્યારે જાપાનીઝ બીચનાં વૃક્ષો માટિયા ઑરેન્જ રંગમાં રંગાઈ જાય છે. આ બધાં રંગો જ્યારે મંદિરોની પરંપરાગત આર્કિટેક્ચર સામે ખીલે છે અથવા શાંત પાણીમાં તેમનાં પ્રતિબિંબ પડે છે, ત્યારે દશ્ય જાણે કેમેરા માટે જ તૈયાર થયું હોય એવું લાગે છે. ખાસ વાત એ છે કે આ સમયે ભીડ પણ નોંધપાત્ર રીતે ઓછી હોય છે. એટલે કુદરતની વચ્ચે થોભીને એને શાંતિથી માણવાની તક વધુ મળે છે.

ક્યોટોમાં ઑટમના રંગો અને જાપાનનો ઐતિહાસિક વારસો અદ્ભુત સંગમ સર્જે છે. કિયોમિઝૂ-દેરા અને તોફુકુ-જી જેવા મંદિરો લાલ અને સોનેરી રંગોની ફ્રેમમાં જાણે જીવંત ચિત્ર બની જાય છે. ટોકિયોમાં શિંજુકુ ગ્યોન અને રિકુગિએન જેવા પાર્ક્સ ઑટમનું પોતાનું અલગ રૂપ બતાવે છે. જ્યારે જાપાનીઝ આલ્પ્સ, નિક્કો અને હાકોને આસપાસનાં કુદરતી વિસ્તારો આ જ ઋતુબદલાવનું વધુ પર્વતીય, શાંત અને ખુલ્લું રૂપ અનુભવવા દે છે. એક તરફ શહેરની આધુનિક લાઇફસ્ટાઇલ ચાલુ રહે છે, તો બીજી તરફ કુદરત પોતાનો રંગમંચ સજાવતી રહે છે.

ઑટમના આ રંગોને એક સાંસ્કૃતિક વિચાર પણ જોડે છે, મોનો નો અવેરે, એટલે કે દરેક સુંદર વસ્તુ કાયમી નથી રહેતી એની જાગૃત સમજ અને એ ક્ષણ પસાર થઈ જાય એની હળવી ઉદાસી. જેમ હનામી ચેરી બ્લૉસમ્સના ટૂંકા જીવનને ઉજવે છે, તેમ મોમિજિ મત્સુરી, એટલે ઑટમ ફૉલિયેજ ફેસ્ટિવલ્સ, ખરતાં પહેલાં જ પાંદડાંના આ રંગોત્સવને ઉજવે છે. કેટલીક જગ્યાએ રાત્રે મંદિરો અને પાર્ક્સને ઇલ્યુમિનેટ કરવામાં આવે છે, જેથી એ જ બદલાતા રંગો અંધારામાં એકદમ અલગ અને જાદુઈ રૂપ ધારણ કરે છે.

જે પ્રવાસીઓ જાપાનનો પીક ચેરી બ્લૉસમ સીઝનનો અનુભવ કરી ચૂક્યા છે, અથવા એ સમયની ભીડથી દૂર રહીને કંઈક અલગ અનુભવવા માગે છે, તેમના માટે ઑટમ જાપાનને માણવાનો એક વધુ સમૃદ્ધ અનુભવ બની શકે છે. કુદરતની ક્ષણિક સુંદરતા માટેનો એ જ રાષ્ટ્રીય પ્રેમ અહીં પણ જોવા મળે છે, પરંતુ આ વખતે લાલ, કેસરી, સોનેરી અને ઑરેન્જ રંગોની એક નવી દુનિયા ખીલી ઊઠે છે. અને કદાચ આ જ ઑટમની સૌથી મોટી ખાસિયત છે, તમે જ્યાં જુઓ ત્યાં જાપાનનો એક નવો રંગ, એક નવી કહાની અને એક નવી યાદ તમારી રાહ જોઈ રહી હોય છે.

## વીણા વર્લ્ડ વુમન્સ સ્પેશિયલ
### આનંદનો નવો રંગ ઉત્સાહનું નવું બહાનું!



જાપાન કહો એટલે આંખો સામે તરત જ ચેરી બ્લૉસમ્સ ખીલી ઊઠે, પણ ઑટમમાં જાપાનનું સૌંદર્ય કંઈક અલગ જ હોય છે! શરદઋતુના આગમન સાથે લીલાછમ વૃક્ષો લાલ, કેસરી, પીળા અને સોનેરી રંગોની અનેક છટાઓથી સજાઈ ઊઠે છે. આ સુંદર ઑટમ કલર્સનો મનમુરાદ આનંદ માણતાં વીણા વર્લ્ડની વુમન્સ સ્પેશિયલ જાપાન ટૂરમાં ટોકિયોની ઝગમગતી દુનિયા, માઉન્ટ ફુજીનું વિહંગમ સૌંદર્ય, ક્યોટોનાં ઐતિહાસિક મંદિરો, અરાશિયામાની બાંબૂની વનરાજી અને જાપાનની ફાસ્ટ બુલેટ ટ્રેનનો પણ અનુભવ કરીએ. રંગોની આ ઉધળણ માણતાં સખીઓ સાથે ફોટોઝ, શૉપિંગ, ગપ્પાં અને નવનવા અનુભવોની મજા પણ હશે. એટલું જ નહીં, સમગ્ર પ્રવાસ દરમિયાન તમારી સુવિધાનું ધ્યાન રાખવા માટે ટૂર મેનેજર છે જ. એટલે જાપાનના દરેક રંગનો તમે દિલથી આનંદ માણી શકશો.

તો પછી રાહ શેની જુઓ છો? ઑટમના રંગોમાં રંગાયેલું જાપાન સખીઓ સાથે અનુભવવાનો આ જ તો ખાસ સમય છે. ચાલો, બૅગ ભરો, નિકળી પડો!



## મૈં હૂં ના!
## વીણા વર્લ્ડ ટૂર મેનેજર

જાપાનનો ઑટમ સીઝન એટલે દરરોજ બદલાતા રંગોની એક જાદુઈ કહાની. પરંતુ આ રંગોત્સવ પાછળની કહાનીઓ, પરંપરાઓ અને સંસ્કૃતિને સમજીએ, ત્યારે આ સફર વધુ અર્થપૂર્ણ બની જાય છે. ટોકિયોની આધુનિક લાઇફસ્ટાઇલથી લઈને ક્યોટોનાં પ્રાચીન મંદિરો સુધી, માઉન્ટ ફુજીનાં મનમોહક દશ્યોથી લઈને નારા અને નિક્કોનાં શાંત વાતાવરણ સુધી, દરેક સ્થળનો અનુભવ વધુ સમૃદ્ધ બને એ માટે હું તમારી સાથે હોઉં છું. બેસ્ટ વ્યૂ પોઈન્ટ્સ, યોગ્ય સમયે વિઝિટ કરવાની માહિતી, આકર્ષક ફોટો સ્ટૉપ્સ, લોકલ ફૂડ કલ્ચર, જાપાનીઝ પરંપરાઓ અને પ્રવાસનું સચોટ પ્લાનિંગ, આ બધું મળીને તમારી સફરને વધુ આરામદાયક અને યાદગાર બનાવે છે.

જાપાનમાં શરદઋતુ માત્ર જોવાની નથી, અનુભવવાની હોય છે. આ અનુભવનો દરેક રંગ, દરેક ક્ષણ અને દરેક યાદને હું ખાસ બનાવું છું. તો તમે પણ જાપાનનો આ રંગોત્સવ જોવા મારી સાથે, વીણા વર્લ્ડ સાથે નીકળી પડો! ચાલો, બૅગ ભરો, નિકળી પડો!

# નિસર્ગનો અનોખો રંગોત્સવ જોવા, ચાલો જાપાન!



# અ રિયલ મેકઓવર!

જાપાનમાં ઑટમની શરૂઆત થાય એટલે કુદરત જાણે ધીમે ધીમે પોતાનો રંગમંચ સજાવવાનું શરૂ કરે છે. લીલાછમ પાંદડાં પહેલાં પીળાં, પછી કેસરી, લાલ અને તાંબડાં રંગોથી ઝગમગી ઊઠે છે. ડુંગરો, રસ્તાઓ, ગાર્ડન્સ, મંદિરોના પરિસરો અને સરોવરોના કિનારે રંગોની એવી ઉધળણ થાય છે કે થોડી ક્ષણો માટે બસ એને જોતા જ રહી જવાય. પાંદડાંના આ રંગબદલાવને જાપાનીઝ ભાષામાં કોયો કહે છે. ચેરી બ્લૉસમ્સના ગુલાબી રંગથી જાણીતા જાપાનનું ઑટમમાં સાવ અલગ, શાંત, નિરાંતભર્યું અને અદ્ભુત રૂપ સામે આવે છે. ખાસ કરીને ક્યોટોમાં જૂનાં મંદિરો, પથ્થરની પગદંડીઓ અને લાલ-કેસરી વૃક્ષો મળીને જાણે કોઈ જાપાનીઝ ચિત્ર જીવંત કરી દે છે. કિયોમિઝૂ-દેરા, તોફુકુ-જી અને અરાશિયામાના બાંબૂ ફૉરેસ્ટમાં કુદરત અને આર્કિટેક્ચરનો અદ્ભુત સંગમ જોવા મળે છે.

જાપાનીઝ કલ્ચરમાં ઋતુબદલાવને ખાસ મહત્ત્વ છે. મોનો નો અવેરે નામની સંકલ્પના સુંદરતાની ક્ષણભંગુરતાનો અહેસાસ કરાવે છે, એટલે કોઈ સુંદર વસ્તુ કાયમ રહેતી નથી અને એની દરેક ક્ષણને દિલથી માણવી જોઈએ. મોમિજિગારી એટલે ઑટમના રંગો માણવા નીકળવાની પરંપરા. આ રંગો દરેક શહેર, ગાર્ડન અને વૉકમાં પોતાની અલગ કહાની કહે છે. સૂર્યપ્રકાશમાં ચમકતાં પાંદડાં હોય કે શાંત પાણીમાં પડતાં એનાં પ્રતિબિંબો, ઑટમ દરેક ક્ષણે નવું દશ્ય સર્જે છે અને મન મોહી લે છે. એટલે જ જાપાનમાં ઑટમ માત્ર જોવાનો સીઝન નથી, એને ફરવામાં, અનુભવવામાં અને મનભરીને માણવામાં આવે છે.

આ ઋતુની અસર ફૂડ કલ્ચરમાં પણ જોવા મળે છે. શક્કરિયાં, ચેસ્ટનટ્સ, સીઝનલ સ્વીટ્સ, મૅચાની વાનગીઓ અને ગરમાગરમ રામેનની મજા ઠંડી હવામાં કંઈક અલગ જ હોય છે. મંદિરની પગથિયાં પર શાંતિથી બેસવું, ટ્રેનની બારીમાંથી રંગબેરંગી દશ્યો જોવું, હાથમાં ગરમ ચા લઈને ફૉલ માણવો કે શાંત રસ્તા પર ચાલતા રહેવું... આવી નાની ક્ષણો જ મોટી યાદો બને છે. દરેક વળાંકે એક નવો રંગ, એક નવું દશ્ય અને એક નવી યાદ તમારી રાહ જોતાં હોય છે. જાપાનનો ઑટમ જાણે કુદરતે રંગેલું એવું પેઇન્ટિંગ છે, જે દરેક ક્ષણે બદલાય છે અને ફરી ફરી જોવાનું મન કરાવે છે.




**હોક્કાઈડો:** જાપાનનું સૌથી ઉત્તરમાં આવેલું ટાપુ હોક્કાઈડો દેશમાં સૌથી પહેલાં શરદઋતુના આગમનનો અનુભવ કરાવતું સ્થળ માનવામાં આવે છે. સપ્ટેમ્બરના મધ્યથી જ અહીંની પર્વતમાળાઓ, જ્વાળામુખી વિસ્તારો અને નૅશનલ પાર્ક્સનાં વૃક્ષોનાં પાંદડાં લાલ, કેસરી અને સોનેરી રંગછટાઓથી સજાવા લાગે છે. ખાસ કરીને દાઈસેત્સુઝાન નૅશનલ પાર્કને "જાપાનનું ઑટમ ગેટવે" તરીકે ઓળખવામાં આવે છે, કારણ કે દેશની સૌથી પહેલી ઑટમ રંગછટા અહીં જોવા મળે છે. સ્વચ્છ હવા, ઠંડકભર્યું હવામાન અને મનમોહક કુદરતી દશ્યોને કારણે હોક્કાઈડો કોયો એટલે કે ઑટમ ફૉલિયેજનો અનુભવ કરવા માટે દુનિયાભરના પ્રવાસીઓનું મનપસંદ સ્થળ બની જાય છે.

**ક્યોટો:** નવેમ્બરમાં ક્યોટોનો ઑટમ સીઝન પોતાની સુંદરતાની ચરમસીમાએ પહોંચે છે. 1,600થી વધુ બૌદ્ધ મંદિરો, ઝેન ગાર્ડન્સ અને સેંકડો શિંતો શ્રાઇન્સનાં પરિસરોમાં આવેલા મેપલ અને જિન્કો વૃક્ષો લાલ, કેસરી અને સોનેરી રંગોથી ઝળહળી ઊઠે છે. અરાશિયામાની મનમોહક વૅલીઝ, કિયોમિઝૂ-દેરા, એઇકાન્ડોના પ્રકાશિત ગાર્ડન્સ અને તોફુકુ-જી મંદિરનાં "મોમિજિ" દશ્યો, એટલે કે નાઇટ ઇલ્યુમિનેશન્સ, આ ઋતુના ખાસ અનુભવોમાં ગણાય છે. લાલ મેપલ વૃક્ષોની છાયામાંથી પસાર થતા રસ્તાઓ, પરંપરાગત પુલો અને ઐતિહાસિક મંદિરોને કારણે ક્યોટો ઑટમ ફોટોગ્રાફી માટેના સૌથી લોકપ્રિય સ્થળોમાંનું એક માનવામાં આવે છે.

**માઉન્ટ ફુજી:** માઉન્ટ ફુજી જાપાનનો સૌથી ઊંચો પર્વત છે. ઑક્ટોબરથી નવેમ્બર દરમિયાન ફુજી ફાઇવ લેક્સ વિસ્તારમાં ઑટમની રંગછટાઓ ધીમે ધીમે ખીલવા લાગે છે. કાવાગુચિકો સરોવરના કિનારે આવેલો પ્રસિદ્ધ મોમિજિ કૉરિડોર લાલ, કેસરી અને સોનેરી મેપલ વૃક્ષોથી સજી ઊઠે છે, જ્યારે પાછળ બરફથી ઢંકાયેલો ફુજી અદ્ભુત દશ્ય સર્જે છે. સરોવરોમાં પડતું ફુજીનું પ્રતિબિંબ, રોપવેથી દેખાતા વિહંગમ નજારાઓ અને ઑનસેનનો નિરાંતભર્યો અનુભવ, આ બધાને કારણે ઑટમ સીઝનમાં આ વિસ્તાર નેચર લવર્સ, ફોટોગ્રાફર્સ અને પ્રવાસીઓ માટે જાપાનના સૌથી આકર્ષક સ્થળોમાંનું એક બની જાય છે.

**ટોકિયો:** ઑટમ સીઝનમાં ટોકિયો શહેર એકદમ અલગ જ રંગમાં જોવા મળે છે. નવેમ્બરના મધ્યથી શહેરનાં જિન્કો અને મેપલ વૃક્ષો સોનેરી, લાલ અને કેસરી રંગોથી સજાવા લાગે છે. મેઇજી જિંગુ ગાયનના બંને તરફ ઊભેલી આશરે 300 જિન્કો વૃક્ષોની ભવ્ય કતાર ટોકિયોના સૌથી પ્રસિદ્ધ ઑટમ ફોટો લોકેશન્સમાંની એક છે. આ ઉપરાંત ઉએનો પાર્ક, રિકુગિએન ગાર્ડન, કોઇશિકાવા કોરાકુએન અને શોવા મેમોરિયલ પાર્કમાં પણ રંગોની અદ્ભુત ઉધળણ જોવા મળે છે. આધુનિક શહેરજીવન અને આ ઋતુના કુદરતી રંગોનો અનોખો સંગમ ટોકિયોના ઑટમ અનુભવને ખાસ બનાવી દે છે.

**નિક્કો અને નારા:** જાપાનમાં નિક્કો અને નારા ઑટમ સીઝન માટે ખાસ જાણીતા છે. નિક્કોમાં ઑક્ટોબર દરમિયાન ચુઝેનજી સરોવર અને 97 મીટર ઊંચો કેગોન વૉટરફૉલ લાલ, કેસરી અને પીળા રંગોથી ઝળહળી ઊઠે છે. અહીં યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે માન્યતા પ્રાપ્ત તોશોગુ શ્રાઇન પણ આવેલું છે. બીજી તરફ, જાપાનની પ્રાચીન રાજધાની નારા નવેમ્બરમાં રંગબેરંગી વૃક્ષોથી સજી ઊઠે છે. 1,000થી વધુ મુક્તપણે ફરતાં હરણો માટે જાણીતું નારા પાર્ક ઑટમમાં વધુ જ મનમોહક લાગે છે. દુનિયાની સૌથી મોટી કાંસ્ય બુદ્ધ પ્રતિમાઓમાંની એક ધરાવતું તોદાઇજી મંદિર અને પ્રાચીન કાસુગા તાઇશા શ્રાઇન રંગીન વૃક્ષોના સાનિધ્યમાં વધુ સુંદર દેખાય છે.

**હાકોને ઑનસેન:** ટોકિયોથી સરળતાથી પહોંચી શકાય એવું હાકોને જાપાનના સૌથી લોકપ્રિય ટૂરિસ્ટ ડેસ્ટિનેશન્સમાંનું એક છે. ઑક્ટોબરના અંતથી નવેમ્બર સુધી અહીંની પર્વતમાળાઓ લાલ, કેસરી અને સોનેરી રંગોથી ખીલી ઊઠે છે. લેક આશી પરની ક્રૂઝમાંથી દેખાતી માઉન્ટ ફુજીની ઝલક આ વિસ્તારનું ખાસ આકર્ષણ છે. હાકોને રોપવે પરથી સલ્ફર વૅલી અને રંગબેરંગી વૃક્ષોનું વિહંગમ દશ્ય જોવા મળે છે. પરંતુ હાકોનેની સાચી ઓળખ છે અહીંના પ્રસિદ્ધ ઑનસેન. ગરમ પાણીના ઝરણામાં આરામ કરતાં સામે ખીલેલી ઑટમ સીઝનની રંગછટાઓ નિહાળવી, જાપાનીઝ લાઇફસ્ટાઇલનો એક અવિસ્મરણીય અનુભવ બની રહે છે.

# ઇકિગાઈની ધરતી પર... વીણા વર્લ્ડ સાથે!

જાપાનની સફર દરેક માટે અલગ હોઈ શકે છે. એટલે જ તમારી જુદી જુદી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વીણા વર્લ્ડ પાસે કસ્ટમાઇઝ્ડ હોલિડેઝ, કૉર્પોરેટ અને MICE ટૂર્સ, ગ્રુપ ટૂર્સ અને સિનિયર્સ સ્પેશિયલ જેવા અનેક ટૂર ઓપ્શન્સ છે.

**કસ્ટમાઇઝ્ડ ટૂર્સ:** દરેક પ્રવાસીની જાપાન જોવાની ઇચ્છા અલગ હોય છે. કોઈને ટોકિયોની ગજબજતી ગલીઓમાં શૉપિંગ કરવું હોય છે, કોઈને ક્યોટોનાં મંદિરોમાં જાપાનીઝ કલ્ચરનો અનુભવ કરવો હોય છે, તો કોઈને માઉન્ટ ફુજીના મનમોહક વિસ્તારમાં નિરાંતભર્યો સમય પસાર કરવો હોય છે. આવા સમયે વીણા વર્લ્ડના કસ્ટમાઇઝ્ડ હોલિડેઝનો વિકલ્પ એકદમ યોગ્ય રહે છે. વીણા વર્લ્ડના બેસ્ટ ઑફ જાપાન કસ્ટમાઇઝ્ડ હોલિડેમાં 9 દિવસમાં 4 શહેરો અનુભવવાનો વિકલ્પ ઉપલબ્ધ છે. તમારી ટ્રાવેલ પસંદગી મુજબ ડેસ્ટિનેશન્સ, રોકાણનો સમયગાળો અને અનુભવોનું પ્લાનિંગ કરી શકાય છે. એટલે ગ્રુપના નક્કી સમયપત્રક કરતાં પોતાની પસંદગીઓને પ્રાધાન્ય આપીને જાપાનને પોતાની રીતે એક્સપ્લોર કરી શકાય છે.

**MICE ટૂર્સ:** બિઝનેસના કામ માટે વિદેશ જવાનું હોય અને સાથે એ દેશની સંસ્કૃતિ, આધુનિકતા અને ખાસિયતો પણ અનુભવવી હોય, તો MICE ટૂર્સ એક અલગ જ વિકલ્પ બની શકે છે. કૉર્પોરેટ મીટિંગ્સ, ઇન્સેન્ટિવ ટ્રાવેલ, કૉન્ફરન્સ અને એક્ઝિબિશન્સ માટે વીણા વર્લ્ડની MICE ટીમની મદદથી સમગ્ર ટ્રાવેલનું પ્લાનિંગ કરી શકાય છે. જાપાન જેવા ટેક્નૉલૉજીથી સમૃદ્ધ દેશમાં કૉર્પોરેટ ટ્રાવેલ સાથે ટોકિયોની આધુનિકતા, ઓસાકાની ફૂડ કલ્ચર અથવા ક્યોટોનો પરંપરાગત વારસો અનુભવવાની મજા પણ ઉમેરી શકાય છે. કામ માટે શરૂ થયેલી આ સફરમાંથી જાપાનની સુંદર યાદો લઈને પાછા ફરી શકાય છે.

**ગ્રુપ ટૂર્સ:** પહેલી વાર જાપાન જવાના હો, તો ત્યાંની ભાષા, ટ્રેન સિસ્ટમ અને સાવ અલગ કલ્ચરને લઈને ઉત્સુકતા થવી સ્વાભાવિક છે. આવા સમયે વીણા વર્લ્ડની ગ્રુપ ટૂર્સ સાથે ટ્રાવેલનું પ્લાનિંગ, નક્કી કરેલો પ્રોગ્રામ અને અનુભવી ટૂર મેનેજરની સાથ મળે છે. એટલે જાપાનના નવા નવા અનુભવો માણવા પર વધુ ધ્યાન આપી શકાય છે. વીણા વર્લ્ડ પાસે બેસ્ટ ઑફ જાપાન વિથ નાગોયા 7 દિવસની, બેસ્ટ ઑફ જાપાન 8 દિવસની, વન્ડર્સ ઑફ જાપાન 9 દિવસની, તો માર્વેલ્સ ઑફ જાપાન અને જાપાન એક્સ્પ્લોરર 10 દિવસની ટૂર્સ છે. ઉપરાંત, જાપાનને વધુ ઊંડાણથી અનુભવવા માટે એસેન્સ ઑફ જાપાન 13 દિવસનો વિકલ્પ પણ ઉપલબ્ધ છે. આ ટૂર્સમાં ટોકિયોના શિબુયા ક્રૉસિંગ, આસાકુસા અને ટોકિયો સ્કાય ટ્રીથી લઈને માઉન્ટ ફુજી વિસ્તારના ઓશિનો હક્કાઈ અને લેક આશી સુધીનાં અનેક આકર્ષણો અનુભવવા મળે છે. શિંકાન્સેન બુલેટ ટ્રેનનો અનુભવ પણ આ સફરનો એક ખાસ હિસ્સો છે.

**સિનિયર્સ સ્પેશિયલ:** અનેક સિનિયર પ્રવાસીઓનું પણ જાપાન જોવાનું સપનું હોય છે અને પ્રવાસમાં ઉંમર કરતાં વધુ મહત્વની હોય છે નવી નવી વસ્તુઓ જોવાની અને અનુભવવાની ઉમંગ! વીણા વર્લ્ડની સિનિયર્સ સ્પેશિયલ જાપાન 7 દિવસની ટૂર સિનિયર પ્રવાસીઓને ગ્રુપ સાથે જાપાન અનુભવવાની સુંદર તક આપે છે. ટૂરનું ઉત્તમ પ્લાનિંગ, ટૂર મેનેજરની સાથ અને પ્લાન્ડ ઇટિનરરીને કારણે સિનિયર પ્રવાસીઓ જાપાનની સંસ્કૃતિનો દિલથી આનંદ માણી શકે છે. તમારી પસંદગી, તમારી રીતે અને તમારા માટે ખાસ બને એવી જાપાનની સફરનો અનુભવ કરો! તો તમે પણ તમારા માટે યોગ્ય એવો ઓપ્શન પસંદ કરો અને જાપાનની યાદોની દિશામાં પહેલું પગલું ભરો.



# અરે વાહ!
## આ તો મને ખબર જ નહોતી!

- જાપાનમાં ઑટમ લીવ્ઝ જોવાની પરંપરાને "મોમિજિગારી" તરીકે ઓળખવામાં આવે છે. એનો અર્થ છે "રંગબેરંગી પાંદડાંની શોધ".
- ચેરી બ્લૉસમની જેમ જ ઑટમ કલર્સનું પણ નૅશનલ લેવલ પર ફોરકાસ્ટ જાહેર કરવામાં આવે છે.
- જાપાનમાં મેપલ વૃક્ષોની હજારો વિવિધ જાતો જોવા મળે છે અને એના કારણે દેશભરમાં ઑટમની અલગ અલગ રંગછટાઓ જોવા મળે છે.
- જાપાનમાં 26,000 કરતાં વધુ મેપલ વૃક્ષોની પ્રજાતિઓ જોવા મળે છે.
- ક્યોટોમાં 1,600થી વધુ બૌદ્ધ મંદિરો અને 400થી વધુ શિંતો શ્રાઇન્સ છે.
- જિન્કો વૃક્ષોનાં સોનેરી પાંદડાં જાપાનના ઑટમ સીઝનની ખાસ ઓળખ માનવામાં આવે છે.
- નિક્કો જાપાનના સૌથી લોકપ્રિય ઑટમ ડેસ્ટિનેશન્સમાંનું એક છે, જ્યાં પર્વતો, વૉટરફૉલ્સ અને મંદિરોનો સુંદર સંગમ જોવા મળે છે.
- માઉન્ટ ફુજીની આસપાસનો ફાઇવ લેક્સ પ્રદેશ ફોટોગ્રાફર્સનો મનપસંદ ઑટમ સ્પૉટ માનવામાં આવે છે. ઑક્ટોબર-નવેમ્બરમાં અહીં ઑટમનાં અદ્ભુત દશ્યો જોવા મળે છે.
- હોક્કાઈડોમાં જાપાનનો સૌથી પહેલો ઑટમ સીઝન અનુભવવા મળે છે.
- જાપાનમાં શરદઋતુને "ભૂખ જગાવતી ઋતુ" તરીકે પણ ઓળખવામાં આવે છે, કારણ કે આ સમયમાં સીઝનલ ફૂડ્સની ભરમાર હોય છે.

# સિનેમૅટિક જાપાન!

જાપાનનું સૌંદર્ય દુનિયાભરના ફિલ્મમેકર્સને હંમેશાં આકર્ષતું આવ્યું છે. અને જાપાનના આ સૌંદર્યમાં ઑટમ સીઝનનો તો એક અલગ જ સિનેમૅટિક ચાર્મ છે. લાલ-કેસરી મેપલનાં પાંદડાં, સોનેરી જિન્કો વૃક્ષો, ધુમ્મસથી ઘેરાયેલી પર્વતમાળાઓ, શાંત મંદિરો અને રંગબેરંગી પગદંડીઓ... આ બધું મળીને ઑક્ટોબરથી ડિસેમ્બર દરમિયાનના જાપાનને જાણે કોઈ ફિલ્મનો તૈયાર સેટ બનાવી દે છે.

જાપાનના ઑટમનું આ મનમોહક રૂપ અનેક ફિલ્મોમાં પણ જોવા મળે છે. લૉસ્ટ ઇન ટ્રાન્સલેશનમાં ટોકિયોની નીઑન લાઇટ્સ અને ગજબજતા રસ્તાઓની સાથે ટોકિયોની ઋતુઓ સાથે બદલાતી સુંદરતા પણ જોવા મળે છે. એ ફિલ્મની વાર્તાને એક અલગ જ વિઝ્યુઅલ ડેપ્થ આપે છે. મેમોઇર્સ ઑફ અ ગીશામાં ક્યોટોના ગિઓન વિસ્તારની પરંપરાગત આર્કિટેક્ચર, ટી હાઉસિસ, સાંકડી પગદંડીઓ અને કુદરત મળીને ફિલ્મને એક ખાસ જાપાનીઝ એસ્થેટિક આપે છે. ઑટમના લાલ-કેસરી રંગોમાં આ પરંપરાગત દુનિયા વધુ જ મનમોહક લાગે છે. જાપાનના ઑટમનું વધુ એક સુંદર સિનેમૅટિક રૂપ સ્વીટ બીન જેવી જાપાનીઝ ફિલ્મોમાં જોવા મળે છે. ટોકિયોની એક નાનકડી દુકાનની આસપાસ આકાર લેતી આ શાંત, હળવી કહાની આપણને કુદરતમાં થતા નાના નાના બદલાવોને નિહાળતાં શીખવે છે. ઝાડ પર ખીલતાં ફૂલો, ફૉલમાં ખરતાં પાંદડાં અને ઋતુઓના બદલાવ સાથે બદલાતું જીવન... આ બધું જોતાં આપણે એની અંદર ખોવાઈ જઈએ છીએ.

જાપાનીઝ સ્ટોરીટેલિંગમાં કુદરત માત્ર બૅકગ્રાઉન્ડ નથી હોતી, પરંતુ એ પોતે જ કહાનીનું એક કૅરેક્ટર હોય છે. એટલે જ જાપાનનો ઑટમ માણતી વખતે ઘણી વાર એવું લાગે છે, જાણે આપણે કોઈ ફિલ્મના સેટ પર જ હોઈએ. આ સીઝનમાં દરેક દિવસની પોતાની એક કહાની હોય છે. આવું આ સિનેમૅટિક જાપાન તમને પણ અનુભવવું હોય, તો ચાલો જાપાન!



# જીવનમાં એક વાર તો... આ બધું કરવું જ છે!

- ☑ નારા ખાતે હરણોની સાથે, મેપલ વૃક્ષોની વચ્ચે ઑટમનો આનંદ માણવો છે.
- ☑ તળાવમાં પડતાં મેપલ વૃક્ષોનાં પ્રતિબિંબોને કૅમેરામાં કેદ કરવાં છે.
- ☑ જાપાનીઝ ઑનસેનમાં નિરાંતથી બેસીને બહારનું રંગબેરંગી દશ્ય માણવું છે.
- ☑ ક્યોટોનાં લાલ મેપલ વૃક્ષોની છાયામાંથી શાંતિથી લટાર મારવી છે.
- ☑ અરાશિયામાના બાંબૂ ફૉરેસ્ટમાંથી ચાલતાં કુદરતની શાંતિ અનુભવવી છે.
- ☑ શિંકાન્સેન બુલેટ ટ્રેનમાંથી રંગબેરંગી જાપાનીઝ ગ્રામીણ વિસ્તાર નિહાળવો છે.
- ☑ શરદઋતુની ખાસ જાપાનીઝ ફૂડ કલ્ચરનો સ્વાદ માણવો છે.
- ☑ નિક્કોની પર્વતમાળાઓ વચ્ચે રંગ બદલતાં ફૉરેસ્ટ્સ જોવા છે.
- ☑ માઉન્ટ ફુજી અને ઑટમ કલર્સને એક જ ફ્રેમમાં કૅપ્ચર કરવા છે.
- ☑ ક્યોટોનાં મંદિરોમાં નાઇટ ઇલ્યુમિનેશન માણવું છે.
- ☑ પરંપરાગત જાપાનીઝ ટી સેરેમનીનો ભાગ બનવું છે.

veenaworld.com
ફ્લાઇટ ડીલ્સ • ગ્રુપ ટૂર્સ
કસ્ટમાઇઝ્ડ હોલિડેઝ • કૉર્પોરેટ ટ્રાવેલ (MICE)

Now Book Flights On Veena World!
Any Airline. Any Destination. One Trusted Name.
Scan to book, or visit veenaworld.com/flights

Scan to know more
જાપાનના આકર્ષક ઑપ્શન્સમાંથી તમારા માટે યોગ્ય ટૂર પસંદ કરો. દુનિયાભરની આવી અનેક એક્સાઈટિંગ ટૂર્સ માટે veenaworld.com વિઝિટ કરો.

| બેસ્ટ ઑફ જાપાન+નાગોયા (7D) | બેસ્ટ ઑફ જાપાન | વન્ડર્સ ઑફ જાપાન (9D) | જાપાન એક્સપ્લોરર | માર્વેલ્સ ઑફ જાપાન (11D) | એસેન્સ ઑફ જાપાન | વુમન્સ સ્પેશિયલ જાપાન | સિનિયર્સ સ્પેશિયલ જાપાન |
|---|---|---|---|---|---|---|---|
| Oct 29, Nov 5, 8, Dec 6 | 8 Days - Nov 17 | Oct 19, Nov 9, 23, 27 | 10 Days - Nov 21 | Oct 25, Nov 15 | 13 Days - Jan 24 | 7 Days - Nov 28 | 7 Days - Nov 29 |
| 184K - 198K (J&L) | 221K - 231K (J&L) | 251K - 261K (J&L) | 331K - 341K (J&L) | 310K - 320K (J&L) | 404K - 414K (J&L) | 197K - 207K (J&L) | 198K - 208K (J&L) |
| 244K - 260K (ex-Mum) | 296K - 306K (ex-Mum) | 316K - 326K (ex-Mum) | 391K - 401K (ex-Mum) | 380K - 390K (ex-Mum) | 484K - 494K (ex-Mum) | 267K - 277K (ex-Mum) | 258K - 268K (ex-Mum) |

Group tour price includes return airfare (Ex-Mumbai), transport, accommodation, all meals: breakfast, lunch, dinner, sightseeing with entrance fees, driver-guide tips, services of a Tour Manager, visa fee and travel insurance*. The full payment benefit is valid only for a limited period and is not applicable to certain promotional tours and their specialty tours. T&C apply

VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

Email: travel@veenaworld.com | www.veenaworld.com | Toll-Free: 1800 313 5555




વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

# હે પુત્ર! તું બધાંનું સર્વસ્વ હરી લે

**ધુતારાનો** જન્મ આમ તો લોભિયાના જન્મ પછી જ થતો હોય છે, પરંતુ ચોરનો જન્મ તો શાહુકારના જન્મની સાથે જ થતો હોય છે, પણ શાહુકાર અને શ્રેષ્ઠીઓનાં જીવન-ચરિત્રો લખાય છે એ રીતે ચોરનાં ચરિતરો લખાતાં નથી. આપણા ગુજરાતી સાહિત્યમાં ચોરો વિશે અતિ અલ્પ લખાયું છે, એમાંય હાસ્યમાં તો ખાસ કશું લખાયું જ નથી. એક જ્યોતીન્દ્ર દવેએ ચોરોના બચાવમાં એક લેખ લખ્યો છે એટલે મને થયું કે કમ સે કમ મારે તો ચોરોની ઉપેક્ષા ન કરવી જોઈએ. આથી હું આ લેખ લખવા પ્રેરાયો છું.

સંસ્કૃત ભાષામાં ચોર વિશેના થોડાક છૂટાછવાયા ઉલ્લેખો જોવા મળે છે ખરા. એક સંસ્કૃત શ્લોક યાદ આવે છે જેમાં, ચૌર્યકળામાં પ્રવીણ એવો એક બાપ તેના સુપુત્રને શિખામણ આપે છે:

**‘सर्वस्वं हर सर्वस्य त्वं भवच्छेदतत्परः।**
**नयोपकारसांमुख्यं मा यासि तनुवर्तनम् ।।’**

(હે પુત્ર, તું બધાંનું સર્વસ્વ હરી લે, ઘર ફોડવામાં તત્પર રહે, કોઈના પર ઉપકાર કરીશ નહીં ને દુઃખ આપનાર જીવન વ્યતીત કરજે.)

ડૉક્ટરોમાં હાર્ટ સ્પેશિયાલિસ્ટ, આઈ સ્પેશિયાલિસ્ટ, ઈ.એન.ટી. સ્પેશિયાલિસ્ટ વગેરે સ્પેશિયલાઈઝેશન હોય છે. વકીલોમાં પણ સિવિલ, ક્રિમિનલ તેમજ લેબર લૉઝ માટેના અલગ અલગ નિષ્ણાતો હોય છે, એ રીતે ચોરોમાં પણ ઘરફોડ ચોર, ખાતરિયો ચોર, ખિસ્સાકાતરુ ઇત્યાદિ હોય છે. ચોર માટેની એવી એક આચારસંહિતા હોય છે કે જે ચોરે એક ઘરમાં ચોરી કરી હોય એ ઘરમાં બીજી વાર ચોરી કરવા જવું નહીં.

(અપહરણકર્તાઓ તો આ આચારસંહિતાનું ચુસ્તપણે પાલન કરે છે. એક વખત જે વ્યક્તિનું અપહરણ કર્યું હોય તેનું બીજી વાર અપહરણ તે કરતા નથી, એટલું જ નહીં, બીજી કોઈ ગૅંગ પણ આ જણનું અપહરણ ન કરે એનું ય પાકું ધ્યાન રાખે છે.) એકના એક ઘરમાં ફરી વખત ચોરી કરવા જવું સલામતીની દૃષ્ટિએ પણ હિતાવહ નથી એમ અનુભવે જાણવાથી એના જ કોઈ જાતભાઈએ કે પછી આગળના શ્લોકમાં જેનો ઉલ્લેખ થયો છે, એવા કોઈ ચોરપિતાએ આવી શીખ આપી હોવી જોઈએ.

પણ હવેના ચોરો હિંમતવાળા થઈ ગયા છે. તે ભૂલમાં જ નહીં, જાણીબૂઝીને અમુક ઘરની મુલાકાત વારંવાર લે છે. આના અનુસંધાને આર્જેન્ટિનાના એક ઘરમાલિકે ચોરને ઉદ્દેશીને એક અપીલ પોતાના ઘરના દરવાજા પર ચોરને અંધારામાં પણ દેખાઈ શકે એ રીતે લટકાવી હતી કે, ‘હે મહેરબાન ચોરમહાશય, મારા ઘરમાં ત્રણ-ત્રણ વખત એક જ પદ્ધતિએ ચોરી થઈ છે એ પરથી મને લાગે છે કે એ કળાની હૅટ્રિક કરનાર તમે જ હશો, પરંતુ તમને મારે સખેદ માહિતી આપવાની છે કે હવે મારા ઘરમાં ચોરવા જેવી એક પણ ચીજવસ્તુ બચી નથી, એટલે મને થયું કે તમારો કીમતી સમય ન વેડફાય એ વાસ્તે મારે તમને આ અંગે સમયસર જાણ કરી દેવી જોઈએ. આશા રાખું છું કે તમે મારા ઘરથી નજર હટાવી લેશો. ધન્યવાદ.’ જોકે આ વિનંતીપત્ર લખનાર ઘરમાલિકને ચોર પર હતો એટલો ભરોસો ચોરને એ ઘરમાલિક પર નહીં જ હોય, કેમકે એ ઘરમાલિકનાં પડોશીઓના કહેવા પ્રમાણે આવી અપીલ કરવા છતાં તેને ત્યાં ત્યાર પછી પણ બબ્બે વખત ચોરીઓ થઈ હતી.

ચોરો આમ તો નમ્ર હોય છે. પોતાનો ચહેરો, નામ-ઠામ વગેરે પ્રકાશમાં ન આવે એ માટે તે અંધારામાં જ લપાઈ-છુપાઈને ચોરી-ચપાટી કરતા હોય છે, પણ કેટલાક ચોર એવા પણ હોય છે જેમને એ વાતે ગર્વ હોય છે કે તેમણે ફલાણી ફલાણી ખ્યાતનામ હસ્તીને ત્યાં હાથ માર્યો છે. હે પુત્ર! તું બધાંનું સર્વસ્વ હરી લે.

લંડનમાં એક ચોર એવો છે, જેનો દાવો છે કે તેણે હોલિવૂડની, ખ્યાતનામ અભિનેત્રી એલિઝાબેથ ટેલર, સોફિયા લોરેન અને ગિંજર રોજર્સને ત્યાં હાથફેરો કરેલો છે, જેમાં તેને પુષ્કળ ધન મળ્યું છે. એક શાહુકારની માફક જીવી શકાય એટલી સંપત્તિ, ૬૦ મિલ્યન પાઉન્ડ - જેને અમેરિકન ડૉલરમાં ગણીએ તો ૯૬ મિલ્યન ડૉલર થાય અને ભારતીય નાણાંમાં કન્વર્ટ કરીએ તો અધધધ થઈ જાય. આ તસ્કરભાઈ નામે પીટર સ્કૉટ, ઉંમર વરસ આશરે ૬૭ તાજેતરમાં પિકાસોનું ચોરાયેલું એક ચિત્ર વેચવા જતાં પકડાઈ જવાથી જેલની હવા ખાઈ રહ્યો છે. ૧૯૫૦ની સાલમાં પણ તે સાડા ત્રણ વર્ષની જેલની સજા કાપી ચૂક્યા છે. ક્રિકેટના ખેલાડીઓ જેમ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લે છે એ રીતે આ પીટરભાઈએ પણ જેલમાંથી છૂટ્યા બાદ પણ લકઝુરિયસ ચોરીઓમાંથી રિટાયરમેન્ટ લઈ લીધી હતી, પણ પછી તેને કદાચ થયું હશે કે જૂનો કસબ સાવ ભૂલી જઈશ તો? એટલે પછી તેણે પિકાસોનું એક પેઇન્ટિંગ ૭૫,૦૦૦ પાઉન્ડમાં વેચવાનો પ્રયાસ કરતાં તે પકડાઈ ગયો. આ ચિત્ર લંડનની મેફૅર સેન્ટ્રલ ગૅલરીમાંથી તફડાવવામાં આવ્યું હતું. આ પેઈન્ટિંગ ખરીદનારે પોલીસને જાણ કરી દીધી, કેમ કે તેને શક હતો કે આ ચિત્ર અસલ નથી, બનાવટી છે. જો કે પિકાસો પોતે પણ પોતાનાં બનાવટી ચિત્રો ચીતરતો હતો. પિકાસોના નામે ચડેલા એક કિસ્સા પ્રમાણે ચિત્રોની દલાલી કરતા એક વેપારીએ પિકાસોની સહીવાળું પેઈન્ટિંગ તેને બતાવતાં પૂછ્યું :

‘આ ચિત્ર તમે દોર્યું છે?’

‘ના, આ બનાવટી છે.’ પિકાસોનો ઉત્તર.

આવું ત્રણેક વાર બન્યું. વળી એક ચિત્ર બતાવતાં દલાલે પિકાસોને પૂછ્યુંઃ ‘આ ચિત્ર તો તમારું જ છે ને?

‘ના, જી, આ બનાવટી છે.’

‘પણ એક વાર તો મેં જ તમને આ ચિત્ર પર કામ કરતા જોયા હતા.’ દલાલે કહ્યું.

‘જોયો હશે. ક્યારેક ક્યારેક હું બનાવટી ચિત્રો પણ દોરું છું...’ પિકાસોએ ખુલાસો કર્યો.

પેલા પીટર સ્કૉટની બાબતમાં મને એવું લાગે છે કે જેમાં તેની નિપુણતા હતી એ તસ્કરીના ધંધાને બદલે ચોરીનો માલ વેચવાના ધંધામાં ઝંપલાવવાને લીધે જ તે ઝડપાઈ ગયો - ‘પરધર્મો ભયાવહઃ’ જેવું થયું. બાકી આર્ટ ગૅલરીમાંનાં પેઇન્ટિંગ્સ ઈધર ઉધર કરી તેના પરથી બનાવટી ચિત્રો તૈયાર કરી તે ઊંચા દરે વેચવાના કસબમાં સિદ્ધહસ્ત એવા ખાસ ચૌર્યકારોનું પણ એક અલાયદું વિશ્વ વિદેશમાં અસ્તિત્વ ધરાવે છે. લિયોનાર્દો-દ-વિન્ચીનું અમર ચિત્ર મોનાલિસા મ્યુઝિયમમાં લટકતું હતું. મોનાલિસાના સ્મિતને તો કોઈ ચોરી શકે તેમ નહોતું એટલે આખેઆખી મોનાલિસાનું ૧૯૧૧માં કોઈ અપહરણ કરી ગયું. એ મોનાલિસાને પાછી ફરતાં પૂરાં વીસ વર્ષ લાગ્યાં હતા. નકલી મોનાલિસાને અસલી માની તેની પાછળ લાખો રૂપિયા ખર્ચી બેઠેલા કેટલાક શ્રીમંતોના ડ્રૉઈંગ રૂમની દીવાલ પર બેઠેલ મોનાલિસા તેમની સામે જોઈને આજે પણ હસી રહી છે. કેવા છેતરાઈ ગયા! એવો ભાવ એ મોનાની આંખમાં છુપાઈને બેઠો હશે!

ઉપર આપણે જેમની વાતો કરી એ પ્રોફેશનલ ચોરો. પણ બધા કંઈ એ લોકો જેવા પ્રોફેશનલ ચોર નથી હોતા. થોડીક તેમની વાત... થોડા સમય પહેલાં એક વૃદ્ધે દિલ્હીના જનપથ ખાતેના ઇન્ડિયા એમ્પોરિયમના સેન્ટ્રલ કૉટેજ કૉર્પોરેશનમાંથી વટભેર, ટટ્ટાર ચાલે બહાર નીકળવા માંડ્યું. ઘણો ગૌરવશાળી ચહેરો અને સુઘડ પોષાકધારી આ સજ્જનને દરવાજા પર રોકતા દરવાને નમ્રતાથી કહ્યું : ‘વધતી ઉંમરને કારણે આપ સ્ટોરમાંથી લીધેલી વસ્તુઓનું બિલ ચૂકવવાનું ભૂલી ગયા લાગો છો...’ ‘વ્હૉટ ડુ યુ મીન? તારા મનમાં તું સમજે છે શું?’ એ સજ્જને દરવાન પર તપી જતાં જણાવ્યું : ‘તું મને ચોર માને છે? તારા જેવા પંદરને હું નોકરીએ રાખી શકું એટલો હું સમૃદ્ધ છું...’ દરવાને સહેજ પણ ઉશ્કેરાયા વગર એ સજ્જનના માથા પરનો ટોપો ઉઠાવ્યો તો તેમાંથી પાંચ પ્રતિમાઓ ને ત્રણ સિલ્ક ટાઈઓ અજગરની જેમ બહાર ધસી આવી. જરાય ઝંખવાયા વગર એ સજ્જન બોલ્યા : ‘આ ચીજો મેં બે અઠવાડિયાં પહેલાં જ આ સ્ટોરમાંથી ખરીદી છે. તું મને ચોર ગણી મારું અપમાન કરી રહ્યો છે, હું ખાંડની એક ફૅક્ટરીનો માલિક છું.’ તે કેટલો પ્રતિષ્ઠિત, આદરપાત્ર છે એની માહિતી આપવા તેણે જયોતિષ અંગેનાં લખાણો. જે અખબારોમાં પ્રગટ થયેલાં તેના ઝેરોક્ષ નકલો રજૂ કરી, પણ આજે તે ‘આપની આજ’ જોયા વગર જ આ સ્ટોરમાં આવ્યા હશે. દરવાને કહ્યું કે, ‘ખરીદીનું બિલ મને બતાવવામાં આપને નાનમ જેવું લાગતું હોય તો પોલીસને બતાવો, હું અબઘડી પોલીસને બોલાવી લાવું છું.’ પોલીસનું નામ પડતાં જ એ બુઝુર્ગે ગભરાઇને કબૂલ કરી લીધી તે પોતે આ વસ્તુઓ તફડાવી છે. એ બદલ તેમણે માફી માગી, એ વસ્તુઓની કિંમત ચૂકવી આપી. તેમનું પાકીટ પૈસાથી છલોછલ ભરેલું હતું. તે સાચે જ એક સુગર મિલના માલિક હતા.

દિલ્હીના આ મોટા સ્ટોરમાંથી કોઇ ગરીબ માણસે ક્યારેય ચોરી નથી કરી, લગભગ તો શ્રીમંત અને આબરૂદાર લોકો જ, પોતાની આબરૂને હોડમાં મૂકીને ચોરી કરે છે. એમાંય શૉપલિફ્ટરોમાં નેવું ટકા સ્ત્રીઓ હોય છે, જેમની ઉંમર વીસથી ચાલીસ વર્ષની અંદરની હોય છે-દિલ્હીના આ સ્ટોરમાંથી વસ્તુઓનું સ્થળાંતર કરવામાં પકડાયેલાઓમાં હિન્દી તખ્તાનો મોટા ગજાનો કલાકાર તેમ જ યુ.પી.ની એગ્રિકલ્ચરલ યુનિવર્સિટીનો વાઇસ ચાન્સેલર પણ પકડાયો હતો. જે દિવસે તે પકડાયો એ જ દિવસે તેને ફોર્ડ ફાઉન્ડેશનની સ્કોલરશિપ પર વિમાનમાં અમેરિકા જવાનું હતું. અમેરિકામાં કદાચ સારી ટાઇ મળે નહીં મળે એમ માની તેણે આ સ્ટોરમાંથી છ ટાઇઓ ઉપાડી લીધી હતી. માત્ર છ જ ટાઇઓથી શું વળશે-એમ વિચારી તેણે ચાંદીના દાગીના અને સુખડની છરી પણ સ્ટોરમાંથી ખેંચી લીધી. ભગવાન શ્રીકૃષ્ણે બાળપણમાં માખણની ચોરી કરી હતી, એમાંથી સતત પ્રેરણા મળતી રહે એ માટે તેણે એ કૃષ્ણની એક ફૂટ ઊંચી મૂર્તિ પણ ઓળવી લીધી હતી. તેની અંગજડતી કરવામાં આવી ત્યારે તેની પાસેથી એ જ દિવસે અન્ય સ્ટેટ એમ્પોરિયમમાંથી ઉઠાવેલી ચાર ટાઇઓ મળી આવી હતી. અમેરિકા જવાનું હતું એ દિવસે પૂર્ણ સમય તે મહાશયે ધન ખર્ચ્યાં વગર બજારમાંથી જરૂરી ચીજ-વસ્તુઓ મેળવવા પાછળ ગાળ્યો હતો.

એમ તો આપણા કેટલાંક સારા ગણાતા કવિઓ એક જમાનામાં અમદાવાદથી ટાઉન હોલ હેવમોરમાંથી ડિશો અને ચમચીઓ, એક ખંડ સમયના વ્યવસાય લેખે નહીં, પણ શોખ તરીકે, આ લખનારની હાજરીમાં ચોરતા હતા. આ પ્રકારની તફડંચી એક માનસિક રોગ છે. અંગ્રેજીમાં આ મનોવિકૃતિને ‘કલેપ્ટોમેનિયા’ કહે છે. આ રોગનો દરદી કોઇ ચમકતી ચીજ જુએ તે તરત તેનું મન હસ્તગત કરવા તડપી ઊઠે, એના મૂળ માલિકની નજર ચુકાવીને એ ચીજ લઇ લે છે. આપણા હિન્દી ફિલ્મોના કોમેડિયન મહેમૂદની પત્ની (મીનાકુમારીની બહેન)માધુરી આ મનોરોગથી પીડાતી હતી, અને એ કારણે મહેમૂદે તેને તલ્લાક આપ્યા હોવાનું કહેવાય છે. એ મહેમૂદે પોતે જ એક સામયિકના તંત્રી સમક્ષ એકરાર કર્યો હતો કે તેણે પણ પાર્ટીઓમાં ચાંદીના ચમચા વગેરે તફડાવવાની ટેવ હતી.

અને એક ગામના નગરશેઠને એક ટેવ હતી કે કોઇનાં ચળકતાં નવાં પગરખાં જુએ કે તેની આંખમાં ચમક આવે. પછી તે બૂટ કે ચંપલોમાંનું એક તફડાવી લે. બૂટ યા ચંપલની જોડી ખંડિત થાય એ તેને બહુ ગમે... તો મુંબઇના એક અતિ ધનાઢ્ય શ્રીમંતને તેની પત્નીના આવા રોગની ખબર હતી એટલે પત્ની તેની ફેમિલી ઝવેરીને ત્યાં કશું, ખરીદવાને બહાને જવાની હોય ત્યારે એ શેઠ ઝવેરીને ફોનથી ખાનગીમાં જણાવી દેતો કે, ‘આજે તે તમારે ત્યાં આવવાની છે, હાર કે એવું કશું , તે ચોરે, વગેસગે કરે તો તેને રોકશો નહીં, તેને જે ઉઠાવવું હોય એ ઉઠાવવા દેજો ને પછી એનું બિલ મને પેઢી પર મોકલી આપજો.

શૉપલિફ્ટિંગના આવા તો ઢગલાબંધ કિસ્સા બનતા હોય છે. ચોરી તો ગરીબ પણ કરે છે અને ધનિક પણ કરે છે. ફરક બન્ને વચ્ચે એ છે કે ગરીબ માણસ પોતાના પેટના રોગ-ભૂખને લીધે ચોરી કરે છે, જયારે શ્રીમંત પોતાના મગજના રોગને કારણે કરે છે.

(નોંધઃ આ લેખ અમે ક્યાંથી તફડાવ્યો છે, એ કોઇએ કૃપા કરી અમને પૂછવું નહીં...)■

ઝબાન સંભાલ કે
હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# કલ્પવૃક્ષની કહેવત કથા



**આજનો** આધુનિક માનવી રોબોટ અને આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સનો મહત્તમ ઉપયોગ કરવા સતત મથી રહ્યો છે. ઈમોશનલ, રોમેન્ટિક કે પછી સાયકોલોજિકલ ઈચ્છાપૂર્તિ માટે આ મથામણ થઈ રહી છે. આ બંને મોડર્ન ટેકનોલોજી માનવીના આદેશનું પાલન સદૈવ તત્પર હોય છે. સમુદ્રમંથન વખતે નીકળેલું અને ચૌદ રત્નો પૈકી એક કલ્પવૃક્ષની નીચે બેસનાર જેનો સંકલ્પ કરે તે વસ્તુ તેને મળે એમ માનવામાં આવે છે. કલ્પવૃક્ષ અથવા કલ્પતરૂ અથવા કલ્પદ્રુમ તરીકે પણ ઓળખાતું વૃક્ષ એક ઈચ્છા-પૂર્તિ કરનાર દિવ્ય વૃક્ષ છે. હિન્દુ પુરાણો, જૈન ધર્મ અને બોદ્ધ ધર્મમાં પણ એનું આલેખન છે. આજના રોબોટ અને એઆઈ આધુનિક જમનાના કલ્પવૃક્ષ કહી શકાય. ઘણી જગ્યાએ કલ્પવૃક્ષની સરખામણી પારિજાત સાથે થાય છે. પૌરાણિક કથા અનુસાર માતા સત્યભામાની જીદ પૂરી કરવા માટે ભગવાન શ્રીકૃષ્ણ સ્વર્ગમાં ઇન્દ્ર સાથે યુદ્ધ કરી પારિજાત (કલ્પવૃક્ષ)ને પૃથ્વી પર લાવ્યા હતા. કલ્પવૃક્ષ પર આધારિત લોકપ્રિય કહેવત કથા છે. આપણા વિચારો કેટલા શક્તિશાળી છે અને આપણે હંમેશાં કેમ સકારાત્મક વિચારવું જોઈએ એ આ કહેવત કથા શીખવે છે.

સદીઓ જૂની વાત છે. થાકેલો એક મુસાફર એક અજાણ્યા જંગલમાંથી પગપાળા જઈ રહ્યો હતો. એકધારું ચાલવાથી થાકી ગયો હતો અને તેને ભૂખ-તરસ પણ લાગ્યા હતા. એક ઘટાદાર વૃક્ષ દેખાતા એના છાંયામાં આવીને બેઠો. એ કોઈ સામાન્ય વૃક્ષ નહોતું, પરંતુ સ્વર્ગનું દૈવી કલ્પવૃક્ષ હતું. જોકે, મુસાફર એનાથી અજાણ હતો. શીતળ છાંયડામાં રાહત થતા એના મનમાં વિચાર આવ્યો કે ‘કેવી ઠંડક છે. અહીં બેસવા માટે એક સરસ ખાટલો મળી જાય તો મજા પડી જાય.’ કલ્પવૃક્ષે તરત ઈચ્છાપૂર્તિ કરી અને એક સરસ મજાનો, નરમ ગાદલાવાળો પલંગ પ્રગટ થઈ ગયો. મુસાફરને ભારે અચરજ થયું. જોકે, ખૂબ થાકેલો હોવાથી તરત જ પલંગ પર લંબાવી સૂઈ ગયો. શરીરને ઘણી રાહત થઈ, પણ પેટમાં ભૂખના લીધે બિલાડા બોલતા હતા. એટલે એણે વિચાર્યું કે ‘ખાટલો તો મળી ગયો, પણ જો અત્યારે ભાવતા ભોજન મળી જાય તો બેડો પાર થઈ જાય.’ કલ્પવૃક્ષે તેની આ ઈચ્છા પણ પૂરી કરી. તરત જ ગરમ અને સ્વાદિષ્ટ ભોજન સાથેની થાળી હાજર થઈ ગઈ. મનપસંદ ભોજનથી મુસાફરને તૃપ્તતાનો ઓડકાર આવી ગયો. ભોજન કર્યા પછી પલંગ પર આડો પડ્યો. આરામ કરતાં કરતાં તેના મનમાં એક નકારાત્મક (ખરાબ) વિચાર આવ્યો કે ‘આ જંગલ તો ભેંકાર અને ડરામણું છે. મેં જે માગ્યું તે બધું જ અચાનક આવી ગયું. આ કોઈ જાદુ કે ભૂત-પ્રેતની માયા તો નહીં હોય ને? જો અચાનક અહીં કોઈ વાઘ કે સિંહ આવી જાય અને મને ખાઈ જાય તો?’ કલ્પવૃક્ષનો તો નિયમ જ હતો કે જે વિચારો તે તરત જ સાચું પડે. તરત જ ઝાડીઓમાંથી એક મોટો અને ભયાનક વાઘ પ્રગટ થયો. મુસાફર ભાગે તે પહેલાં જ વાઘે એને ફાડી ખાધો.

આ વાર્તાનું કલ્પવૃક્ષ એટલે આપણું મન. જેવા વિચારો આપણે કરીએ એવું જ પરિણામ આપણને વાસ્તવિક જીવનમાં મળે છે. જો આપણા વિચારો સારા હશે તો આપણી આસપાસ એવી જ પરિસ્થિતિ સર્જાશે. જો આપણે સતત ડર, વહેમ, ઈર્ષ્યા કે વિનાશનું વિચારીશું, તો આપણે પોતે જ આપણી મુશ્કેલીઓને આમંત્રણ આપીશું. એટલે હંમેશાં મનને સકારાત્મક અને શુદ્ધ વિચારોથી ભરેલું રાખવું જોઈએ.

ભાષા વૈભવ

# એક કહેવત અનેક સ્વરૂપ



**માણસને** એક જીવતરમાં અનેક પ્રકારના અનુભવ થતા હોય છે. પ્રેમ, વિશ્વાસ, દયાનો અનુભવ થાય તો ધિક્કાર, દગો અને નિર્દયતા પણ અનુભવવા પડે. છળ, કપટ, ફરેબ, વિશ્વાસઘાત વગેરે ભાષામાં દગાના સગા કહેવાય, પણ કહેવત તો **દગો કોઈનો સગો નહીં** એવી છે. ખોટું કામ કરનાર, અનીતિ આચરનાર એના ફળ પોતે જ ભોગવે છે. આ કહેવત એક વિસ્તૃત સ્વરૂપે પણ હાજર છેઃ **દગા કીસીકા સગા નહીં, કિયા ન હોય તો કર કે દેખો - દગો કોઈનો સગો નથી, જો વિશ્વાસ ન આવતો હોય તો કરીને જુઓ.** ટૂંકમા બીજા સાથે દગો અથવા વિશ્વાસઘાત કરનારી વ્યક્તિને ક્યારેય સુખ મળતું નથી. સમય જતાં તેની સાથે પણ દગો થાય છે. **ખાડો ખોદે તે પડે** કહેવતમાં પણ આ જ ભાવ પ્રગટ થાય છે. સમાનાર્થી બીજી કહેવત સાંભળવામાં મજેદાર લાગે એવી છે **એના ટાંટિયા એના ગળામાં.**પોતાની જ યુક્તિ કે ચાલમાં પોતે જ ફસાઈ જવું. કોઈ વ્યક્તિ બીજાનું ખરાબ કરવા કે બીજાને ફસાવવા માટે કોઈ યોજના બનાવે, પણ છેવટે તે પોતે જ એનો ભોગ બની જાય અથવા મુશ્કેલીમાં મુકાઈ જાય ત્યારે આ કહેવત વપરાય છે. હિન્દીમાં **अपने ही जाल में फस जाना** કહેવત છે જ ને. મરાઠીમાં આ કહેવત **त्याचे पाय त्याच्याच गळ्यात** સ્વરૂપે હાજર છે. અંગ્રેજીમાં **Evil to him, who thinks evil** એ જ ભાવાર્થ સાથે હાજર છે. કહેવત ભાવના થોડા વિસ્તાર સાથે નીતિ - અનીતિને સાંકળી જોવા મળે છેઃ **નીતિએ નારાયણ વસે, અનીતિએ કૂતરાં ભસે.** નારાયણ સદ્ગુણનું અને કૂતરાં અવગુણનું પ્રતીક છે. **કપટ ત્યાં ચપટ** (દગો કરનારનો નાશ થાય છે), **દાનત તેવી બરકત** અને **જિસકી દાનત બુરી ઉસકે ગલે છૂરી** કહેવતોમાં પણ આ જ ભાવાર્થ ડોકિયાં કરે છે. **કુડના દાંડિયા કપાળમાં વાગે** કહેવત પણ સમજવા જેવી છે. કુડ એટલે કપટ, છળ, ખોટું, અથવા પાપ અને દાંડિયા એટલે લાકડીના ફટકા. કપટ કરનાર વ્યક્તિ ગમે એટલી ચતુરાઈ વાપરે, પણ અંતે તેનું પાપ જ તેની મુશ્કેલી કે વિનાશનું કારણ બને છે (જેમ કે કપાળમાં લાકડી વાગવી). એક દોહરામાં પણ આ વાત સુપેરે પ્રગટ થઈ છેઃ **ખોદેગા સો પડેગા, તુમ ફિકર ના રાખો ભાઈ, ચિઠ્ઠી આપી બ્રાહ્મણને, ગદધે ચડ્યો નાઈ.** બ્રાહ્મણને ચિઠ્ઠી પહોંચાડવાનું કામ આપવું એ અવિવેક ગણાતો અને નાઈને જો બીજું કોઈ કામ આપો તો એ હાસ્યાસ્પદ બની જતો એ એનો ભાવાર્થ છે. ■




જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

# અપેક્ષાની પેલે પાર...

**રવિવારનો** દિવસ, સાંજે પાંચ વાગ્યા હતા. કોમલબહેન અને ગૌરાંગભાઈ ચા નાસ્તો કરીને તૈયાર થઈ ગયાં.

કોમલબહેને પંજાબી સુટ બાજુ પર મૂકી પેન્ટ-ટોપ પહેર્યા અને ગૌરાંગભાઈએ ટીશર્ટ ને શોટ્ર્સ. બંનેનાં ઉત્સાહનો પાર નહતો. અરે, આખું ઘર રિનોવેટ કરાવ્યું હતું, આજે એમનો દીકરો નિમય પાંચ વર્ષે ભણીને અમેરિકાથી પાછો આવવાનો હતો! નિમયની ફ્લાઈટ સાંજે સાત વાગ્યે લેન્ડ થવાની હતી. કોમલબહેન અને ગૌરાંગભાઈ સાડા છ સુધીમાં તો એરપોર્ટ પહોંચી ગયાં. આટલા સમય બાદ દીકરાને જોવા માટે બંને અધીરા હતાં. એમણે નિમયનું પ્લેન ઉતરતાં જોયું. સામાન લઈ, ઈમિગ્રેશન પતાવી પિસ્તાળીસ મિનિટ પછી નિમય બહાર આવ્યો. માતા પિતાને પગે લાગી આશીર્વાદ લીધા. ગૌરાંગભાઈને ભેટ્યો અને કોમલબહેન તો દીકરા નિમયને જોયા જ કરે ઘડીકમાં માથે હાથ ફેરવે તો ઘડીકમાં હથેળી પર! કોમલબહેનની આંખમાં એમનું માતૃ વાત્સલ્ય છલકાઈ રહ્યું હતું.

સામાન ગાડીમાં મૂકી ત્રણેય ઘેર પહોંચ્યા. હાલ રિનોવેટ થયેલું ઘર ઝગારા મારી રહ્યું હતું, અને ઉપરથી લાઈટોથી શણગાર્યું હતું. ફ્રેશ થઈને ત્રણેય ડાઇનિંગ ટેબલ પર જમવાં બેઠા. કોમલબહેન નિમયને ભાવે એવી ગરમાગરમ ભાખરી બનાવી લાવ્યા. જમતી વખતે વાતવાતમાં કોમલબહેન બોલી ગયાં કે નિમય બેટા, તારા માટે બે-ત્રણ છોકરી ધ્યાનમાં રાખી છે. આવતા અઠવાડિયે મીટિંગ ગોઠવીને એક પસંદ કરી લઈએ. આ વર્ષે લગ્ન અને આવતા વર્ષે બાળક આવી જાય એટલે પછી અમારું મન તમારું બાળક મોટું કરવામાં પરોવાઈ જાય અને તમે બંને તમારી રીતે થોડું જીવી શકો.

નિમય હજી તો બે કલાક પહેલા જ આવ્યો અને તરત જ લગ્ન અને બાળકોની વાત એને ના ગમી. એ પાંચ વર્ષ ત્યાં એકલો રહ્યો હતો. પોતાનાં સાચા ખોટા નિર્ણયો જાતે લીધા હતાં અને એનાં જીવનનો આટલો મોટો નિર્ણય ઉતાવળમાં લઈ લેવાનો? એને વાત ગળે ના ઉતરી. નિમયે વાત બીજી તરફ વાળવાનો પ્રયત્ન કર્યો, પણ કોમલબહેને વાત પકડી રાખી. છેવટે નિમયે આવતાની સાથે જ એનાં માતા -પિતાને કહેવું પડ્યું કે એ દસ દિવસ માટે જ ઈન્ડિયા આવ્યો છે. અમેરિકામાં એને ઊંચા પગારની કાયમી નોકરી મળી ગઈ છે. એને ત્યાંની એક છોકરી ગમે છે, એનું નામ નીતિ છે અને છેલ્લા છ મહિનાથી એ લોકો લીવઈનમાં સાથે જ રહે છે અને બંનેએ ખરીદવા માટે એક ઘર પણ જોઈ રાખ્યું છે. માતા- પિતા લગ્નમાં હાજર રહી શકે એટલે એ એમને લઈ જવા જ આવ્યો હતો.

આ વાત સાંભળીને ગૌરાંગભાઈ - કોમલબહેનને આઘાત લાગ્યો. ગૌરાંગભાઈએ બિઝનેસ નિમયને સોંપીને નિવૃત્તિનો પ્લાન બનાવ્યો હતો અને કોમલબહેનને સપરિવાર એક છત નીચે રહેવું હતું, પરંતુ નિમયનાં એક નિર્ણયથી આ કશું શક્ય નહોતું. ગૌરાંગભાઈ - કોમલબહેનને એમ કે નિમય હંમેશાં માટે ઈન્ડિયા પાછો આવી ગયો છે, પણ નિમયની ગણતરી અલગ હતી. બે દિવસ સુધી ઘરમાં અકળ મૌન રહ્યું. છેવટે ગૌરાંગભાઈએ નિમયને કહ્યું કે જીવનનાં આ તબક્કે અમારું અમેરિકા આવવું મુશ્કેલ લાગે છે. તું ખુશીથી તારી પસંદગીની છોકરી સાથે લગ્ન કરી લે. અમારા આશીર્વાદ તમારા બંનેની સાથે છે. કોમલબહેન પણ હળવા મને બોલ્યા કે અનુકૂળતા હોય તો નીતિને એનાં પરિવાર સાથે અહીં બોલાવી લે. લગ્ન કરી અઠવાડિયું આપણે બધા સાથે રહીએ અને પછી તમે પાછા જતા રહેજો!

નિમયને એની મમ્મીનો આ પ્રસ્તાવ ગમ્યો અને એ મુજબ જ કર્યું.

આ પરિસ્થિતિ હવે લગભગ ત્રણ પેઢીએ જોઈ છે એમ કહી શકાય. તેમ છતાં આજે પણ પ્રશ્નો અને અપેક્ષાઓ એમ ને એમ હોય એવું લાગે છે. એક જ પરિવાર હોવા છતાં બે ભાગ પડી જાય છે. એક છે મા-બાપનો પક્ષ અને બીજો છે સંતાનનો પક્ષ. દરેક પેઢીની સમસ્યાઓ બદલાતી રહે છે. વિચારો, વાતાવરણ, વર્તન, ભાષા, શિક્ષણ બધું જ બદલાતું રહે છે, પરંતુ બે પેઢી અલગ હોવાથી બંનેની વિચારધારામાં અંતર હોવું સ્વાભાવિક છે. સમજણ દાખવીને કઈ પેઢી આ અંતર ઘટાડવાનો કેટલો પ્રયત્ન કરે છે, સંબંધની મીઠાશનો આધાર એના પર રહેલો છે. બેય પેઢીને લાગે છે કે અમે તમારા માટે આટલું કર્યું : મા-બાપને થાય કે આટલાં વર્ષો અમે કર્યું એટલે હવે તમારો વારો, ત્યારે બીજી પેઢીને સ્વતંત્રતા જોઈએ છે. એમને એમની રીતે જીવવું છે. એક છત નીચે રહેતા લોકોનું આકાશ એક જ હોય એ જરૂરી નથી.

દીકરો વ્યવસાયમાં પોતાનો ચીલો ચાતરે અને એવું બને કે દીકરી લગ્ન ના પણ કરે. એક ઘરમાં રહેતા લોકો દિલથી જોડાયેલા હોય એવું ના પણ બને. પેઢી બદલાય એ પ્રમાણે સંબંધોની વ્યાખ્યા પણ બદલાય, અપેક્ષાઓનાં માપદંડ બદલાય, વિશ્વાસ ને વિચારો પણ બદલાય.

જે પ્રશ્નો તમે તમારા મા-બાપને પૂછ્યા હશે એ પ્રશ્નો તમને તમારા સંતાનો પૂછશે જ. જે જવાબ તમે તમારા માતા-પિતાને આપ્યા હશે એવા અથવા એનાથી પણ આકરા જવાબ કદાચ તમારા બાળકો તમને આપશે. જે પેઢી સમજણ પૂર્વક બીજી પેઢીને સાનુકૂળ થાય છે જીત અંતે એની છે. અહીંયા મુદ્દો અહંનો નથી જ. ફક્ત બે પેઢી વચ્ચેનું સાયુજ્ય સાધીને સંબંધો જળવાય એનું છે. વિરોધ પક્ષમાં બેસી જવાથી દલીલો જીતી શકાય દિલ નહીં. અને વાત જ્યારે પરિવારની આવે ત્યારે સમજીને દલીલ હારીને સંબંધ જીતવામાં જ મજા છે!

આ વિશે **બોલો, તમે શું કહો છો?** ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# ખટકું છું પથ્થરોની આંખમાં એ જ કારણ ફૂલોનો હું સમર્થક વર્ષો સુધી રહ્યો છું...

## પ્રતિભાવંત શાયર મુસાફિર પાલનપુરીનું અનન્ય યોગદાન...

**મુસાફિર** પાલનપુરી ગઝલ પારખુ સર્જક જેમની ઓળખ ફક્ત ગઝલકાર તરીકે નહીં, પરંતુ પાલનપુરી ભાષા, લોકસંસ્કૃતિ, માનવીય મૂલ્યો અને ગુજરાતી-ઉર્દૂ ગઝલપરંપરા વચ્ચે સેતુ રચનાર કવિ તરીકે પણ કરી શકાય.

પાલનપુરે હીરા-રત્ન- ઝવેરાતના આંતરરરાષ્ટ્રીય કક્ષાના શાહ સોદાગરો આપ્યા છે તો સાથે સાથે ગુજરાતી ગઝલના આકાશમાં ઓપતી એક આખી આકાશગંગા આપી છે. એમનો જન્મ પાલનપુરમાં ૨૧ જૂન ૧૯૪૩માં થયો હતો. એમનું મૂળ નામ અમીર મહંમદ દીનમહંમદ સિંધિ છે. 'મુસાફિર' એ એમનું તખલ્લુસ છે.

તેમનું વ્યક્તિત્વ માત્ર કવિ પૂરતું સીમિત નથી, ઉપલબ્ધ માહિતી અનુસાર તેઓ ગઝલકાર, સંપાદક, અનુવાદક અને સાહિત્યપ્રવૃત્ત કાર્યકર તરીકે પણ સક્રિય રહ્યા છે. ગુજરાતી ગઝલના ઇતિહાસના અને વિકાસ અંગે તેમણે લેખો લખ્યા છે. 'ગુજરાતી ગઝલની ગઇકાલ અને આજ' નામનો લેખ 'ધબક' સામયિકમાં ૨૦૧૭માં પ્રકાશિત થયો હતો.

મુસાફિર બહુઆયામી સર્જક છે. એમના સાહિત્યનો ચંદરવો અનેક વેલ-બુટ્ટાથી મનમોહક બન્યો છે. 'મારી પ્રથમ ગઝલયાત્રા', 'ચિત્કાર', 'આગવી ઊર્મિઓ', 'ઢાઇ અક્ષર', 'ગાંધીથી દિલ્હી સુધી', 'અવિરામ', 'સાનિધ્યસરી જતી ક્ષણોનું', 'હર લમ્હા ઇક તાજમહાલ', 'અહીં જ કયાંક આપ છો', 'લૂંટી લે ભાઇ,' '૧૫૧-હીરા ગઝલના શ્રેષ્ઠ શેરો,' 'પાલનપુરી બોલી કા બગીચા' તથા 'પાલનપુરની ગઇકાલ અને આજ' એ એમનું સાહિત્ય સર્જન છે. આ ઉપરાંત 'અર્પણ', 'ફૂલ ધરી દો એકબીજાને,' 'શૂન્યનું તત્ત્વચિંતન,' 'દરબાર શૂન્યનો' અને સાક્ષાત વગેરે સાહિત્ય સંગ્રહનાં સંપાદનો એમના નામે છે.

સર્જકને અનુકૂળ આવતી શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં કારકિર્દી બનાવવા માટે મુસાફિર ૧૯૭૪માં પીટીસી કર્યું અને ૧૯૮૮માં કવિને રાષ્ટ્રભાષા રત્નથી પોંખવામાં આવ્યા હતા. શાયરનો ગઝલસંગ્રહ 'ઢાઇ અક્ષર'ને ૨૦૦૧થી ૨૦૦૪ દરમિયાન ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ટી.વાય.બી.એ.ના અભ્યાસક્રમમાં સ્થાન અપાયું હતું. આ ઉપરાંત રાષ્ટ્રીય કક્ષાએ અને રાજ્યકક્ષાએ એમને અનેક અવોર્ડ પ્રાપ્ત થયા છે અને એમનું રાજ્ય સરકારે બે વખત બહુમાન કર્યું છે.

ભાઇ મુસાફિરની ગઝલનાં મુખ્યત્વે ચાર સંવેદના કેન્દ્રો જોવા મળે છે : (૧) પ્રેમ અને માનવીય સંબંધો (૨) જીવનદર્શન (૩) મૈત્રી અને માનવતા અને (૪)લોકબોલી ભાષાની રવાનગી, સરળતા અને પાલનપુરની આગવી સંસ્કૃતિ.

એમને ગઝલમાં પ્રેમ માત્ર પ્રણયની લાગણી નથી રહેતો, તે માનવજીવનને જોડનાર નૈતિક અને આધ્યાત્મિક મૂલ્ય બની જાય છે જેમ કે,

બાંધો પ્રેમની કંઠી ડોકે,
આંચ ન આવે ચૌદે લોકે.

આવા શેરોમાં પ્રેમને વ્યક્તિનિષ્ઠ સંબંધની સીમામાંથી બહાર કાઢીને સમગ્ર વિશ્વને જોડતી શક્તિ તરીકે નિરોપવામાં આવ્યો છે.

આ ગઝલનો 'મકતા' પણ નોંધપાત્ર છે :

*એક ગઝલ મળવા આવી છે,*
*ઘેર મુસાફિર હાજર છો કે?*

અહીં કવિ પોતાને જ ગઝલના આગમન સાથે સંવાદ કરાવે છે. પરિણામે કવિ અને ગઝલ વચ્ચેનું અંતર દૂર થઇ જાય છે. ગઝલ જાણે કવિના ઘર સુધી આવી પહોંચેલી જીવંત સંવેદના બની જાય છે.


મુસાફિર પાલનપુરી

આ કવિની મોટી વિશિષ્ટતા છે એમણે પ્રયોજેલી પાલનપુરી લોકબોલી. લયસ્તરોના વિશ્લેષણ મુજબ તેમની કેટલીક ગઝલોમાં ઉત્તર ગુજરાતમાં વસતા મુસ્લિમ સમાજની વિશિષ્ટ બોલીનો ઉપયોગ જોવા મળે છે. આ ભાષાને ગુજરાતી, હિન્દી, ઉર્દૂ, ફારસી અને મારવાડીના સંમિશ્રણવાળી 'પંચામૃત બોલી' તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ બાબત સાહિત્યિક રીતે ખૂબ મહત્ત્વની છે. સામાન્ય રીતે ગઝલકાર પ્રમાણભૂત ગુજરાતી ભાષામાં ગઝલ લખે છે. આપણે જોયું તેમ આ ગઝલકાર કેટલીક રચનાઓમાં પોતાના પ્રદેશની જીવંત વાણીને ગઝલમાં સ્થાન આપે છે. આથી એમની ભાષા માત્ર અભિવ્યક્તિનું માધ્યમ નથી રહેતી પરંતુ સામાજિક-સાંસ્કૃતિક જીવનનું દસ્તાવેજીકરણ બની જાય છે. ભાષાની સરળતા અને સંવાદ સાધવાની લાક્ષણિકતા કવિને લોકપ્રિય બનાવે છે જેમ કે :

*કોક તો એવું હોય જીવનમાં*
*સાચું ખોટું પણ જે ટોકે*

એમની ગઝલ વાંચતા એવી પ્રતીતિ થાય છે કે કવિ ભાવક સાથે કાવ્યની નહીં પણ જીવનની વાત કરી રહ્યા છે.

પ્રેમ અને માનવીય ગુણો તરફની દૃષ્ટિને લીધે મુસાફિરની રચનાઓમાં 'પ્રેમનું' સ્વરૂપ વ્યાપક છે જેમ કે.

*તાંદુલી તત્ત્વ હેમથી ભારે જ થાય છે*
*કિંતુ મળે જો લાગણી ત્યારે જ થાય છે*

અહીં 'તાંદુલી તત્ત્વ' અને 'હેમ' એટલે સોનું જેવી કિંમતી વસ્તુ વચ્ચેનો વિરોધાભાસ સર્જીને કવિ કહે છે કે વસ્તુની કિંમત કરતાં લાગણીનું મૂલ્ય વધારે છે. આ શેરમાંથી તેમની કાવ્યદૃષ્ટિનું એક મૂળ તત્ત્વ બહાર આવે છે : માણસની કિંમત તેની સંપત્તિથી નહીં, તેની લાગણીથી થાય છે. આથી તેમની ગઝલમાં માનવતાવાદી સ્વર ખૂબ મજબૂત બને છે.

મૈત્રી અને કૃષ્ણનું પ્રતીક - આ જ રચનામાં તેઓ કહે છે :

*જયાં ત્યાં કદીય હાથ ના લંબાવ ઓ હૃદય*
*મૈત્રીનું મૂલ્ય કૃષ્ણના દ્વારે જ થાય છે.*

કૃષ્ણના દ્વારેનો સંદર્ભ સુદામા-કૃષ્ણની મિત્રતા તરફ સંકેત કરે છે. મુસાફિર અહીં પુરાણકથાનું પુનરાવર્તન કરતા નથી, તેઓ એને આધુનિક માનવીય મૂલ્યમાં ફેરવે છે. સાચી મૈત્રીમાં સંપત્તિ, દરજ્જો કે સામાજિક અંતરનું મૂલ્ય નથી. આ રીતે તેમની ગઝલમાં ભારતીય સંસ્કૃતિક પરંપરા અને આધુનિક માનવતાવાદનું મિલન થાય છે.

તેમની કેટલીક રચનાઓમાં જીવનને રંગમંચ સાથે સરખાવવામાં આવતો હોવાનું દેખાય છે.

*નેપથ્યે જે થાય, થવા દો*
*ખેલ નિરંતર જારી રાખો*
*એક ભવાઇ થાય જો પૂરી*
*બીજાની તૈયારી રાખો*

અહીં ભવાઇનું લોક નાટ્યરૂપ જીવનનું પ્રતીક બની જાય છે. મુસાફિરની ગઝલમાં પણ મધુરતા નથી. સમાજના વિરોધાભાસ પ્રત્યે તેમનું ધ્યાન પણ છે જેમ કે :

*દુનિયાએ ઝેરી આંખથી જોયો છે ઉમ્રભર*
*ચાહ્યો તમે તો જાણ્યું કે હું છું મધુર પણ*

આ દ્વંદ્વ દ્વારા કવિ બાહ્ય મૂલ્યાંકન અને આંતરિક સત્ય વચ્ચેનું અંતર દર્શાવે છે.

આમ આ શાયર પ્રતિભાવંત છે. એમનું સ્થાન અગ્રગણ્ય છે. કવિને પોતાના સ્વચ્છ છંદ, સરળ ભાષા, સચોટ અભિવ્યક્તિ અને વ્યક્ત થતા ભાવી પર દૃઢ વિશ્વાસ છે. એમણે સર્જેલું ભાવવિશ્વ અનન્ય છે. ક્ષણે ક્ષણે યત્ નવતાંઉપેતિ, તદેવ રૂપં રમણિયતાયામની વાત છે. એમની તરાહ નવીન છે અને અભિવ્યક્તિમાં નાવીન્ય છે, જેમ કે.

*પ્રેમની એક અસલ ચિનગારી,*
*એ જ મીરાં એ જ મુરારિ*
*હોય છે કેવાં શબ્દનો જાદુ,*
*જોઇ લો અમને ધારી ધારી*

બાહ્ય સ્વરૂપથી અંજાઇ ગયેલી આંખો અંદર દૃષ્ટિ કરે ત્યારે એમનું ચિત્ર સદા પવિત્ર હોય છે. એ મનમાં કંઇક અને હોઠે કંઇક બીજું રાખતા નથી. હૈયે હોય તેવું જ હોઠે લાવે છે જેમ કે.

*હૈય એવું હોઠે બોલે*
*ગણજો એને સંતની તોલે*

તેઓએ ઉર્દૂમાંથી સારા અનુવાદો આપ્યા છે. તેમણે વિદ્યાર્થી મિર્ઝા ગાલિબની એક ગઝલનો ગુજરાતી અનુવાદ આ રીતે કર્યો છે.

*લો, ફરી દિલમાં બેકરારી છે,*
*ચોટ ખાવાની ઇંતેજારી છે*

આમ મુસાફર પાલનપુરી ગુજરાતી ભાવક અને ઉર્દૂની મહાન ગઝલ પરંપરા વચ્ચે સેતુ બન્યા છે.

આમ મુસાફિરે બહુ મોટું યોગદાન આપ્યું છે. જેનાથી ગુજરાતી ગઝલ વધારે ફૂલીફલી અને આગામી પેઢીને નવી દિશા મળી.

એમની રચનાઓમાં પરંપરા અને આધુનિકતાનો સમન્વય થાય છે. પ્રેમ, મૈત્રી, લાગણી અને માનવીય સંબંધો તેમની ગઝલનાં મુખ્ય મૂલ્યો છે. સરળ અભિવ્યક્તિ, પરંપરા સાથે સંવાદ અને માનવતાવાદ એમના સર્જનની ગુણવત્તામાં ચાર ચાંદ લગાડે છે.

આવા કવિઓનું સાચું મૂલ્યાંકન થતું નથી એટલે પુનઃ મૂલ્યાંકનનો તો સવાલ નથી. એમના વિશાળ સર્જનમાંથી થોડા ગમતા શેરોનો ગુલાલ કરીએ.

*ઘણી વેળા તો એવા દંભથી વર્તે છે આ દુનિયા*
*મળે છે શ્વાસ પણ જાણે કે એની મહેરબાનીથી,*

*ઓઢી જે ઘેલી મીરાંએ, એ ચાદર ઓઢાડી અમને*
*પ્યાસ પછી ક્યારેય ન લાગે, એવું કંઇક પીવાડો અમને*

---

*ખટકું છું પથ્થરોની આંખમાં એ જ કારણ*
*ફૂલોનો હું સમર્થક વર્ષો સુધી રહ્યો છું*

---

*પોખાઉં છું બધે હું એનું છે ખાસ કારણ*
*હું સાવ પારદર્શક વર્ષો સુધી રહ્યો છું*

---

*હરીફો એટલે મારી તરફ કાદવ ઉછાળે છે*
*ખબર છે એમને કે ફૂલ પણ સામે નહીં મારું*

---

*વિચાર્યું હતું કે દઇ દઉં ઇંટનો ઉત્તર હું પથ્થરથી*
*પરંતુ મુજને મારી ખાનદાની યાદ આવી ગઇ.*

---

*જોહુકમી કરનારને કહી દો*
*ફૂલોને પણ હસતાં રોકે*

---

*દુનિયા છે, એનું શું કહેવું*
*ફૂલ ધરે ખીલા પણ ઠોકે*

---

*કલમનો સંગ લીધો, અક્ષરી અજવાસ લઇ લીધો*
*અમે સંસારમાં રહીને પરમ સન્યાસ લઇ લીધો.* ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# જરૂરત પૂરતું મળી જાય તો સંતોષ માનવો

થોડા દિવસો અગાઉ 'કૌન બનેગા કરોડપતિ'નો બે વર્ષ જૂનો એક એપિસોડ અનાયાસે જોયો. ૧૭ ઑક્ટોબર, ૨૦૨૪ના દિવસે પ્રસારિત થયેલા એ એપિસોડમાં એક અસાધારણ ઘટના બની હતી. અમિતાભ બચ્ચનની સામે હૉટસીટ પર બેઠેલા ડૉક્ટર નીરજ સક્સેના જીતતા હોવા છતાં તેમણે રમત અધવચ્ચે છોડવાનું આશ્ચર્યજનક પગલું ભર્યું હતું. ડૉક્ટર સક્સેના વૈજ્ઞાનિક અને શિક્ષણવિદ છે. તે 'જેઆઈએસ યુનિવર્સિટી' કોલકાતામાં પ્રો-ચાન્સેલર તરીકે કાર્યરત છે. અગાઉ તેઓ વૈજ્ઞાનિક તરીકે ડૉક્ટર એ.પી.જે. અબ્દુલ કલામ સાથે પણ કામ કરી ચૂક્યા છે.

'ફાસ્ટેસ્ટ ફિંગર ફર્સ્ટ'માં સૌથી ઝડપી સાચો જવાબ આપીને તે હૉટસીટ પર પહોંચ્યા, પરંતુ કેબીસીના અન્ય સ્પર્ધકોની જેમ તે ન તો અત્યંત ભાવુક બની ગયા કે ન તો ખુરશીમાં ઊછળી પડ્યા કે ન તો અમિતાભ બચ્ચનને ભેટી પડ્યા. ઘણા સ્પર્ધકોની જેમ તેમની આંખમાં આંસુ પણ ન આવી ગયાં. તે એકદમ શાંત રહ્યા. અતિ ઉત્સાહમાં પણ નહોતા અને તેમના ચહેરા પર કોઈ ગભરાટ પણ નહોતો દેખાતો.

રમત શરૂ થઈ. તેમણે અમિતાભ બચ્ચન દ્વારા પુછાતા પ્રશ્નોના જવાબ આપવાનું શરૂ કર્યું. એક પ્રશ્નમાં તે અટક્યા પછી ઑડિયન્સ પોલ લાઇફલાઇનનો તેમણે ઉપયોગ કર્યો.


ડૉક્ટર નીરજ સક્સેના



રમત આગળ વધી અને તે ૩ લાખ ૨૦ હજાર રૂપિયાના પડાવ સુધી પહોંચી ગયા. ત્યાં સુધી બધું જ 'કેબીસી'ના સ્પર્ધકોની જેમ સામાન્ય જ હતું, પરંતુ એ પછી તેમણે અમિતજીને વિનંતી કરી કે 'આ પછી હું માત્ર એક જ સવાલનો જવાબ આપીશ અને ત્યાર બાદ હું આ રમત છોડવા ઇચ્છું છું.'

અમિતજી સહિત તમામ પ્રેક્ષકોના આશ્ચર્યની અવધિ ન રહી, કારણ કે ડૉક્ટર સક્સેના પાસે હજી આગળ વધવાની પૂરતી તક હતી. લાઇફલાઇન્સ પણ બાકી હતી અને તેમના જ્ઞાન પ્રમાણે તે વધુ પ્રશ્નોના જવાબ આપીને મોટી રકમ જીતી શકે એમ હતા.

અમિતજી થોડી ક્ષણ માટે આશ્ચર્યચકિત થઈને તેમને જોઈ રહ્યા. તેમની સામે એવો સ્પર્ધક બેઠો હતો જે સારી રીતે રમી રહ્યો-જીતી રહ્યો હતો. રમત છોડવાનું કોઈ સ્પષ્ટ કારણ નહોતું. અમિતાભ બચ્ચને તેમને રમત છોડવા માટેનું કારણ પૂછ્યું ત્યારે ડૉક્ટર સક્સેનાએ જે જવાબ આપ્યો એનાથી અમિતજી સહિત બધા દર્શકો-પ્રેક્ષકોને નવાઈ લાગી અને બધાને તેમના માટે માન પણ જાગ્યું.

ડૉક્ટર સક્સેનાએ કહ્યું કે 'બીજા સ્પર્ધકો પણ રાહ જોઈ રહ્યા છે. તે બધા મારાથી નાના છે અને તેમને પણ તક મળવી જોઈએ. અને આમ પણ મેં અત્યાર સુધીમાં ઘણું જીતી લીધું છે અને હું જે જીત્યો છું એનાથી મને સંતોષ છે.'

આ પ્રકારના કાર્યક્રમમાં જ્યાં દરેક પ્રશ્ન પછી રકમ વધતી જતી હોય અને કરોડપતિ બનવાનું સપનું સ્પર્ધકને આગળ ધપાવતું રહેતું હોય ત્યારે કોઈ વ્યક્તિ (અને એ પણ એવી વ્યક્તિ કે જે જીતી રહી હોય) પોતાની મરજીથી કહે કે 'હવે મારા માટે આટલું પૂરતું છે.' 'એ વાત જ અસામાન્ય હતી. ડૉ. સક્સેનાએ એ પછી એક સવાલનો જવાબ આપ્યો અને તે ૬ લાખ, ૪૦ હજાર રૂપિયા જીતીને તે 'કેબીસી' ગેમ સ્વેચ્છાએ છોડીને બહાર નીકળી ગયા.

'કૌન બનેગા કરોડપતિ'ના બે દાયકાથી વધુના ઇતિહાસમાં આ પ્રકારની ઘટના ક્યારેય બની નહોતી કે કોઈ સ્પર્ધક અન્ય સ્પર્ધકોને તક મળે એ માટે સ્વેચ્છાએ રમત અધૂરી છોડી દીધી હોય. ડૉ. સક્સેનાની ખૂબ પ્રશંસા થઈ. અમિતાભ બચ્ચને પણ તેમની ભાવનાને બિરદાવી.

આ ગેમ દરમિયાન ડૉ. સક્સેનાએ ડૉક્ટર એપીજે અબ્દુલ કલામ સાથે કામ કરવાના દિવસોને યાદ કર્યા હતા. તેમણે કહ્યું કે 'ડૉક્ટર કલામના સંપર્કમાં આવ્યા પછી મારી એ વિચારસરણી બદલાઈ હતી. શરૂઆતમાં માણસ ઘણીવાર માત્ર પોતાને કેન્દ્રમાં રાખીને વિચારે છે કે મારે શું જોઈએ છે, મને શું મળશે?, મને સફળતા કઈ રીતે મળશે? પરંતુ કોઈ મહાન વ્યક્તિત્વનો પ્રભાવ વિચારવાની દિશા જ બદલી નાખે છે અને 'હું'માંથી 'આપણે' તરફની સફર શરૂ થાય છે.'

ડૉ. સક્સેનાના નિર્ણયનું સુંદર પરિણામ એ આવ્યું કે અત્યંત જરૂરતવાળી એક યુવતી પોતાની બહેનો અને માતાને આર્થિક રીતે મદદરૂપ બનવા માટે સક્ષમ બની. ડૉ. સક્સેનાએ રમત અધૂરી છોડી દીધી એટલે ફરી ફાસ્ટેસ્ટ ફિંગર ફર્સ્ટનો રાઉન્ડ શરૂ થયો અને તેમની જગ્યાએ સોનિયા રિજવાની નામની યુવતી સ્પર્ધક તરીકે હૉટસીટ પર આવી.

સોનિયાએ પોતાના પરિવારની મુશ્કેલીઓ વિશે વાત કરી. તેણે કહ્યું કે 'અમે ત્રણ બહેનો હોવાને કારણે મારા પિતાએ અમને અને અમારી માતાને તરછોડી દીધાં હતાં. હવે અમે એક અનાથ આશ્રમમાં રહીએ છીએ અને હું ઑનલાઇન ટ્યુશન કરીને પરિવારને મદદ કરું છું. હું હૉટ સીટ પર આવી છું એ મારા માત્ર એક ટેલીવિઝન શો નથી, પરંતુ મારા માટે એક તક છે. મારા જીવનને થોડું સરળ બનાવવાની તક, મારી માતાને મદદ કરવાની તક અને મારાં પોતાનાં સપનાં તરફ એક પગલું ભરવાની તક.'

સોનિયા રમી અને ૩,૨૦,૦૦૦ રૂપિયા જીતી. તેના માટે એ રકમ બહુ જ મોટી હતી.

ડૉ. સક્સેનાની જેમ વિચારવાવાળા માણસો બહુ ઓછા હોય છે. તેમણે અત્યંત સહજતાથી નિર્ણય લીધો હતો. તેમણે કોઈ ભાષણ આપ્યું નહોતું કે કોઈને ઉપદેશ આપ્યો નહોતો કે માણસે સંતોષ રાખવો જોઈએ, તેમણે માત્ર રમત છોડી દીધી અને તેમનું એ પગલું જ એક પ્રેરક ભાષણ કરતાં વધુ અસરકારક સાબિત થયું. ડૉક્ટર સક્સેનાએ સાબિત કર્યું કે બધા માણસો માટે દુનિયામાં માત્ર પૈસા જ મહત્ત્વના નથી.

આજના સમયમાં મોટા ભાગના માણસોને સંતોષ નથી. પૈસા માટે સગા ભાઈઓ કે સગી બહેનો કોર્ટમાં જતાં હોય છે. પોતાને વારસામાં મળેલી મિલકતમાં પોતાનો હિસ્સો સહેજ પણ ઓછો ન થાય એ માટે ઝઘડા કરતાં હોય છે. વ્યવસાયમાં પોતાનો નફો ઓછો ન થાય એની ચિંતા કરતા હોય છે કે સફળતાની દોડમાં કોઈ બીજું આગળ ન જાય એની ચિંતા કરતા હોય છે. આવી સ્થિતિમાં ડૉ. નીરજ સક્સેના જેવા માણસો અફાટ ખારા રણમાં મીઠી વીરડી સમાન સાબિત થતા હોય છે.

આ ઘટનાનો પદાર્થ પાઠ એ છે કે પોતાની જરૂરત પૂરતું મળી જાય એ પછી માણસે સંતોષ રાખવો જોઈએ. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# પ્રેમ નામે પ્યારો પંચ...

## મુક્કાથી મહોબ્બતની કથા

ટાઇટલ્સઃ

*પ્રેમની લડાઇમાં હારનાર જ જીતે (છેલવાણી)*

--------------

*'હું દુનિયાનો સૌથી ખતરનાક માણસ હતો, પણ હું પોતે જ પોતાને હરાવી રહ્યો હતો. સૌથી મોટી લડાઈ બહારની નહીં, અંદરની હોય છે.'*

--------------

*'જ્યારે બધું હતું ત્યારે હું ખાલી હતો ને જ્યારે કંઈ નહોતું ત્યારે સમજાયું કે સાચી સંપત્તિ, સંપત્તિ નહીં આપણાં પોતિકા માણસો હોય છે.'*

--------------

એકવાર એક પત્રકારે એ ચેમ્પિયનને મજાકમાં પૂછ્યું, 'બોક્સિંગ રિંગમાં તો તમે બધાને પછાડી દીધા, પણ જિંદગીમાં તમને કોણ હરાવી શક્યું છે?'

'જિંદગીમાં? જિંદગીએ ખુદ!...ને પછી મારી પત્નીએ મને જિંદગી સામે ફરીથી ઊભો કર્યો.'

થોડીવાર પછી એણે કહ્યું, 'મારી પત્નીએ મને ફરીથી 'માણસ' બનાવ્યો.'

આ શબ્દો વર્લ્ડ ચેમ્પિયન બોક્સર 'માઈક ટાઈસન'ના છે. શું છે કે બોક્સિંગની રિંગ ચાર દોરડામાં બંધાયેલી હોય છે, પણ જિંદગીનું મેદાન ખૂબ વિશાળ ને વિચિત્ર છે. બોક્સિંગ રિંગમાં માણસ મુક્કાથી લડે છે, પણ જીવનમાં એ લડે છે પોતાના ભૂતકાળ, ગુસ્સા ને એકાંત સામે. જે માણસ ક્યારેક સૌથી તાકતવર હતો. એ જ માણસ ધીમે ધીમે પોતાની અંદર ને અંદર ફસાતો ગયો. પ્રતિષ્ઠા, પૈસા ને પ્રેમ બધું જ હતું, છતાં ભીતર એવો ખાલીપો હતો, જે હજારો તાળીઓની સામે પણ બેમતલબ હતો.



૨૦૦૦માં બોક્સિંગ મેચ જોવા સ્ટેડિયમમાં એક શાંત યુવતી લકીખા ઉર્ફ કિકી સ્પાઈસર, ટાઇસનને જોવા આવેલી. ચુસ્ત મુસ્લિમ પરિવારમાં ઉછરેલી ને સાદગીમાં જીવતી છોકરી. પિતા મૌલવી હતા ને બોક્સિંગ દુનિયાના મોટા પ્રમોટર અને ખેલાડીઓના કિંગમેકર એવા ડોન કિંગને ઓળખતા હતા. એ જ ડોન કિંગે ટાઈસનને કહ્યું, 'કીકીથી દૂર રહેજે. એ તને તબાહ કરી નાખશે.'

ટાઈસને કીકીથી દૂર રહેવાનો ઘણો પ્રયત્ન કર્યો, પણ કીકીના ખેંચાણમાં અજબ આગ હતી.

કિકીએ પણ કહેલું, 'પ્રેમનું આકર્ષણ તો જાણે દીવામાં પડતા પતંગિયું જેવું હતું. મને ખબર હતી કે ત્યાં આગ છે, છતાં હું દૂર રહી શકી નહીં.'

વેલ, કોઈ પરીકથા નહોતી; અહીં તો બે માણસ પોતાની-પોતાની અંધારી ગલી સાથે હતા. આ દોરમાં ટાઈસનનું પતન તો પહેલેથી શરૂ થઈ ગયેલું. ટાયસનના ગુરુ કુસ ડી'અમાટોના અવસાન પછી એની જિંદગીમાંથી શિસ્ત ને પ્રોફેશનાલિઝમ ગાયબ થઇ ગયેલા. ૧૯૯૨માં ટાયસન પર બળાત્કારનો આરોપ લાગ્યો ને જેલમાં ગયો. એક જમાનાનો લોખંડી ચેમ્પિયન હવે લોખંડના સળિયાં પાછળ હતો. જીતેલા મેડલ્સ પાછા લેવાયા, જનતામાં પ્રતિષ્ઠા ચકનાચૂર થઈ. જેલ પછી ટાયસને બોક્સિંગ રિંગમાં પાછા આવવાનો ખૂબ પ્રયત્ન કર્યો, પણ એના માંહ્યલાના તોફાનમાં કોઇ જ દિશા દેખાતી નહોતી. પછી ૧૯૯૭માં હોલીફિલ્ડ સામેના મુકાબલામાં ગુસ્સામાં ટાયસને એનો કાન કરડી ખાધો ને પછી એના પર કાયમી પ્રતિબંધો લદાયા.

૨૦૦૩માં ટાયસને દેવાળું જાહેર કર્યું!

આ બધા વચ્ચે વર્ષો સુધી કિકી સાથેના ટાયસનના સંબંધોમાં આવનજાવન ચાલતું રહ્યું. ક્યારેક નજીક, ક્યારેક દૂર; ક્યારેક ગુસ્સો, ક્યારેક ખાલીપો ને પણ તોય બેઉની લાગણીની નાડ એવી હતી જે વારંવાર કાપવા છતાંયે તૂટતી છૂટતી નહોતી. કિકીના જીવનમાંયે ઊથલપાથલ હતી. પિતાના ધંધાને લઈને અંગેના કેસમાં કીકીને જેલની સજા થઈ, પણ જેલમાં જતાં પહેલાં જ એને ખબર પડી કે તે ટાઈસનના બાળકથી ગર્ભવતી છે! તોય કીકીએ સજા ભોગવી. બહાર આવી ત્યારે ક્રિસમસના દિવસે દીકરી મિલાનનો જન્મ થયો ને એમ લાગ્યું કે શું કદાચ જિંદગી હવે બદલાશે, પણ પછી ટાયસનની જિંદગીએ ફરી એક કારમો ઘા કર્યો.


પત્ની કિકી સાથે

ઇન્ટરવલઃ

*તેરા હાથ હાથ મેં આ ગયા*
*કિ ચિરાગ રાહ મેં જલ ઉઠે*
*(મજરૂહ)*

ટાયસનની પહેલા લગ્નથી જન્મેલી નાની દીકરીનું અકસ્માતમાં મૃત્યુ થયું! હવે ટાયસન અંદરથી સાવ તૂટી ગયો. એ અવસ્થા વિશે એણે કહેલું, 'ત્યારે મને લાગ્યું કે હું પણ મરી ગયો છું; ફક્ત શરીર ચાલતું હતું.' એ દિવસોમાં એ કોઈ કરતાં કોઇની સાથે બોલી કે હસી શકતો નહોતો. મૌનની ભૂલભૂલામણીમાં ખોવાઇ ગયો. પછી એ જ દુઃખના ઝંઝાવાતમાં, ટાયસને આખરે કિકીનો હાથ ઝાલ્યો ને સાવ સાદાઇથી લગ્ન કરી લીધા. ત્યાં કોઈ મહેમાનો કે મીડિયાનો શોરશરાબો નહોતો, કોઈ દેખાડો નહોતો. ફક્ત બે તૂટેલી વ્યક્તિ, જે એકમેકની હાજરીમાં માત્ર શાંત જીવન ઝંખતા હતા. એ લગ્નમાં આનંદ કે ઉમંગનો જયઘોષ નહોતો પણ એકમેકને કદી ન છોડવાની મૂંગી ખાતરી હતી.

હવે અહીંથી જ ટાયસનની અસલી લડાઈ શરૂ થઈ. નશો, નબળાઈ ને આત્મઘાતક આદત સામેની લડાઈ! કિકી, એ લડાઈમાં એની પડખે ઊભી રહી. એણે ટાયસનને દિશા આપી, વિખરાયેલ જીવતરને ફરી ગોઠવ્યું ને ટાયસનને તૂટતા રોકવાની જીદ પકડી રાખી. સમય વિતતાં ટાયસન બદલાતો ગયો. એનો ગુસ્સો, એની ગમગીની ધીમે ધીમે ઓસરતી ગઇ. સમાજમાં એની જાહેર હાજરી વધતી ગઈ. પરિવાર તેનો આધાર બન્યો ને જિંદગી ફરી પાટે ચઢી. ચીંથરેહાલ ચેમ્પિયનને કિકીની ચાહતે ઉગારી લીધો.

આવી 'ફિનિક્સ પંખી' જેવી રાખમાંથી ફરી જન્મવાની કથા, માત્ર ટાયસનની જ નથી. બોક્સિંગમાં દંતકથા સમાન ચેમ્પિયન મોહમ્મદ અલીના જીવનમાં પણ આવું જ થયેલું જ્યારે બોક્સિંગ રિંગમાં ફેન્સનો શોર દૂર થઈ ગયેલો ને શરીર થાકી ગયું. પાર્કિન્સનના રોગ પછી તેની પત્ની લોની અલીએ સાથ આપ્યો. દુનિયાએ અલીને ચેમ્પિયન તરીકે જોયો, પણ લોનીએ તેને ભાંગેલા-તૂટેલા માણસ તરીકે સંભાળ્યો. પ્રેમથી ગદગદ અલીએ કહેલું, 'હું દુનિયાને હરાવી શક્યો, પણ લોની વગર જીવવામાં હારી જાત.'

કેટલીક લડાઈઓ બોક્સિંગ રિંગમાં મુક્કાબાજીથી નથી જીતાતી. મહોબ્બતથી એ લડાઈઓ ભાંગેલ માણસને ધીમે ધીમે ફરીથી 'માણસ' બનાવે છે.

એન્ડ ટાઇટલ્સ

*આદમઃ તું સાથ આપીશને?*
*ઇવઃ હજી કેટલો?* ■

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# ‘જેન -ઝી’ને પણ મોહી લેતું આ ‘પોડકાસ્ટ’ પુરાણ છે શું?

## ટેલિવિઝનના આગમન પછી એક જમાનાનો લોકપ્રિય રેડિયો ભુલાઈ ગયો હતો ત્યાં અચાનક સોશ્યલ નેટવર્કિંગ મીડિયાની સાથે એફ.એમ. રેડિયોનું પુનરાગમન થયું અને આજે એને પગલે પગલે પોડકાસ્ટિંગનો રોમાંચક દોર ફરી શરૂ થઈ ગયો છે, જેને આધેડથી લઈને યુવાનો પણ પસંદ કરી રહ્યાં છે

**આદિમાનવ** પાસે મનમાં અસ્તવ્યસ્ત વિચારો હતા, પણ એને વ્યકત કરવા માટે શબ્દો નહોતા- બોલવાની ભાષા નહોતી. ક્રમશઃ પોતાની વાત સામેવાળા સુધી પહોંચાડવા માટે એની પાસે પ્રથમ ચિતરામણની ભાષા આવી આકૃતિરૂપે. દરમિયાન પોતાની વાત એ જાતભાતના અવાજ અને હાવભાવ દ્વારા વ્યકત કરતો થયો. આગળ જતા આકૃતિમાંથી લિપિ બની ત્યારબાદ શબ્દો ગોઠવાતા ગયા અને વ્યવસ્થિત ભાષા બની. એ પછી તો માનવી એકમેક સાથે બોલતાં-લખતાં થયા. સદીઓ પછી આજે માનવી વચ્ચે અનેકવિધ સાધન દ્વારા કમ્યુનિકેશન- માહિતીની આપ-લે કેવી ત્વરિત કક્ષાએ પહોંચ્યું છે એ આપણે સૌ જાણીએ જ છીએ. સંદેશા વ્યવહારનાં અનેક સાધનો છે આપણી પાસે, જેમકે તાર-ટપાલ-ટેલિફોન-ટેલિપ્રિન્ટર- ફેક્સ-ઈમેલ-સેલફોન-રેડિયો-ટેલિવિઝન-કમ્પ્યુટર-ઈન્ટરનેટ-સેટેલાઈટ, ઈત્યાદિ. એ દરેકની જેટલી ઉપયોગિતા છે એમ મર્યાદા પણ છે.

આમાં રેડિયોનું બ્રોડકાસ્ટિંગ અને ટીવીનું ટેલિકાસ્ટિંગની સાથે આજકાલ ‘પોડકાસ્ટિંગ’ જેવો થોડો અજાણ્યો-અપરિચિત લાગતો શબ્દ પણ આપણી રોજિંદી ભાષામાં બહુ ઝડપથી ઉમેરાઈ રહ્યો છે.

### -તો શું છે આ પોડકાસ્ટ?

આ પોડકાસ્ટ વિશે જાણવા- સમજવા માટે આપણે વેબકાસ્ટિંગ (કે સ્ટ્રીમિંગ) વિશે અલપઝલપ જાણવું જરૂરી છે. કોઈ પણ ઘટનાનો વીડિયો તથા ઑડિયોનું ઈન્ટરનેટના માધ્યમથી જીવંત (દૃશ્ય શ્રાવ્ય) પ્રસારણ થાય એને આપણે વેબકાસ્ટિંગ કહીએ છીએ. બીજી તરફ, પોડકાસ્ટ એટલે ડિજિટલ ઑડિયો (ધ્વનિ), જેને આપણે માત્ર સાંભળી શકીએ. મોટાભાગે આવાં પોસ્ટકાસ્ટ એક પછી એક વારાફરતી સાંભળી શકીએ એ રીતે શ્રેણીબદ્ધ અગાઉથી રેકોર્ડ કરવામાં આવ્યાં હોય છે. સામાન્ય રીતે પોડકાસ્ટ એક જ વ્યક્તિ રજૂ કરે છે. આમ છતાં ક્યારેક બે વ્યક્તિ- હોસ્ટ અને ગેસ્ટ પણ હોઈ શકે. વિભિન્ન પ્લેટફોર્મ પરથી પોડકાસ્ટિંગ થતી ઑડિયો ફાઈલની પોતાની વિવિધ વિષયોની વિશેષતા પણ હોય છે. પોડકાસ્ટ આપણે લેપટોપ-ડેસ્કટોપ કે મોબાઈલ પર અથવા તો એનાં


મહેન્દ્રસિંહ ધોની


આલિયા ભટ્ટ


પરેશ રાવલ

પ્લેટફોર્મની એપને વેબસાઈટ દ્વારા સાંભળી શકીએ. મોબાઈલ એકદમ હાથવગો હોવાથી આજે પોડકાસ્ટ બહુ ઝડપથી લોકપ્રિય થઈ રહ્યો છે.

કેટલીય વસ્તુની શોધખોળ એવી છે, જે વર્ષો પહેલાં જાહેરમાં આવી હોય, પરંતુ એક યા બીજાં કારણસર સીમિત ઉપયોગને લીધે એને લોકો વિસરી જાય. આમાંની કેટલીક ફરી અચાનક આપણી સામે આવે અને લોકપ્રિય બની જાય. પોડકાસ્ટ સાથે પણ કંઈક આવું જ થયું. અગાઉ રેડિયો કાર્યક્રમની કે સંગીતની રેકોર્ડ કરેલી ઑડિયો ફાઈલ સંગીતકારો વાપરતા પછી પોતાના વિચાર વ્યકત કરવા એનું રેકોર્ડિંગ કરી બ્લોગર્સ પ્રસારણ કરતાં થયા. જો કે આના મર્યાદિત ઉપયોગને લીધે એ સમયે આ પ્રસારણ સિસ્ટમ ખાસ જાણીતી ન થઈ, પરંતુ ‘એપલ’ કંપનીના અદ્યતન મ્યુઝિક

પ્લેયર ‘આઈપોડ’ના આગમન સાથે ઑડિયો જગતનો સમગ્ર સિનારિયો પલટાઈ ગયો. એના સમાંતરે ડિજિટલ ધ્વનિ પ્રસારણને ‘પોડકાસ્ટ’ના નામે નવું જીવન મળ્યું. (બાય ધ વે, ‘પોડ’નો એક ડિક્ષનેરી અર્થ છેઃ ‘માલ ભરવાનું સાધન-પાત્ર!) એ પછી તો આજે ઈ-કોમર્સની દુનિયામાં પોડકાસ્ટને એક નવી દિશા મળી ગઈ છે.




ધારો કે તમારા ટીવી સ્ક્રીન પર એક દૃશ્ય ચાલી રહ્યું છે, જેને જોવાં-સાંભળવા તમારે એકધારા એક જ્ગ્યાએ બેસીને આંખ-કાન સતર્ક રાખવા પડે. જો આવું જ કઈ માત્ર તમારે સાંભળવાનું હોય તો તમે કિચનમાં કે અન્ય કોઈ જગ્યાએ બીજાં કામ કરતાં કરતાં પણ સાંભળી શકો (રેડિયોની જેમ!) એ ખરું કે વીડિયો ક્લિપ્સનું એક અલગ મહત્ત્વ છે,પરંતુ એ જોવી શક્ય ન હોય ત્યારે એની ગેરહાજરીમાં કોઈ લખાણના શબ્દો કરતાં પણ બોલાયેલા શબ્દ-અવાજ વધુ શક્તિશાળી પુરવાર થાય છે અને આ વાતનો બખૂબી ઉપયોગ કરીને પોતાનાં ઉત્પાદન ગ્રાહકો સુધી સરળતા-સચોટતાથી પહોંચાડી શકાય છે. આ સુવિધાને લીધે ઈ-કોમર્સની દુનિયામાં આજે પોડકાસ્ટનું મહત્ત્વ ઝડપથી વધી રહ્યું છે.

આમ તો મૂળભુત રીતે પોડકાસ્ટ એટલે સ્વર-ધ્વનિનું પ્રસારણ ૧૯૮૦ના દાયકામાં શરૂ થયું ત્યારે એ ‘ઑડિયો બ્લોગિંગ’ તરીકે જાણીતું હતું. પાછળથી એક અમેરિકન પત્રકાર બેન હેમર્સલી આવા પ્રસારણને ‘પોડકાસ્ટિંગ’ તરીકે ઓળખાવ્યું પછી એ નામથી જાણીતું થયું. હવે તો વીડિયો ક્લિપ્સ પણ એમાં ઉમેરીને વીડિયો પોડકાસ્ટ તૈયાર કરવાનો ટ્રેંડ શરૂ થઈ ગયો છે.

અલબત્ત, આવાં દૃશ્ય શ્રાવ્ય પોડકાસ્ટ બનાવવા થોડાં કડાકૂટવાળા છે, પરંતુ ડિજિટલ ઍડિટિંગનાં લેટેસ્ટ સાધનો અહીં કામે લગાડવામાં આવે છે. જેમ કોવિડ-કાળના સમયમાં OTT પ્લેટફોર્મ્સ જે રીતે લોકપ્રિય થયાં એ જ રીતે, વીડિયો પોડકાસ્ટને ય અચ્છો બ્રેક મળી રહ્યો છે. એ કક્ષાએ કે હવે ‘પોડકાસ્ટ’ શબ્દ કાને પડતાં જ ટીવીની જેમ દૃશ્યોની સાથે અવાજ પણ સંભળાય!

**આપણે ત્યાં ભારતમાં પોડકાસ્ટનો કેવોક સિનારિયો છે?**

આપણે ત્યાં અગાઉ રડ્યુખડ્યું પોડકાસ્ટિંગ થતું, પરંતુ કોવિડ- કાળની કટોકટી વખતે લોકોની જે આકરી ઘરબંધી થઈ એમાં જેમ OTTની માર્કેટ ખૂલી ગઈ એવું જ પોડકાસ્ટ માટે થયું. શરૂઆતમાં ઘેરબેઠા કુતૂહલવશ ટાઈમપાસ મનોરંજન તરીકે પોડકાસ્ટને આવકાર્યું. એ પછી તો લોકોને એમાં એવો જબરો રસ પડ્યો કે આજે દરમહિને ૨૦૦ મિલ્યન (૨૦ કરોડ !) લોકો પોડકાસ્ટને જોતાં -સાંભળતાં થઈ ગયા છે.

અગાઉ કોઈ જાણીતી વ્યક્તિનો ઈન્ટરવ્યૂ દૈનિક-સામાયિકમાં પ્રગટ થતો ત્યારે એના એક-બે ફોટા સાથે છપાતાં. એ વખતે ‘બીબીસી’ ઓડિયો કે ‘રેડિયો સિલોન’ના અપવાદ સિવાય બહુ ઓછી વ્યક્તિ રેડિયો મુલાકાત માટે રાજી થતી, ટેલિવિઝનના આગમન સાથે ટીવી ઈન્ટરવ્યૂ માટે સેલેબ્સ ઉત્સૂક રહેતા.

સમય જતા આજે વીડિયો પોડકાસ્ટ પણ એટલાં જ લોકપ્રિય બની રહ્યાં છે. આપણે ત્યાં હવે તો નાનાં -મોટાં દેનિક સામાયિકોએ પણ પોડકાસ્ટિંગ શરૂ કરી દીધું છે. પોડકાસ્ટના વપરાશમાં આજે આપણે અમેરિકા- ચીન પછી ત્રીજે નંબરે છીએ અને આ આંક આપણે ત્યાં આવતા પાંચ વર્ષમાં ક્રમશઃ વધીને ૨૬૦-૨૭૦ મિલ્યન (૨૬-૨૭ કરોડ) સુધી પહોંચી જાય તો આશ્ચર્ય નહીં !

વ્યવસાય-ધંધાની દૃષ્ટિએ પણ આપણે ત્યાં પોડકાસ્ટિંગનું ભવિષ્ય ઊજળું છે, કારણ કે આપણી પ્રજા પહેલેથી જ રેડિયોની ચાહક રહી છે.

હા, વચ્ચે ટેલિવિઝનના આગમનથી શહેરોમાં રેડિયો કામચલાઉ રેઢો પડ્યો, પણ દૂર દૂરનાં ગામોમાં- અંતરિયાળ વિસ્તારોમાં ટીવીનાં સિગ્નલ્સ ફૂટપ્રિન્ટસ નબળાં પડતાં હતાં એટલે ગ્રામ્યપ્રજાનો રેડિયો પ્રેમ અકબંધ રહ્યો. સમય જતાં બીજી તરફ, FM (ફ્રીકવેન્સી મોડ્યુલેશન) રેડિયો સ્ટેશનો દ્વારા આગવી રીતે રજૂ થતા મનોરંજનના પ્રોગ્રામ્સે આજની યુવા પેઢીને વધુ આકર્ષ્યા અને શહેરોમાં રેડિયોનું પૂનરાગમન થયું. એને પગલે યુવા પેઢીમાં પોડકાસ્ટિંગનો પણ દોર શરૂ થઈ ગયો.

દેશ હોય કે પરદેશ, આજે પોડકાસ્ટની નવેક શ્રેણી એવી છે, જેમકે સામાજિક- સાંસ્કૃતિક-વ્યવસાય-વેપાર- આરોગ્ય- આધ્યાત્મિક હાસ્ય - ગુનાખોરી તેમ જ રાજકરણ જેવાં વિષયોને નજરમાં રાખીને પોડકાસ્ટ તૈયાર કરવામાં આવે છે. જો કે આજના તરુણ-યુવાનો કેરિયર તેમ જ આરોગ્ય વિશે વધુ સજાગ છે. મનના ઉચાટને આધ્યાત્મિક રીતે કેમ શાંત પાડવો, ઈત્યાદિનું માર્ગદર્શન આપે એવાં પોડકાસ્ટ આ પેઢીને વધુ પસંદ છે. સહેજે છે કે આવાં યુવાનોને પોતાની પ્રોડક્ટ્સ - બ્રાન્ડ્સ પહોંચાડવા ઉત્સુક મોટી કંપનીઓ લોકપ્રિય પોડકાસ્ટને જાહેરખબરો દ્વારા ટેકો આપવા લાગી છે. આર્થિક નિષ્ણાતોના કહેવા અનુસાર આગામી એકાદ-બે વર્ષમાં આપણી મ્યુઝિક ઑડિયો-પોડકાસ્ટની માર્કેટ ૩૫૦ કરોડ રૂપિયાના આંકને આંબી જાય તો નવાઈ ન પામવી! ■

### પોડકાસ્ટની પહોંચ કેટલી?

*** એકદમ તાજા આંકડા પર નજર ફેરવીએ તો...**



દર મહિને અમેરિકામાં ૧૫ કરોડથી વધુ લોકો પોડકાસ્ટ જૂએ સાંભળે છે. ત્યાંની ૫૫ ટકાથી વધુ વસતિ અઠવાડિયામાં ઓછામાં એક વાર તો પોડકાસ્ટ સાંભળવાનો લાભ લે છે.

* અમેરિકાના ૬૬ મિલ્યન- ૬ કરોડ લોકો દર સપ્તાહ ૭થી વધુ પ્રકારના પોડકાસ્ટ પર ધ્યાન દે છે. અમેરિકાની કુલ વસતિના ૪૯ % લોકો (૨૦થી ૪૪ વર્ષ)માં પોડકાસ્ટ બહુ પોપ્યુલર છે...

* આજે એકલા અમેરિકામાં ૮ લાખથી વધુ પોડકાસ્ટ ઍપ સક્રિય છે, જેના દ્વારા અત્યાર સુધીમાં ૫૦ મિલ્યન પોડકાસ્ટ એપિસોડ પ્રસારિત થયા છે.

* આવા એપિસોડ ક્યો વર્ગ ક્યાં સાંભળે છે?

વેલ, ૪૯% લોકો ઘેર બેસીને સાંભળે છે... ૨૨% શ્રોતા કાર ડ્રાઈવ કરતી વખતે સાંભળે છે તો ૧૧% ઑફિસમાં અને ૮% જિમમાં કસરત કરતી વખતે પોડકાસ્ટ માણે છે.

* મ્યુઝિક ઍપ ‘સ્પોટીફાય’ આજે જગતની સૌથી વધુ સંભળાતી પોડકાસ્ટ છે. એના પછી બીજા નંબરે આવે છે ‘એપલ’ની પોડકાસ્ટ ઍપ અને હવે આ બન્નેની જબરી સ્પર્ધા કરી રહી છે ‘યુટ્યુબ’ ની પોડકાસ્ટ.

* પોડકાસ્ટ લોકપ્રિય નીવડે તો એ અધધધ કમાણી પણ રળી આપે.

અમેરિકામાં દર વર્ષે પોડકાસ્ટ દ્વારા થતી કમાણી ૩ અબજ ડૉલર - આશરે રૂપિયા ૨૯ હજાર કરોડ છે!

* અમેરિકાની સરખામણીએ આપણે ત્યાં હજુ આ માધ્યમ નવું ગણાય. આમ છતાંય તાજા આંકડા અનુસાર આપણે ત્યાં એનો એડ રેવન્યુ રૂપિયા ૩૫૦ કરોડ છે અને ૨૦૨૮ સુધીમાં આ આંક ૫૦૦ કરોડ રૂપિયાનો આંક વટાવી જશે એવો વર્તારો આ વ્યવસાયના નિષ્ણાતો કરે છે..!

* (નોંધ : ૧ મિલ્યન = ૧૦ લાખ) ■

કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# ફુરસદનું મરણ ને ખાલીપાનો ડર

## કશું જ ન કરવાના અપરાધભાવે આપણી પાસેથી કવિતા છીનવી લીધી છે

એક જમાનો હતો જ્યારે બપોરના સમયે ઓસરીના હીંચકે ઝૂલતાં ઝૂલતાં આકાશમાં તરતાં વાદળોને જોયા કરવા એ સાવ સામાન્ય વાત હતી. ઘરના ઓટલે બેસીને રસ્તા પરથી પસાર થતા લોકોને નિહાળવા કે વરસાદ પછી ભીની થયેલી માટીની સુગંધ શ્વાસમાં ભરતાં ચૂપચાપ બેસી રહેવું એવી બધી અનાયાસ પ્રવત્તિ એ સમયનો બગાડ નહોતો ગણાતો. એ ફુરસદ હતી. એવો સમય જ્યારે ઘડિયાળના કાંટા મગજ પર સવાર નહોતા. એ ખાલી સમય જ હતો, જેમાં કવિતાઓ રચાતી, વિચારો ઘૂંટાતા અને માણસ દુનિયાની ભીડથી દૂર જઈને પોતાની જાતને મળતો, પણ આજના આધુનિક સમયમાં આપણે આ ફુરસદની કાયમી હત્યા કરી નાખી છે. આજે કશું જ ન કરવું એ એક મોટો સામાજિક અને માનસિક અપરાધ બની ગયો છે. ઉત્પાદકતા અને સતત વ્યસ્ત રહેવાની એવી આંધળી દોટ શરૂ થઈ છે કે જેમાં ખાલી બેસી રહેનાર માણસને નિરર્થક કે આળસુ માની લેવામાં આવે છે.

આધુનિક માણસ બે મિનિટ માટે પણ નવરો પડે એટલે તેના હાથમાં તરત જ મોબાઇલ આવી જાય છે. બસ સ્ટૉપ પર વાટ જોતી વખતે, લિફ્ટમાં ઉપર જતાં દસ સેકન્ડ માટે કે ટ્રાફિક સિગ્નલ પર લાલ લાઇટ હોય ત્યારે પણ આપણે કશુંક જોતા રહેવા, વાંચતા રહેવા કે સ્ક્રીન સ્ક્રોલ કરતા રહેવા માટે જાણે મજબૂર છીએ. હકીકતમાં આ વ્યસ્તતા નથી, આ ખાલીપાનો ભય છે.

પોતાની જાત સાથે એકાંતમાં બેસવાનો અને પોતાના જ વિચારોનો સામનો કરવાનો ડર



આપણને એટલો બધો સતાવે છે કે આપણે સતત કોઈ ને કોઈ ડિજિટલ ઘોંઘાટથી મનને ભરેલું રાખવા માગીએ છીએ. આપણે બહારની માહિતીઓથી મગજને એટલું બધું ઠાંસી ઠાંસીને ભરી દીધું છે કે અંદરથી કોઈ નવા વિચારને ઊગવા માટે કોઈ જમીન જ નથી બચી. યંત્રોએ આપણો શારીરિક શ્રમ ઓછો કર્યો, પણ બદલામાં આપણી પાસેથી આપણી માનસિક મોકળાશ છીનવી લીધી છે.

સંગીતમાં બે સૂર વચ્ચે જે ખાલી જગ્યા આવે છે તે મૌન જ સંગીતને મધુર બનાવે છે. ચિત્રમાં બધે જ રંગો પૂરી દેવાને બદલે અમુક જગ્યા કોરી છોડવામાં આવે તો જ આકાર ઊપસી શકે છે. જીવનનું પણ એવું જ છે. સતત દોડતા રહેવાથી જીવન સમૃદ્ધ નથી થતું. જીવનની ખરી સમૃદ્ધિ એ વિરામમાં છુપાયેલી છે. જ્યારે માણસ કશું જ નથી કરી રહ્યો હોતો ત્યારે તેનું અર્ધજાગ્રત મન સૌથી વધુ સક્રિય હોય છે. ન્યુટનને સફરજન પડતું જોઈને ગુરુત્વાકર્ષણનો વિચાર ત્યારે જ આવ્યો હતો, જ્યારે તે ઝાડ નીચે સાવ ફુરસદમાં બેઠો હતો. જો તે સમયે તેના હાથમાં સ્માર્ટફોન હોત તો કદાચ તે સફરજન પડ્યાની નોંધ જ ન લઈ શક્યો હોત. સર્જન હંમેશાં ખાલીપામાંથી જન્મે છે. જ્યાં સુધી મનમાં થોડી ખાલી જગ્યા ન હોય ત્યાં સુધી કોઈ નવો વિચાર કે કોઈ નવી કવિતા જન્મ લઈ જ ન શકે.

આપણે કશુંક કરતા રહેવાના રોગમાંથી મુક્ત થવાની જરૂર છે. ક્યારેક કોઈ જ ઉદ્દેશ્ય વિના ચાલવા નીકળી જવું, માત્ર વૃક્ષોનાં પાંદડાંઓને પવનમાં લહેરાતાં જોવાં કે આંખો બંધ કરીને માત્ર પોતાના શ્વાસની આવનજાવન પર ધ્યાન આપવું. આ ક્રિયાઓ ભલે બહારથી નકામી લાગતી હોય, પણ તે આત્માને જીવંત રાખવા માટેનો ખોરાક છે. આપણે સમયને વાપરવાની જીદ છોડીને ક્યારેક સમયને માત્ર વહેવા દેવાની કળા શીખવી પડશે, કારણ કે દુનિયાની બધી જ સફળતાઓ અને સિદ્ધિઓ મેળવ્યા પછી પણ જો માણસ પાસે પોતાની સાથે બેસવાની ફુરસદ ન હોય, તો એનાથી મોટો કોઈ ગરીબ નથી. સાચો માણસ એ જ છે જે આંખમાં કોઈ જ અધીરાઈ વિના સમયના ખાલીપણાને પચાવી શકે અને એ ખાલીપામાંથી પણ કોઈ અદ્ભુત અર્થ શોધી શકે. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

# પારિવારિક પેઢીના સંચાલકો ને પ્રોફેશનલ એટલે ૧+૧ = ૧૧

**વેપારમાં** મોટેભાગે બે પ્રકારની કંપની જોવા મળે છે, એક જે પ્રોફેશનલી મેનેજ થતી હોય જેમાં આખું મેનેજમેન્ટ પ્રોફેશનલ્સના સહારે ચાલતું હોય છે અને બીજી એટલે ફેમિલી અર્થાત્ પારિવારિક પેઢી જેવી કંપની. જેમ પારિવારિક કંપની પોતાની સૂઝબૂજથી વેપારને એક સ્તરે લઇ જાય છે તેમ પ્રોફેશનલ સીઈઓ પણ પોતાની આવડતથી કંપનીને જોઈતો ગ્રોથ આપે છે. હરેક વ્યક્તિ સંપૂર્ણ નથી હોતી અને તેથી તેને બીજાની જરૂર પડતી રહે છે.

આપણી આજની વાતનો વિષય આ જ છે કે ઘણી વેપારી પેઢીઓ વર્ષો સુધી વેપાર કરી એક સ્તરે પહોંચે છે અને પછી તેનો વિકાસ થંભી જાય છે અને તેનું સૌથી મોટું કારણ છે : જમાના સાથે ના બદલાવું અને ભવિષ્યના વિકાસ માટે કોઈ પ્રોફેશનલનો સહારો ના લેવો. જે પેઢીએ આ વાત જલદી સ્વીકારી તે આજે ભવિષ્યલક્ષી વેપાર કરી આગળ વધી રહી છે. આનો અર્થ તે નથી કે તેમનામાં વેપાર કરવાની આવડત નથી, તે છે અને તેથી તે અહીં સુધી પહોંચ્યા છે, પણ આગળના રસ્તે જવા માટે બીજો હાથ- નવી વિચારધારા જોઈશે જે તેમના વિઝન- દૂરદર્શિતાને આકાર આપી શકે.

‘હું બધી વાતોમાં માહિર ના હોઈ શકુ તો એને મારી રીતે હલ કરવાની કોશિશ કેમ કરું!’ એવા ભય સાથે બીજો મોટો ડર પારિવારિક પેઢી-કંપનીને હંમેશાં હોય છે અને તે એટલે ‘આ મારી બધી વાત જાણી જશે તો!’




તેમને એમ પણ લાગે છે કે ‘અમને હવે કોણ શીખવાડી શકે?’ આની પાછળ એક છૂપો અહં એ હોય છે કે મને કોઈ મારી ભૂલ બતાવે તે મને પસંદ ના પડે. આ વાતને એક ઉદાહરણ દ્વારા સમજીયે. એક જાણીતી મસાલાની હજાર બારસો કરોડની કંપની છે, જેને પરિવારના સભ્યો સંભાળે છે. તેમણે એક પ્રોફેશનલ રિસર્ચ કંપનીને કામ સોંપ્યું તે જાણવા કે કઇ રીતે આગળ વધી શકાય. આ રિસર્ચ માટે જંગી રકમ પણ આપી. હવે મજાની વાત એ છે કે જયારે આ રિસર્ચ કંપનીએ તેમની નબળાઈઓ બતાવી કે આ કારણો છે જેનાથી વિકાસ અટકી રહ્યો છે, તો પરિવારે તેને સ્વીકારવાને બદલે તે રિપોર્ટ બાજુએ મૂકી દીધો. આજ બ્રાન્ડે એક નામી પ્રોફેશનલને કન્સલ્ટન્ટ તરીકે રાખ્યો, તેણે કહ્યું, તમે આરામથી ૪-૫ હજાર કરોડનો વેપાર તમારી ટેરિટરીમાં કરી શકો તેટલી શક્યતા છે અને તેથી તમારે ફોકસ આખા દેશમાં વિસ્તરવા પર ના કરવું જોઈએ. જે તમે અહીં ઓછી મહેનતે, ઓછા રોકાણે મેળવી શકશો પણ એ કંપનીને તો દેશભરમાં પોતાનો વેપાર જમાવવાની ખેવના હતી અને ફાંકો પણ હતો કે આપણે નક્કી કર્યું છે એટલે તેમ કરીશું...

અહીં, મને નહિ શીખવાડો અને મારો અહં કે મને બધી ખબર છે, તમારા વિકાસને રોકે છે. જે વેપારીઓએ આ માનસિકતા દૂર કરી તે લોકો આજે મોટા સ્તરે વેપારો કરી રહ્યા છે.

પ્રોફેશનલ તમારા વિઝનને આકાર આપી શકે છે, ૧+૧ = ૧૧ થઇ શકે તે ભૂલી જવાય છે. વેપારી પાસે વેપાર કરવાની કુનેહ છે, જે પ્રોફેશનલ પાસે કદાચ ના હોઈ શકે અને પ્રોફેશનલ પાસે સ્કિલ, આવડત છે જે વેપારી પાસે ના હોય તેથી એ બંને સાથે આવે તો સારાં પરિણામ મેળવી શકાય છે. કોઈ પ્રોફેશનલને પોતાના વેપારની ધુરા સોંપવી સહેલી નથી. તેથી પારિવારિક વ્યવસાયિક સંચાલકોએ અને પ્રોફેશનલ વ્યક્તિએ અમુક વાતોનું ધ્યાન રાખવું પડશે. જેથી કોઈપણ મતભેદ વિના જોઈતા પરિણામો મેળવી શકાય. પારિવારિક કંપનીએ પોતાના અધિકાર અને પ્રોફેશનલ નેતૃત્વની સ્વતંત્રતાનું સંતુલન જાળવવું પડશે. આનું મહત્ત્વનું કારણ એ કે પ્રોફેશનલ વ્યક્તિએ એવી કંપનીઓમાં વર્ષો વિતાવ્યા છે જ્યાં ચોક્કસ નિર્ણય લેવાના માળખાથી તે ટેવાયેલો હોય છે. પોતાની ભૂમિકા અને જવાબદારી પ્રમાણમાં સ્પષ્ટ હોય છે. આથી બંને તરફથી આની સ્પષ્ટતા રાખવી જરૂરી છે કારણ કે પારિવારિક સંચાલકોનો પ્રભાવ હોવાનો માટે પ્રોફેશનલને સ્પષ્ટતા આપો કે પરંપરાગત વિચારસરણીને પડકારવા માટે તેની પાસે કેટલી સ્વતંત્રતા છે?

કયા નિર્ણયો મેનેજમેન્ટના છે? પરિવાર ક્યારે દખલ કરશે અને જ્યારે પ્રોફેશનલ સીઈઓનો વ્યૂહાત્મક દૃષ્ટિકોણ માલિકો કરતાં અલગ હોય ત્યારે શું કરવું? કારણ બંનેનો હેતુ કંપનીનો ગ્રોથ હોય છે, પરંતુ તે વૃદ્ધિ કેટલી ઝડપથી થવી જોઈએ તેની તેમની અપેક્ષાઓ અલગ અલગ હોઈ શકે છે. તે માટે શરૂઆતથી જ સ્પષ્ટતાની જરૂર છે. જયારે પ્રોફેશનલને સ્વતંત્રતા આપવામાં આવે ત્યારે પરિવારે એવી બાબત વ્યાખ્યાયિત કરવી જોઈએ કે જેની સાથે કોઈ સમાધાન ના થઈ શકે, જેમ કે મૂલ્યો, હેતુ, વારસો અને વિચારધારા. સાથે સાથે પ્રોફેશનલ નેતૃત્વને ખબર હોવી જોઈએ કે તેમની પાસે નિર્ણયો લેવા, હાલના વિચારને પડકારવા અને વ્યવસાયને આગળ વધારવા માટેના વાસ્તવિક અધિકાર કેટલા અને ક્યા છે.

આજના સમયમાં જયારે વેપારો વૈશ્વિક થઇ રહ્યા છે ત્યારે પારિવારિક પેઢી- કંપનીએ એ આ દિશામાં વિચાર કરવો પડશે. પારિવારિક સંચાલકોએ પોતાની સાથે વારસો, જોઈતું મૂડીનું રોકાણ અને લાંબા ગાળાના દૃષ્ટિકોણ સાથે આવવું પડશે. બીજી તરફ પ્રોફેશનલે પોતાની સાથે કુશળતા, ઉદ્દેશ્ય અને સ્થાપિત વિચારસરણીને પડકારવાની ઇચ્છા સાથે ઝંપલાવવું પડશે. પારિવારિક સંચાલકો અને પ્રોફેશનલે એકબીજાના સ્પર્ધક નહિ પણ પૂરક બની કામ કરશે તો કંપનીને નિશ્ચિત કરેલા ઉદ્દેશ્યો અને જોઈતા પરિણામો સરળતાથી મેળવી શકાશે. ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# જયારે ટેક્નોલૉજી આપણી સૌથી કિંમતી જણસ આપણું જ અટેન્શન છીનવી લે ત્યારે...

ઘણીવાર આપણા જીવનમાં સૌથી જરૂરી ચીજ એ નથી હોતી જે આપણી પાસે છે, બલકે એ હોય છે ‘જે આપણી પાસે નથી.’ જેમ કે મોબાઇલ આપણો કાયમી સાથી છે અને એમાં બધું જ છે. દુનિયાભરના સમાચારો, અસંખ્ય તસવીરો, સેંકડો વીડિયો, દોસ્તોના મેસેજ, બેંકની એપ્સ, પુસ્તકો, સંગીત, ફિલ્મો, સોશ્યલ મીડિયા...જાણે આખી દુનિયા આપણી હથેળીમાં સમેટાઈ ગઈ છે, પરંતુ આ એક નાનકડા સ્ક્રીને આપણી એક ચીજ છીનવી લીધી છે- એટેન્શન (એકાગ્રતા).

છેલ્લા બે દાયકામાં, ટેકનોલોજીના ક્ષેત્રે જે પ્રગતિ થઇ છે તેનો એક ગેરફાયદો એ થયો છે કે માણસોના એટેન્શનની ક્ષમતા ઘટી ગઈ છે. આપણા મગજ પર સતત ઇન્ફોર્મેશન-ઓવરલોડ રહે છે. એના કારણે આપણે કોઈ એક ચીજમાં પુરતું ધ્યાન નથી આપી શકતા.

ટેકનોલોજીના કારણે આપણી પ્રોડક્ટિવટી તો વધી છે, પરંતુ માનસિક રીતે આપણે થકાન અનુભવતા થઇ ગયા છીએ.

આપણે જેમ જેમ ટેકનોલોજીઓ વધારતા જઈએ છીએ તેમ તેમ જીવન તેજ થતું જાય છે, પણ આપણું મન આવી મેરેથોન માટે બન્યું નથી, પરિણામે આપણી એકાગ્રતામાં દખલ પડી છે. પરિવારોમાં એવી ફરિયાદ સામાન્ય થઇ ગઈ છે કે બાળકો બહુ ધ્યાન નથી આપતાં, લાંબુ વાંચતાં નથી, કોઈ કામમાં લાંબો સમય સુધી ચિત્ત પરોવી શકતાં નથી.

આની સૌથી મોટી અસર કદાચ પુસ્તક-વાંચન પર જોવા મળે છે. બાળકો જ નહીં, મોટાઓ માટે પણ લાંબા લખાણ સાથે સતત જોડાયેલા રહેવું પહેલાં કરતાં મુશ્કેલ બની રહ્યું છે. અમેરિકામાં ૨૦૨૨ના એક અભ્યાસમાં સરેરાશ ૩૦ ટકા વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે તે ડિજિટલ ઉપકરણોને કારણે ભણવામાંથી ભટકી જાય છે.

મનોરંજન માટેના વાંચન અંગે પણ ચિંતાજનક સંકેતો છે. ૨૦૨૫માં પ્રકાશિત એક વિસ્તૃત અમેરિકન અભ્યાસમાં ૨૦૦૩થી ૨૦૨૩ સુધીના ૨.૩૬ લાખથી વધુ લોકો સમયનો કેવી રીતે ઉપયોગ કરે છે તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું.

તેમાં રોજિંદા સ્વાનંદ માટેના વાંચનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો- ૨૦૨૩માં માત્ર ૧૬ ટકા લોકો મનોરંજન માટે વાંચતા હતા.

જોકે આ આંકડાઓને ભારત પર સીધા લાગુ કરી શકાય નહીં, પરંતુ તે એક મોટા વૈશ્વિક પરિવર્તન તરફ ચોક્કસપણે ઈશારો કરે છે કે આપણી પાસે વાંચવા માટે પહેલાં કરતાં વધુ સામગ્રી છે, પરંતુ તેને શાંતિથી અને એકાગ્રતાથી વાંચવા માટેનો સમય અને માનસિક અવકાશ ઘટી રહ્યો છે અને અહીં સમસ્યા માત્ર એટલી નથી કે આપણે ઓછું વાંચીએ છીએ. સમસ્યા એ છે કે લાંબું વાંચવું આપણને લાંબું વિચારવાનું પણ શીખવે છે. પુસ્તક આપણને તરત જવાબ આપતું નથી. તે આપણને થોડો સમય રોકે છે, એક વિચારને અનુસરવા મજબૂર કરે છે, આગળનું પાનું ખોલતાં પહેલાં પાછલા પાનાં વિશે વિચારવા દે છે.



કદાચ આ જ કારણ છે કે આજે આપણને એવી ટેક્નોલોજીની પણ જરૂર પડી રહી છે જે આપણને વધુ વસ્તુઓ આપવાને બદલે વસ્તુઓથી દૂર રાખે- અને અહીં Xteink X3 નામની નવી અને નાની ડિવાઈસ દિલચસ્પ બની રહી છે.

આ એક ઈ-રીડર ડિવાઈસ છે. મતલબ કે તે પુસ્તકો વાંચવાનું સાધન છે. તેનું નિર્માણ બે વર્ષ જૂની Xteink નામની હોંગકોંગ સ્થિત હાર્ડવેર સ્ટાર્ટઅપ કંપનીએ કર્યું છે. લાગે છે કે તે કિન્ડલ સાથે સ્પર્ધા કરવામાં આવે છે. આ આવકાર્ય પણ છે. આજે આપણને એવાં ડિવાઈસની જરૂર પણ છે જે નાના-મોટા દરેકમાં પુસ્તકના વાંચનની આદતને ફરીથી વિકસાવે.

પહેલી નજરમાં આ કોઈ ખાસ તકનીકી ક્રાંતિ નથી લાગતી. ન તો તે સ્માર્ટફોન છે, ન તો ટેબ્લેટ. તેનો સ્ક્રીન કેવળ ૩.૭ ઇંચનો છે. આકાર લગભગ ક્રેડિટકાર્ડ જેવડો. વજન આસરે ૫૮ ગ્રામ. એટલું નાનું અને હલકું સાધન કે ખિસ્સામાં છે કે નહીં તે પણ ખબર ન પડે, પણ તેની ખૂબી એ છે કે તે ૫,૦૦૦થી વધુ પુસ્તકો લોડ કરી શકે છે.

હવે કલ્પના કરો કે તમે રેલ્વે સ્ટેશન પર ટ્રેનની રાહ જુવો છો. તમારી પાસે અડધો કલાક છે. તમે મોબાઈલ કાઢો છો. તમને થાય છે કોઈ ડિજિટલ કે ઈ-બુક્સ વાંચી લઉં. પણ મોબાઈલ ખોલતાં જ તમને દસ નોટિફિકેશન દેખાય છે. કોઈએ વીડિયો મોકલ્યો છે, સોશ્યલ મીડિયા પર ઝઘડો ચાલે છે, બ્રેકિંગ ન્યૂઝની એલર્ટ આવી છે, ઇન્સ્ટાગ્રામની રીલ તમને બોલાવે છે.

મોબાઈલ ખરાબ નથી. એ તેનું કામ બરાબર કરે છે, પરંતુ તેની એક જ ‘કમજોરી’ છે કે તે તમને એક જગ્યાએ ઠરીને ‘બેસવા’ દેતો નથી. તે તમારું એટેન્શન છીનવી લે છે.

Xteink એનાથી એકદમ ઊલટું છે. એમાં ન તો મેસેજ આવે છે, ન તો નોટિફિકેશનની સુવિધા છે. એમાં કોઈ અલગોરિધમ પણ નથી, જે તમને દર સેંકડે બીજી કોઈ ચીજ માટે લલચાવતું હોય. તમે એને ખીસ્સામાંથી કાઢો અને તમારું ગમતું પુસ્તક વાંચવાનું ચાલુ કરી દો.

તમને પોકેટ-બૂક યાદ છે? રેલ્વે સ્ટેશનના સ્ટોલ પર ૩૦-૫૦ રૂપિયામાં મળતી હતી. ખાસ ટ્રેન પ્રવાસ માટે. એ આરામથી હાથમાં રહી જાય. આ ડિવાઈસ પણ એવું જ સુવિધાજનક છે- જાણે ખિસ્સામાં ચોપડી મૂકી હોય. ફરક એટલો જ છે તેની અંદર સેંકડો પુસ્તકો હોય છે.

છેલ્લા દાયકાથી ટેકનોલોજીની દુનિયામાં એક ડિવાઈસમાં અનેક સુવિધાઓ નાખવાનું ચલણ છે. મોબાઈલમાં કેમેરા નાખ્યો. પછી ટીવી નાખ્યું. પછી બેંક. પછી ઈ- ટિકિટ. પછી પુસ્તકો. પછી ઓફિસ પણ આવી. હવે આખું ઈન્ટરનેટ છે. એમાં જ આપણું ધ્યાન વિચલિત રહે છે.

બીજી તરફ આ નવું ઈ-રીડર ઊલટો સવાલ પૂછે છે- ‘શું આપણને દરેક કામ કરવા માટે એક જ મશીન જોઈએ?’ કદાચ નહીં. આપણને એવી પણ ચીજ જોઈએ છે જે આપણને બાકી દુનિયાથી થોડીવાર માટે એકલા કરી દે. ઈ-રીડર આ વિચારનું પ્રતિનિધિ છે.

ટેકનોલોજીનો અર્થ હંમેશાં વધુ સુવિધાઓ આપવાનો નથી હોતો - ક્યારેક તેનો ઉદ્દેશ્ય બિનજરૂરી સુવિધાઓ હટાવી દેવાનો પણ હોય છે. ટેકનોલોજીનો મકસદ તમને એવો અહેસાસ કરાવવાનો પણ નથી કે તમે કોઈ અત્યાધુનિક મશીનને વાપરી રહ્યા છો. તેનો મકસદ તમને એવું ભૂલાવી દેવાનો પણ છે કે તમે કોઈ મશીનનો ઉપયોગ કરી રહ્યા છો.

કેવી અજીબ વાત છે કે આપણે ટેકનોલોજી એટલા માટે વિકસિત કરી હતી કે દુનિયા આપણી નજીક આવે અને હવે તે એટલી નજીક આવી ગઈ છે કે આપણને એવા યંત્રની જરૂર પડી છે જે આપણને ક્યારેક એ દુનિયાથી દૂર રાખે.

આપણે એવું માનીએ છીએ કે સૌથી સારી ટેકનોલોજી એ છે જેમાં વધુ ફીચર હોય, તેજ હોય અને મોંઘી હોય, પણ જીવનના સૌથી સારા અનુભવ એ ચીજોમાંથી આવે છે જેમાં ‘કશું હોતું નથી.’ પુસ્તકોમાં નોટિફિકેશન નથી હોતાં.

જૂની ડાયરીમાં કોઈ વિજ્ઞાપન નથી હોતાં. ચિટ્ઠીમાં વચ્ચે વીડિયો નથી આવતો.

હવે એક નાનકડું ડિવાઈસ આપણને આવો જ અનુભવ કરાવવા જઈ રહ્યું છે. ■




ભરત મહેતા feedback@bombaysamachar.com

# ચંદ્ર પર માનવીની નવી ‘સોસાયટી’

## NASAના પરમેનન્ટ મૂન બેઝ મિશનની રોમાંચક કહાની

જ્યારે આપણે રાત્રે આકાશમાં ચમકતા ચાંદામામાને જોઈએ છીએ ત્યારે બાળપણની વાર્તાઓ યાદ આવી જાય છે, પણ આજે એક અનુભવી વરિષ્ઠ પત્રકાર તરીકે મારી કલમ તમને જે જણાવવા જઈ રહી છે તે કોઈ વાર્તા નથી, પણ વિજ્ઞાનની સૌથી મોટી વાસ્તવિક ક્રાંતિ છે. વર્ષો સુધી જે ચંદ્ર માત્ર કવિતાઓ અને સપનાંઓનો હિસ્સો હતો ત્યાં આગામી થોડાં જ વર્ષોમાં માનવી પોતાનું કાયમી ઘર બનાવવા જઈ રહ્યો છે.

અમેરિકન સ્પેસ એજન્સી NASA (નાસા) એક એવા મિશન પર કામ કરી રહી છે જે અંતરિક્ષ વિજ્ઞાનનો નકશો કાયમ માટે બદલી નાખશે.

ચંદ્ર પર કાયમી માનવ વસાહત (Permanent Moon Base)

આ કોઈ સામાન્ય ટૂંકી મુલાકાત નથી. જેમ આપણે પૃથ્વી પર નવાં શહેરો વસાવીએ છીએ તેમ ચંદ્રના દક્ષિણ ધ્રુવ (South Pole) પર એક આખું નવું મથક ઊભું કરવાની તૈયારીઓ અંતિમ તબક્કામાં છે. ચાલો, વિજ્ઞાનની આ અટપટી ટેક્નિકલ વિગતોને સરળ ભાષામાં સમજીએ કે આખરે ચંદ્ર પર માણસ કેવી રીતે રહેશે, શું ખાશે અને ત્યાં કઈ રીતે જીવશે.

### ત્રણ તબક્કાનું આયોજનઃ ૨૦૩૨ સુધીમાં ચંદ્ર પર ઘર...

### નાસાએ આ મહા-મિશનને ત્રણ મુખ્ય ભાગમાં વહેંચ્યું છેઃ

### પ્રથમ તબક્કો - ‘ટેસ્ટિંગ અને લર્નિંગ’

આ શરૂઆતનો સમય છે. અત્યારે પૃથ્વી પરથી રોબોટિક સ્પેસક્રાફ્ટ અને નાના હોપિંગ ડ્રોન્સ (કુદકા મારતા રોબોટ્સ) ચંદ્ર પર મોકલવામાં આવી રહ્યા છે. આ રોબોટ્સ ત્યાંની જમીન, વાતાવરણ અને જોખમોનો અભ્યાસ કરી રહ્યા છે. ખાનગી કંપનીઓની મદદથી ત્યાં પ્રાથમિક સામાન પહોંચાડવાનું શરૂ થઈ ગયું છે.

### બીજો તબક્કો - ‘પાયો નાખવો’

આ ગાળો સૌથી મહત્ત્વનો રહેશે. આ સમય દરમિયાન ચંદ્રની ધરતી પર વીજળી ઉત્પન્ન કરવા માટે સોલાર પેનલ્સ અને નાના ન્યુક્લિયર ફિશન પાવર સિસ્ટમ્સ (પરમાણુ ઊર્જા) સ્થાપિત કરવામાં આવશે, કારણ કે ચંદ્ર પર ટકી રહેવા માટે અવિરત વીજળી સૌથી જરૂરી છે. આ સાથે જ પહાડી વિસ્તારોમાં રહેવાલાયક ખાસ કૅબિન્સ (Habitats) અને કમ્યુનિકેશન સેટેલાઇટ્સ ગોઠવવામાં આવશે જેથી પૃથ્વી સાથે લાઇવ સંપર્ક રહી શકે.

### ત્રીજો તબક્કો - ‘કાયમી વસવાટ’

વર્ષ ૨૦૩૨ સુધીમાં ચંદ્ર પર એક સેમી-પર્મેનન્ટ બેઝ તૈયાર થઈ જશે, જ્યાં વૈજ્ઞાનિકો અને



એસ્ટ્રોનોટ્સ મહિનાઓ સુધી રોટેશન બેઝ પર રહી શકશે અને સંશોધનો કરી શકશે.

### આખરે ચંદ્ર પર લાઇફ કેવી હશે?

હવે સવાલ એ થાય કે ચંદ્ર પર પૃથ્વી જેવું વાતાવરણ કે ગુરુત્વાકર્ષણ નથી તો ત્યાં વૈજ્ઞાનિકો રહેશે કેવી રીતે? અહીં જ નાસાની અદ્‌ભુત ટેક્નૉલૉજી કામમાં આવે છે.

### ચંદ્રના પથ્થરોમાંથી બનશે ઘરઃ

પૃથ્વી પરથી સિમેન્ટ કે ઈંટો ચંદ્ર પર લઈ જવી અશક્ય છે. તેથી વૈજ્ઞાનિકો ‘રેગોલિથ’ (Regolith - ચંદ્રની માટી અને પથ્થરો)નો ઉપયોગ કરીને 3D પ્રિન્ટિંગ ટેક્નૉલૉજી દ્વારા ત્યાં જ ઘર અને લૅબોરેટરી બનાવશે. આ ખાસ ઘર અંતરિક્ષના ખતરનાક રેડિયેશન (વિકિરણો)થી માણસનું રક્ષણ કરશે.

### પાણીની શોધ - દક્ષિણ ધ્રુવની પસંદગી

નાસાએ સ્પેસ સ્ટેશન માટે ચંદ્રનો ‘દક્ષિણ ધ્રુવ’ કેમ પસંદ કર્યો? કારણ કે ત્યાં આવેલી ઊંડી ખીણો અને ખાડાઓમાં (જેમ કે શેકલટન અને નોબિલ ક્રેટર) અબજો ટન બરફ છુપાયેલો છે. આ બરફને ઓગાળીને પીવાનું પાણી મેળવી શકાશે. એટલું જ નહીં, પાણીના અણુઓ ($H_2O$)ને છૂટા પાડીને ઑક્સિજન (શ્વાસ લેવા માટે) અને હાઇડ્રોજન (રૉકેટના બળતણ માટે) પણ ત્યાં જ બનાવી શકાશે!

### રોબોટિક ગાડીઓ - આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)

ચંદ્રની ઉબડ-ખાબડ ધરતી પર ફરવા માટે નાસા ખાસ ‘લુનાર ટેરેન વ્હીકલ્સ’ (LTV) બનાવી રહી છે. આ વાહનો ઓપન-ટૉપ કાર જેવા હશે, જે એસ્ટ્રોનોટ્સને લાંબા અંતર સુધી લઈ જશે. આ સિવાય નાસાએ તાજેતરમાં જ IBM કંપની સાથે હાથ મિલાવ્યા છે જેથી ચંદ્ર પર કામ કરી શકે તેવું ખાસ ‘લુનાર AI મોડલ’ બનાવી શકાય. આ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ કોઈ



પણ માણસ વગર ચંદ્રના નકશા બનાવશે અને સ્પેસક્રાફ્ટને રસ્તો બતાવશે.

### વૈશ્વિક હરીફાઈ વચ્ચે ભારતની ભૂમિકા

વૈશ્વિક સ્પેસ પૉલિટિક્સ પર નજર કરીએ ત્યારે આ મિશન વધુ રોમાંચક લાગે છે. નાસાએ આ મિશનને ઝડપી બનાવવા માટે પોતાના જૂના પ્લાન (જેમ કે ચંદ્રની ભ્રમણકક્ષામાં ગેટવે સ્ટેશન બનાવવું) ને થોડા સમય માટે અટકાવી દીધા છે અને તેમનું પૂરું ધ્યાન ચંદ્રની સપાટી પર સીધું ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા પર છે. આની પાછળ ચીન તરફથી મળી રહેલી હરીફાઈ પણ એક મોટું કારણ હોઈ શકે. જોકે આ બધા વચ્ચે ભારતીયો માટે ગર્વની વાત એ છે કે નાસાએ આ ભવ્ય મિશનમાં ભારતની સ્પેસ એજન્સી ISRO (ઇસરો)ને પણ સાથે જોડાવા માટે આમંત્રણ આપ્યું છે. આપણા ‘ચંદ્રયાન’ મિશનની સફળતા પછી આખી દુનિયામાં ભારતનો જય જયકાર થઈ રહ્યો છે. ભારત અને અમેરિકા મળીને ચંદ્રની આ નવી દુનિયાના કેટલાક મહત્ત્વના હિસ્સાઓ સાથે મળીને ડિઝાઇન કરશે.

### પૃથ્વીથી ચંદ્ર ને ચંદ્રથી મંગળ યાત્રા

સામાન્ય વાચકને કદાચ એમ થાય કે પૃથ્વી પર આટલી સમસ્યાઓ છે તો ચંદ્ર પર અબજો રૂપિયા કેમ ખર્ચવા જોઈએ? એનો જવાબ એ છે કે આ મૂન બેઝ માત્ર ચંદ્ર સુધી સીમિત નથી. આ ભવિષ્યના ‘માર્સ મિશન’ (મંગળ ગ્રહની યાત્રા) માટેનું પહેલું સ્ટેપિંગ સ્ટોન એટલે કે પગથિયું છે. ચંદ્ર પરનું ગુરુત્વાકર્ષણ પૃથ્વી કરતાં ઘણું ઓછું છે, તેથી ત્યાંથી મંગળ કે અન્ય ગ્રહો પર જવા માટે રૉકેટ લૉન્ચ કરવું ખૂબ જ સરળ અને સસ્તું પડશે.

હવે આગામી પાંચ-છ વર્ષોમાં જ્યારે તમે આકાશમાં ચંદ્રને જોશો ત્યારે ત્યાં માત્ર ડાઘ નહીં, પણ માનવજાતની મહેનતથી ઝગમગતી લાઇટ્સ પણ દેખાશે. વિજ્ઞાન ફિક્શન ફિલ્મો જેવી લાગતી આ દુનિયા હવે આપણી વાસ્તવિકતા બનવા જઈ રહી છે અને પૃથ્વીની બહાર માનવ સભ્યતાના આ નવા પ્રકરણના આપણે સૌ સાક્ષી બનીશું! ■




જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# ભારતીય સ્ટોક માર્કેટનો મોટો આધાર બન્યા છે નાના ઈન્વેસ્ટર્સ

## શૅરબજાર તૂટે છે, પરંતુ આઈપીઓ માર્કેટ ઊંચે છે...

વર્તમાન સમયમાં શૅરબજારમાં બોલાઈ રહેલા કડાકા વચ્ચે આઈપીઓમાં ચાલી રહેલો પોઝિટિવ પ્રવાહ મોટી આશા રહી છે. ફોરેન ઈન્વેસ્ટર્સ વેચવાલ રહેવા છતાં ભારતીય રોકાણકારો નવા વિશ્વાસ સાથે રોકાણ ચાલુ રાખવા સાથે વધારી પણ રહ્યા છે.

આખરે એનએસઈના શૅરનું લિસ્ટિંગ થયું, કિંતુ ધારણા કરતા નબળું રહ્યું, જો કે આમ તો તેની ઓફરને પણ અપેક્ષા કરતા ઓછો જ રિસપોન્સ મળ્યો હતો. હવે રોકાણકારો આ શૅરમાં કેવો રસ લે છે તે આગામી દિવસોમાં ખબર પડશે, અલબત્ત, લાંબે ગાળે આ શૅર મજબૂત બનવાનો છે અને તેવું વળતર પણ બહેતર રહેવાની આશા છે, હાલ તો અરજદારોને ધારણા નહોતી છતાં ફાળવણી થઈ, અને ક્યાંક તો ધારણા કરતા વધુ ફાળવણી પણ થઈ. તેઓ લિસ્ટિંગ જોઈ નિરાશ પણ થયા હશે, તેમ છતાં આ શૅરો રાખી મુકાશે તો લાંબે ગાળે ખોટમાં નહીં જાય એવું કહી શકાય. એનએસઈની હવેની નવી યાત્રામાં તેની સામે પડકારો અને તકો પણ છે. બજારમાં વારંવાર ચર્ચા છે તે એનએસઈની ઓપ્શન ટ્રેડિંગમાંથી થતી આવકનો હિસ્સો ઘટવાની ચિંતાની છે. જોકે અનુભવી અને એક્સપર્ટ વર્ગના મતે એનએસઈ આ હકીકતથી વાકેફ છે અને સજ્જ પણ છે, જેથી એક્સચેંજે તેના બિઝનેસ પ્લાનને કયાં કેટલું જોર આપવું એ વ્યૂહરચના ઘડી જ રહ્યું હશે એવું માની શકાય. એનએસઈના ભાવ ઘટે તો પણ આ શૅર જમા કરવામાં સાર જણાય છે એવું બજારનો નિષ્ણાંત વર્ગ માને છે.

ગ્લોબલ કારણોસર (યુદ્ધ, ક્રૂડ, વ્યાજદર, અનિશ્ચિતતા સહિતના) શૅરબજારમાં છેલ્લા અમુક મહિનાઓથી ઘટાડા તરફી ટ્રેન્ડ વધુ જોવા મળ્યો છે. સેન્સેક્સ અને નિફ્ટી સતત નીચે જતા જોવાયા છે. જોકે આ સંજોગોમાં આઇપીઓની માર્કેટમાં જોર દેખાયું છે, આ નવા લિસ્ટેડ થતા કે થનારા શૅર્સના ભાવતાલ ભવિષ્યમાં શું હશે એ તો સમય કહેશે. હાલ તો રિટેલ ઈન્વેસ્ટર્સ આઈપીઓની માર્કેટને સફળ બનાવી રહયા છે. તેઓ શેરબજારનાં નાણાં આઈપીઓમાં વાળી રહયા છે. રિટેલ રોકાણકારોએ જુલાઈ-ઓગસ્ટમાં શૅરબજારમાં રૂ.૫૬૭૪ કરોડના શૅર્સ વેચ્યા છે, જ્યારે કે આઈપીઓમાં રૂ.૧૨,૬૦૦ કરોડનું રોકાણ કર્યુ છે. આ રોકાણકાર વર્ગે જૂન કવાર્ટરમાં શૅરબજારમાં રૂ. ૪૨,૭૦૦ કરોડની જંગી ખરીદી કરી હતી. જૂન કવાર્ટરમાં તેમની પ્રાઈમરી માર્કેટ (આઈપીઓ માર્કેટની) ખરીદી માત્ર ૧૩૦૦ કરોડ રૂપિયા જેટલી જ હતી, જેની સામે માત્ર બે મહિનામાં (જુલાઈ-ઓગસ્ટ) તેમણે પ્રાઇમરી માર્કેટમાં ૧૨ હજાર કરોડ રૂપિયાથી વધુ રોકાણ કર્યુ હતું. બાય ધ વે, રિટેલ રોકાણકારો શૅરબજારમાંથી નાણાં છુટા કરી આઈપીઓમાં રોકતા ગયા છે. આમ કરીને તેઓ એકતરફ શૅર્સમાં પ્રોફિટ બુક કરતા રહયા અને બીજી તરફ નવી કંપનીઓના શૅર્સમાં નાણાં મુકતા રહ્યા. જેમાં નવી તકો દેખાતી હતી અને મોટાભાગના લોકો લિસ્ટિંગ ગેઈનનો લાભ લેતા રહ્યા છે. કિંતુ એનએસઈના શૅરમાં આ બાબતે તેમને નિરાશા મળી એ જુદી વાત છે, પણ કમસે કમ હાલ ખોટ નથી ગઈ એ ખરું.

ચાલુ નાણાંકીય વરસના પાંચ મહિનામાં તેમણે સેકન્ડરી માર્કેટમાં ૩૭ હજાર કરોડ રૂપિયાથી વધુ રોકાણ કર્યુ છે અને પ્રાઈમરી માર્કેટમાં રૂ. ૧૩૯૦૦ કરોડનું, આમ તેમનું કુલ રોકાણ ૫૦ હજાર કરોડ રૂપિયા ઉપર થયું. શૅરબજારમાં રિટેલ રોકાણકારોની સહભાગીતા સમય સાથે સતત વધતી રહી છે. બજારમાં સંસ્થાકીય અને મ્યુચ્યુઅલ ફંડસના રોકાણનો બહુ મોટો ફાળો રહ્યો છે, જેને કારણે વિદેશી રોકાણકારોના વેચાણના દબાણ હેઠળ પણ આપણી બજાર ટકી શકે છે. ભારતીય અર્થતંત્ર અને માર્કેટમાં આ બાબત એક નોંધપાત્ર વિશ્વાસની સાક્ષી પૂરે છે. જુલાઈ અને ઓગસ્ટના બે મહિનામાં ૩૫ આઈપીઓ બજારમાં આવીને આશરે બાવન હજાર કરોડ રૂપિયાનું ભંડોળ ઊભું કરી ગયા. આમ મૂડીસર્જનમાં પણ આ નાના રોકાણકારોનો ફાળો મોટો ગણાય. જુલાઈમાં લિસ્ટિંગ ગેઈન ૧૪ ટકા અને ઓગસ્ટમાં ૨૯ ટકા રહ્યું એ પણ મહત્ત્વનું ગણાય.

હકીકત એ છે કે રિટેલ રોકાણકારો સિલકેટિવ બનતા જાય છે, માર્કેટના વેલ્યુએશનને વધુ સારી રીતે સમજતા થયા છે. હવે તેઓ તરત પેનિકમાં આવી જઈ બજાર સાવ છોડી દેવાને બદલે સ્માર્ટ ઈન્વેસ્ટરની જેમ ક્યારે નફો લઈ લેવો અને એ રકમને ક્યાં રોકવી એનો ઝડપી નિર્ણય લેતા થયા છે. ભારતીય મૂડીબજાર માટે સારી અને તંદુરસ્ત નિશાની કહી શકાય. અલબત્ત, મ્યુચ્યુઅલ ફંડસની ઈક્વિટી યોજનાઓ અને ખાસ કરીને એસઆઈપી (સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન)માં પણ રિટેલ રોકાણકારોનો ફાળો નોંધપાત્ર ઊંચો રહ્યો છે. ■

## Zebra + Horse = ZORSE: વર્ણસંકર પ્રાણી



પ્રયોગશીલ સ્વભાવનો માણસ ફળ, શાકભાજી અને ધાન્યમાં અખતરા કરતો રહ્યો છે. ૧૯૭૦ના દાયકામાં ચીનમાં હાઈબ્રિડ - સંક્રમણ પદ્ધતિનો પ્રારંભ થયો. વર્ણસંકર પહેલું ગાજેલું ઉદાહરણ Pomato (Potato+ Tomato)નું છે જે ૧૯૭૮માં તૈયાર થયું હતું. ગ્રાફ્ટિંગ (કલમ બનાવવાની પદ્ધતિ)થી કરવામાં આવેલા આ અખતરાની વિશેષતા એ હતી કે એમાં ટામેટા જમીનની ઉપર અને બટાટા જમીનની અંદર તૈયાર થતા હતા. જોકે, આ પ્રયાસ વ્યવસાયિક દૃષ્ટિકોણથી નિષ્ફળ થયો હતો.

આમ જુઓ તો પુરાણો અને હિન્દુ પૌરાણિક કથાઓમાં હાયબ્રિડ પ્રાણીઓ (મનુષ્ય અને પ્રાણી અથવા બે અલગ-અલગ પ્રાણીઓનું મિશ્રણ હોય તેવા જીવ) નો ખૂબ જ મહત્ત્વપૂર્ણ અને રસપ્રદ ઇતિહાસ છે. એ બધા જીવ સામાન્ય રીતે દેવી-દેવતાઓના વાહન, રક્ષક અથવા વિશિષ્ટ અવતાર તરીકે દર્શાવવામાં આવ્યા છે. નરસિંહ અવતાર કે હયવદન વગેરે આપણી કલ્પનાનું ચિત્રણ છે. જાણવાની વાત એ છે કે કેટલીક સંક્રમણ જાતિઓ આજની તારીખમાં અસ્તિત્વ ધરાવે છે. 'સોમેટિક હાઇબ્રિડાઇઝેશન' તરીકે ઓળખાતી પદ્ધતિથી તૈયાર થયેલી હાયબ્રિડ વરાયટીથી વાકેફ થઈએ.

Zorse: આ પ્રાણી ઝેબ્રા અને ઘોડાના અથવા ઝેબ્રા અને ગધેડાના સંક્રમણથી તૈયાર કરવામાં આવ્યું છે. આ પ્રાણી Zonkey તરીકે પણ ઓળખાય છે. ૧૯મી સદીમાં પહેલી વાર જોવા મળ્યું હતું. આજની તારીખમાં આ પ્રાણી ભાગ્યે જ જોવા મળે છે કારણકે પ્રજોત્પતિની ક્ષમતા તેનામાં નથી.

Liger: કયા બે પ્રાણીઓના સંક્રમણથી આ પ્રાણી તૈયાર થયું છે એનો ખ્યાલ નામ પરથી જ આવી જાય છે. નર સિંહ(Male Lion) અને માદા વાઘ (Female Tiger)ને ક્રોસબ્રિડ કરીને આ પ્રાણી તૈયાર થયું છે. એના શરીર પરના ચટાપટા શ્વેત રંગના હોવાથી શરીર પર અન્ય ચટાપટા નથી જોવા મળતા. આશરે ૪૦૦ કિલો વજન ધરાવતું આ પ્રાણી માત્ર બંદીવાન અવસ્થામાં જ જોવા મળે છે.

Tigon: અહીં પણ સિંહ - વાઘનું સંક્રમણ છે, પણ જાતિ બદલાઈ ગઈ છે. આ પ્રાણી માદા સિંહ (Female Lion) અને નર વાઘ (Male Tiger)ની નીપજ છે. પ્રજોત્પતિ નહીં કરી શકતું આ પ્રાણી પણ બંદિવાસમાં જ જોવા મળે છે. જોકે, આશ્ચર્યકારક રીતે ૧૯૪૩માં એક માદા ટાઈગર જર્મનીના એક પ્રાણીસંગ્રહાલયમાં નર સિંહ સાથે સફળતાપૂર્વક સંવનન કરીને બે બચ્ચાને જન્મ આપવામાં સફળ રહી હતી.

Wholphin: સંક્રમણ પ્રાણીઓના નામકરણની ખાસિયત એ છે કે નામ પરથી જ અંદાજ ન આવી જાય. આ પ્રાણી નર વ્હેલ અને માદા ડોલ્ફિનના ક્રોસબ્રિડથી તૈયાર થયું છે. જોકે, એ પ્રજોત્પતિ કરી શકે છે અને મુક્ત અવસ્થામાં જોવા મળે છે..




## લાઈટ યર - પ્રકાશ વર્ષ એટલે શું?



તમને સ્પેસ સાયન્સમાં રસ હશે અને જો આજકાલ 'ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન' (ઈસરો) સંબંધિત ગતિવિધિઓમાં રસ ધરાવતા હશો તો Light Year (પ્રકાશ વર્ષ) શબ્દો તમારા ધ્યાનમાં આવ્યા હશે. નામમાં ભલે વર્ષ શબ્દ હોય, એ અંતર માપવાનો એક એકમ છે. બ્રહ્માંડમાં રહેલા તારાઓ અને ગેલેક્સીઓ વચ્ચેનું અંતર એટલું વિશાળ હોય છે કે કિલોમીટર કે માઇલમાં માપવું ખૂબ મુશ્કેલ છે. એના ઉપાય તરીકે ખગોળશાસ્ત્રીઓ આ અંતર માપવા પ્રકાશ વર્ષનો ઉપયોગ કરે છે. ટૂંકમાં પ્રકાશે શૂન્યાવકાશમાં (કશા અવરોધ વિના) એક વર્ષમાં કાપેલા કુલ અંતરને એક પ્રકાશ વર્ષ કહેવામાં આવે છે. સૂર્ય પૃથ્વીથી ૮.૩ લાઈટ મિનિટ (૦.૦૦૦૦૧૫૮ પ્રકાશ વર્ષ) દૂર છે.

પ્રકાશની ઝડપ અદ્‌ભુત છે. એક સેકન્ડમાં આશરે ત્રણ લાખ કિલોમીટર (એક લાખ ૮૬ હજાર માઈલ)ની ઝડપે ગતિ કરે છે. આ ઝડપે મુસાફરી કરીને પ્રકાશ એક આખા વર્ષમાં જે અંતર કાપે એ પ્રકાશ વર્ષ કહેવાય છે.

એક ઉદાહરણથી સમજીએ. માની લ્યો કે તમે અવકાશમાં એક એવા સ્થળ પર છો જે પૃથ્વીથી ૭૯ પ્રકાશ વર્ષ દૂર છે. તો ભારતને ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે સ્વતંત્રતા મળી એ તમને ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ના દિવસે દેખાશે. મતલબ કે ૧૯૪૭માં નીકળેલું પ્રકાશનું કિરણ ૨૦૨૬માં ત્યાં પહોંચી શક્યું. આને તમે કિલોમીટરમાં ગણો તો ચક્કર આવી જાય એટલા શૂન્ય આંકડા પછી આવે. સરખામણીમાં ૭૯ પ્રકાશ વર્ષ કેટલું આસાન લાગે છે ને.

## 'પાપી' પ્લાસ્ટિકનું પુણ્યાઈમાં પરિવર્તન



માણસે પ્લાસ્ટિકની શોધ કેમ કરી? પ્રકૃતિમાં મર્યાદિત માત્રામાં મળતા હાથીદાંત જેવા કિંમતી કુદરતી સંસાધનોના વિકલ્પ તરીકે પ્લાસ્ટિકની શોધ કરવામાં આવી હતી. ટકાઉ, સસ્તું અને સરળતાથી કોઈ પણ આકારમાં ઢાળી શકાય તેવું મટીરિયલ બનાવવાનો આ શોધનો આશય હતો. જોકે, આજે એ જ સગવડ મનુષ્ય માટે અગવડ બની ગઈ છે. પ્લાસ્ટિકને 'પાપી' (સમસ્યા) માનવામાં આવે છે. કેમ? કારણ કે એ અવિનાશી પ્રદૂષણ છે. જમીન, નદીઓ અને સમુદ્રોને પ્રદૂષિત કરે છે. મૂંગા પશુઓના મૃત્યુ માટે જવાબદાર છે અને ટનબંધ પ્લાસ્ટિક દરિયામાં જવાથી માછલીઓ અને અન્ય જળચર જીવોનું જીવન જોખમાય છે. પ્લાસ્ટિકને બાળવાથી નીકળતો ધુમાડો આરોગ્ય અને પર્યાવરણ માટે નુકસાનકર્તા છે.

પ્લાસ્ટિકનો નાશ કરવો મુશ્કેલ છે, પરંતુ તેનું રૂપાંતર કરી પુણ્યના કામમાં વાપરી શકાય છે. યુરોપિયન દેશ નેધરલેન્ડ્સમાં એ દિશામાં કોશિશ થઈ રહી છે. ડચ સર્ક્યુલર કેમિસ્ટ્રી ટેક્નોલોજી ડેવલપર દ્વારા તૈયાર થઈ રહેલો આ પ્લાન્ટ સંશોધન પર આધારિત ઇન્ટિગ્રેટેડ કેટાલિટિક ક્રેકિંગ પ્રોસેસ ટેક્નોલોજીનો ઉપયોગ કરશે. આ પ્રક્રિયા મિશ્ર પ્લાસ્ટિક કચરાને BTX તરીકે જાણીતા બેન્ઝિન, ટોલ્યુઇન અને ઝાયલિન જેવા ઉચ્ચ ગુણવત્તાવાળા એરોમેટિક રસાયણોમાં રૂપાંતરિત કરે છે. આ બીટીએક્સ પેટ્રોકેમિકલ ઈન્ડસ્ટ્રીમાં ખાસ્સા ઉપયોગી સાબિત થાય છે. પાપને પુણ્યાઈમાં ફેરવવાના આ પ્રયાસને કેવી સફળતા મળે છે એ તો આવનારો સમય જ કહેશે.

## સૌથી ઢૂંકડું એટલે કેટલું દૂર?

મામાનું ઘર કેટલે? દીવો બળે એટલે કહેવત તમે સાંભળી હશે. દીવાનો પ્રકાશ બહુ દૂર સુધી નથી જતો એમ મામાનું ઘરનું ભૌગોલિક અંતર ભલે ગમે એટલું હોય, પણ ભાવનિક અંતર દીવાના પ્રકાશ જેટલું હોય એની વાત છે. આપણી સૂર્યમાળા બહાર જાણમાં હોય એવો સૌથી નજીક ગ્રહ કેટલો દૂર છે? Proxima Centauri તરીકે ઓળખાતો આ ગ્રહ ૪ પ્રકાશ વર્ષ (૨૪ ટ્રિલિયન માઈલ્સ - ૨૪ ના આંક સાથે ૧૨ મીંડાં) દૂર છે. કોઈ એરલાઈનના વિમાનમાં બેસી તમે ત્યાં આજે જવા નીકળો તો ત્યાં પહોંચતા ૫૦ લાખ વર્ષ લાગે.

ઓ મા... માતાજી! ■

મસ્ત રામની મસ્તી

## વિસર્જનથી કેમ નારાજ છે ગણપતિ બાપા?

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com




દર વર્ષે ભાદરવા મહિનામાં ગણેશ ઉત્સવ આવે છે, ત્યારે ચારેય બાજુ ધામધૂમ, ઢોલ-નગારા, ડીજેનો ઘોંઘાટ અને રોશનીનો ઝગમગાટ છવાઈ જાય છે, પણ આ બધી ધમાલ વચ્ચે એક વાત ઉપર આપણે ક્યારેય ધ્યાન આપ્યું છે? દસ દિવસ સુધી જે ગણપતિ બાપાની આપણે પાટલે બેસાડીને પૂજા-અર્ચના કરી, લાડુ ધરાવ્યા, ને ગરબા ગાયા, એ બાપા વિસર્જનના દિવસે વિદાય લેતી વખતે ખરેખર ખુશ હોય છે કે નારાજ?

જો આજે બાપા પોતે માઈક હાથમાં લઈને બોલી શકતા હોત, તો ચોક્કસ કહેતઃ 'અરે ભાઈ! મારો વાંક શું? તમે મને માટીમાંથી બનાવો છો, દસ દિવસ પૂજો છો અને પછી 'ગણપતિ બાપા મોરિયા, અગલે બરસ તૂ જલ્દી આ' ના નારા લગાવીને પાણીમાં પધરાવી દો છો. પણ જરા થોભો! તમારે ઘરે મહેમાન આવે અને રોકાય જેને તમે પ્રેમપૂર્વ બોલાવ્યા હોય પછી જ્યારે થોડા દિવસ થાય અને તમે તેને વાજતે ગાજતે રેલવે સ્ટેશન મૂકવા જાવ તો તેના મનમાં શું છાપ ઊભી થાય? મારી મૂર્તિનું વિસર્જન કરવા નદી-તળાવ સુધી લંબાઓ છો એના કરતાં તમારી અંદર અને સમાજમાં જે અસલી 'કચરો' ભરાઈ પડ્યો છે, એનું વિસર્જન કેમ નથી કરતા?'

બાપાની આ નારાજગી એકદમ વાજબી છે. આપણે દર વર્ષે મૂર્તિઓ તો નદીમાં પધરાવી આવીએ છીએ, પણ સમાજને કોરી ખાતા દૂષણોને સાચવી સાચવીને તિજોરીમાં કે મગજના ખૂણે મૂકી રાખીએ છીએ.

ચાલો, આજે ગણેશજીની કલમે જ સમજીએ કે ખરેખર કઈ કઈ વસ્તુઓનું વિસર્જન કરવાની તાકીદે જરૂર છે! એ સમજાવે છે :

'મારું વિસર્જન કરવાની જગ્યાએ અભિમાન અને અહમ્‌નું વિસર્જન કરો. આજના યુગમાં માણસ પાસે બંગલો, ગાડી કે બૅન્ક બેલેન્સ થોડું વધી જાય, એટલે એની છાતી અઢી ફૂટ બહાર આવી જાય છે. 'હું કોણ છું તું જાણે છે?' આ વાક્ય તો આપણા સમાજનો રાષ્ટ્રીય નારો બની ગયો છે! 'અરે માનવ!, તું જે કાયા પર આટલો અહંકાર કરે છે, એ પણ એક દિવસ માટીમાં જ ભળવાની છે. મારી માટીની મૂર્તિનું વિસર્જન કરો છો, પણ તમારા મગજમાં ચડી ગયેલા 'હું પણા'ના અભિમાનનું વિસર્જન ક્યારે કરશો?' જો માણસ પોતાના અહંકારને તાપી કે નર્મદામાં પધરાવી દે તો અડધા ઝઘડા તો ત્યાં જ પૂરા થઈ જાય.

ભ્રષ્ટાચારનું મસમોટું વિસર્જન કરો. આપણા દેશમાં ભ્રષ્ટાચાર એ સિસ્ટમનો એવો 'પ્રસાદ' બની ગયો છે, જે વગર માગ્યે દરેક ટેબલ નીચેથી વહેંચાય છે! સરકારી ઓફિસ હોય, રોડ-રસ્તાના કોન્ટ્રાક્ટ હોય કે સામાન્ય કામ, રોકડા ના મૂકો ત્યાં સુધી ફાઈલ આગળ ખસતી નથી. ચમત્કાર જુઓ! ભ્રષ્ટાચાર કરનારો અધિકારી પણ ગણેશ ઉત્સવમાં તગડું દાન આપીને મોટો ભક્ત હોવાનો આડંબર કરે છે! ત્યારે બાપા મનોમન વિચારતા હશે, 'મારા નામે આપેલા પાપના પૈસાથી હું ખુશ નથી થતો. એના કરતાં કામ કરાવવા માટે જે લાંચ લો છો, એ ભ્રષ્ટાચારની વૃત્તિનું વિસર્જન કરો તો મારો દેશ ખરેખર મહાન બને.'

વૈમનસ્ય અને ઝેરી રાજકારણ સાથે જીવતા લોકોએ તે વૃત્તિનું વિસર્જન કરવાની જરૂર છે.

આજના ડિજિટલ યુગમાં માણસ માણસથી દૂર થતો જાય છે. જાતિ, ધર્મ, જ્ઞાતિ અને રાજકારણના નામે જે વૈમનસ્ય (વેરભાવ) ફેલાવવામાં આવે છે, એનું ઝેર સમાજના રુધિરમાં ભળી ગયું છે. ફેસબુક અને વોટ્સએપના ગ્રૂપમાં વાત-વાતમાં લોકો એકબીજાનું ગળું કાપવા તૈયાર થઈ જાય છે. હું પૂછું છું, 'દસ દિવસ મારા મંડપમાં તો બધી જાતિના લોકો એકસાથે આરતી ગાઓ છો, તો પછી મંડપ બહાર નીકળતા જ આ વેરભાવનો દાવ કેમ શરૂ થઈ જાય છે?' આ વૈમનસ્યનું વિસર્જન કર્યા વગર સમાજમાં શાંતિ શક્ય જ નથી.

**સોશિયલ મીડિયાનો 'દેખાડો' બંધ કરો.**

આજકાલ ગણેશ ઉત્સવ શ્રદ્ધાનો ઓછો અને 'રીલ્સ' તથા 'સેલ્ફી'નો વધુ બની ગયો છે. મારી સામે હાથ જોડવા કરતાં કેમેરા સામે મોઢું રાખવામાં લોકોને વધુ રસ છે. 'સેલ્ફી વિથ બાપ્પા,૧૦૦૦ લાઈક્સ!' પણ અસલ જીવનમાં ગાયને રોટલી ના નાખવી હોય કે વૃદ્ધ મા-બાપની સેવા ના કરવી હોય. આ પોકળ દેખાડા અને દંભનું વિસર્જન કરવું અત્યંત જરૂરી છે. શ્રદ્ધા મનમાં હોવી જોઈએ, ઇન્સ્ટાગ્રામના સ્ટેટસમાં નહીં!

હું જોઉં છું કે લોકોમાં ઈર્ષ્યા અને સરખામણીની માનસિકતા વધતી જાય છે. પડોશીના ઘરે મોટું ટીવી આવ્યું એટલે આપણા ઘરમાં ભૂકંપ! સગા-સંબંધીમાં કોઈ આગળ વધી ગયું, એટલે પેટમાં બળતરા! આ ઈર્ષ્યાની માનસિકતાએ માણસનું સુખ-ચેન છીનવી લીધું છે. મારું પેટ મોટું છે, કારણ હું જગતની બધી વાતો અને દુખોને પચાવી જાણું છું. આપણે નાનું હૃદય રાખીને પડોશીની પ્રગતિ જોઈને બળ્યા કરીએ છીએ. આ ઈર્ષ્યા અને સરખામણીરૂપી કચરાને નદીમાં વહાવી દેવાનો સમય આવી ગયો છે.

**પર્યાવરણનું નુકસાન અને પ્લાસ્ટિકનો કચરો જોઈ અને મારો જીવ બળે છે.**

આપણે પીઓપી (POP) ની મૂર્તિઓ બનાવીને જળચરોનો જીવ લઈએ છીએ, કેમિકલવાળા રંગોથી પાણી ઝેરી કરીએ છીએ અને ઉત્સવ પૂરો થયા પછી પ્લાસ્ટિકના ઝભલાં અને નકામો કચરો નદી કિનારે છોડી આવીએ છીએ. જે ઈશ્વરે આ સુંદર પ્રકૃતિ બનાવી, એ જ ઈશ્વરના નામે આપણે પ્રકૃતિનો વિનાશ કરીએ છીએ! 'મને માટીમાં જન્માવો અને માટીમાં જ મેળવો. પર્યાવરણને નુકસાન પહોંચાડતી તમારી આ અજ્ઞાનતાનું વિસર્જન કરો.'

**હવે ક્યારે જાગીશું?**

ગણેશ ઉત્સવ એ માત્ર ઢોલ ધમાકા કરવાનો કે ડીજેના તાલે નાચવાનો તહેવાર નથી. એ તો આત્મચિંતનનું પર્વ છે. બુદ્ધિના દાતા ગણપતિ બાપા આપણને સદ્‌બુદ્ધિ આપવા આવે છે, પણ આપણે દર વર્ષે બાપાની મૂર્તિનું તો વિસર્જન કરી દઈએ છીએ, પરંતુ આપણા દુર્ગુણોને બરાબર સાચવી રાખીએ છીએ.

જો ખરેખર બાપાને પ્રસન્ન કરવા હોય અને વિદાય વખતે એમના ચહેરા પર સાચી મુસ્કુરાહટ જોવી હોય તો હવેથી કઈંક બાપાને ગમે તેવું કરવું પડશે.

અહંકારનું વિસર્જન કરો અને નમ્રતા અપનાવો, ભ્રષ્ટાચારનું વિસર્જન કરો અને પ્રામાણિકતાથી જીવવાનો સંકલ્પ લો. વેરભાવનું વિસર્જન કરો અને પ્રેમ-ભાઈચારો ફેલાવો, કચરા અને પ્રદૂષણનું વિસર્જન કરો અને પ્રકૃતિનું જતન કરો.

જે દિવસે આપણે આપણા મનની અંદર રહેલા આ રાક્ષસોનું વિસર્જન કરીશું તે દિવસે સાચા અર્થમાં 'ગણેશ ઉત્સવ' ઉજવાયો ગણાશે. બાપા પણ ખુશ થઈને આશીર્વાદ આપશે અને વિદાય લેતી વખતે કહેશેઃ

'હા, હવે મારો માનવ ખરેખર બુદ્ધિશાળી બન્યો છે!'

બાકી, જો મૂર્તિઓ જ પધરાવ્યા કરીશું અને મનના પાપ સાચવી રાખીશું, તો બાપા આવતા વર્ષે પણ નારાજ થઈને જ વિદાય લેશે, અને આપણે ખાલી 'મોરિયા મોરિયા'ના પોકળ નારા લગાવતા રહી જઈશું! ■

**વિચારવાયુ**

***ગણપતિ બાપા નાના હોય, મોટા હોય, પ્રસિદ્ધ હોય કે ન હોય. આશીર્વાદ હૃદયના ભાવ પ્રમાણે જ આપે.***

મિલકતની નોંધપોથી

## સગીરની મિલકત વેચાણ માટે કોર્ટ- પરવાનગીની જરૂરી ખરી?

નજમુદ્દીન મેઘાણી (એડવોકેટ)
feedback@bombaysamachar.com

જ્યારે કોઈ સ્થાવર મિલકતમાં સગીરનો હિત-હિસ્સો સમાયેલો હોય તેવા સંજોગોમાં સગીરના હિતની તબદીલીના લખાણો કરતા અગાઉ કોર્ટની પૂર્વપરવાનગી મેળવવી જરૂરી છે. જો કોઈ સ્થાવર મિલકતમાં કોઈ સગીરનો વણવહેંચાયેલો હિસ્સો સમાયેલો હોય, તેવી મિલકતનું સગીરના કુદરતી વાલી સગીરનું હિત જોખમમાં મુકાય તે રીતે અને તેવા વેચાણ વ્યવહાર અંગે સક્ષમ કોર્ટ પાસેથી સગીર વતી પરવાનગી મેળવ્યા વિના કરી દેવામાં આવે તો તેવું વેચાણ મૂળથી જ રદબાતલ ઠરે છે. તેવું વેચાણ સગીરને બંધનકર્તા રહેતું નથી. આવા દરેક કિસ્સામાં ભવિષ્યમાં તકરારો-દાવાદુવીના પ્રકરણો ઉપસ્થિત થવાની શકયતાઓ સંભાવનાઓ રહેલી હોય છે.

જ્યારે સગીરના હિસ્સાનું વેચાણ કરવા સંબંધી પરવાનગી અરજી કોર્ટમાં દાખલ કરવામાં આવે ત્યારે નામદાર કોર્ટ દ્વારા હિન્દુ સગીરત્વ અને વાલીપણા અધિનિયમની જોગવાઈઓ તથા તેવી અરજીના અનુરૂપ હકીકતો આધારિત દરેક પ્રકારના પાસાઓ કાળજીપૂર્વક ધ્યાને લેવામાં આવે છે. કોર્ટને જો સ્થાવર મિલકતમાં રહેલ સગીરના હિતનું વેચાણ કરવું એ માત્ર સગીરની જરૂરિયાતના અથવા સગીરના દેખીતા ફાયદા માટે હોય તેવા જ કિસ્સામાં તેવી પરવાનગી મંજૂર કરશે.

મિલકતોનો વેચાણ ફેરબદલીના વ્યવહાર થાય અને તે સમયે જો સગીરનું હિત તેવી મિલકતોમાં રહેલું હોય તો ખરીદનાર દ્વારા તેવા સગીરોના હિતના વેચાણ અંગે કોર્ટનું હુકમનામું મેળવવાનો આગ્રહ રાખે છે. કેટલાક સંજોગોમાં કોર્ટ તરફથી આવા વેચાણની પરવાનગી આપવામાં આવતી નથી.

સહીયારી મિલકતોમાં સગીરનું હિત હોય તો પણ પુખ્તવયના સહમાલિકો તે મિલકતમાંથી વાજબી ફાયદો મેળવવા કાયદેસરનો અધિકાર ધરાવે છે. નામદાર વરિષ્ઠ કોર્ટ દ્વારા નિર્ણીત કરવામાં આવેલ છે કે ફક્ત સગીરનો હિસ્સો હોવાથી અને અમુક સંજોગોને ધ્યાનમાં રાખી પુખ્તવયની વ્યકિત દ્વારા થયેલ વેચાણ વ્યવહારને અટકાવવો જોઈએ નહીં કે મર્યાદિત કરવો જોઈએ નહીં.

માનનીય સુપ્રીમ કેસમાં ઠરાવેલ છે કે કોર્ટે માત્ર પ્રશ્ન હેઠળનું સગીર બાળક જ નહીં, પરંતુ પુખ્તવયના સહમાલિકો પણ તે મિલકતમાંથી વાજબી ફાયદો મેળવવા કાયદેસરનો અધિકાર ધરાવે છે. સગીરની ઉપસ્થિતિએ પુખ્તવયના સહમાલિકોની મિલકતના સંબંધમાં ઉત્પાદક કે આર્થિક રીતે લાભદાયી વ્યવહારોમાં દાખલ થવાની ક્ષમતાને ખોટી રીતે મર્યાદિત કરવી જોઈએ નહીં. કોર્ટનું કામ આ હિતોનું કાળજીપૂર્વક સમાયોજન કરવાનું છે કે જેથી કરીને પુખ્તવયના સહિતના તમામ સહિયારી મિલકતનો એવી રીતે ઉપયોગ કરવા સક્ષમ બની રહે કે જેથી સગીરનું હિત જોખમાય નહીં.

(સંદર્ભઃ ગીતાબેન અનિલભાઈ ઓડેદરા તે સગીર દીપ્તિબેન અનિલભાઈ ઓડેદરાની માતા અને કુદરતી વાલી તરીકે નામદાર ગુજરાત હાઈકોર્ટ) ■

કરિઅર

## બદલાયેલા વર્ક કલ્ચરમાં ઈન્ટર્ન એટલે સસ્તા મજૂર?

કીર્તિશેખર
feedback@bombaysamachar.com

એક સમયે ઇન્ટર્નશિપનો અર્થ પુસ્તકો અને કોલેજની વાસ્તવિક દુનિયામાંથી બહાર નીકળીને કાર્યસ્થળની વાસ્તવિક દુનિયામાં પ્રવેશવાનો હતો. યુવાનો થોડા મહિનાઓ માટે કોઈ સંસ્થા, કંપની અથવા સંગઠનમાં જોડાતા, અનુભવી લોકો સાથે સમય વિતાવતા, તેમને કામ કરતા જોતા અને તેમની પાસેથી શીખતા. જોકે આ સમય દરમિયાન તેઓ ઘણી ભૂલો કરતાં, પરંતુ વ્યવહારિક રીતે કામ શીખવાનો ત્યારે આ જ એક રસ્તો હતો. વાસ્તવમાં ઇન્ટર્નશિપ એક પ્રકારે 'લર્નિંગ બ્રિજ' હતી, એટલે કે શિક્ષણ અને રોજગાર વચ્ચેનો બ્રિજ. આજે, ઇન્ટર્નશિપની દુનિયા સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. ડિજિટલ વર્કપ્લેસ, રિમોટ વર્ક, હાઇબ્રિડ ઓફિસ મોડલ, સ્ટાર્ટઅપ કલ્ચર, ગિગ ઇકોનોમી અને હવે જનરેટિવ એઆઈ એ આ અનુભવને તદ્દન નવું રૂપ આપી દીધું છે. આજે ઇન્ટર્ન માત્ર શીખવા માટે ઓફિસ નથી આવતો, તેની પાસેથી ડિલિવરેબલ્સ, ડેડલાઇન, પરફોર્મન્સ, આઉટપુટ અને પ્રોડક્ટિવિટીની અપેક્ષા રાખવામાં આવે છે.

**શીખવાથી લઈને આઉટપુટ સુધીઃ** પહેલાં ઇન્ટર્નને એક ટ્રેની તરીકે જોવામાં આવતો હતો, તેની પાસેથી એવી અપેક્ષા રાખવામાં નહોતી આવતી કે તે પહેલા જ દિવસથી કંપની કે સંસ્થા માટે નફો રળી આપશે. તેનું કામ શીખવું, જોવું, સમજવું, ધીમે ધીમે જવાબદારી સમજવી અને આ બધી પ્રક્રિયા દરમિયાન કામમાં થોડી મદદ કરવાનું હતું. આજે નવું વર્ક કલ્ચર સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. આજે ઇન્ટર્ન જોડાય કે તરત જ તેને કહેવામાં આવે છે કે, 'આ પ્રોજેક્ટ તમારો છે.' તેણે સોશ્યલ મીડિયા કેમ્પેઇન બનાવવાના છે, માર્કેટ રિસર્ચ કરવાનું છે, ડેટા એનાલાઇઝ કરવાનો છે, કન્ટેન્ટ તૈયાર કરવાનું છે અથવા ક્લાયન્ટ માટે પ્રેઝન્ટેશન બનાવવાનું છે. દરેક કામ સાથે જ પરફોર્મન્સ ઇન્ડિકેટર્સ જોડાઈ જાય છે. તેની પ્રગતિને ડેશબોર્ડ, ટાસ્ક મેનેજમેન્ટ પ્લેટફોર્મ અને સાપ્તાહિક રિપોર્ટ દ્વારા માપવામાં આવે છે. સાંભળવામાં આ ફેરફાર સકારાત્મક લાગે છે, આખરે વાસ્તવિક કામ મળવાથી જ તો અનુભવ મળે છે, પરંતુ સમસ્યા



ત્યારે શરૂ થાય છે જ્યારે જવાબદારી તો કર્મચારી જેટલી હોય, પરંતુ અધિકાર અને વળતર ઇન્ટર્ન જેટલું પણ ન હોય. આજની ઇન્ટર્નશિપની દુનિયાનો આ જ સૌથી મોટો વિરોધાભાસ છે.

**અનપેઇડ ઇન્ટર્નશિપ્સ એક પ્રકારનું શોષણઃ** ઇન્ટર્નશિપના નામે વિના વેતને કામ કરાવવું આજે સામાન્ય બની ગયું છે. પરંતુ કોઈ પણ આનાકાની વિના તેને શોષણ કહીએ તો ખોટું નહીં હોય. પરંતુ આજે એ સવાલ અત્યંત મહત્ત્વનો છે કે જ્યારે શિક્ષણ સંસ્થાઓ આટલી મોંઘી હોય અને જોબ માર્કેટમાં અનુભવની અનિવાર્યતા ફરજિયાત કરી દેવામાં આવી હોય, તો યુવાનો આ શોષણ ન સહન કરે તો કરે પણ શું? 'પહેલાં અનુભવ લાવો, પછી જ નોકરી મળશે' લગભગ દરેક વેકેન્સી સાથે આ શરત જોડાયેલી હોય છે. એટલા માટે અનુભવ મેળવવા ખાતર, બધું જ જાણવા-સમજવા છતાં પણ ઇન્ટર્નશિપના આ શોષણમાંથી પસાર થવું પડે છે. ઇન્ટર્નશિપ માટે સમય આપવો પડે છે, મુસાફરી કરવી પડે છે અને ઘણીવાર તો પોતાનું શહેર છોડીને બીજા શહેરમાં જવું પડે છે. આટલું હોવા છતાં કેટલીય વાર આ તમામ ખર્ચ પણ પોતે જ ઉઠાવવો પડે છે. આવા સમયે વિના વેતનની ઇન્ટર્નશિપ એક પ્રકારે લાચારીનો ગેરફાયદો ઉઠાવવા સમાન છે. ■

## મુંબઈ સમાચાર ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે

૧લી મે, ૨૦૨૬ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૭ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# ક્રૂડ તેલના ઉછાળાએ વ્યાજદરમાં વધુ વધારાની શક્યતા પ્રબળ બનાવતા સોના-ચાંદીની તેજીને બ્રેક

**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

યુએનની બેઠકમાં અમેરિકા અને ઈરાન વચ્ચેના ભૂરાજકીય તણાવનું કોકડું ઉકેલાય તેવી શક્યતાને ધ્યાનમાં લેતાં ગત સપ્તાહના આરંભે ક્રૂડતેલના ભાવ બેરલદીઠ ૧૦૦ ડૉલરની અંદર પ્રવર્તી રહ્યા હોવાથી વિશ્વ બજારમાં સોના અને ચાંદીના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. જોકે, અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધનો અંત લાવવાની દિશામાં કોઈ ખાસ નોંધપાત્ર પ્રગતિ ન થઈ હોવાનું જણાતાં વિશ્વ બજારમાં ક્રૂડ તેલના ભાવમાં ઝડપી ઉછાળો આવ્યો હતો અને એક તબક્કે ભાવ વધીને બેરલદીઠ ૧૦૬ ડૉલર સુધી પહોંચી જતાં વૈશ્વિક સ્તરે ફુગાવામાં વધારાની શક્યતા પ્રબળ બની હતી, ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ જોવા મળ્યું હતું અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં પણ બાઉન્સબૅક જોવા મળતાં વિશ્વ બજારમાં સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓના ભાવ દબાણ હેઠળ આવ્યા હતા. વધુમાં ક્રૂડતેલના ભાવવધારાની સાથે ફુગાવામાં વધારો થવાની ભીતિ હેઠળ અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા પ્રબળ બનવાની સાથે સપ્તાહ દરમિયાન ફેડરલના અધિકારીઓ દ્વારા પણ આગામી ઑક્ટોબર મહિનામાં વ્યાજદરમાં વધારો કરવામાં આવે તેવાં સંકેતો આપી રહ્યા હોવાથી સોના અને ચાંદીના ઘટાડાને પ્રેરકબળ મળ્યું હતું.

વૈશ્વિક બજારને અનુસરતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ ગત સપ્તાહ દરમિયાન બન્ને કિંમતી ધાતુઓમાં ભાવઘટાડાનું વલણ જળવાઈ રહ્યું હતું, પરંતુ કામકાજો પાંખાં રહ્યા હતા. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૮મી સપ્ટેમ્બરનાં રૂ. ૧,૫૩,૭૨૭ સામે નરમાઈના અન્ડરટોને રૂ. ૧,૫૩,૦૫૬ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૫૦,૭૮૫ અને ઉપરમાં રૂ. ૧,૫૩,૩૩૭ની રેન્જમાં રહીને અંતે સાપ્તાહિક ધોરણે ૧.૦૪ ટકા અથવા તો રૂ. ૧૬૧૪ના ઘટાડા સાથે રૂ. ૧,૫૨,૧૧૩ની સપાટીએ બંધ રહ્યા હતા. જોકે, સોનામાં ઘટ્યા મથાળેથી રોકાણકારોની છૂટીછવાઈ રોકાણલક્ષી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની વધુ ભાવઘટાડાના આશાવાદે ખરીદી ખપપૂરતી રહી હતી. તે જ પ્રમાણે હાજરમાં વેરારહિત ધોરણે ચાંદીના કિલોદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૮મી સપ્ટેમ્બરના રૂ. ૨,૩૬,૯૦૮ના બંધ સામે ઘટીને રૂ. ૨,૩૪,૫૬૨ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૨,૨૮,૨૪૮ અને ઉપરમાં રૂ. ૨,૩૫,૨૮૮ની રેન્જમાં રહીને અંતે સાપ્તાહિક ધોરણે ૧.૯૨ ટકા અથવા તો રૂ. ૪૫૫૮ના ઘટાડા સાથે રૂ. ૨,૩૨,૩૫૦ના મથાળે બંધ રહ્યા હતા. તેમ જ ચાંદીમાં પણ મુખ્યત્વે ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી જળવાઈ રહી હતી, જ્યારે સ્ટોકિસ્ટો અને જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગત ૧૬-૧૭ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકના અંતે અમેરિકી ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો કરતાં ગત સપ્તાહે અમેરિકી ડૉલરમાં મજબૂતાઈ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં વધારો થવાથી વિશ્વ બજારમાં સોનાના ભાવમાં ૨.૧ ટકા જેટલો અને ચાંદીના ભાવમાં લગભગ ત્રણ ટકા જેટલો ઘટાડો આવ્યો હતો. તેમ જ ફેડરલ રિઝર્વના અધ્યક્ષે બેઠકના અંતે શેષ વર્ષમાં જરૂર પડ્યે વ્યાજદરમાં વધુ વધારો કરવાનો પણ સંકેત આપ્યો હતો. વધુમાં ગત સપ્તાહે ક્રૂડ તેલના ભાવમાં થયેલા વધારાને ધ્યાનમાં લેતાં ફેડરલના અધિકારીઓએ વ્યાજદરમાં વધુ વધારાની ચેતવણી આપી હોવાથી હવે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો આગામી ઑક્ટોબર મહિનાની બેઠકમાં ૬૬ ટકા અને ડિસેમ્બર મહિનાની બેઠકમાં વ્યાજદરમાં વધારાની અનુક્રમે ૬૬ ટકા અને ૯૩ ટકા શક્યતા જોઈ રહ્યા હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સનાં વિશ્લેષકે જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે ફિલાડેલ્ફિયા ફેડનાં પ્રમુખ અન્ના પૉલ્સને જણાવ્યું હતું કે નીતિ ઘડવૈયાઓ માટે ફુગાવો બે ટકાની સપાટી આસપાસ લાવવો એ અગ્રતાક્રમ હોવાની સાથે સાથે શ્રમ બજારનાં જોખમો પણ ધ્યાનમાં લેવાનાં હોય છે. તે જ પ્રમાણે ન્યૂ યોર્ક ફેડના પ્રમુખ જહોન વિલિઅમ્સે પણ તંગ નાણાનીતિની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો.

ગત સપ્તાહે જાહેર થયેલા અમેરિકાનાં રોજગારીનાં આકડામાં બેરોજગારી ભથ્થુ મેળવવા મટે અરજી કરનારાની સંખ્યા ૫૭ વર્ષની નીચી સપાટીએ પહોંચી હોવાનું જણાતા અમુક અંશે રોજગારી ક્ષેત્રે હવે જોખમ હળવું થયું છે. વધુમાં ગત સપ્તાહે ડૉલર ઈન્ડેક્સ ૧૦૧ આસપાસની સપાટીએ રહ્યો હતો તેમ જ અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ પણ વધીને ૫.૧ ટકાની ઊંચી સપાટીએ પહોંચી હોવાથી સોના અને ચાંદીની તેજીને બ્રેક લાગી હતી અને ભાવમાં ઘટાડાને ટેકો મળ્યો હતો. યિલ્ડમાં થયેલા વધારાને ધ્યાનમાં લેતા ઋણ ખર્ચમાં વધારો લાંબા સમય સુધી જળવાઈ રહે તેમ હોવાથી સોના-ચાંદી જેવી વ્યાજની ઊપજ ન આપતી અસ્ક્યમતો તરફ રોકાણકારોનું આકર્ષણ ઓછું રહેશે. જોકે, ચાંદીને અમુક અંશે પુરવઠાખેંચનો ટેકો મળતો રહેશે. નોંધનીય બાબત એ એ છે કે સિલ્વર ઈન્ટ્ટિટ્યૂટે વર્ષ ૨૦૨૬ના અંતે ચાંદીમાં ૪.૬૩ કરોડ ઔંસ પુરવઠાખેંચની શક્યતા વ્યક્ત કરી હોવાનું જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે અમારા મતે આગામી સપ્તાહે કૉમેક્સ વિભાગ પર સોનાના ભાવ ઔંસદીઠ ૪૧૫૦થી ૪૪૫૦ની રેન્જમાં અને ચાંદીના ભાવ ઔંસદીઠ ૬૦થી ૬૭ ડૉલરની રેન્જમાં રહેવાની અને સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૪૭,૦૦૦થી ૧,૫૫,૦૦૦ની રેન્જમાં અને ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૨,૨૫,૦૦૦થી ૨,૪૫,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે.

દરમિયાન ગત સપ્તાહના અંતે ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કોમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ ઘટ્યા મથાળેથી સાધારણ ૦.૧ ટકા વધીને અને સાપ્તાહિક ધોરણે ૨.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૪૨૮૨.૯૮ ડૉલર આસપાસ અને ડિસેમ્બર ડિલિવરી શરતે વાયદામાં ભાવ ૦.૫ ટકા વધીને ૪૩૨૧.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ઘટ્યા મથાળેથી ૦.૫ ટકા વધીને ઔંસદીઠ ૬૪.૨૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

સૂત્રોના જણાવ્યાનુસાર ન્યૂ યોર્કમાં વાટાઘાટકારો યુદ્ધમાંથી તબક્કાવાર બહાર નીકળવાના માર્ગ શોધી રહ્યા છે. જેમાં વૉશિંગ્ટન ઈરાન પર મૂકેલી આર્થિક નાકાબંધી દૂર કરશે અને તહેરાન ફરીથી સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ ખોલશે એવા આશાવાદને ધ્યાનમાં લેતાં ગત શુક્રવારે ક્રૂડ તેલના ભાવમાં વધ્યા મથાળેથી થોડો ઘટાડો નોંધાયો હતો. તેમ છતાં આગામી સપ્તાહે બજારની નજર અમેરિકા-ઈરાન વચ્ચેના ભૂરાજકીય તણાવના અહેવાલો અને ક્રૂડતેલના ભાવની વધઘટ પર સોનાના ભાવની વધઘટ અવલંબિત રહે તેવી શક્યતા વિશ્લેષકો વ્યક્ત કરી રહ્યા છે. ■

# ચીન સહિત અન્ય ત્રણ દેશોથી આયાત થતી એલ્યુમિનિયમ ફોઈલ પર વધુ પાંચ વર્ષ માટે એન્ટિ ડમ્પિંગ ડ્યૂટીની ભલામણ

નવી દિલ્હીઃ વાણિજ્ય મંત્રાલય હેઠળના ડિરેક્ટોરેટ જનરલ ઑફ ટ્રેડ રેમેડિઝ (ડીજીટીઆર)એ ચીન, થાઈલેન્ડ મલયેશિયા અને ઈન્ડોનેશિયાથી આયાત થતી એલ્યુમિનિયમ ફોઈલ સામે વધુ પાંચ વર્ષ સુધી એન્ટિ ડમ્પિગ ડ્યૂટી લંબાવવાની ભલામણ કરી હોવાનું એક નોટિફિકેશનમાં જણાવ્યું છે. જોકે, ડ્યૂટી અંગેનો અંતિમ નિર્ણય નાણાં મંત્રાલય દ્વારા લેવામાં આવશે. ડિરેક્ટોરેટ જનરલ ઑફ ટ્રેડે ૮૦ માઈક્રોન અને તેનાંથી નીચેના માઈક્રોન ધરાવતી એલ્યુમિનિયમ ફોઈલ પર ટનદીઠ ૯૩.૫૩થી ૯૭૬.૯૯ ડૉલરની રેન્જમાં ડ્યૂટીની ભલામણ કરી છે. ઑથોરિટીએ નોટિફિકેશનમાં જણાવ્યું છે કે આ તપાસમાં તમામ સંબંધિત પક્ષો દ્વારા રજૂ કરવામાં આવેલી વિગતોની ચકાસણી કર્યા બાદ વધુ પાંચ વર્ષના સમયગાળા માટે ડેફિનેટિવ ડ્યૂટી ચાલુ રાખવાની ભલામણ કરવી યોગ્ય અને આવશ્યક ગણી છે. નોંધનીય બાબત એ છે કે એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી જાળવી રાખવા માટે પુનઃ તપાસ કરવા માટે હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ, એલએસકેબી એલ્યુમિનિયમ ફોઈલ્સ, રવિરાજ ફોઈલ્સ, શ્રી વેંકટેશ્વર ઈલેક્ટ્રોકાસ્ટ, શ્યામ સેલ ઍન્ડ પાવર લિ. અને એસઆરએફ અલ્ટેક લિ. દ્વારા અરજી કરવામાં આવી હતી.

નોટિફિકેશનમાં ઉમેર્યું હતું કે આ દેશો તરફથી એલ્યુમિનિયમ ફોઈલનાં ડમ્પિંગને કારણે સ્થાનિક ઉત્પાદકોની નફાશક્તિ પર માઠી અસર પડી છે. એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવા છતાં થાઈલેન્ડ અને ચીનથી નોંધપાત્ર આયાત થઈ રહી છે અને જો ડ્યૂટી દૂર કરવામાં આવી તો ત્યાંના નિકાસલક્ષી એકમો વધુ મોટી માત્રામાં નિકાસ કરશે, એમ જણાવ્યું હતું. ■

# તહેવારોની મોસમ પૂર્વે ખાદ્યતેલમાં ડ્યૂટી ઘટાડો સરકારનું સમતુલિત પગલું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ તાજેતરમાં સરકારે ક્રૂડ પામ ઑઈલ, આરબીડી પામ ઑઈલ, આરબીડી પામોલિન, ક્રૂડ ડિગમ સોયાબીન તેલ અને રિફાઈન્ડ સોયાબીન તેલ પરની આયાત જકાત ૫.૫ ટકા ઘટાડીને અનુક્રમે ૧૧ ટકા, ૩૦.૨૫ ટકા, ૩૦.૨૫ ટકા, ૧૧ ટકા અને ૩૦.૨૫ ટકા કરી છે, જ્યારે ક્રૂડ અને રિફાઈન્ડ સનફ્લાવર તેલ પરની આયાત જકાત ૧૧ ટકા ઘટાડીને અનુક્રમે ૦.૫ ટકા અને ૨.૨૫ ટકા કરી છે. તહેવારોની મોસમ પૂર્વે સરકારે લીધેલા આ નિર્ણયને સ્થાનિક ખાદ્યતેલ ઉદ્યોગના સંગઠન સોલ્વન્ટ એક્સટ્રેક્ટર્સ એસોસિયેશને આવકાર્યો હતો અને જણાવ્યું હતું કે સરકારના આ પગલાંથી તહેવારો પૂર્વે ખાદ્યતેલના રિટેલ ભાવમાં ઘટાડો થઈ શકે છે.

આગામી ઑક્ટોબર મહિનાના અંતે પૂરા થતાં વર્તમાન વર્ષ ૨૦૨૫-૨૬ની તેલ મોસમમાં ખાસ કરીને આયાતના વૉલ્યૂમમાં વધારો અને ડૉલર સામે રૂપિયો નબળો પડવાથી દેશની ખાદ્યતેલની આયાતનું બિલ નવ ટકા વધીને ૧.૭૫ લાખ કરોડની સપાટીએ પહોંચવાની શક્યતા વ્યક્ત કરતાં એસોસિયેશને સરકારના ડ્યૂટી ઘટાડાનો નિર્ણય સમતુલિત અને ગ્રાહક તથા ઉદ્યોગના હિતની સલામતી કરતો નિર્ણય ગણાવ્યો હતો. એસોસિયેશનનાં પ્રમુખ સંજીવ અસ્થાનાએ જણાવ્યું હતું કે હાલની ડ્યૂટી માળખાની ગોઠવણને છેલ્લા એક વર્ષમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ખાદ્યતેલના ભાવમાં જોવા મળેલા અંદાજે ૨૫ ટકાના વધારા અને સ્થાનિક સ્તરે થયેલા ૧૨થી ૧૫ ટકાના વધારાને ધ્યાનમાં રાખીને જોવાની જરૂર છે. વધુમાં હવે તહેવારોની મોસમ પણ નજીક આવી રહી છે. નોંધનીય બાબત એ છે કે હાલમાં ખાદ્ય ફુગાવો જે મહિના પહેલા ૫.૫૨ ટકાના સ્તરે હતો તે વધીને ૫.૯૫ ટકા થયો છે, જે સરકાર માટે પણ ચિંતાનો વિષય છે.

સરકારનો તાત્કાલિક ઉદ્દેશ ગ્રાહકો પરનો બોજ હળવો કરવાની સાથે સાથે ક્રૂડ તેલ અને રિફાઈન્ડ તેલ વચ્ચેના ડ્યૂટી તફાવતને જાળવી રાખવાનો છે. જે દર્શાવે છે કે સ્થાનિક રિફાઈનિંગ ઉદ્યોગ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આમ સરકારે સ્થાનિક ઉદ્યોગના હિત પણ જાળવ્યા છે તેમ જ આ ડ્યૂટી ઘટાડો વૈશ્વિક સ્તરે ખાદ્યતેલના વધી રહેલા ભાવની અસર ઓછી કરવામાં મદદ કરશે. હકીકતમાં અમારું સંગઠન એવી પણ આશા રાખે છે કે સરકાર નેપાળથી સાફ્ટા કરાર હેઠળ થતી રિફાઈન્ડ તેલની આયાતને ખાળવા માટે પગલાં લે, એમ જણાવતાં એસોસિયેશનનાં એક્ઝિક્યુટીવ ડિરેક્ટર બી વી મહેતાએ જણાવતાં ઉમેર્યું હતું કે ભારત-નેપાળ વચ્ચેનાં દ્વિપક્ષીય કરારમાં કોઈ ફેરફાર કર્યા વિના, ઓછી સ્થાનિક આયાત જકાત નેપાળથી આવી આયાત સાથે સંકળાયેલા આર્બિટ્રિજના લાભને ઘટાડી શકે છે અને તેના દ્વારા મોટા પાયે આંતરપ્રવાહ માટેના પ્રોત્સાહનો ઘટાડી શકે છે. જોકે, તેમણે આયાત ખર્ચમાં ઘટાડાનો લાભ સ્થાનિક બજારમાં ધીમે ધીમે પ્રતિબિંબિત થવાની શક્યતા વ્યક્ત કરી હતી. ■

# પાંખાં કામકાજે દેશી-આયાતી ખાદ્યતેલમાં ટકેલું વલણ

## એકથી ૨૫ સપ્ટેમ્બર દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ ૧૫ ટકા ઘટી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૩૩ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં ગઈકાલની અનંત ચતુર્દશીની રજા પશ્ચાત્ આજે સપ્તાહનું અંતિમ સત્ર હોવાથી એકંદરે રજાનો માહોલ રહેતાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યાં હતાં અને હાજર ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું.

દરમિયાન તાજેતરમાં કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા. ૧થી ૨૫ સપ્ટેમ્બર દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા ઑગસ્ટ મહિનાના સમાનગાળાના ૧૦,૪૫,૨૦૪ ટન સામે ૧૫ ટકા ઘટીને ૮,૮૭,૫૫૭ ટન આસપાસની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ મહેશ ઑઈલ ઈન્ડસ્ટ્રીઝનાં સોયા રિફાઈન્ડના આગામી ત્રીજી ઑક્ટોબર સુધી ડિલિવરી શરતે રૂ. ૧૪૯૦, ગોકુલ એગ્રોના ઑક્ટોબર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦ અને જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૩૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૯૧ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. વધુમાં આજે જી-વનની સોયા રિફાઈન્ડ અને આરબીડી પામતેલની સપ્ટેમ્બર કોન્ટ્રાક્ટમાં બાયબૅકમાં અનુક્રમે રૂ. ૧૩૮૫ અને રૂ. ૧૪૨૫ના મથાળે લેવાલી નીકળી હોવાના અહેવાલ હતા.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૫,૦૦૦ ગૂણીની અને રાજકોટમાં ૯૦૦૦ ગૂણી મગફળીની આવક સામે બન્ને મથકો પર વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૭૨૫ના મથાળે થયાના અહેવાલ હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૦, સિંગતેલના રૂ. ૧૭૯૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૨૫ અને સરસવના રૂ. ૧૭૫૦ના મથાળે ટકેલા રહ્યા હતા. ■

# ખાંડમાં ₹ આઠથી ૪૨ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ખાંડનાં મથકો પર વેચવાલીના દબાણ હેઠળ ભાવમાં ઘટાડાતરફી વલણ જળવાઈ રહેવાની સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે પીછેહઠ જળવાઈ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. આઠથી ૪૨નો અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. તેમ જ મથકો પરના નિરુત્સાહી અહેવાલે નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૦થી ૪૦ ઘટી આવ્યા હતા.

ગઈકાલની અનંત ચતુર્દશીની રજા પશ્ચાત્ આજે સ્થાનિકમાં આવકો વધીને અંદાજે ૩૪થી ૩૫ ટ્રકની રહી હતી. તેમ જ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૩૨થી ૩૩ ટ્રકનો રહ્યો હતો. તેમ છતાં મથકો પરનાં નિરુત્સાહી અહેવાલે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠ અને ઉપલા મથાળેથી રૂ. ૪૨ના ઘટાડા સાથે રૂ. ૪૫૧૨થી ૪૬૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૬૧૦થી ૪૮૨૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતા આજે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૦ અને ઉપલા મથાળેથી રૂ. ૩૦ના ઘટાડા સાથે રૂ. ૪૩૦૦થી ૪૩૬૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૫ અને ઉપલા મથાળેથી રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૪૩૮૦થી ૪૪૬૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. ■

# ચોક્કસ ધાતુઓમાં ઘટ્યા મથાળેથી બાઉન્સબૅક

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ ઉપરાંત લંડન મેટલ એક્સચેન્જ ખાતે ખાસ કરીને કોપરમાં પુરવઠા સ્થિતિ તંગ રહેતાં ગઈકાલે વિશ્વ બજારમાં કોપરના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા સ્થાનિકમાં ખાસ કરીને કોપર, બ્રાસ એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ટીનમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટો અને વપરાશકાર ઉદ્યોગની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ત્રણથી ૪૨નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. જોકે, આજે ઝિન્ક સ્લેબ, નિકલ અને લીડ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની વેચવાલી જળવાઈ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૨, રૂ. આઠ અને રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો અને એકમાત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે જે ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૪૨ વધીને રૂ. ૧૫૪૮, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૧૩૧૨, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૯૭૦ અને રૂ. ૧૪૯૬, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૧૩૯૯ અને કોપર કેબલ સ્ક્રેપ, કોપર આર્મિચર, બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૧૪૦૮, રૂ. ૧૩૮૮, રૂ. ૧૦૦૫ અને રૂ. ૩૫૬ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ઝિન્ક સ્લેબ, નિકલ અને લીડ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ મર્યાદિત રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૨ ઘટીને રૂ. ૪૪૦, રૂ. આઠ ઘટીને રૂ. ૧૬૧૭ અને રૂ. પાંચ ઘટીને રૂ. ૧૯૫ના મથાળે રહ્યા હતા. ■


**પશ્ચિમ રેલવે-અમદાવાદ મંડળ**

**એસી કોચ ઈલેક્ટ્રિકલ એટેન્ડન્ટની આઉટસોર્સિંગ**

**ઈ-ટેન્ડર સૂચના નંબર: Sr. DEE/ADI/37 (26-27), તા. 25.09.2026; ટેન્ડર નંબર: EL-ADI-G-T-39-2026-27; કામનું નામ:** અમદાવાદ મંડળ – કચ્છ વિસ્તારના ગાંધીધામ (GIMB) અને ભુજ (BHUJ) ખાતે પ્રાથમિક જાળવણીવાળી ટ્રેનોના LHB AC, SG AC અને વંદે ભારત કોચની એસ્કોર્ટિંગ, ઓપરેશન તથા ટ્રબલશૂટિંગ નિવારણ માટે AC કોચ ઈલેક્ટ્રિકલ એટેન્ડન્ટની આઉટસોર્સિંગ (બે વર્ષ માટે); **અંદાજિત કિંમત:** ₹ 3,48,85,842.12/-; **અર્નેસ્ટ મની:** ₹ 3,24,400.00/-; **ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખ અને સમય:** 26.10.2026 ના રોજ 15:00 કલાક સુધી; **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 26.10.2026 ના રોજ 15:30 કલાકે; **કચેરીનું સરનામું:** વરિષ્ઠ મંડળ વિદ્યુત એન્જિનિયર, મંડળ રેલ પ્રબંધક કાર્યાલય (પ.રે.), ચામુંડા બ્રિજ નજીક, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ – 382345; **વેબસાઈટ:** www.ireps.gov.in

ADI – 174

અમને લાઈક કરો: facebook.com/WesternRly

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**ટેલિફોમ ફેસિલિટી માટે જોગવાઈ**

Sr. DSTE (CO)/ BCT ટેન્ડર આમંત્રિત કરે છે. ટેન્ડર નંબરઃ MMCT-SnT-STTD-29-2026 તારીખઃ ૨૪-૯-૨૦૨૬ કાર્યનો પ્રકારઃ નીચેના સંદર્ભમાં ટેલિકોમ ફેસિલિટીનું પ્રોવિઝન (૧) મુંબઈ ડિવિઝનના મહાલક્ષ્મીમાં ટાઈપ-VI અને ટાઈપ V તથા ટ્રાન્ઝિટ ક્વાર્ટર્સનું બાંધકામ. (૨) મુંબઈ સેન્ટ્રલની જગજીવન રામ હૉસ્પિટલના વિવિધ સેક્શનના સુધારા અને નવીનીકરણ. કાર્યનો ખર્ચઃ રૂ. ૪૭,૯૬,૧૩૭.૮૮. બિડ સિક્યોરિટીઃ રૂ. ૯૫,૯૦૦/-. ઈ-ટેન્ડર ડોક્યુમેન્ટસ, સુપ્રત કરવાની તારીખ અને સમયઃ ૧૫-૧૦-૨૦૨૬ના ૧૫.૦૦ કલાક સુધી. ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ ૧૫-૧૦-૨૦૨૬એ ૧૫.૩૦ કલાક. વધુ વિગતો માટે અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0640

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly


# વિદેશી હૂંડિયામણની અનામત વધુ ૧૪.૮૮૧ અબજ ડૉલર ઘટી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગત ૧૮મી સપ્ટેમ્બરનાં રોજ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૧૪.૮૮૧ અબજ ડૉલરના ઘટાડા સાથે ૭૬૫.૯૦૧ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૪.૯૨૪ અબજ ડૉલરના ઘટાડા સાથે ૭૮૦.૭૮૨ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

રિઝર્વ બૅન્કની આંકડાકીય માહિતી અનુસાર સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૧૪.૮૧૬ અબજ ડૉલર ઘટીને ૬૩૦.૯૮૦ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૧૦.૬ કરોડ ડૉલર ઘટીને ૧૮.૭૩૯ અબજ ડૉલરના સ્તરે રહ્યા હતા, જ્યારે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ૨.૭ કરોડ ડૉલર ઘટીને ૪.૮૯૦ અબજ ડૉલરના સ્તરે રહી હતી. જોકે, સપ્તાહ દરમિયાન એકમાત્ર સોનાની અનામત ૬.૮ કરોડ ડૉલર વધીને ૧૧૧.૨૯૨ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું. ■


**પશ્ચિમ રેલવે - રતલામ ડીવીજન**

**ઈ-ટેન્ડર નોટીસ**

**ઈ-ટેન્ડર નોટીસ નં.:** M-DL-EL૯૧-૭૨૧૦૪૩ - **કામનું નામઃ** ૨ વર્ષ માટે LCC-RTM ખાતે પરંપરાગત લોકોમોટિવ્સના સહાયક મોટર્સનું રિપેર અને પુનર્વસન / ઓવરહોલિંગ • **કામની અંદાજિત કિંમતઃ** રૂ. ૧,૩૪,૯૯,૧૬૪.૬૦/-, તમામ કર અને ડ્યૂટી સહિત • **બાના રકમઃ** રૂ. ૨,૭૦,૦૦૦/- • **ટેન્ડર દસ્તાવેજની કિંમતઃ** ફ્રિ ઓફ કોસ્ટ - **કોન્ટ્રાક્ટ મુદતઃ** ૨૪ મહિના • **ખોલવાના તારીખથી ઓફરની માન્યતાઃ** ટેન્ડરના ખોલવાની તારીખથી ૬૦ દિવસ • **ઈ-ટેન્ડર દસ્તાવેજની સુપ્રતિ માટે તારીખ & સમયઃ** ૧૪.૧૦.૨૦૨૬ના ૧૫.૦૦ ક. સુધી • **ઈ-ટેન્ડરના ખોલવા માટેની તારીખ & સમયઃ** ૧૪.૧૦.૨૦૨૬ના ૧૫.૩૦ ક. **વેબસાઈટ વિગતોઃ** ટેન્ડર વેબસાઈટ www.ireps.gov.in પર જોઈ શકાય છે. ટેન્ડરર/બિડર પાસે કલાસ-III ડિઝિટલ હસ્તાક્ષર પ્રમાણપત્ર હોવું આવશ્યક છે અને IREPS પોર્ટલ પર નોંધણી કરાવવી આવશ્યક છે. ફકત નોંધાયેલા ટેન્ડરો/બિડરો જ ઈ-ટેન્ડરીંગમાં ભાગ લઈ શકે છે. ઈ-ટેન્ડરીંગમાં ભાગ લેતી વખતે બધા સંબંધિત દસ્તાવેજો અપલોડ કરવા આવશ્યક છે.

V/0271

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

# દુષ્કાળની જાહેરાત બાદ પણ રાહત મળવામાં વિલંબ થશેઃ પ્રધાનના નિવેદનથી વિપક્ષ આક્રમક

મુંબઈઃ શનિવારે રાજ્ય સરકારે ખેડૂતો માટે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો અને રાજ્યના ૨૬૫ તાલુકાઓમાં દુષ્કાળની જાહેરાત કરી. જોકે, રાજ્યના સહકાર પ્રધાન બાબાસાહેબ પાટીલે પરભણીમાં 'વાસ્તવિક સહાય મેળવવામાં સમય લાગશે, એવુ નિવેદન આપતાં નવો વિવાદ સર્જાયો છે, જેના પર વિપક્ષે રાજ્ય સરકારની આકરી ટીકા કરી હતી. બીજી તરફ, રાહત અને પુનર્વસન પ્રધાન મકરંદ પાટીલે સ્પષ્ટતા કરી હતી કે પંચનામા પૂર્ણ થયા બાદ દિવાળી પહેલાં ડીબીટી દ્વારા ખેડૂતોના ખાતામાં સીધી આર્થિક સહાય જમા કરવાનું સરકારનું આયોજન છે.

બાબાસાહેબ પાટીલે કહ્યું હતું કે,

(જુઓ પાનું ૪) ▶▶

## ટ્રિગર ૧ ખરેખર શું છે?

મુંબઈઃ રાજ્ય સરકારે ખેડૂતોના હિતમાં એક મહત્ત્વપૂર્ણ પગલું ભરતાં સમગ્ર રાજ્યમાં દુષ્કાળની અધિકૃત જાહેરાત કરાતા કડક તંગી અને મુશ્કેલીઓનો સામનો કરી રહેલા ખેડૂતો તથા ગ્રામીણ નાગરિકો માટે આશાનું નવું કિરણ ઉગ્યું છે. આ જાહેરાત સાથે જ હવે અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત કાર્યો અને વિવિધ સરકારી યોજનાઓનો ઝડપથી અમલ શરૂ કરવામાં આવશે.

સરકારી નિયમો મુજબ, ટ્રિગર ૧ના નિકષોમાં આવતા ૨૬૫ તાલુકાઓમાં અધિકૃત રીતે દુષ્કાળ ઘોષિત કરવામાં આવ્યો છે. ટ્રિગર

(જુઓ પાનું ૪) ▶▶

## પ્રધાનોની ગાડીઓ રોકોઃ સુપ્રિયા સુળે

મુંબઈઃ શનિવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દ્વારા રાજ્યના ૩૫૮ માંથી ૨૬૫ તાલુકાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા બાદ, ખેડૂતોને પ્રત્યક્ષ મદદ મળવાના મુદ્દે એનસીપી (શરદચંદ્ર પવાર) સાંસદ સુપ્રિયા સુલેએ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. પંઢરપુરમાં દુષ્કાળની માગણીને લઈને એપસીપી (શરદ પવાર) તરફથી કાઢવામાં આવેલા મોરચા બાદ સુપ્રિયા સુલેએ ભાષણ દરમિયાન સરકાર પર નિશાન સાધ્યું હતું.

સુપ્રિયા સુલેએ કહ્યું કે, ''હાલમાં

(જુઓ પાનું ૪) ▶▶

## દુકાળ નિવારણના પગલાં લેવામાં ઝડપ રાખો : વિપક્ષ

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે રાજ્યના ૭૪ ટકા ભાગમાં ચોમાસાની ખાધ અને લાંબા સમય સુધી વરસાદની અછતને પગલે દુષ્કાળ જાહેર કરતા વિપક્ષે શનિવારે પાકના નુકસાનનો સામનો કરી રહેલા ખેડૂતો અને અસરગ્રસ્ત લોકો માટે રાહત પગલાં ઝડપથી અમલમાં મૂકવાની માગણી કરી હતી.

સરકારે ૩૫૮ તાલુકામાંથી ૨૬૫ દુષ્કાળગ્રસ્ત જાહેર કરી પાક લોન પુનર્ગઠન અને કૃષિ સંબંધિત લોનની વસૂલાત મુલતવી રાખવા સહિતના રાહત પગલાંની જાહેરાત કરી હતી.

(જુઓ પાનું ૪) ▶▶

## દુષ્કાળ જાહેર થવાથી ખેડૂતોને શું ફાયદો થશે?

* જમીન મહેસૂલમાં માફી
* પાક ધિરાણનું પુનર્ગઠન
* ખેતી સંબંધિત લોનની વસૂલાતમાં સ્ટે
* ખેતી વિષયક વીજબિલમાં માફી (૭.૫ હોર્સપાવર સુધીના વીજપંપનું વીજબિલ પહેલેથી જ માફ છે, હવે તેનાથી વધુ ક્ષમતા ધરાવતા વીજપંપોને પણ છૂટ મળશે)
* શાળા અને કોલેજના વિદ્યાર્થીઓની પરીક્ષા ફીમાં માફી
* રોજગાર ગેરંટી યોજના હેઠળના નિયમોમાં છૂટછાટ આપીને વધુમાં વધુ કામો શરૂ કરાશે
* જરૂરિયાત મુજબના વિસ્તારોમાં પીવાના

(જુઓ પાનું ૪) ▶▶






# એસઆઈઆર મુદ્દે ઠાકરે બંધુ એકઃ ચોથી ઓક્ટોબરે 'જન મોરચો'

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના અધ્યક્ષ રાજ ઠાકરેએ શનિવારે જાહેરાત કરી હતી કે તેમનો પક્ષ અને ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી) ચોથી ઓક્ટોબરે મુંબઈમાં સંયુક્ત રીતે જાહેર મોરચો કાઢશે. આ મોરચામાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના નેતૃત્વ હેઠળના ચૂંટણી પંચની કાર્યપદ્ધતિ સામે આક્રમક વલણ અપનાવવામાં આવશે.

સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર ઠાકરેએ ચૂંટણી પંચ પર 'એસઈઆર' કવાયત દ્વારા મતદારોને છેતરવાનો આરોપ કરી જણાવ્યું હતું કે ચૂંટણી સંસ્થા કેન્દ્રમાં શાસક પક્ષની શાખા તરીકે કાર્ય કરી રહી છે.

વિરોધ પ્રદર્શનની જાહેરાત કરતા રાજ ઠાકરેએ કહ્યું કે મનસે અને શિવસેના (યુબીટી) મોરચાનું આયોજન કરવામાં અગ્રેસર રહેશે પરંતુ એથી વિશેષ બંને પક્ષ કશુંક કરે એવી તેમની ઈચ્છા છે. 'મનસે' અને શિવસેના ચોથી ઓક્ટોબરે મુંબઈમાં એક જાહેર રેલી કરશે. આ જન મોરચો છે અને 'મનસે' તેમ જ શિવસેના આ રેલીના

(જુઓ પાનું ૪) ▶▶

# ૨૮ સપ્ટેમ્બરે કૉંગ્રેસ કરશે રાજ્યભરમાં આંદોલન

મુંબઈઃ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ હવે કૉંગ્રેસે આક્રમક વલણ અપનાવ્યું છે. ચૂંટણી પંચના કથિત પક્ષપાતી અને ભ્રષ્ટ કારભારના વિરોધમાં તથા જ્ઞાનેશ કુમારને પદ પરથી બરતરફ કરી તેમની ધરપકડ કરવાની માંગ સાથે મહારાષ્ટ્ર કૉંગ્રેસ દ્વારા સોમવાર, ૨૮ સપ્ટેમ્બરે સમગ્ર મહારાષ્ટ્રમાં આંદોલન કરવામાં આવશે.

કૉંગ્રેસે આરોપ લગાવ્યો છે કે ચૂંટણી પંચનો કારભાર કેન્દ્રની ભાજપ સરકારને ફાયદો થાય તે રીતે ચાલી રહ્યો છે અને ચૂંટણી પ્રક્રિયામાં નિષ્પક્ષતા તથા પારદર્શિતાનો અભાવ છે. કૉંગ્રેસના જણાવ્યા મુજબ, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના નેતૃત્વ હેઠળ ચૂંટણી પંચ દ્વારા લોકશાહી અને બંધારણીય મૂલ્યો સાથે ચેડા કરવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપ કૉંગ્રેસે કર્યો છે.

કૉંગ્રેસે મતદાર યાદીઓમાં થયેલા ફેરફારોનો મુદ્દો પણ ઉઠાવ્યો છે. પાર્ટીનો દાવો છે કે એસઆઈઆર અભિયાન હેઠળ દેશભરમાં લગભગ ૧૩ કરોડ મતદારોનાં નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં

(જુઓ પાનું ૪) ▶▶

## સીજેપીના આંદોલનને આદિત્યનું સમર્થન

મુંબઈઃ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર રાજીનામું નહીં આપે તો મોટી સંખ્યામાં વિરોધ પ્રદર્શન કરવાના કોકરોચ જનતા પાર્ટીના નિર્ણયને શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ શનિવારે સમર્થન આપ્યું હતું.

સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈમાં 30 કલાકથી પણ વધુ સમય ચાલ્યું ગણેશ વિસર્જન

## ૩૬,૦૦૦થી વધુ મૂર્તિનું વિસર્જનઃ ૧૦ દિવસમાં ૧,૯૯,૧૮૫ મૂર્તિનું વિસર્જન



(અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરાએ ધૂમધામથી ઢોલતાશા સાથે 'ગણપતિ બાપ્પા મોર્યા, અગલે બરસથી જલદી આ'ના ગગનભેદી નારા સાથે ગણપતિબાપ્પાને ભાવભીની વિદાય આપી હતી. મુંબઈમાં શુક્રવારે અનંત ચતુર્દશીના શરૂ થયલું ગણેશવિસર્જન શનિવારે બપોર સુધી એટલે કે ૩૦

(જુઓ પાનું ૪) ▶▶

## ચોપાટી પહોંચ્યા પછી પાંચ કલાકે 'તેજુકાયા ચા રાજા'નું વિસર્જન

### ખભે ઊંચકીને બાપ્પાના વિસર્જનની પરંપરા આ વર્ષે અધૂરી રહીઃ ફૉર્કલિફ્ટ મશીન પણ કામ ન આવી

*યોગેશ સી પટેલ*

મુંબઈઃ લાલબાગના જાણીતા ગણપતિ મંડળ 'તેજુકાયા ચા રાજા'ના કાર્યકરોએ આ વર્ષે બાપ્પાના વિસર્જનમાં ખાસ્સી જહેમત ઉઠાવવી પડી હતી, પરંતુ આટલી મહેનત છતાંય ખભે ઊંચકીને દુંદાળા દેવના વિસર્જનની પરંપરા આ વર્ષે અધૂરી રહી ગઈ હતી. ફૉર્કલિફ્ટ મશીન પણ કામ ન આવતાં છેક પાંચ કલાકે ટ્રૉલી પર જ દરિયાકિનારે લઈ જઈ મૂર્તિનું વિસર્જન કરાયું હતું.

લાલબાગ ચા રાજા અને ચિંતામણિની જેમ જ તેજુકાયા ચા રાજાનું ભક્તોમાં અનેરું મહત્ત્વ છે. આ ગણેશનાં દર્શન માટેય શ્રદ્ધાળુઓ જાણે પડાપડી કરતા હોય છે. મંડળના કાર્યકરો દર વર્ષે ટ્રૉલી પર મૂર્તિને દરિયાકિનારે સુધી લઈ જાય, પણ પછી પાણીમાં વિસર્જન કરવા બાપ્પાને ખભે ઊંચકી લેતા હોય છે. જોકે આ વર્ષે વહેલા ચોપાટી પહોંચી ગયા છતાં કાર્યકરોને પાંચ મૂર્તિ

(જુઓ પાનું ૪) ▶▶

### દરિયામાં ઓટને કારણે વિસર્જનમાં મોડું

મુંબઈઃ અનંતચતુર્દશીએ વિસર્જન માટે ગિરગામ ચોપાટી વહેલા પહોંચ્યા છતાં દરિયામાં ઓટને કારણે ઊંચી મૂર્તિઓનું વિસર્જન મોડું શરૂ થયું હતું.

શુક્રવારની બપોરે દોઢેક વાગ્યાથી જ ઊંચી મૂર્તિઓ ગિરગામ ચોપાટી પહોંચવા લાગી હતી. કાલાચોકીના પ્રખ્યાત મહાગણપતિ પણ બે વાગ્યાની આસપાસ ચોપાટી પહોંચી હતા. એ સિવાય કરી રોડ ચા રાજા પણ વહેલાં પહોંચી ગયા હતા. એ સિવાય ખેતવાડીની પણ ઊંચી મૂર્તિઓ ચોપાટી તરફ પહોંચી ગઈ હતી. મુંબઈની સૌથી ઊંચી ૪૭ ફૂટની મૂર્તિ ખેતવાડીની ૧૧મી ગલીમાં હતી, જે બપોરે ત્રણ વાગ્યે ચોપાટીના બ્રિજ સુધી પહોંચી ગઈ હતી. બપોરે દરિયામાં લૉ ટાઈડને કારણે

(જુઓ પાનું ૪) ▶▶

### કૃત્રિમ તળાવ ભક્તોની પસંદગી

મુંબઈમાં આ વર્ષે પણ કૃત્રિમ તળાવમાં ગણેશમૂર્તિનું વિસર્જનનું પ્રમાણ વધુ રહ્યું હતું. મુંબઈમાં ૬૭ નૈસર્ગિક વિસર્જન સ્થળ અને ૨૭૮

(જુઓ પાનું ૪) ▶▶

### કોર્ટના નિયમનું ઉલ્લંઘન

મુંબઈમાં લગભગ ૧૨,૦૦૦થી વધુ સાર્વજનિક ગણેશમંડળો આવેલા છે. મોટાભાગના મંડળોએ શુક્રવારે તેમના બાપ્પાનું વિસર્જન કર્યું હતું. વિસર્જનના દિવસે ઢોલ-તાશા,

(જુઓ પાનું ૪) ▶▶

### પ્રભાદેવીમાં ગણેશ વિસર્જનના સરઘસમાં કાર ઘૂસીઃ ચાર જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દાદરના પ્રભાદેવી વિસ્તારમાં 'કેજી માર્ગ ચા રાજા' ગણપતિ વિસર્જનના સરઘસ પર હોન્ડા સિટી કાર ધસી જતાં ચાર ભક્તો જખમી થયા હતા. ઉશ્કેરાયેલા લોકોએ કારની તોડફોડ કરી હતી તો પોલીસે કારના ડ્રાઈવરને તાબામાં લઈ વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ પ્રભાદેવીમાં કાકા સાહેબ ગાડગીળ માર્ગ પરના ઈન્દ્ર ટાવર નજીક શુક્રવારની રાતે આ ઘટના બની હતી. પોલીસે ઘટના સમયે કાર ચલાવતા પ્રણવ રાકેશ

(જુઓ પાનું ૪) ▶▶

### બીચ સાફ કરવા મેદાનમાં ઊતર્યાં અજય દેવગન અને અમૃતા ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગણેશોત્સવ પૂરો થવાની સાથે જ વિસર્જન બાદ દરિયા કિનારાની સ્વચ્છતા અને પર્યાવરણના સંરક્ષણનો સંદેશ આપવા માટે શનિવારે સવારના જુહુ બીચ પર વિશેષ સફાઈ અભિયાન 'સી, શોર, શાઈન-૨૦૨૬' નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્કૂલના વિદ્યાર્થીઓ, સ્વયંસેવકો અને નાગરિકોએ આ ઝુંબેશમાં મોટી સંખ્યામાં ભાગ લીધો હતો અને લગભગ ૩૪ ટન કચરો

(જુઓ પાનું ૪) ▶▶

### મુંબઈમાં વિસર્જન દરમિયાન ધ્વનિ પ્રદૂષણ વધ્યું

મુંબઈઃ મુંબઈમાં ગણપતિ વિસર્જન દરમિયાન ધ્વનિ પ્રદૂષણનું સ્તર ૧૦૭.૮ ડેસિબલ સુધી પહોંચી ગયું હતું. 'આવાઝ ફાઉન્ડેશન' દ્વારા જાહેર કરાયેલા અહેવાલમાં મોડી રાત સુધી લાઉડસ્પીકરના ઉપયોગને લઈને સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

'આવાઝ ફાઉન્ડેશન'એ ૨૫ અને ૨૬ સપ્ટેમ્બરના રોજ ગણપતિ વિસર્જન દરમિયાન મુંબઈના વિવિધ વિસ્તારોમાં અવાજનું સ્તર માપ્યું હતું. અહેવાલ મુજબ, કેટલાક સ્થળોએ અવાજનું સ્તર ૧૦૭.૮ ડેસિબલ સુધી નોંધાયું હતું. ફાઉન્ડેશને આ

(જુઓ પાનું ૪) ▶▶

### નાલાસોપારાનો જાણીતો કન્ટેન્ટ ક્રિએટર ખાડીમાં ડૂબ્યો

મુંબઈઃ મુંબઈ નજીક વસઈ-વિરાર વિસ્તારના દરિયાકાંઠે વધુ એક દુર્ઘટના સામે આવી છે. નાલાસોપારામાં રહેતો અને સોશ્યલ મીડિયા પર શોર્ટ રીલ્સ તથા વીડિયો માટે જાણીતો યુવક ક્રિષ્ના અનિલ વિશ્વકર્મા નાલાસોપારા વેસ્ટ સ્થિત કાલંબ બીચ નજીક આવેલી ખાડીના ઊંડા પાણીમાં તણાઈ જતાં લાપતા થયો છે. શુક્રવારે બપોરે

(જુઓ પાનું ૪) ▶▶

# રવિવારે લોકલ ટ્રેનમાં મેગા બ્લોક

મુંબઈઃ મુંબઈગરાઓની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેનમાં દરરોજ લાખો મુસાફરો મુસાફરી કરે છે. ગણેશોત્સવને કારણે ગયા સપ્તાહના અંતે મુસાફરોની સગવડ ખાતર મેગા બ્લોક રાખવામાં આવ્યો નહોતો. જોકે, ટ્રેક અને સિગ્નલિંગ સિસ્ટમના નિયમિત સમારકામ અને જાળવણી માટે આ રવિવારે મધ્ય રેલવે અને હાર્બર લાઇન પર દિવસ દરમિયાન મોટો મેગા બ્લોક લેવામાં આવશે. બીજી તરફ, પશ્ચિમ રેલવે પર મુસાફરોને દિવસ દરમિયાન રાહત મળશે, કારણ કે ત્યાં શનિવારની મધ્યરાત્રિથી રવિવારની વહેલી સવાર સુધી નાઇટ બ્લોક રાખવામાં આવ્યો છે, જેથી

(જુઓ પાનું ૪) ▶▶


વૈષ્ણવી ટુર્સ દાદર, મુંબઈ
9769318856 9769318872
વેઇટનામ ફુ ક્વોક સાથે 1 ડિસેમ્બર 10 દિ.
થાઈલેન્ડ ૧૫ ડિસેમ્બર 5 દિ. | શ્રીલંકા 5 જાન્યુઆરી 7 દિ.
હોંગકોંગ મકાઉ શેનઝેન 25 જાન્યુઆરી 6 દિ
સિંગાપોર,થાઈલેન્ડ મલેશિયા,બાલી ૧૦ ફેબ્રુઆરી.(૧૪ દિવસ) | ઓસ્ટ્રેલિયા ન્યુઝીલેન્ડ ૧૦ માર્ચ (૧૧ દિવસ)
Dynamic Tour Cost* | H B Meal Plan
www.vaishnavitoursglobal.com

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## દેસાઈ પરિવાર દ્વારા ધરમપુર પ્રદેશમાં ગ્રામીણ સ્વાસ્થ્ય સેવાઓને મજબૂત કરવા માટે ડાયગ્નોસ્ટિક અને ડાયાલિસીસ સેન્ટર સમર્પિત

### સેન્ટરના સંચાલન માટે ₹11 કરોડની પ્રતિબદ્ધતા સહિતની આ પહેલ, ગુરુદેવશ્રી રાકેશજીના 60મા પ્રાગટ્ય વર્ષની ઉજવણી દર્શાવે છે.




ચંદ્રવદનભાઈ અને પ્રણય દેસાઈ દ્વારા ડૉ. સી. જે. દેસાઈ અને જસવંતીબેન દેસાઈ ફાઉન્ડેશનના માધ્યમથી, ગુરુદેવશ્રી રાકેશજીના ૬૦મા પ્રાગટ્ય વર્ષની ઉજવણી નિમિત્તે, ધરમપુરના બરોલિયા ખાતે આવેલી તેમની ૨૦ બેડની ડાયગ્નોસ્ટિક અને ડાયાલિસીસ સુવિધાના હસ્તાંતરણની તેમજ વર્કીંગ કેપિટલ અને સંચાલન માટે ₹11 કરોડના યોગદાનની જાહેરાત કરવામાં આવી.

શ્રીમદ્ રાજચંદ્ર સર્વમંગલ ટ્રસ્ટ (SRST) નેટવર્ક સાથે જોડાયેલા એક પરોપકારી ટ્રસ્ટને આ સુવિધાનું હસ્તાંતરણ અને ₹11 કરોડનું ઓપરેશનલ ફંડ સમુદાયને લાંબા ગાળા સુધી સ્વાસ્થ્ય સેવાની પ્રાપ્તિ સુનિશ્ચિત કરવામાં મદદરૂપ થવાના હેતુથી છે.

આ જાહેરાત અંગે વિગત આપતાં ફાઉન્ડેશન વતી દાતાશ્રી પ્રણય દેસાઈએ જણાવ્યું હતું કે -

"આરોગ્ય સેવામાં સહાય કરવી એ સમાજની સેવા કરવાનો સૌથી સાર્થક રસ્તો છે. એવું અમારો પરિવાર ઘણા વર્ષોથી માને છે. ગુરુદેવના આ વિશેષ વર્ષની ઉજવણી કરતી વખતે અમને એક એવી પહેલના યોગદાન બદલ ગર્વ છે જે ધરમપુરના દર્દીઓ અને પરિવારોને આવનારા વર્ષો સુધી લાભ કરશે તેવી અમને આશા છે."

આ સેન્ટરના નિર્માણમાં પરમ સ્નેહી શ્રી અરવિંદભાઈ દેસાઈની સેવાઓ સ્મરણીય રહેશે.

**નિયામક અને અમલીકરણની સૂચના**

આ જાહેરાત સુવિધાના હસ્તાંતરણ અને નાણાકીય યોગદાન માટેના ઍક્ઝિક્યુટેડ ફ્રેમવર્ક અંગે માત્ર માહિતીના હેતુસર છે. જેમાં બાકીની ઑપરેશનલ કાર્યવાહી અંતિમ વહીવટી પ્રક્રિયાઓને આધીન છે.


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**